


નવેમ્બર ૨૦૦૪
અંક ક્રમાંક : ૧૧
વર્ષ ૭૭મું
સળંગ અંક ૯૨૩

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક : ર.મ.રા

તંત્રી
ધીરુ પરીખ

તસવીર] શાર્દૂલ [હેમેન્દ્ર એ.શાહ

જાણીતા તસવીરકાર હેમેન્દ્ર શાહે અહીં વાઘભાઈની દુર્લભ છટાને ચપળતાથી કૅમેરા કિલક કરી તસવીરબદ્ધ કરી છે. આમ તો આ માત્ર તસવીર જ છે, પરંતુ તસવીરકારે એને દક્ષ ચિત્રકારની ઢબે મૂલવી છે અને જાણે વાઘભાઈ ડૉક્ટરને કહેતા ન હોય કે સાહેબ, મારી જીભ તદ્દન ચોખ્ખી છે ને ? તસવીરકારનું આવું અર્થઘટન વાઘની લુચ્ચાઈને છતી કરે છે.



ખરકના ભરતનું વિશિષ્ટ ભાત-પ્રતીક 'મરઘલો'
(ડૉ. સુરેશ જે. શેઠના પુસ્તક 'ખરક જાતિની કલા-સંસ્કૃતિ'માંથી સાભાર)

'કુમાર'નાં લાખો વાચકોનું સળંગ અંકોની ફાઇલ મેળવવાનું સપનું હવે સી.ડી. રૂપે સાકાર

૧૯૨૪થી ૨૦૦૪ સુધીનાં વર્ષોની ફાઇલ (સળંગ અંક ૧થી ૯૨૪) અદ્યતન ટેક્નોલૉજી અંતર્ગત કૉમ્પેક્ટ ડિસ્ક (સી.ડી.) સ્વરૂપે મેળવવા આજે જ તમારો ઑર્ડર નોંધાવો.

સી.ડી.નું વિતરણ જાન્યુઆરી ૨૦૦૫થી થશે

સાહિત્ય, સંસ્કાર અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ



કુમાર



જ્ઞાનનો અખૂટ ભંડાર પાંચ સી.ડી. રૂપે માત્ર રૂ. ૧૦૦૦માં
રૂપિયા ૭૦૦નો લાભ લેવાનું ના ચૂકતા

- જાન્યુઆરી ૨૦૦૫થી આ સીડીના સેટની કિંમત રૂ. ૧૫૦૦=૦૦ રહેશે.
- રૂપિયા ૫૦૦ના વળતરનો + ૧ વર્ષ માટે 'કુમાર' ભેટનો મળી રૂપિયા ૭૦૦નો લાભ લેવાનું ચૂકતા નહીં.
- **૩૧ ડિસેમ્બર ૨૦૦૪** સુધી આગોતરા ગ્રાહક બનનારને આગામી એક વર્ષનું 'કુમાર'નું લવાજમ (જાન્યુઆરી ૨૦૦૫થી ડિસેમ્બર ૨૦૦૫) શુભેચ્છારૂપે તદ્દન માફ.
- પરદેશમાં સી.ડી.ની કિંમત રૂ.૧૦૦૦ + રૂ.૧૦૦૦ રવાનગી ખર્ચ એમ રૂ.૨૦૦૦ અથવા ૫૦ ડૉલર (૨૫ ડૉલર રવાનગી ખર્ચ).
- જો ગ્રાહકે ૨૦૦૫ના વર્ષનું કે તેથી આગળના વર્ષનું લવાજમ ભરેલું જ હોય તો સી.ડી.ના આગોતરા ગ્રાહક તરીકે તેમને તેમનું લવાજમ પૂરું થયાની મુદત બાદ એક વર્ષનું લવાજમ માફ થશે.
- ચેક કે ડ્રાફ્ટથી રકમ મોકલતી વખતે 'કુમાર ટ્રસ્ટ' ના નામનો જ તે લખવો. બહારગામની બેન્ક પરનો ચેક હોય તો રૂ. ૩૦/- ઉમેરીને મોકલશો.
- ચેક/ડ્રાફ્ટ/મનિઓર્ડરથી રકમ મોકલતી વખતે આપનું નામ, સરનામું અને ગ્રાહક નંબર સુવાચ્ય અક્ષરે લખશો. આપ નવા ગ્રાહક હો તો તેનો પણ ઉલ્લેખ કરશો.

સી.ડી. માટેની રકમ નીચેના સરનામે સત્વરે મોકલી આપશો

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૩૭૪૫

સાહિત્ય, સંસ્કાર અને જ્ઞાનની લહાણી કરતું 'કુમાર' સામયિક તેની સ્થાપનાના ૮૦મા વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. ઈ.૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું 'કુમાર' માસિક આજેય કલા અને સાહિત્યના ક્ષેત્રમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ઊગતી પ્રજાને જ્ઞાન અને ચારિત્ર્ય-સંપન્ન બનાવવાના સંકલ્પને વરેલું આ સામયિક વિધ વિધ માહિતી અને સુંદર કલાકૃતિઓનો ખજાનો છે એ આમજનતાની પ્રતીતિ છે. દિન પ્રતિદિન વધતી ગ્રાહકસંખ્યા તેની લોકપ્રિયતાની દ્યોતક છે. ગ્રાહકોની માગ અને ઉત્સાહને ન્યાય આપવા સારુ 'કુમાર' ડિજિટલ ક્ષેત્રે પણ હવે પ્રવેશ્યું છે. ટૂંક સમયમાં જ 'કુમાર' સી.ડી. રૂપે મળશે તેમ જ તેની વેબસાઈટ ચાલુ થતા તે ઑનલાઇન પણ વાંચી શકાશે. 'કુમાર' આટઆટલું સમૃદ્ધ હોવા છતાં વ્યાવસાયિક નથી કારણ કે તેનો હેતુ સાહિત્ય, સંસ્કાર અને જ્ઞાનવારસાને બને તેટલાં વધુ લોકો સુધી પહોંચાડવાનો છે.

*

તંત્રીશ્રી,
'કુમાર'
૧૪૫૪, રાયપુર ચકલા, બઉવાની પોળ સામે,
અમદાવાદ-૩૮૦૦૦૧

સ્નેહીશ્રી,

☞ અમે 'કુમાર' માસિકના ગ્રાહક થવા ઈચ્છીએ છીએ. ☐
☞ 'કુમાર' અમારા તરફથી આ વ્યક્તિને ભેટ આપવા ઈચ્છીએ છીએ. ☐
☞ અમે 'સી.ડી'ના આગોતરા ગ્રાહક થવા ઈચ્છીએ છીએ. ☐

નામઃ ____________________

સરનામુ : ____________________

____

____________________ પિન : ☐☐☐☐☐☐

આ સાથે 'કુમાર'ના વાર્ષિક/ત્રિવાર્ષિક/પંચવાર્ષિક લવાજમની રકમ અને સી.ડી.ની રકમ ચેક / ડ્રાફ્ટ / રોકડેથી મોકલી આપીએ છીએ. તો ગ્રાહક તરીકે નામ નોંધી અંક રવાના કરશો તેવી વિનંતી.

લિ. ____________

	હાલના દર	જાન્યુઆરી ૨૦૦૫થી લવાજમના નવા દર
→ વાર્ષિક લવાજમ	☐ રૂ. ૧૫૦	રૂ.૨૦૦
→ ત્રિવાર્ષિક લવાજમ	☐ રૂ. ૪૦૦	રૂ.૫૦૦
→ પંચવાર્ષિક લવાજમ	☐ રૂ.૬૭૫	રૂ.૮૦૦
→ પરદેશમાં વાર્ષિક લવાજમ હવાઈમાર્ગે ૨૫ ડૉલર અથવા ૧૫ પાઉન્ડ અથવા	☐ રૂ.૧૦૦૦	રૂ.૧૦૦૦

☞ ચેક કે ડ્રાફ્ટથી રકમ મોકલતી વખતે 'કુમાર ટ્રસ્ટ' ના નામનો જ તે લખવો. બહારગામની બૅન્ક પરનો ચેક હોય તો રૂ.૩૦ ઉમેરી મોકલશો.

‘કુમાર’નું અમૃતપર્વ અને ‘કુમાર ટ્રસ્ટ’નો દાનનિધિ

‘કુમાર’ને વધુ સમૃદ્ધ કરવાના આશયથી ‘કુમાર ટ્રસ્ટ’ની રચના અને તેની સક્રિયતા સાર્થક થાય તે માટે જે આર્થિક સધ્ધરતા જોઈએ તે સારુ ગુજરાતની પ્રજાજોગ દાનની જાહેર અપીલ કરવામાં આવી. આ અપીલના સંદર્ભમાં અત્યાર સુધીમાં લગભગ રૂપિયા ૧૭,૦૦,૦૦૦=૦૦ એકત્ર થયા છે. પરન્તુ આ રકમ **પચીસેક લાખ** સુધી પહોંચે તો જ વધુ સિદ્ધિને હાંસલ કરી શકાય. અત્યાર સુધીમાં અમને મળેલાં દાન માટે દાતાઓનો આભાર વ્યક્ત કરીએ છીએ અને હજુ પણ વધુ દાન માટે આ અપીલને પુનઃ રજૂ કરીએ છીએ.

ગરવી ગુજરાતના આવતી કાલના નાગરિકના ઘડતરના ઉમદા હેતુથી ૧૯૨૪માં કલાગુરુ રવિશંકર રાવળે બચુભાઈ રાવતના સહયોગથી શરૂ કરેલું ‘કુમાર’ માસિક ગુજરાતના યુવાધનને સંસ્કારશ્રી બક્ષવાનો તેનો ઉદ્દેશ ઉત્કૃષ્ટતાપૂર્વક પાર પાડવા મથતું રહ્યું છે. ૧૯૮૭થી ૧૯૯૦ દરમ્યાનનાં ત્રણ વર્ષો બાદ કરતાં પોણી સદી ઉપરાંતની ‘કુમાર’ની સૂચિત દીર્ઘ સાહિત્ય-સંસ્કાર સેવા વિરલ છે. કોઈ પણ સંસ્કારી પ્રજા ગૌરવ અનુભવે એવું આ માસિક અણથક યાત્રા કરતું રહે તેવી શુભેચ્છા અને તે ફળવતી બને તેવું આયોજન કરવું એ આપણી, એટલે કે ‘કુમારે’ જેમનું ઘડતર કર્યું છે એ સૌ ગુજરાતીઓની ઉમદા ફરજ બનવી જોઈએ.

‘કુમાર’ના વાચક-ચાહક સૌને, આપણું ‘કુમાર’ ચિર‘કુમાર’ રહે એ માટે વિશાળ ભંડોળ ઊભું કરવાની હાર્દિક વિનંતી કરીએ છીએ.

‘કુમાર’ના આજે ૩૮૦૦ ગ્રાહકો છે. ગુણવંતી ગુજરાતને માટે આ સંખ્યા કંઈ માતબર ન ગણાય. આ સંદર્ભે આપણે સૌ એવો શુભસંકલ્પ કરીને ગુજરાતનાં ગામેગામની શાળા-મહાશાળા અને ગ્રંથાલયો દ્વારા ‘કુમાર’નો એવો જબરદસ્ત પ્રચાર-પ્રસાર કરીએ કે જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં મ્હોરે સદાકાળ ‘કુમાર’; પછી એ ગુજરાતી ગુજરાતમાં વસતો હોય કે એ વસતો હોય સાત સમંદર પાર!

ટૂંકમાં ‘કુમાર’ની ગ્રાહક સંખ્યા ૭૫૦૦ થઈ જાય એવી લોકલહર આપણે સરજીએ!

‘કુમાર ટ્રસ્ટ’ને અપાતાં દાન કલમ ૮૦-જી અન્વયે આયકરરાહતને પાત્ર છે તે આપની જાણ સારુ સહજ. આપના ઉમદા સક્રિય સહયોગની અપેક્ષા સહ.

૧. ‘કુમાર’ માટે દાનનો ડ્રાફ્ટ/ચેક ‘કુમાર ટ્રસ્ટ’ના નામનો જ લખવો અને ‘કુમાર ટ્રસ્ટ’, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલવો.

૨. ‘કુમાર’નું લવાજમ (વાર્ષિક રૂ. ૧૫૦, ત્રિવાર્ષિક રૂ. ૪૦૦, પંચવાર્ષિક રૂ. ૬૭૫) ‘કુમાર ટ્રસ્ટ’ના નામે જ ચેક/ડ્રાફ્ટથી ઉપરના સરનામે મોકલવું. બહારગામની બૅન્ક પરના ચેકમાં બૅન્ક કમિશનના રૂ. ૨૫ ઉમેરવા.

— આપના —

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૭મું

અંક ૧૧

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ
ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત
તંત્રી
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑક્ટોબર ૨૦૦૪ ○ ૭૭મું વર્ષ ○ અંક ૧૧

અનુક્રમણિકા

'કુમાર' સળંગ અંક ૯૨૩

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
- અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
- આ અંકની છૂટક કિંમત રૂ. ૩૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫-૦૦

વાચકો લખે છે

આપના તરફથી માસ 'સપ્ટેમ્બર' ૨૦૦૪નો 'કુમાર'નો અંક મળ્યો. પરિવારનાં તમામ સભ્યોએ રસપૂર્વક વાંચન-પાન કર્યું. ખરેખર! ભારતીય સંસ્કૃતિનું અમર પ્રતીક હોય તો તે છે 'કુમાર'. મને તો અફસોસ એ છે કે હું વરસો પહેલાં તમારા શરણે કેમ ન આવ્યો? ખેર..! 'જાગ્યા ત્યારથી સવાર'

-ભરત વ. ગાંધી, કેન્દ્રીય વિદ્યાલય નં. ૨, ઈન્ફન્ટીલાઈન, જેલરોડ, જામનગર.

*

'કુમાર'માં 'શૈશવથી સંધ્યા સુધી'ની શ્રેણી વાંચું છું. આનંદ અનુભવું છું. આયુના સાડા સાત દાયકા એટલે એને સંધ્યા નહીં પણ બપોરા કરી ઊંઘમાંથી ઊઠી ચા પીધાનો સમય. હજુ સંધ્યાને વાર છે એટલે લેખન ચાલુ રાખશો એમ માનું છું.

મારા પત્ની ઇંદિરાબહેન ૭૧ અને હું ૭૭ એટલે જ જે નિખાલસતાથી તમે લખ્યું છે તે માણીએ છીએ. ખેર! ખાટીમીઠી વાતો, અથડાવું, પછડાવું અને એ બધામાંથી ઊંચા ઊઠવાનું કેવી અજબ વાતો છે! ધન્યવાદ.

તમારા લેખ-ઑગસ્ટ ૨૦૦૪માં યાદ રાખેલાં જૂનાં ગીતો લખ્યાં છે તે બદલ ધન્યવાદ. લોકજીભે ચડેલાં, નીતિ-ન્યાયથી ભરપૂર ગીતો હવે તો શોધ્યાંય જડતાં નથી સાતેક દાયકા ઉપર અમારા ગામમાં તરગાળા, તૂરો, રામલીલા રમવા ટોળિયો આવતી. તે ગાતા હતાં તે ગીતો શોધું છું. તમને જડે તો જણાવશો.

(૧) એકસરખા દિવસ સુખના કોઈના જાતા નથી. (૨) કોઈના મરશો ના માબાપ (૩) ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે. બીજાં યાદ આવશે તેમ લખતો રહીશ.

-એસ.વી. શાહ, 'મધુરા' ૪૦૭, ૧ ક્રૉસ, ૧ બ્લૉક, આરતીનગર, બૅંગલોર.

*

તિરુપતિ-બાલાજી

શ્રી કા. વ. રામીના દેશાટનના-૬૨મા હપ્તામાં તિરુપતિ બાલજી લેખના અનુસંધાનમાં હું કેટલીક માહિતીપૂર્તિ કરું છું.

આ લેખમાં જણાવ્યા પ્રમાણે 'કુરનૂલ-ગુંતાકલ'થી તિરુપતિ દૂર છે, પરંતુ ગુજરાત-સૌરાષ્ટ્રના યાત્રાળુઓ માટે અમદાવાદથી ઊપડતો નવજીવન ઍક્સપ્રેસ (અમદાવાદ-ચૈન્નઈ)માં ગુડુર રેલવે સ્ટેશને (બીજે દિવસ ૨.૫૫ બપોરે) ઊતરી જવું. આ સમયે ગુડુર રેલવે સ્ટેશનના કૉમ્પાઉન્ડમાંથી જ બે રાજ્ય પરિવાહન નિગમની બસો યાત્રાળુઓને તિરુપતિ અને તિરુમાલા લઈ જાય છે. ગુડુરથી તિરુપતિ ૧૪૬ કિલોમીટરના અંતરે છે.

તિરુપતિ જનારાં યાત્રાળુએ તિરુપતિના યાત્રા-કાર્યક્રમમાં ત્રણથી ચાર દિવસની રહેવાની તૈયારી સાથે જવું સારું છે. ગુડુરથી તિરુપતિ દેવસ્થાનની બસમાં તિરુપતિ આવો ત્યારે રેલવે સ્ટેશનની પાછળ, રેલવે સ્ટેશનની સામે ફ્રી ચૌલ્ટ્રી (ધર્મશાળા) છે. આ સિવાય હૉટલના વિકલ્પરૂપે ટીટીડીસી તરફથી તિરુપતિ બસ સ્ટૅન્ડની સામે જ ત્રણ માળની અદ્યતન ભવ્ય ઇમારત 'શ્રીનિવાસમ્'માં ૫૬૦ ખંડો ધરાવતું અતિથિગૃહ છે, જેમાં ૨૪ કલાક માટે બે કીટના રૂમના રૂ. ૨૦૦ અને ચાર કીટના રૂમના રૂ. ૪૦૦ ભાડું છે. આ શ્રીનિવાસમ્ એ અત્યંત આધુનિક સગવડવાળું અતિથિગૃહ છે.

ભગવાનશ્રી વેંકટેશ્વર બાલાજીના દર્શને આવનાર શ્રદ્ધાળુઓ તિરુમાલા ઉપર પણ રહી શકે છે. પર્વતની ટેકરી ઉપર ગરમ વસ્ત્રો અને ઓઢવા-પાથરવાનું રાખવું સારું. તિરુમાલા સપ્તગિરિ છે. યાત્રાધામ અને સુંદર રમણીય હિલસ્ટેશન પણ છે. ઉપર પર્વતમાલા ઉપર અસંખ્ય નિવાસસ્થાનો છે. યાત્રાળુઓએ એસ.ટી. સ્ટૅન્ડ, રિસેપ્શન કાઉન્ટરેથી દર્શન કરવા માટેનો ટોકન પ્રથમ લેવો, આ ટોકન હોય તો જ નિવાસસ્થાન ફાળવવામાં આવે છે. આ પર્ચી સુદર્શન (મફત)માં પણ પર્ચી (ટોકનપટ્ટી બાંધે છે) અને રૂ. ૫૦, રૂ. ૬૦ની દર્શનની ટિકિટ લેવાથી વૈકુંઠધામના પ્રવેશદ્વારથી દર્શનની હરોળમાં જવાનું રહે છે. ટોકનમાં યાત્રાળુઓને ફાળવેલ તારીખ અને સમયે અર્ધો કલાક પહેલાં લાઈનમાં ઊભા રહેવું. એકથી ત્રણ કલાકમાં યાત્રાળુઓ દર્શન કરીને બહાર નીકળી શકે છે. દર્શનાર્થીઓએ ટિકિટથી પ્રસાદ લેવો.

ધારો કે તમને દર્શનની તારીખ અને સમય બે દિવસ પછીનો ૩૬થી ૪૮ કલાક પછીનો મળ્યો તો આ માટેનું સુંદર આયોજન થઈ શકે છે.

તિરુમાલામાં (ઉપર) નિવાસ લો ત્યારે દર્શનીય સ્થાનોમાં વેણુગોપાલ, આકાશગંગા, પાપનાશિની ગંગા, ભગવાન શ્રીનિધિ બાલાજીનાં પગલાં, લાખ્ખો વર્ષે પૂર્વેના ભૂ-ભૌતિક ખડકો દર્શનીય છે. અનેક ગાર્ડન છે. મંદિર પરિસરની આજુબાજુમાં વરાહસ્વામી મંદિરે પ્રથમ દર્શન કરવાં. તેને અડીને પુષ્કરિણી સરોવર(જેમાં લક્ષ્મીજી સમાઈ ગયાં) વૈકુંઠધામની નજીક નિદુમાલા ઉપર સુંદર સંગ્રહાલય છે. ઉપર કલ્યાણ કટ્ટામાં ક્ષૌરકાર્ય કરનારા ૧૦૦૦ હજામો છે. ત્યાં સ્નાનની સારી સગવડ છે. ચોખાઈથી અંજનેય મંદિર (હનુમાનજી), વરાહસ્વામીના દર્શન કરી આવેલ તિથિ અને સમયે અડધો કલાક પહેલાં વૈકુંઠધામ પહોંચી જવું. લાઈનમાં દર્શનની સારી સગવડ છે. યાત્રાળુઓનો ધસારો ઓછો હોય તો ટોકન લેવાની જરૂર નથી, એવી જાહેરાત માઈક ઉપર થાય છે. આ સમયે એક કલાકમાં દર્શન થઈ શકે છે - અન્યથા વધુમાં વધુ બે કલાક દર્શન માટે સમય જાય. રાજ્યપરિવાહનમાં નીચે આવો, ત્યાં અલિપિટીથી આગળ કપિલેશ્વર મહાદેવના મંદિરનાં દર્શને જવું. આ મંદિરે પર્વત ઉપરથી ધોધ પડે છે. રમણીય અને દર્શનીય સ્થળ છે. સરોવરમાં આ ધોધનું પાણી પડે છે. બાલાજીનાં દર્શન કર્યા પછી પદ્માવતીદેવીનાં દર્શને અવશ્ય જવું.

તિરુપતિ (તળેટીનું સુંદર અને સ્વચ્છ

(અનુસંધાન પૃ.૮૯૫ પર)

ગીતિ/*રાજેન્દ્ર શાહ*

મ્હારે કણ્ઠ કૉળતી ગીતિ...
ત્હારી તો હું
અનામિકાને આલિઙ્ગીને
નિત્ય રહેલી વીંટી.
ત્હારી નર્તન-લીલામાં
તું લાસ્ય કરે કે તાણ્ડવ,
અઙ્ગ તણા વિન્યાસે ત્હારા,
મ્હારો પણ શો વૈભવ!
માણું ભાવ-તરઙ્ગિત રીતિ.
તેજ તેજનાં રશ્મિની હું
ઝલક લહું તવ નયને,
-ને ઝીલન્તાં પઞ્ચ નઙ્ગ આ
પામે નિજ પરિચયને,
ઉભયને અભિન્ન દક્ષિણ પ્રીતિ.

આ જિંદગી / રામચન્દ્ર પટેલ

(મિશ્ર)

આ જિંદગી છે વધસ્થંભ મત્સ્યનો
વીંધી શકું મત્સ્ય, અને મને વરે
રૂડી રૂપાળી કદી સિદ્ધિ-દ્રૌપદી
યોદ્ધા બધા યત્ન કરી મથે છતાં
ઊંચે ચડી અલ્પ : નીચે પડી જતા.

મરણ/*દિવેન્દ્ર દવે*

(શિખરિણી • સૉનેટ)

હવે લે સંકેલી સગપણ બધાં આજ અમથાં
જવાની વેળા લ્યો, નજદીક-નથી દૂર પગલાં
સુણું હું, સંકોરું સ્વપન પણ એકાદ દગમાં
મજાનું ના આવે, તરસ સઘળી જાય પીગળી!
ખુમારી ઓગાળી - સરપણ હવે વાટ નીરખે,
તદા તારે લેવું હરિસ્મરણ, સાચ્ચું જગતમાં...
જુદાઈ જંજાળો વિસરી જઈ શ્વાસો અટકશે
ન હોવાનું ઘેરું દરદ ઉરમાં આજ ઊમટે!
જુઓ, છંદો છૂટ્યા, લય વિલીન થાતો સમયમાં
નકામા ઘોંઘાટો નગરપથ જાતાં ઝડપથી
યથા માયા છૂટે સરપ તણી શી કાંચળી તણી,
મને ઘેરું ઘેરું તિમિર નયને આવરી જતું...
બધા ઓછાયાને અવગણી રહ્યું મારું મનડું
નિરાંતે શ્વાસોના સમદર જશે ક્યાંય...

હે છેલછબીલી છોરી!/*ઉશનસ્*

હું છેલછબીલી
છાક છકેલી છોરી!
આ ઓઢ્યું તેં ઓઢણ કેવું?
એ પલળ્યો, તું કોરી! હે૦
આ તો પહેલવહેલી હેલી,
વ્હાલમની વ્હાલપ વરસેલી,
તાણમહીં આટલી તું શે'લી!
તટ વળગી રહી તોરી? હે૦
પ્રેમ તો જમનાતટ, મહિયારી!
તું વેઠે ભાટ અમસ્તો ભારી,
ગોરસ સાથે દઈ દે એને
તું તવ ગુમાન-ગોળી. હે૦

જેવું છે/*'પ્રણય' જામનગરી*

જન્મથી રખરખાવ જેવું છે
દર્દ સાથે લગાવ જેવું છે.

આમ, અંકુશમાં પરિસ્થિતિ
આમ અહીંયાં તનાવ જેવું છે.

અણગમાઓ અને ગમા અઢળક
જીવવું મનમનાવ જેવું છે.

કૈંક લ્હેરાય લ્હેર સ્વપ્નોની,
આંખમાં પણ તળાવ જેવું છે.

ખ્યાલ તારા વિષે અહીં એમ જ,
સ્થિર મનમાં પડાવ જેવું છે.

તું લખે કે, જીવે ફરક ક્યાં છે?
આ ગઝલ તો સ્વભાવ જેવું છે.

આફતો રોજ વરસે અણધારી,
ને વળી ત્યાં બચાવ જેવું છે.

એકલો ક્યાં કદી 'પ્રણય' હું છું
હર ક્ષણે કૈં બનાવ જેવું છે.

હાઈકુ

પરાગ મ. ત્રિવેદી

ડૂબ્યું વહાણ
ને સાથે તેની થોડું
ડૂબિયું જળ !

રેત/*અશોક ચાવડા 'બેદિલ'*

વ્હેતી નદીની જેમ પથ્થરથી સરે છે રેત,
આકાર કોઈ પામવાને કરગરે છે રેત.

શ્રાવણની રૂમઝૂમના દિવસો નથી રહ્યા,
નેવાં ઉપરથી ફક્ત હમણાં નીતરે છે રેત.

પૂછું છું પ્રશ્ન રોજ હું હોવાપણા વિષે,
એ બંધ મુઠ્ઠીમાં મને કાયમ ધરે છે રેત.

પાછા વળ્યા સિવાય બીજો શો વિકલ્પ હોય?
ઘરમાં ન કોઈ આવ-જા કેવળ ખરે છે રેત.

ભીનાશ ઓસરી જતાં ઊડી જશે ફરી,
હું સાચવું કઈ રીતે, તું આખરે છે રેત.

હશે/*હરદ્વાર ગોસ્વામી*

સદા અન્ય માટે મરાયું હશે.
પૂછો નામ એનું જટાયું હશે.

બધાનાં ચિરાયેલ વસ્ત્રો છતાં,
બધા શ્વાસમાં એક ચિરાયું હશે.

ધરમ લાગણીનો પૂછો છો તમે!
તરત એક હાજર હુમાયુ હશે.

તો રસ્તાઓ ઊંચકીને ફરશે તને,
જો મંઝિલથી આગળ જવાયું હશે.

છબી કોઈ ખેંચો, તરત આ ક્ષણે,
આ એકાદ વરસે, હસાયું હશે.

જન્મ-પુનર્જન્મ/ *(ફ્લૅશ બૅક)*

ગુણવંત ઉપાધ્યાય

(શાર્દૂલવિક્રીડિત)

આવેછે મળવા મનેય સઘળાં પંખી, તરુ, મિત્ર ને
અર્પે ઓજસ એકમેક હસતાં શ્વાસો સુગંધી બને
આંખોમાં વિલસે હંમેશ લીલવાં આશ્ચર્યનાં તોરણો
હાથોમાં સહજા સદા છલકતી હૂંફાળી ઉષ્મા નદી!

છાતીએ વળગી પડેલ શમણાં ચૂંચી જ આંખે વળી
આકાશે ઊડવા મથે જ પળમાં ઈંડા થકી નીકળી
પંખા ઊઘડવા મથે પ્રસરવા તાજી ગુલાબી કળી
જાણે યત્ન કરે હજાર સબળા જંપી હવા પ્રેરવા!

ખોલી ચાંચ નવી, નવી ચણ ગળી, બાજી જરા બંસરી
સૂરો રેલમછેલ, રક્ત રચતું દ્વિધા ભરેલી નવી
સંચારી દુનિયા, નથી ય નીરખી પ્હેલાં કદી ક્યાંય તે!
માંડે ત્યાં પગ પાતળા પથ પરે પૃથ્વી થતી બ્હાવરી!

એ ટાણે અવનિ અજેય ભણતી મંત્રો પૂષા-ઋતના
આપે આશિષ ભાવપૂર્ણ મનથી ઉજાળજે સર્વને !

શતાયુ થવાના વરદાન વિશે

અગ્રલેખ

રાધેશ્યામ શર્મા

આશીર્વાદના પ્રસિદ્ધ ઉદ્ગાર છે, 'શતં જીવ શરદ'. ગુજરાતી ભાષામાં શરદનો ઉલ્લેખ સામાન્ય વ્યવહારમાં ખાસ નથી થતો પણ વડીલો પગે પડતાં તમામ નાનેરાંઓને 'શતં જીવ' એવી આશિષ આપે છે. મૂળ તો સંસ્કૃત ગિરામાંથી સો શરદ સુધીના આયુષ્યની ભાવનાનું અવતરણ થયું છે.

પશુપંખીઓનું આયુષ્ય, જીવજંતુઓનો જીવનવ્યાપ મનુષ્યો જેટલો હોતો નથી. પ્રશ્ન થાય કે સો વરસ જીવવાના આશીર્વાદ આપવાનો શો અર્થ? સો વર્ષ તો પૂરાં થતાં પણ નથી, એટલા માટે? આયુષ્ય જો આવી રહ્યું હોય તો સો વરસની આશિષ ગમે તેવી હાર્દિક હોય તોયે ફળે ખરી? સો વર્ષની જ આયુમર્યાદા શા માટે? સોથી ઓછાં પણ નહિ અને સોથી વધુ નહિ એવી શુભેચ્છાનું શું તાત્પર્ય?

અત્યારના આયુષ્યકાલીન આંકડા પ્રમાણે લોકોનો જીવનકાળ અગાઉના આયુષ્ય કરતાં વધ્યો છે. એક માન્યતા, ભલે સાચી હોય કે ન હોય દવા-દાક્તર-વૈદિકવિજ્ઞાનની અવનવી શોધો નહોતી થઈ એટલે લોકો સો વર્ષ પૂરાં જીવી શકતાં નહોતાં માટે જ સો વરસ પૂરાં કરવાનો આશીર્વાદ વયોવૃદ્ધ વડીલો તરફથી અપાતો. સો વરસ જીવતાં જ હોત તો શતકથી અધિક આયુની આશિષ આપતાં હોત. આનો 'અર્થ એવો જરીકે ના થાય કે અત્યારે કે અગાઉ કેટલાંક લોકો સો વરસ જીવતાં જ નહોતાં કે નથી. સ્વદેશની અંદર કે વિવિધ વિદેશોમાં પણ પૂરાં સો વરસ જીવી જનારાં સ્ત્રીપુરુષોની સંખ્યા પણ નોંધપાત્ર છે. આધુનિક જીવનની ભાગદોડથી આઘે, નિસર્ગની નિશ્રામાં, જાનપદી જીવનના વિશુદ્ધ પર્યાવરણમાં શ્વાસ લેતાં, મહત્ત્વાકાંક્ષાઓના મહારોગથી મુક્ત ગરીબી રેખાની ઉપર કે નીચે, શ્વાસ લેતાં લોકો સો વર્ષનો પ્રવાસ આજે પણ કરી લે છે.

દેશવિદેશની પુરાણકથાઓ તપાસીએ ત્યારે હજારો વર્ષો જપતપધ્યાનમાં જીવન વ્યતીત કરતા ઋષિમુનિઓ અને સંતોમર્મીઓની પ્રલંબ આયુષ્યરેખાનો આલેખ હાથ આવશે. ગાયત્રીના ઉદ્ગાતા વિશ્વામિત્રના નામ સાથે જ તેમણે સાઠ હજાર વર્ષ તો માત્ર તપમાં ગાળ્યાં તો તે ઋષિ જીવ્યા કેટલું બધું! જોકે પુરાણોની કાળગણનાનું માપ કેટલાક એટલા માટે માન્ય નથી કરતા કે તે તદ્દન ભિન્ન પ્રકારનું નીકળે. અશ્વત્થામા, ભર્તૃહરિ આદિના આયુષ્યકાળની તો મર્યાદા જ નથી મનાઈ! માટે તેઓ અમર માન્ય થયા છે. શત શરદ જ જીવવાની મંગલ ભાવના શાના માટે વ્યક્ત થઈ?

આશીર્વાદ બીજું કશું હોય યા ના હોય પણ એક પ્રકારનું પૉઝિટિવ સજેશન છે, વિધેયાત્મક સૂચન છે, શુભ સંકલ્પનો આત્મવિસ્તાર છે. નિયતિ પ્રમાણે જ મનુષ્યો જન્મે છે અને મરે છે. એક ક્ષણની પણ મૃત્યુ વધઘટ થવા નથી દેતું. જીવની સાંકળ ખેંચાણી કે તરત જીવનગાડીને નિયત પળે બ્રેક લાગી જ જાણો! તમે ગમે તેટલા સત્તાવાન, સંપત્તિવાન કે સુંદર હો, સંત હો કે શેતાન હો, શિશુ-યુવાન કે વૃદ્ધ હો - છેલ્લા અંકની ઘંટડી વાગી કે આખાયે નાટક પર પરદો પડી જવાનો. આમાં નહિ મીન કે મેખ. શરદ ઋતુનો ઉલ્લેખ અર્થપૂર્ણ છે.

આયુર્વેદના ગ્રંથો શરદકાળમાં વાયુપિત્તના પ્રકોપની ઘટનાનું સૂચન આપે છે. આસોના નવરાત્રિથી કાર્તિકની દિવાળીનો કાળ ઉપવાસ તેમ જ મિષ્ટાન્ન ઉત્સવથી ભરેલો રહે છે. ઉપવાસની જેમ જ ભોગ-ઉત્સવની 'અતિ'થી ઊગરી જાઓ તો જ 'શતં જીવ'ની આશિષ ફળે અને સ્વાસ્થ્યની શરદ-પૂર્ણિમાનો ઉદય સંભવે! સો શરદની સંખ્યા જીવ્યામાં સાર્થકતા નથી, પણ કેવી રીતે તનમનથી સ્વસ્થ રહી જીવ્યા એની કૃતાર્થતાનો મહિમા છે.

આ સંબંધે એક સૂચક દંતકથા. પ્રાણીમાત્રનું સર્જન કરી ઈશ્વરે મનુષ્ય, બળદ, કૂતરો, બગલો અને ઊંટને પૃથ્વીપટ પર મોકલ્યાં. માર્ગે મનુષ્યે પેલાં પ્રાણીઓને પૂછ્યું ત્યારે માલૂમ પડ્યું કે પોતાને તો માત્ર વીસ જ વર્ષનું આયુષ્ય છે, જ્યારે બળદ-કૂતરો-બગલો-ઊંટને ચાળીસનું જીવન મળ્યું છે. મનુષ્યને ખેદના ખાડામાં ખૂંપી ગયેલો ભાળી પરગજુ પશુઓએ કહ્યું: "શોક ના કરીશ, તારાં વીસ વર્ષમાં અમે ચારે પ્રાણીઓ અમારાં ચાળીસમાંથી અરધાં એટલે કે વીસ તને દાન કરીને 'શતં જીવ શરદ'ની શુભેચ્છા પાઠવી શકીએ. વિધાતાનું અમને વરદાન છે કે અમે તને દાન કરી શકીએ." એ રીતે માણસે સો વરસ મેળવ્યાં કહેવાય, પણ તે કેવી રીતનાં?

વીસ વરસ બળદની પેઠે, પછીનાં વીસ કૂતરાંની પેઠે, ત્યાર પછીનાં વીસ બગલાધ્યાનમાં અને છેલ્લાં વીસ વર્ષ ઊંટની જેમ ઢેકા કાઢી ઢસરડો કરવામાં!

જગતના મહાન ઈતિહાસકારોમાંના એક



સર જદુનાથ સરકાર

ડૉ. જયકુમાર ર. શુક્લ

ઈતિહાસકારોમાં જદુનાથ સરકારનું સ્થાન સહેજે આગલી હરોળમાં છે. ઈતિહાસકાર તરીકે તેમણે ભારત તથા વિદેશોમાં પ્રતિષ્ઠિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમનો જન્મ ૧૦મી ડિસેમ્બર, ૧૮૭૦ના રોજ બંગાળના રાજશાહી જિલ્લાના કરચમારિઆ ગામમાં થયો હતો. હાલ તો આ ગામ બાંગ્લાદેશમાં આવેલું છે. તેમના પિતાશ્રી રાજકુમાર અને માતા હરિસુંદરી સદ્ગુણો ધરાવતાં તથા ધાર્મિક વૃત્તિનાં હતાં. રાજકુમાર સારી આર્થિક સ્થિતિના, પ્રબુદ્ધ વિચારો ધરાવતા જમીનદાર હતા. જદુનાથ ગ્રામીણ વાતાવરણમાં ઉછરેલા, તંદુરસ્ત બાંધાના તેજસ્વી વિદ્યાર્થી હતા. તેમણે પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં, માધ્યમિક શિક્ષણ રાજશાહીમાં તથા ઉચ્ચ શિક્ષણ પ્રેસિડેન્સી કૉલેજ, કોલકાતામાં લીધું હતું. તેમણે અંગ્રેજી અને ઈતિહાસ વિષયો સાથે ૧૮૯૧માં ડબલ ઑનર્સ તથા ૧૮૯૨માં કલકત્તા યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા અંગ્રેજી સાહિત્ય સાથે પાસ કરી પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા અને તે વિષયમાં અગાઉના બધા વિક્રમો તોડ્યા.

તેમને ઈંગ્લંડમાં વધુ અભ્યાસ કરવા માટે સરકારી શિષ્યવૃત્તિ આપવામાં આવી. પરન્તુ તેનો અસ્વીકાર કરીને કલકત્તા યુનિવર્સિટીની પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ મેળવવા માટે તૈયારી કરવા માંડી. આ દરમિયાન જૂન ૧૮૯૩માં કોલકતાની રિપન કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે તેમની નિમણૂક થઈ. ત્રણ વર્ષ બાદ વિદ્યાસાગર કૉલેજમાં તેઓ નિમાયા. તેમને ૧૮૯૭માં પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ મળી. બીજે વર્ષે પ્રાંતિક શિક્ષણ સેવામાં તેમની પસંદગી થઈ અને પ્રેસિડેન્સી કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક નિમાયા. ત્યાર બાદ પટણા કૉલેજમાં તેમની બદલી થઈ હતી. આ દરમિયાન તેમના સંશોધનનો પ્રથમ ગ્રંથ 'ઇન્ડિયા ઑફ ઔરંગઝેબ' ૧૯૦૧માં પ્રગટ થયો. તેનાથી પ્રથમ કક્ષાના સંશોધક તથા ઈતિહાસકાર તરીકે તેમણે પ્રતિષ્ઠા મેળવી. કેટલાંક વર્ષો સુધી અંગ્રેજી સાહિત્ય ભણાવ્યા બાદ હવે તેઓ ઈતિહાસના અધ્યાપક બન્યા. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ઈતિહાસના અધ્યાપક તરીકે સેવા આપ્યા બાદ ઇન્ડિયન એજ્યુકેશનલ સર્વિસમાં તેમને બઢતી મળી. રેવનશા કૉલેજ, કટક તથા પટણાની કૉલેજમાં સેવા આપ્યા બાદ ૧૯૨૬માં તેઓ નિવૃત્ત થયા. તે અગાઉ કલકત્તા યુનિવર્સિટીના વાઈસ-ચૅન્સેલર તરીકે તેમની નિમણૂક થઈ અને બે વર્ષ તે હોદ્દો સંભાળ્યા પછી બીજી મુદતની નિમણૂકનો તેમણે અસ્વીકાર કર્યો, તેનો હેતુ ઈતિહાસના સંશોધન વાસ્તે પૂર્ણ સમય ફાળવવાનો હતો.

જદુનાથ ૧૮૯૨માં એમ.એ. થયા ત્યારે તેઓ અંગ્રેજી અને સંસ્કૃત ઘણું સારું જાણતા હતા. ઈતિહાસકાર બનવા માટે તેમણે ફારસી અને મરાઠી ભાષાઓ શીખી લીધી. તે પછી આવશ્યકતા પડવાથી તેઓ ક્રમશઃ રાજસ્થાની, હિંદી, ફ્રેન્ચ, જર્મન અને પોર્ટ્યુગીઝ ભાષાઓ પણ શીખ્યા. તેમણે ભારત, ઈંગ્લંડ, ફ્રાન્સ, પોર્ટુગલ અને જર્મનીમાંથી મહત્ત્વની અસંખ્ય ફારસી હસ્તપ્રતો શોધીને ભેગી કરી. યુરોપની જાણીતી લાઈબ્રેરીઓમાંથી તથા દિલ્હી, લાહોર, પટણા, હૈદરાબાદ, રામપુર અને અગાઉનાં ઈસ્લામિક વિદ્યાનાં કેન્દ્રોમાંથી પોતાને ખર્ચે હસ્તપ્રતોની નકલો કરાવી લીધી. આ બધા મૂળ સ્રોતોના તલસ્પર્શી અધ્યયનના ફલસ્વરૂપે, પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિથી તૈયાર કરેલી તેમની થીસિસ "ઇન્ડિયા ઑફ ઔરંગઝેબ, ઇટ્સ ટૉપોગ્રાફી, સ્ટેટીસ્ટિક્સ ઍન્ડ રોડ્ઝ" ૧૯૦૧માં પ્રગટ થઈ. આ સંશોધનાત્મક વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ તૈયાર કરતાં તેમણે નવ વર્ષનો સમય લીધો હતો.

જદુનાથે સંશોધન માટે મુઘલ સમય અને તેમાં ઔરંગઝેબની પસંદગી કરી હતી. શાહજહાંના શાસન દરમિયાન સૂબા તરીકે અને શહેનશાહ બન્યા પછી છેલ્લાં પચીસ વર્ષ મળીને કુલ ૪૦ વર્ષ ઔરંગઝેબે દખ્ખણમાં વિતાવ્યાં હતાં. તેથી તેની હિલચાલને સમજવા તથા દસ્તાવેજોમાંનાં સ્થળનામો અને વ્યક્તિઓનાં નામોને સાચા અર્થમાં સમજવા,

ઈતિહાસમાં રસ ધરાવતા મરાઠી ભાષાના અને તે પ્રદેશના જાણકારની જરૂરિયાત હતી. તે માટે તેમણે જી.એસ. સરદેસાઈની મદદ લીધી. સમય જતાં તેઓ પરસ્પર નિકટના મિત્રો બની ગયા. તેઓએ ૫૪ વર્ષ સુધી સહકારથી કામ કરીને ૬૫ જેટલા ઈતિહાસના અમૂલ્ય ગ્રંથોની ભારતને ભેટ ધરી.

થીસિસ પૂરી કર્યા બાદ જદુનાથે 'હિસ્ટરી ઑફ ઔરંગઝેબ' વિષે પાંચ ગ્રંથો લખવાનું શરૂ કર્યું અને પૂરાં ૨૪ વર્ષ પરિશ્રમ કર્યો. ઔરંગઝેબના તેમના અભ્યાસની સાથે તેમણે મરાઠાઓના ઈતિહાસ પર પણ સંશોધન કર્યું અને 'શિવાજી ઍન્ડ હિઝ ટાઈમ્સ' શીર્ષક હેઠળ ઘણો અભ્યાસપૂર્ણ ગ્રંથ પ્રગટ કર્યો. ત્યાર બાદ મુઘલ સામ્રાજ્યના પતનનું વિગતવાર વર્ણન કરતા ચાર ગ્રંથો લખવાનું કાર્ય આરંભ્યું. આ શ્રેણીનો છેલ્લો ગ્રંથ ૧૯૫૦માં પ્રગટ થયો. આ મહાન ઈતિહાસકારનું છેલ્લું પ્રદાન 'મિલિટરી હિસ્ટરી ઑફ ઇન્ડિયા'નો ગ્રંથ તેમના અવસાન બાદ ૧૯૬૦માં પ્રગટ થયો હતો. તેમના લખેલા ગ્રંથોની સંખ્યા ૬૫ જેટલી થાય છે. તે ઉપરાંત 'કેમ્બ્રિજ હિસ્ટરી ઑફ ઇન્ડિયા' ગ્રંથ-૪માં જદુનાથે ચાર પ્રકરણો, 'મૉડર્ન રિવ્યૂ' સામયિકમાં લગભગ ૬૦ સંશોધન લેખો, 'બંગાલ પાસ્ટ ઍન્ડ પ્રેઝન્ટ'માં કેટલાય લેખો તથા 'પ્રોસીડિંગ્ઝ ઑફ ધી ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકૉર્ડ્ઝ કમિશન'માં અનેક પેપર્સ પ્રગટ કર્યાં હતાં. કોલકાતાના સાપ્તાહિક 'હિંદુસ્તાન સ્ટાન્ડર્ડ' માટે ઈતિહાસ વિષયના ૩૫ જેટલાં પેપર્સ તેમણે લખ્યાં હતાં. બીજાં સામયિકો તથા જર્નલો માટે પણ તેઓ લેખો લખતા હતા.

જદુનાથે બંગાળી ભાષામાં પણ સેંકડો લેખો લખ્યા હતા. યુનિવર્સિટીમાં વિદ્યાર્થી તરીકેની કારકિર્દી પૂરી કર્યા બાદ, જદુનાથ ૧૮૫૭ના ભારતના બળવા વિષે સંશોધન કરવાના હતા. તે માટે તેમણે સૌથી વધારે પુસ્તકો ખરીદીને ભેગાં કર્યાં હતાં. પરન્તુ ૧૯મી સદીમાં તે વિષયને પૂરતો ન્યાય આપવાનું શક્ય ન હોવાથી, તેમણે તે વિષય બદલીને મુઘલકાલમાં ઔરંગઝેબનો શોધવિષય પસંદ કર્યો હતો.

'ઈન્ડિયા ઑફ ઔરંગઝેબ' માત્ર ઈતિહાસનો ગ્રંથ નથી. ૧૭મી સદીના ઉત્તરાર્ધમાં ભારતના ભૌતિક પાસાનો તે પ્રાથમિક હેવાલ છે. તે ગ્રંથ લખવામાં જદુનાથે મુખ્યત્વે ૧૭૫૯માં લખાયેલા રાય છત્રમાનના 'ચહર-એ-ગુલશન'નામના મહત્ત્વના ફારસી ગ્રંથનો આધાર લીધો છે. આ અપ્રગટ ફારસી ગ્રંથમાં મુઘલ પ્રાંતોની સ્થાનિક ભૂગોળ તથા અન્ય બાબતોનું ઉપયોગી વર્ણન કર્યું છે. તેમાં સમગ્ર ૧૭મી સદી તથા ૧૮મી સદીના પૂર્વાર્ધનો ભારતના ધાર્મિક સંપ્રદાયોનો ઈતિહાસ આલેખવામાં આવ્યો છે. 'ઈન્ડિયા ઑફ ઔરંગઝેબ' લખ્યા બાદ, જદુનાથે ઔરંગઝેબનો ઈતિહાસ લખવા માંડ્યો તેના પ્રથમ ગ્રંથમાં તેમણે શાહજહાનના વહીવટ તથા શાહજાદા અને સૂબા તરીકે કેટલાક પ્રાંતોમાં ઔરંગઝેબની કામગીરીનું વિવેચન કર્યું છે. તે શ્રેણીના બીજા ગ્રંથમાં વારસા-વિગ્રહનું આબેહૂબ તથા આલોચનાત્મક વર્ણન કર્યું છે; અને ઔરંગઝેબની સફળતાનાં કારણો જણાવ્યાં છે. ત્રીજા ગ્રથમાં તેના રાજ્યકાળનાં શરૂનાં પગલાં, તેના વહીવટના સિદ્ધાંતો, નીતિઓ અને ભારતમાં ઈસ્લામિક સ્ટેટનું વિવેચન કરવામાં આવ્યું છે. ચોથા ગ્રંથમાં, દખ્ખણનું રાજકારણ, બીજાપુર અને ગોલકોડાં રાજ્યોને કબજે કરવાં અને શંભાજીનું પતન તથા તેમના કરુણ અવસાનનું વર્ણન કર્યું છે. શ્રેણીના છેલ્લા અને પાંચમા ગ્રંથમાં ઔરંગઝેબના મૃત્યુ (૧૭૦૭) સુધીની મરાઠાઓ પ્રત્યેની તેની નિષ્ફળ નીતિ અને ૨૫ વર્ષ જેટલા લાંબા સમય પર્યંત તેની ગેરહાજરી દરમિયાન ઉત્તર ભારતમાં થયેલ અરાજકતાનું વર્ણન કરવામાં આવ્યું છે.

ઔરંગઝેબનો ઈતિહાસ લખતી વખતે જદુનાથના અધ્યયનમાં વારંવાર શિવાજીના ઉલ્લેખો આવતા હતા. તેથી મરાઠાઓના ઈતિહાસનો પણ તેમણે તલસ્પર્શી અભ્યાસ કર્યો. તે અભ્યાસના પરિણામે તેમણે 'શિવાજી ઍન્ડ હિઝ ટાઈમ્સ' નામનો ગ્રંથ ૧૯૧૯માં પ્રગટ કર્યો. ઔરંગઝેબના ત્રીજા ગ્રંથે મુસ્લિમોમાં ઉશ્કેરાટ પેદા કર્યો હતો, એવો ઉશ્કેરાટ મહારાષ્ટ્રમાં શિવાજીના ગ્રંથે પેદા કર્યો. તેમાં તેમણે જણાવ્યું હતું કે, અદ્ભુત સફળતા મળવા છતાં તે મરાઠા નાયક રાષ્ટ્રનું સર્જન કરવામાં નિષ્ફળ ગયો, અને તેની મોટાભાગની સંસ્થાઓ તદ્દન મૌલિક ન હતી. આ વિધાનો રાષ્ટ્રવાદી ઈતિહાસકારોની તથા શિવાજીની પ્રતિષ્ઠાને હાનિકારક હતાં, તેથી પુણેમાં ઉશ્કેરાટ ફેલાયો. પરન્તુ તેનાથી આ ઈતિહાસકારના પેટનું પાણી હાલ્યું નહિ અને તેમણે ઔરંગઝેબના છેલ્લા ગ્રંથ તથા વિલિયમ ઈર્વિનના 'લેટર મુઘલ્સ' ગ્રંથ-૨માં નાદીરશાહના આક્રમણ વિશે ત્રણ પ્રકરણો ઉમેરવાની કાર્યવાહી ચાલુ રાખી. કેટલાંક વર્ષો અગાઉ તેમણે હમીદુદ્દીનના 'અહકમ-એ-આલમગીરી' ગ્રંથનો અનુવાદ 'ઍનેકડોટ્સ ઑફ ઔરંગઝેબ' શીર્ષક હેઠળ કર્યો હતો. તેમાંથી તે શાસકના ચારિત્ર્યની વિગતે માહિતી પ્રાપ્ત થાય છે. તેમણે 'હિસ્ટોરિકલ એસેઝ'માં દસ સુંદર નિબંધો લખ્યા છે. તેમાંના શાહજહાં અને ઔરંગઝેબના દૈનિક જીવન વિષેના નિબંધો ઘણા મહત્ત્વના છે.

મુઘલ સામ્રાજ્યના પતનની તેમની બીજી મોટી યોજના હાથ ધરતા પહેલાં, તેમણે ત્રણ નાના પણ ઘણા મહત્ત્વના ગ્રંથો પ્રગટ કર્યા. 'મુઘલ ઍડમિનિસ્ટ્રેશન' (આ વિષયવસ્તુનું પ્રથમ કાર્ય), 'ઇન્ડિયા થ્રૂ ધી ઍજીઝ' (આર્યો, બૌદ્ધો મુઘલો તથા

અંગ્રેજોનું પ્રદાન વર્ણવતો વિદ્વત્તાપૂર્ણ હેવાલ) અને 'સ્ટડીઝ ઈન મુઘલ ઈન્ડિયા', તેમાં બાવીસ નિબંધો આપવામાં આવ્યા છે. 'ફૉલ ઑફ ધ મુઘલ એમ્પાયર'ના પ્રથમ ગ્રંથમાં ૧૭૩૯માં નાદીરશાહ પાછો ગયો અને મુહમ્મદશાહ સમક્ષ સમસ્યાઓ પેદા થઈ, ત્યાંથી આરંભીને બાદશાહ અહમદશાહના જૂન ૧૭૫૪ સુધીનો ઈતિહાસ છે. તેનો છેલ્લો અને ચોથો ગ્રંથ, ૧૮૦૩મા અંગ્રેજોએ દિલ્હી અને આગ્રા જીતી લીધાં ત્યાં એનો અંત આવે છે. આ ચિરસ્મરણીય કાર્ય કરવા સહિત જદુનાથે મરાઠા ઈતિહાસનો 'હાઉસ ઑફ શિવાજી' ગ્રંથ લખવાનો સમય ફાળવ્યો. આ કાર્ય, ૧૭મી સદીના મરાઠા ઈતિહાસના દસ્તાવેજો તથા વ્યક્તિવિશેષોનો વૈજ્ઞાનિક (શાસ્ત્રીય) અભ્યાસ છે અને વિદ્વાનો તથા સંશોધકો વાસ્તે અમૂલ્ય ગ્રંથ છે. આ ઉપરાંત તેમણે 'સ્ટડીઝ ઈન ઔરંગઝેબ્ઝ રેન', ગ્રંથ પ્રગટ કર્યો. તેમાં અઢાર ઐતિહાસિક નિબંધો છે, તથા 'માસીરે આલમગીરી'નો અનુવાદ પ્રગટ કર્યો.

જદુનાથના અવસાન (મે, ૧૯૫૮) બાદ, ૧૯૬૦માં પ્રગટ થયેલ 'મિલિટરી હિસ્ટરી ઑફ ઈન્ડિયા'માં ભારતની ભૂમિ ઉપર લડાયેલ કેટલીક નોંધપાત્ર લડાઈઓનો આબેહૂબ ચિતાર આપી, ભારતમાં વિકસેલ યુદ્ધની કળાનો રસપ્રદ અભ્યાસ રજૂ કરવામાં આવ્યો છે. ભૌગોલિક પરિસ્થિતિનો લડાઈની વ્યૂહરચના પર કેવો પ્રભાવ પડે છે તે દર્શાવતા મહત્ત્વના પ્રકરણથી ગ્રંથની શરૂઆત થાય છે. તેમાં બીજાં વીસ પ્રકરણ અને બે પરિશિષ્ટો છે.

જદુનાથ સરકારના ગ્રંથોની સંક્ષિપ્ત માહિતી મેળવ્યા બાદ, તેમની સંશોધન-પદ્ધતિ વિષે જાણવું જોઈએ. ૧૯મી સદીના છેલ્લા દાયકામાં, ઔરંગઝેબના ઈતિહાસ વિષે સંશોધન આરંભતાં અગાઉ, કેટલાક સમકાલીન ઈતિહાસોનો ઉપયોગ કર્યો હોય તો, સંશોધકે સારું કામ કર્યું એમ ગણાતું હતું. મધ્યકાલીન ભારતના ઈતિહાસના ભાગ્યે જ કોઈ વિદ્વાન, પોતાના વિષયવસ્તુ વિષેના, વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ સર્વે સમકાલીન સ્રોતો એકઠા કરવાનો વિચાર કરે, અને ફારસી ભાષાના દરબારના ઈતિહાસો ઉપરાંત કંઈ પણ વધારે સાધનો હશે, એવી કોઈને જાણ ન હતી. ઐતિહાસિક પત્રો, ડાયરીઓ, દરબારનાં બુલેટિનો અને સમાચાર-પત્રો (ન્યૂઝ લેટર્સ)ની ઘણા લોકોને ખબર ન હતી. વિવિધ ભાષાઓમાં સર્વ અસલ સમકાલીન સ્રોતો મેળવવાનો આગ્રહ રાખનાર જદુનાથ પ્રથમ વિદ્વાન હતા. દરબારના ઈતિહાસકારો અને અન્ય લેખકોના ઈતિહાસોથી તેમને સંતોષ થતો નહિ. તત્કાલીન બનાવોમાં ભાગ લેનારા અને પ્રત્યક્ષ જોનાર સમકાલીનો દ્વારા લખાયેલ સ્મરણો, દરબારના હેવાલો તથા ઐતિહાસિક પત્રોનું તેમણે વિસ્તૃત સંશોધન કર્યું. 'અખબારાતે-દરબારે-મુલ્લા' તરીકે જાણીતા ખાસ કરીને ફારસી ભાષાનાં સેંકડો સમાચાર-પત્રો, તથા માત્ર દખ્ખણમાંથી નહિ, પરન્તુ ઉત્તર ભારતના સર્વે પ્રદેશોમાંથી મરાઠા એજન્ટોએ લખેલા મરાઠી ભાષાના સેંકડો પત્રો તેમણે ભેગા કર્યા. આ બધા દસ્તાવેજોનો જાતે અભ્યાસ કરવા વાસ્તે, આપણે અગાઉ જોઈ ગયા તેમ, ફારસી, મરાઠી, રાજસ્થાની, ફ્રેન્ચ, પોર્ટ્યુગીઝ અને જર્મન ભાષાઓ શીખી લીધી હતી. તેમણે આ ભાષાઓમાં ઉપલબ્ધ સમકાલીન ઐતિહાસિક લખાણો ખર્ચ કરીને મેળવી લીધાં. પોતાના સંશોધનના સમયગાળાને લગતા, સર્વ ભાષાઓના સમકાલીન દસ્તાવેજો મેળવવા તે સંશોધકની પ્રાથમિક આવશ્યકતા છે, એમ તેઓ સમજતા હતા.

દરબારના ઈતિહાસકારો કે બીજા લેખકોના ગ્રંથો તથા ઐતિહાસિક પત્રોને જદુનાથ સ્વીકારી લેતા નહિ. પરન્તુ તેની ચકાસણી અને ખાતરી કરતા, અને ગપ્પું લાગે તો તેને નિર્દયતાથી જાહેર કરી દેતા. મરાઠી બખરો અને રાજસ્થાની કાવ્યો તથા ગદ્યલખાણોને તેઓ અફીણીઆની વાર્તા કહેતા. ઐતિહાસિક હસ્તપ્રતો અને દસ્તાવેજો વાંચવાના તેમના ઘણાં વરસોના અનુભવથી તેઓ એકદમ જાણી શકતા કે અમુક ફારસી હસ્તપ્રત અસલ છે કે નકલી, અને તેમાંનો ક્યો ભાગ ચોરી કે નકલ પર આધારિત છે. આવી ચોકસાઈ કર્યા પછી, તેઓ બધાં સાધનોનો અંગ્રેજીમાં અનુવાદ કરીને, તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરતા હતા, અને તેના ઉપરથી પોતાનાં તારણો કાઢતા હતા.

જદુનાથની આદત હતી કે માત્ર લેખિત દફતર-સાધનો ઉપર સંપૂર્ણ આધાર રાખવો નહિ. પરન્તુ પોતાના અભ્યાસ સાથે જોડાયેલા વિષયનાં ઐતિહાસિક સ્થળોની તેઓ જાતે મુલાકાત લેતા, જેથી તે સ્થળની અને પ્રદેશની સાચી માહિતી મેળવી શકે, ભારતના પ્રદેશોના સામાન્ય લોકોના જીવનને તેઓ જાતે જુએ, બીજી ઘણી ઉપયોગી માહિતી પણ મેળવી શકે. આવી માહિતી જાણવા તેમણે મહારાષ્ટ્રની અનેક વાર મુલાકાતો લીધી હતી. ત્યાંનાં લોકો સાથે મહિનાઓ સુધી તેઓ રહ્યા અને મુઘલ યુગના કિલ્લા, ખીણો તથા લડાઈઓનાં સ્થળોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. તેમણે દેશના બધા પ્રદેશોની તથા ધાર્મિક મહત્ત્વનાં સ્થળોની, ભક્ત તરીકે નહિ, પરન્તુ લોકોના ધાર્મિક અને સામૂહિક જીવનનો અભ્યાસ કરવાના હેતુથી, મુલાકાત લીધી હતી. તેમનાં લખાણોમાં તેમના અભ્યાસ સાથે સંકળાયેલાં મહત્ત્વનાં સ્થળોની વિગતે માહિતી, લડાઈનાં દૃશ્યો, લશ્કરી વ્યૂહરચના તથા મરાઠાઓની ગેરીલા પદ્ધતિનું આબેહૂબ વર્ણન જોવા મળે છે. જદુનાથ મૂળ સ્રોતો ભેગા કરવામાં, તે બધાનો

અભ્યાસ કરવામાં, પુરાવાઓની કસોટી કરવામાં તથા વિવાદાસ્પદ દફતરમાંથી સત્ય શોધવામાં ઘણી ચોકસાઈ કરતા હતા. તેમનાં તારણો સ્પષ્ટ અને ગૂંચવણ વગરનાં હતાં.

જદુનાથ માનતા હતા કે ઇતિહાસમાંથી માનવજાતને બોધપાઠ મળે છે. જદુનાથના વિરોધીઓ તો હતા, પરન્તુ તેમનાં વિપુલ લખાણમાંથી કોઈ હકીકતદોષ બતાવી શક્યું નથી. હકીકતને ઇરાદાપૂર્વક વિકૃત કરી હોય, કે છોડી દીધી હોય, એવું કોઈએ કહ્યું નથી. જદુનાથે કરેલ હકીકતોની રજૂઆત અથવા અર્થઘટન વિષે ટીકાના બે-ત્રણ મુદ્દા ધ્યાન ખેંચે છે : (૧) ઔરંગઝેબની ધાર્મિક નીતિના મૂલ્યાંકનમાં તેમણે કાશી-વિશ્વનાથના મંદિરને જમીનનું દાન આપતા તેના ફરમાનને ધ્યાનમાં લીધું હતું. (૨) જઝિયાનું તેમનું અર્થઘટન યોગ્ય નથી, અને (૩) નિર્ણાયક પુરાવાના અભાવે, શિવાજીએ કરેલ અફઝલખાનના ખૂનને 'પ્રિવેન્ટિવ મર્ડર' કહેવું યોગ્ય નથી. તેનો નીચે મુજબ જવાબ આપવામાં આવ્યો ત્યારે, ટીકાકારો શાંત થઈ ગયા હતા : (૧) ઔરંગઝેબે તે ફરમાન વારસાવિગ્રહ વખતે શૂજાને પકડવામાં હિંદુઓનો ટેકો મેળવવો હતો ત્યારે જાહેર કર્યું હતું. અને હિંદુઓની ધાર્મિક સંસ્થાઓને આશ્રય આપવાની તેની ઇચ્છા ન હતી. (૨) ઇતિહાસકારે જઝિયાનું અર્થઘટન કર્યું ન હતું, પરન્તુ સમકાલીન મુસ્લિમ ધર્મશાસ્ત્રજ્ઞોએ કબૂલ રાખેલ અભિપ્રાય જણાવ્યો હતો અને (૩) શિવાજીને મજબૂત પકડમાં લઈને અફઝલખાને પ્રથમ ઘા કર્યો હતો, એમ અહમદનગરના નિઝામુલ્મુલ્કના વઝીર અને ઇતિહાસકાર મીર આલમે જણાવ્યું છે.

મરાઠી ઇતિહાસનાં મુખ્ય સાધનો-બખરોને જદુનાથે અવિશ્વનીય માન્યાં હોવાથી, મહારાષ્ટ્રના દેશભક્ત ઇતિહાસકારો તેમના ઉપર ક્રોધે ભરાયા હતા, અલબત્ત, જદુનાથે પોતાના આ વિધાન માટે અનેક પુરાવા આપ્યા હતા. મંદિરોનો નાશ કરવાનાં તથા હિંદુઓને પજવવાનાં ઔરંગઝેબનાં કાર્યોને પુસ્તકમાંથી દૂર ન કરવા માટે તથા મુસ્લિમોની લાગણી દુભાવવા માટે અલ્હાબાદના ઇતિહાસકારો તેમને દોષ દે છે. એવી રીતે ઔરંગઝેબની હિંદુવિરોધી નીતિ અને ભારતમાં મુસ્લિમ રાજની નિષ્ફળતા બતાવવાને કારણે અલિગઢના ઇતિહાસકારો, જદુનાથને મુસ્લિમ કોમ તથા ઇસ્લામના વિરોધી ગણાવે છે. ઑક્સફર્ડના ડૉ.સી.સી. ડૅવિસે જદુનાથ સરકારના પક્ષપાતવિહીન વલણ વિષે જણાવ્યું હતું કે ઉત્તર ભારતમાં મરાઠા હુમલાખોરો દ્વારા કરાયેલા અત્યાચારોનું તેમનું વર્ણન વાંચીને વાચક કબૂલ કરશે કે જદુનાથે મધ્યકાલીન ભારતના મુસ્લિમ શાસકો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યાનો આક્ષેપ ખોટો છે.

ભારતમાં તથા વિદેશોમાં જદુનાથ સરકારની શૈક્ષણિક સિદ્ધિઓની નોંધપાત્ર પ્રશંસા થઈ હતી. તેમ છતાં અત્રે નોંધવું જોઈએ કે ભારતના આ મહાન ઇતિહાસકારની પ્રશંસનીય સેવાઓની રૉયલ એશિયાટિક સોસાયટી ઑફ ગ્રેટ બ્રિટને કદર કરી, તે પછી ત્રણ વર્ષે ભારતનાં વિદ્યાકીય મંડળોએ તેમની કદર કરી હતી. રૉયલ એશિયાટિક સોસાયટી ઑફ ગ્રેટ બ્રિટન ઍન્ડ આયરલૅન્ડે ૧૯૨૩માં તેમને માનદ્ સભ્ય તરીકે ચૂંટ્યા હતા. તે સમયે સમગ્ર વિશ્વમાં આ માન માત્ર ત્રીસ વિદ્વાનોને મળ્યું હતું. મુંબઈની રૉયલ એશિયાટિક સોસાયટીએ તેમને કૅમ્પબેલ ગોલ્ડ મેડલ ૧૯૨૬માં આપ્યો અને માનદ્ ફેલોશીપ આપી. એ જ વર્ષે બંગાળની ધ રૉયલ એશિયાટિક સોસાયટીએ તેમને માનદ્ ફેલોશિપ આપી. જદુનાથને ૧૯૨૬માં C.I.E.*નો તથા ૧૯૨૯માં 'સર'નો ઇલકાબ મળ્યો હતો. ઇંગ્લંડની ધ રૉયલ હિસ્ટોરિકલ સોસાયટીએ પણ ૧૯૩૫માં તેમને તે સોસાયટીના માનદ્ સભ્ય તરીકે નિમ્યા હતા. વૉશિંગ્ટનની અમેરિકન હિસ્ટોરિકલ સોસાયટીએ પણ તેમને આજીવન માનદ્ સભ્ય નિમ્યા હતા. અત્રે નોંધવું યોગ્ય લેખાશે કે વિદેશોની આ વિદ્યાકીય સંસ્થાઓ દ્વારા આવું બહુમાન મેળવનાર તે સમયે તેઓ એક માત્ર એશિયન હતા.

સર જદુનાથ નિઃશંક પોતાના સમયના ભારતના સૌથી મહાન ઇતિહાસકાર અને વિશ્વમાં સૌથી મહાન ઇતિહાસકારોમાંના એક હતા. અલબત્ત, તેથી તેમના સમર્થ, પ્રભાવી વ્યક્તિત્વ તથા વિદ્વત્તાપૂર્ણ ગ્રંથોનો સમકાલીન વિદ્વાનો તથા ઇતિહાસકારો ઉપર પ્રભાવ પડ્યો હતો. અનેક વિદ્વાનો તેમના સંશોધન ગ્રંથોનો અભ્યાસ કરીને તેમનાથી ઘણા પ્રભાવિત થયા હતા. તેઓ જદુનાથની સંશોધન પદ્ધતિને અનુસરતા હતા. ભારતના મધ્યકાલીન ઇતિહાસના મોટા ભાગના સંશોધકો જદુનાથના ઋણી છે. ડૉ. કે.આર. કાનૂંગો અને ડૉ. એ.એલ. શ્રીવાસ્તવ (આગ્રા યુનિવર્સિટી) જેવા પ્રસિદ્ધ અને વિદ્વાન ઇતિહાસકારો તેમના શિષ્યો હતા, અને તેમનું માર્ગદર્શન મળ્યું તે બદલ ગૌરવ અનુભવતા હતા. તેઓના ગ્રંથોમાં જદુનાથની પદ્ધતિ, સંશોધનની ટેક્નિક એટલે કે સર્વે ઉપલબ્ધ સમકાલીન સાધનો ઉપયોગમાં લેવાં અને સાદી શૈલીમાં રજૂઆત કરવી તેનું પ્રતિબિંબ પડે છે. એ રીતે પ્રોફેસર શ્રીરામ શર્મા, ડૉ. હરિ રામ ગુપ્તા, ડૉ. એસ.એન. રાવ અને બીજા ઇતિહાસકારોને પણ જદુનાથના માર્ગદર્શનનો લાભ મળ્યો હતો. અનેક સંશોધકોએ તેમની પાસેથી પત્ર દ્વારા, સંશોધન-વિષયોની પસંદગી માટે, મૂળ સાધનોની યાદી તથા સંશોધનની પદ્ધતિ વિષે માર્ગદર્શન મેળવ્યું હતું. તેમના પ્રકાશિત ગ્રંથોમાંથી પણ અનેક વિદ્વાનો તથા સંશોધકોએ માર્ગદર્શન મેળવ્યું હતું. □

* Companion of the Indian Empire.

મનના રાજા

ભારતી ર. દવે

ધોળી બાસ્તા જેવી ચાદર બિછાવેલા અને માથા નીચે સેમલના રૂનાં ઓશિકાં છે તેવા નકશીદાર સાગના પલંગ પર સફેદ કલકત્તી ધોતી અને ઢાકાઈ મલમલનું લાંબી ચાળવાળું પહેરણ પહેરીને કોણ સૂતું છે? માથે ધોળા વાળ, ઊજળો વાન, કૃશ કાયા, ગોરા મોં પર વૃદ્ધત્વની શીળપ અને છતને તાકી રહેલી આંખોમાં અબોલ એકલતા તગતગે છે. પલંગ પાસે ટેબલ પર થોડી દવાઓ, ઍલાર્મ ક્લૉક, ટૉર્ચ, માળા, ચશ્માં, કૉર્ડલેસ ફોન, નૅપ્કિન તથા બેલ પડ્યાં છે. એમનું નામ છે નવલભાઈ. હા, હું નવલભાઈને થોડાંક વર્ષોથી જાણું છું. એમની પડોશમાં રહું છું, અને એ બહાર નીકળી શકતાં નથી એટલે એમની પાસે અવાર-નવાર બેસવા-મળવા આવું છું. એમના અંગત જીવન વિષે પ્રસંગોપાત્ત વાતો થતી રહે છે, છતાં.. એમના વિશે હું તમને કંઈ કહું એ કરતાં એ પોતે જ પોતાનાં વીતેલા સમય અને વર્તમાન તથા અનાગત ભાવિની વાત કરે તો એમનાં મન-હૃદયનાં અંતરિયાળ વહેતા ભાવો અને લાગણીને સાંભળનારું પણ કોઈ છે એ અનુભવ એમની ઉદ્વિગ્નતા ઓછી થતાં શાતા પામશે.

"મારું નામ તો તમે જાણો છો -- નવલભાઈ... અને આ દીવાલ પર લટકે છે એ છબી જોઈ! છે ને નજરને તરત કેદ કરી લે એવી? હા, હું છબી અને એમાં બેઠી છે તે બેયની વાત કરું છું -- એ છે કલાવતી. જોકે તમે એને નજરોનજર જોઈ હોત તો... તો જ ખબર પડત કે માણસ કેવું જાજરમાન ને માયાળુ હોય છે! પણ... એ તો મને અડધે રસ્તે છોડીને ચાલી ગઈ. એ ગઈ અને આ ઘરનું તેજ વિલાઈ ગયું! દીવાનખંડમાં સામે સોફાના કૉર્નર-ટેબલ પર ફોટો છે એમાં દેવાંગ -- મારો મોટો દીકરો - અને તેનો પરિવાર છે. આમ તો એ બહુ ડાહ્યો - સમજણો છે. એ કેમિકલ એન્જિનીઅર છે. બીજા ફોટામાં નાનો દીકરો દીપન અને તેનો પરિવાર છે. એ નાનપણથી થોડો તોફાની અને નટખટ ખરો! એણે એમ.બી.એ. કર્યું છે. એક મોટી કંપનીમાં એ કામ કરે છે. બંને દીકરાને ભણાવ્યા અને અમેરિકા આગળ અભ્યાસ માટે જવું હતું તો મોકલ્યા. જોકે કલાવતી ના પાડતી હતી. એકાદ દીકરો તો ગામમાં રહે. પણ મેં કહ્યું હતું, આવતો સમય એમનો છે. એ માટે એમને આપણે તૈયાર કરવા જ જોઈએ. અફસોસ બસ એટલો જ છે કે બે છોકરાઓએ એમની રીતે નામ કાઢ્યું છે અને બધી વાતે સુખી છે એ કલાવતી જોવા ન પામી. બંને ભણી ઊતર્યા અને એ ચાલી નીકળી ! એમના હર્યા-ભર્યા સંસારને જોઈને ગઈ હોત તો સંતોષ પામીને રાજી થાત... પણ એય નસીબ છે ને! હું એમને સુખી જોઈને રાજી થાઉં છું. છોકરાઓને પણ હું આમ એકલો રહું છું એ નથી ગમતું. મોટો દેવાંગ પરદેશ અને નાનો દીપન મુંબઈ... હું અહીં એકલો! બંને દીકરાઓએ પોતાને ત્યાં મને લઈ જવા કેટલો આગ્રહ કરેલો? દીપન તો બસ હઠ લઈને બેઠો હતો.

'પપ્પા, તમે ન આવો તો તમને એકલા મૂકીને અમે નહીં જ જઈએ. આવડા મોટા ઘરમાં તમે એકલા કેમ કરીને રહેશો?'

'સાચું છે, આવડા મોટા ઘરમાં એકલો ભૂતની જેમ ભમું છું!... પણ ત્યાં અજાણ્યા મુલકમાં મને કેમ ગમશે? વતન સાંભરશે, સગાંવહાલાં અને મિત્રો કેમ ભુલાશે? અને તારી મમ્મી, એ તો નિરંતર મારી સાથે અંદર જડાયેલી છે. એને છોડીને પણ કેમ જાઉં?

પણ.. છેવટે બંને દીકરાને રાજી રાખવા આ ઘર છોડ્યું. હા, મેં અને કલાવતીએ સંતાનોની ખુશીમાં અમારો આનંદ શોધ્યો હતો. દેવાંગ અને દીપાલીને નાનકડા અભિ સાથે વિદાય કરતાં મન માન્યું નો'તું! અભિને જોતાં-રમાડતાં દેવાંગનું જ બાળરૂપ નજરે તરી રહેતું. આમેય મૂડી કરતાં વ્યાજ વધુ વહાલું લાગેને ! બસ, પહોંચી ગયો અમેરિકા. દાદાજીનાં ચશ્માં, દાદાજીની લાકડી, દાદાજીનાં બુટ-મોજાં - બધું લાવીને હાજર કરે અભિ, અને પછી... દાદાજીની આંગળી પકડી ખેંચે - 'ચાલો ગાર્ડનમાં - હીંચકા અને લપસણી ખાવા', 'ઍનિમલ ફાર્મ જઈશું, દાદાજી?' 'ડિઝની લૅંડ તો મમ્મી-ડૅડી સાથે વીક એન્ડમાં મઝા પડશે, ખરું ને!' લાઈબ્રેરીમાં તો કેટલી બધી બુક્સ જોવાં - વાંચવાં મળે! વળી દાદાજી, તમે એમાંથી મને વાર્તા પણ કહેશોને?'...આમ નાનકડા અભિની આસપાસ એ દિવસો-વર્ષો ક્યાં કેમ વીત્યાં તેની ખબર ન રહી. દેવાંગ-દીપાલી અને અભિ - સૌના કેન્દ્રમાં દાદાજી?'

*

'હલ્લો દાદાજી! ક્યારે આવ્યા? રાત્રે? ગુડ મૉર્નિંગ!'

'હા બેટા, વેરી ગુડ મૉર્નિંગ'

'દાદાજીને પગે લાગો, અભિ!'

'નો...નો... મમ્મી પ્લીઝ, આઈ એમ ગેટિંગ લેટ.'

મારી સ્કૂલ-બસ આવી જશે. બાઈ દાદાજી!'

'બાઈ દીકરા!'

અભિ ગયો. હવે એ મોટો થઈ ગયો છે. દીપાલી જવાની તૈયારીમાં પડી. દેવાંગ તો વહેલી સવારે નીકળી ગયેલો. આજનું પેપર જોવા લીધું... પણ એમાં આપણાં દેશના તો કંઈ સમાચાર ક્યાંથી હોય? આ મુલકના સમાચાર પર ઊડતી નજર નાખી

અને નીચે ગાર્ડનમાં જઈ લટાર મારી. દેવાંગે સરસ ગાર્ડન બનાવ્યો છે. અહીંનાં હવા-પાણીમાં કેવાં સુંદર ફૂલો ખીલ્યાં છે!.. પણ, આપણે ત્યાં થાય છે એવાં સુગંધી - એની સુગંધથી મનને તરબતર કરી દે તેવાં પારિજાત, રાતરાણી, મોગરા, જૂઈ જેવાં મહેક મહેક થતાં ફૂલો ન મળે. અહીંનાં ફૂલો દેખાવે રૂડાં-રૂપાળાં... પણ... સુગંધ ક્યાં? હરતાં-ફરતાં બગીચામાંથી ખરેલાં પાન વીણી લીધાં. ત્યાં દીપાલી આવી પહોંચી : 'પપ્પા, હું પણ નીકળું છું. સાંજે ઑફિસેથી પાછાં ફરતાં મોડું થાય તો ચિંતા ન કરતા. આજે મારા કલીગની પાર્ટી છે. દેવાંગ તો રોજ રાત્રે નવ-દસ વાગે આવે છે. પ્લૅટફૉર્મ પર તમારા ભોજનની સામગ્રી છે. અભિ તો ચાર વાગે આવશે. એ જાતે એનાં દૂધનો ગ્લાસ ફ્રીજમાંથી લઈ લેશે અને નાસ્તાના ડબ્બા ટેબલ પર છે જ. તમે તમારે લાઈબ્રેરીમાં જવું હોય તો જજો, કહેતાં કહેતાં દીપાલી પણ ઉતાવળે નીકળી ગઈ. બધાં ગયાં.. ઘરમાં હું એકલો રહ્યો. છેક ચાર વાગ્યે અભિ આવશે. એની વાતો ખૂટે જ નહીં. એનો બબડાટ ચાલુ થઈ જાય! ત્યાં આસપાસનો વિસ્તાર મારો પરિચિત હતો. લાઈબ્રેરી નજીકમાં જ હતી. ત્યાં સુધી ફરી આવ્યો. વચ્ચે દીપન અને નેહાના આગ્રહથી બે વરસ મુંબઈ રહી આવ્યાં. ત્યાં એમની ગુડિયા જેવી નાચતી-કૂદતી મીતાલી સાથે ખૂબ આનંદ આવ્યો. દીપનને દેવાંગ જેટલું મોડું ન થાય અને નેહા પણ સવારના ત્રણ-ચાર કલાક એના પ્રોજેક્ટ-વર્ક પૂરતી બહાર જઈ આવે. ત્યારે મીતાલી કે.જી.માં જતી. મીતાલી પણ અભિની જેમ આંગળી પકડીને કહેતી : 'દાદા, આ તમારી લાકડી લો, આ તમારા ચશ્માં લાવી, અને હવે બુટ મોજાં પહેરો પછી ચાલો, સામે દેખાય છે તે દરિયે જઈએ. ત્યાં જઈ રેતીમાં ઘર બનાવીશું!' બપોરે પત્તાં લઈ આવે અને એની જેવડાં બની પત્તાં રમીએ...

લાઈબ્રેરીમાંથી પાછો આવ્યો. ભૂખ લાગેલી પણ જાતે ખાવાનું લઈ એકલાં એકલાં ખાતાં કલાવતી સાંભરી આવી...

*

'અરે! આટલું મોડું થયું તો પણ તમે ખાધું નથી? તમેય ખરા છો! ભૂખ નથી લાગી?'

'લાગી જ છે તો, પણ...'

'શું પણ? ભૂખ્યા બેસી રહ્યા! મારે ક્યારેક વ્યવહારમાં જવું પડે ત્યારે તો...'

'એમ એકલા એકલા ખાવાનું ભાવતું નથી - ગમતું નથી..'

'હું નહીં હોઉં ત્યારે...'

'નહીં... નહીં એવું અશુભ નહીં બોલવાનું, કલા!'

'ભગવાને ભેળાં કર્યાં છે તે શું ભેળાં ને ભેળાં લઈ જશે એમ? બેમાંથી કોઈ વહેલુંમોડું નથી જાય? કોઈ શું કામ? હું જ વહેલી - ચૂડી-ચાંદલા સાથે જવાની છું. ત્યારે એકલા શું આમ ભૂખ્યા બેસી રહેશો?' કહેતાં કલાની આંખો છલછલ...

*

'અભિ, બેટા આવી ગયો!'

'હા, દાદાજી!'

'તારો દૂધ-નાસ્તો...?' અધવચ્ચે જ અભિ બોલી પડ્યો:

'હા, હા દાદાજી! હું બધું જાતે લઈ લઈશ. ડોન્ટ વરી. હવે તો હું મોટો થઈ ગયો છું ને! જુઓ, તમારા ખભા સુધી પહોંચી ગયો છું ને!'

સાચે જ અભિ મોટો થઈ ગયો હતો. હવે પહેલાં જેવો બબડાટ ક્યાં કરે છે! એની સ્કૂલની, એના મિત્રોની થોડી વાતો કરી... પણ હવે દાદાજીની આંગળી પકડીને બહાર ખેંચી જવાની એને જરૂર નથી.

'દાદાજી ! હું સાંજે એક કલાક સ્કેટિંગ રિંક પર જાઉં છું. નજીકમાં જ છે. વુડ યુ લાઈક ટુ કમ?'...

'અફ કોર્સ'

દેવાંગ, દીપાલી તથા અભિ - ચાલુ દિવસોમાં એ સૌ એમનાં કામમાં એટલાં વ્યસ્ત હોય કે 'હાય - હલ્લો કે ગુડ મૉર્નિંગ ગુડ-નાઈટ'માં જ એ દિવસો સમાપ્ત થઈ જતા. વીક ઍન્ડમાં શનિ-રવિમાં અઠવાડિયાનાં બાકી રહેલાં કામોમાં અરધો સમય વીતી જતો. ક્યારેક સૌ સાથે ક્યાંક પિકનિક પર જઈએ કે કોઈને હળવા-મળવા જતાં... અને એમ શનિ-રવિ ક્યાં વીતી જતાં, ખબર જ ન રહેતી!... પછી આવી પડતો સોમથી શુક્રનો પૂરા પાંચ દિવસોનો - વીતાવ્યા ન વીતે એવા કલાકોનો સાવ સાથી-સંગી વિહોણો લાંબો... લાંબો... બહુ લાંબો લાગતો એ સમયગાળો! હવે આંખો પણ બહુ કામ નથી કરતી, બહુ વાંચી શકાતું નથી.

*

મૂળસોતા ઊખડેલા છોડ પણ ઘણી વાર નવી માટીમાં નવી આબોહવામાં પાંગરતા નથી - ખીલતા નથી; એમ જ કરમાઈ-મૂરઝાઈ જાય છે. વતનની આબોહવામાંથી ઊખડી ગયેલા આ આઈ.એ.એસ. થયેલા કમિશનરનો હોદ્દો ભોગવેલા નવલભાઈની હાલત પણ એ છોડ જેવી થઈ. ક્યાંક મને ગમતું નથી. ઘર યાદ આવે. આ ઘરમાં કલા સાથે વીતેલાં દિવસો સાંભરે અને મન ઉદાસ થઈ જાય. અભિ અને મીતાલી હવે મોટાં થઈ ગયાં છે - એમની અલગ દુનિયામાં બંને ખોવાયાં છે - સહજ છે એ કુદરતનો ક્રમ. અભિ તો દેવાંગ કરતાં ઊંચો થઈ ગયો છે. જૂનિયર કૉલેજમાં આવી ગયો. મીતાલી દસમામાં આવી.

દીપન એની કંપનીના કામે અમેરિકા આવ્યો અને તેની સાથે

મુંબઈ લઈ ગયો. એની કંપનીમાં વાઈસ ચૅરમૅનના પદે પહોંચ્યો છે. ત્યાં અનુભવ્યું કે.મીતાલી હવે મોટી થઈ ગઈ છે. હવે એને નથી દાદાજીની લાકડીની જરૂર કે નથી રામ-કૃષ્ણની વાતોની જીદ... દીપનના નવા ઘરમાં મહેમાનના ઓરડામાં સામાન સાથે ગોઠવાયો. દીપનનો ઊંચો હોદ્દો ઉપરાંત સંપર્ક અધિકારી પણ ખરો. કંપનીના મહેમાનોની સરભરા કરવાની હોય. ઘરે અવાર-નવાર ડિનર હોય, મીટિંગ હોય -- એમ ચાલ્યા જ કરે. મુંબઈ પહોંચ્યા અને થોડા દિવસ પછી દીપન કહે : 'પપ્પાજી, મારી કંપનીના કામે આજે ડિનર રાખ્યું છે. કલકત્તાની એક મોટી કંપનીના ડિરેક્ટર ડિનર પર આવવાના છે. તમે...'

'હા, તે એમાં શું?' હું તમારી સાથે...'

'એમ નહીં... અમારી કંપની સાથે કોઈ મુદ્દે ચર્ચા-વિચારણા થશે. ઍક્ચ્યુઅલી પપ્પા, આ તો 'ડિનર ડિપ્લોમસી'' છે! આ બધી વાતો તો બહારના કોઈ માણસની હાજરીમાં ન થાય - ન કરી શકાય! એટલે તમે... તમે વહેલાં જમી લેજો. મીતાલી તો એની ફ્રેન્ડને ત્યાં જવાની છે. તમે વહેલાં જમીને તમારા રૂમની બાલકનીમાં બેસીને વાંચજો. દીપનનો ખચકાટ અનુભવાયો. દીપનની વાત સાચી હતી, છતાં બધાંથી અલગ ફેંકાઈ ગયાની લાગણીએ અંદરથી હચમચાવી દીધો.

રોજ સાંજે લિવિંગ રૂમના ઝરૂખાના હીંચકે બેસી ઝૂલતાં ઝૂલતાં અને બહાર ઘૂઘવતા સાગરની આવન-જાવન નિહાળતો હું વાંચતો કે એમ જ દૂર દૂર સુધી વિસ્તરતા સમુદ્રને જોઈ રહેતો. આથમતા સૂર્યના ઓલવાતા ઉજાસ અને સમુદ્ર પર ધીરે ધીરે ઊતરી આવતા અંધકારને તાકી રહેતો. નેહા બોલાવે એટલે ત્યાંથી ઊભો થઈ ડાઈનિંગ ટેબલની ખુરશી પર ગોઠવાઈ જતો. 'સાંજનું ભોજન સાથે' - એ ક્રમ હવે ઘણી વાર ઉલટાઈ જતો. મહેમાનો હોય, દીપન-નેહાને પાર્ટીમાં જવાનું હોય, સામાજિક પ્રસંગોમાં જવાનું હોય. તો વળી મીતાલીનું મિત્ર-વર્તુળ મોટું, એટલે એ પણ ઘરે ન હોય. આમ હું ધીમે ધીમે એ બધાંથી જાણે અલગ કોચલામાં બંધાતો ગયો. એ સૌથી વિખૂટો પડતો ગયો. રાત્રિના અંધકારમાં સમુદ્રમાં દૂર-સુદૂર તરતી એકલ હોડી અને તેમાં ટમટમતો દીવો જોઈ રહું... તો વળી નીચે ગાર્ડનમાં અહીં નિઃસંગ ભમું છું... વર્ષો વીતતાં ગયાં તેમ તેમ તબિયત પણ ઓછો સાથ આપતી હતી.

*

ડાયેરિયા અને વૉમિટિંગ - લગભગ કૉલેરા જેવી સ્થિતિમાં મને હૉસ્પિટલમાં ખસેડવો પડ્યો. દીપન અને નહાએ સારવારની ઉત્તમ વ્યવસ્થા અને રાત-દિવસની નર્સની ગોઠવણ પણ કરી આપી. દીપને કહ્યું: 'પપ્પાજી, નર્સ તમારું બરાબર ધ્યાન રાખશે. વળી, અહીં દર્દીને જે ખોરાક કે પ્રવાહી લેવાનું હોય તેની હૉસ્પિટલ દ્વારા જ વ્યવસ્થા થાય છે. તો... અમે બંને આજે જઈએ છીએ.'

ત્યાં નેહા એકદમ બોલી પડી : 'અમારે ચૅરમૅનની દીકરીના રિસેપ્શનમાં જવાનું છે. અમે કાલે ફરી આવીશું. દરમ્યાન ફોન પર વાતચીત કરતાં રહીશું. ડૉક્ટર નર્સ પાસેથી તમારી તબિયત વિશે જાણી લઈશું. ડૉક્ટર પરિચિત છે એટલે ચિંતાનું કારણ નથી. છતાં... દીપનનું આ કાર્ડ છે તે રાખો. જરૂર પડે તો ફોન કરાવજો.'

'પણ...' બોલીને હું અટકી ગયો.

'શું પપ્પાજી?'

'....કંઈ નહીં... વારુ, તમે નીકળો, તમારે મોડું થશે. એકલો પડ્યો અને મનમાં થયું. કલા - છોકરાંની મા - હોત તો અત્યારે એ શું કરત?'

*

દીપન અને દેવાંગ ત્યારે કૉલેજમાં હતા. હું ઝેરી મલેરિયામાં પટકાયો હતો. કલાએ હૉસ્પિટલમાં રાતભર મટકું માર્યા વિના બરફનાં પાણીનાં પોતાં મૂક્યાં. નર્સ હતી જ. પરંતુ એને બાજુમાં બેસાડી રાખી! હું ઘેનમાં બબડતો; પરંતુ ઊંડે ઊંડે કપાળે સ્નેહભીનો સ્પર્શ અનુભવતો રહ્યો.

ચોવીસ કલાકે તાવે મચક આપી. નર્સે કહ્યું: 'દવા તો ખરી, પણ સાચ્ચું કહું તો કલાબહેનની સારવારે જ તમને સાજા કર્યા છે.'

*

આજે બંને દીકરાઓ પોતપોતાના સંસારમાં સુખી છે. સમજાય નહીં એવી દોડધામભરી જિંદગીની વ્યસ્તતા વચ્ચે સમય મળે ત્યારે ફોન પર વાત કરી સંતોષ પામે છે. અમેરિકા અને મુંબઈ વચ્ચેની આવન-જાવનથી થાકી-હારીને છેવટે મારા વીતેલા સારા-માઠા દિવસોના સાક્ષી એવા આ બંગલામાં પાછો આવીને હું જે સુખ-શાંતિ પામ્યો છું તે બીજે ક્યાંય મળ્યાં નથી. તમને ખબર છે કે હવે મારે અહીંથી ક્યાંય જવું નથી. જુઓને દેવાંગનો પત્ર આવ્યો છે :

'પપ્પાજી, અભિએ એની સાથે અભ્યાસ કરતી એની પસંદગીની કન્યા સાથે જોડાવાનું નક્કી કર્યું છે. અઠવાડિયા પછી કોર્ટ-મૅરેજ કરી લેશે. પછી નાનકડી પાર્ટી રાખવા વિચાર્યું છે. નવયુગલને તમારા આશીર્વાદ મોકલી આપશો. આ સાથે જુલીનો ફોટો મોકલું છું. ફોટો જોઈને અભિની પસંદગીથી તમે રાજી થશો. તબિયત સાચવશો...'

આમ જ હોય. સૌસૌના માળા છે અને સૌની જિંદગી છે. હવે મારે કોઈની અપેક્ષા નથી. સૌ સુખી થાય એ જ ભાવના મનમાં છે.

પત્ર એક તરફ મૂકી, જુલીનો ફોટો હાથમાં લઈ જોયો.

કેવી મઝાની લાગે છે! સોનેરી વાંકડિયા વાળ, ભૂરી ભૂરી હસતી આંખો, મલકતા હોઠ, અણિયાળું નાક, કેતકીના સોટા જેવી ઊંચી અને ઘેરદાર ફ્રૉક! કેવી શોભે છે! એક વાર મીતાલી માટે અમેરિકાથી પરી જેવી ઢીંગલી લાવેલો. સૂવાડો એટલે આંખો બંધ કરે અને ઊભી કરો તો ખિલખિલ હસે! અભિને માટે જાણે એ જ જીવતી-જાગતી પરી થઈને આવી છે! અભિ અને જુલી માટે 'સુખી થાઓ'નો ઉદ્‌ગાર હૃદયમાં ઊભરાઈ રહ્યો. વળતું એમ પણ થયું કે મારા વ્હાલા અભિના મૅરેજ પ્રસંગે યોજેલ ફંક્શનમાં હું હાજર નહીં હોઉં! અને એ ઝીણી શૂળ હૃદયને વીંધી રહી. ત્યારે ફોટો જોતાં જોતાં આંખ ઘેરાઈ ગઈ...

'કેમ આમ ઉદાસ છો? કંઈ થયું છે?'

'ના, ના, કંઈ નહીં. એ તો અમસ્તું.'

'એમ મારાથી છુપાવો મા. મનમાં કંઈ ઉદ્વેગ હોય ને તમારો ચહેરો ચાડી ખાધા વિના રહે? કેટલી વાર તમને કહ્યું છે કે તમારાં અંદર-બહાર બધું એકસરખું - મોઢું મનનો અરીસો!'

'તુંય ખરી છે, કલા ! કહેવું હોય તો એમ કહેને કે તારી આંખોથી કદી કંઈ છાનું-છૂપું રહેતું નથી!'

'તો પછી ચાલો, બોલો જોઉં. શું થયું છે? આજે આમ ઉદાસ કેમ છો? તબિયત તો સારી છે ને?'

'તબિયતને તો કશું વિશેષ કંઈ થયું નથી. અને મન ઉદાસ તો શાથી હોય.. પણ... આપણો અભિ પરણે છે...'

'અરે વાહ! તમારો લાડકો અભિ પરણે છે તે રાજી થવાનું કે આમ ઊતરેલા મોંએ...'

*

'આમ તો કંઈ નહીં... પણ...'

'પણ શું?'

'એ તો દેવાંગનો પત્ર આવ્યો છે. સાથે જુલીનો ફોટો પણ છે. લે, જો!'

'લો બોલો! અભિએ તો આંખે-નાકે નમણી અને સુંદર વહુ પસંદ કરી છે ને! પછી તો આપણે રાજી જ થવાનું હોય ને! અખંડ સૌભાગ્યવતી રહે,' એમ બોલતાં કલાએ જુલીના દુઃખણાં લીધાં.

'રાજી તો થયો જ છું! પરંતુ... એ પ્રસંગે હાજર નહીં રહી શકું એનું મનમાં દુઃખ લાગે છે.'

'અરે! તમેય ખરા છો. આ ઉંમરે એવા અભરખા રાખો પછી દુઃખી જ થાવને! આપણે હંમેશાં સંતાનોના સુખમાં આનંદ જ માન્યો છે. એમના સુખે સુખી અને દુઃખે દુઃખી. રાજી થાવને કે અભિને આવી સારી વહુ મળી! તમે તો હવે ખર્યું પાન કે'વાવ. તબિયત ક્યાં સાથ આપે છે? અહીં તમારે કશી ખોટ નથી. તમે તમારા ઘરના રાજા છો. હવે તો સર્પ કાંચળી ઉતારે એમ સૌની મોહ-માયામાંથી મુક્ત થઈ જાવ. પછી જુઓ, કંઈ દુઃખ રહે છે ખરું? એ સૌના સુખમાં આપણું સુખ છે, આપણો આનંદ છે.'

'હં... તું કહે છે એ બધું સાચું, પરંતુ...'

'વળી પાછું પરંતુ? આ તમારાં પણ, પરંતુ ને કિન્તુથી પરવારી જાવને એક વાર!'

'પણ શું કરું? આ એકલતા વેઠી વેઠાતી નતી. જો કે તારી વાતેય ખોટી નથી. દીકરાઓ પાસે જાઉં તો આમ તો બધી સગવડ હાજરાહજૂર પણ... એ લોકો એમનામાં એટલાં વ્યસ્ત હોય છે કે કોઈની કંપની ન મળે! એની કરતાં અહીં સારું લાગે છે અહીં નહીં કોઈની આશા ને નહીં કશી નિરાશા!'

'ઠીક, લો હવે આરામ કરો. હું જાઉં?'

'હં... તું પણ જશે?'

'ફરી આવીશ...'

'ભલે.'

*

દીપન પ્રોસ્ટેટના ઑપરેશન વખતે આવી ગયો. એ પછીથી તબિયત વળી નથી. શરીરમાં હાડકાંનો દુઃખાવો રહે છે. ઘર તો... કલાના સમયથી કામ કરે છે એ બહેન પોતાનું સમજી ચલાવે છે. મારું ઘરના માણસની જેમ ધ્યાન પણ બરાબર રાખે છે. હવે તો થાય છે - અહીંથી ક્યાંય જવું નથી. ફોનની ઘંટડી રણકે ત્યારે આ જગત સાથે બચેલો જરાક જેવો નાતો - એક અનુસંધાન ટકી રહ્યાનું ભાન થાય છે. બાકી પથારીમાં પડ્યો છું. વિચારશૂન્ય દશામાં છતને તાકી રહ્યો છું. આંખો મીંચાઈ જાય છે અને ક્યારેક કલા... હા, કલાનો હાથ મારા માથા પર મુકાય છે. કેવો શીળો સ્પર્શ! મનમાં ગાઢ શાતાનો અનુભવ થાય છે... કલા જાણે મારી રાહ જોઈ રહી છે... મને બોલાવી રહી છે. જીવનના સર્વ સંતાપો શમી ગયા છે. એવું તો નહીં, પણ... ને દિવસના સ્વપ્ન પછી, કલાની સલાહ મુજબ જીવ થાળે પડતો જાય છે. આ ઘર કે શરીરની માયાથી મુક્તિ અનુભવાતાં હળવો ફૂલ બની ગયો છું. ધીમે ધીમે આવીતેવી ઝંખનાઓ જાણે ઓગળી - ઓસરી રહી છે ને સંતાપ તો... બસ, નથી કશું પામવાની નવી આશા-અપેક્ષા કે નથી જોવાની કોઈની રાહ બારણે... અને આવી જ કોઈ પળે પ્રાર્થના ફળે અને કલાની દિશામાં ઊડી જવાય...'

રજુભા રિટાયર થયા છે

ડૉ. કેશુભાઈ દેસાઈ

ચોપડે નામ આર.ઍન. ઝાલા. ગામ તો એમને મૂળ નામે જ ઓળખે. રજુભા, બલકે રજુભા ફોજદાર. કિયા રજુભા તો કહેશે પેલા આંતરોલીવાળા; ભીખુભા સરપંચના ભાઈ. આંતરોલીઓય પાછી બે. રજુભા પૂંજાજીવાળી આંતરોલીના દરબાર, ઠાકોરના દૂરના ભાયાત. ગરીબ ઘરનું ફરજંદ. કહેવાય 'દરબાર' પણ 'ઘરબાર'નાં ઠેકાણાં ન મળે.

પોલીસખાતામાં નવ ચોપડીઓ ભણેલા કૉન્સ્ટેબલ તરીકે નોકરી શરૂ કરી ઍન્ટિકરપ્શન બ્યુરોના ઇન્સ્પેક્ટર તરીકે હેમખેમ નિવૃત્ત થવું, એ કોઈ નાની સિદ્ધિ નથી. 'કાજલ કી કોઠરીમેં કિતનો હી જતન કરો, કાજલકો દાગ ભાઈ લાગે હી લાગે.' ખાંડાની ધાર જેવી નોકરી. ડગલે ને પગલે, ખયાલ પણ ન આવે ને લપસી પડાય એવી જમીન. આંતરોલીની ભૂખ વેઠીને મોટો થયેલો ભાભાનો છોકરો અમદાવાદ અને સુરતની ઝાકઝમાળથી અંજાય નહીં, એ ય એક સિદ્ધિ જ તો. નહીંતર પોલીસની વરદી પહેરતાંની સાથે જ સામાન્ય માણસ શિકારી બની જતો હોય છે. સાંજ પડ્યે બસો-પાંચસોની કટકી ન કરે ત્યાં સુધી એના જીવને જંપ ન વળે. તકોય પાછી સામે ચાલીને આવતી હોય. ગુનેગારો સાથે જ નિસબત એટલે રોકડી કરનાર હોય તો પગાર તો એમ ને એમ અકબંધ પડ્યો રહે અને ખર્ચાપાણી જ કેમ, મસમોટા અવસર બારોબાર ઉકેલાઈ જાય. આ કંઈ નવીનવાઈની વાત નથી કે નથી આમાં વરદીધારી ખાતાની બદગોઈ કરવાનો ઈરાદો. આ તો સર્વસ્વીકૃત સત્ય છે. કઠોર વાસ્તવ છે. કાયદાથી પણ એને અટકાવી શકાય એમ નથી, કારણ કે એમાં ગુનેગાર સાથે કામ પાડનાર સામાન્ય ગજાના માણસની તકવાદી અને તકલાદી માનિસકતા સંકળાયેલી છે. બહુ ઓછા માણસો આવો લોભ જતો કરી શકે. દરેકને સારા કહેવરાવવું ગમતું હોય છે પણ દરેકને સુખી થવું પણ ગમતું હોય છે! આર્થિક બેહાલીનું દુઃખ દૂર કરવા અને સુખિયાં લોકની પંગતમાં પહોંચવા આદર્શવાદી માણસ પણ અમુક સમાધાનો સ્વીકારી લે છે. પોલીસખાતાની નોકરીમાં આવા સમાધાનકારી વલણના અમલદારોને પ્રગતિની વિશેષ તકો મળતી હોય છે. આવા અધિકારીઓ છેક 'ઉપર' સુધી 'લિંક' ધરાવતા હોય છે. એમના સાહેબો માટે એ કમાઉ દીકરા બની રહે છે. ખાતામાં એમનો રૉલો પડતો હોય છે.

રજુભામાં એવા કમાઉ દીકરા બની રહેવાનું કૌવત ન પ્રગટ્યું તે ન જ પ્રગટ્યું. કારણ જે હોય તે. મને તો એમાં આંતરોલીની માટીના સંસ્કાર જ કારણભૂત લાગે છે. રજુભા અને ભીખુભાનાં બાનું નામ નાથુબા છે. શતાયુ વય ભણી અગ્રેસર થઈ રહેલાં એ ક્ષત્રિયાણીમાના સંસ્કાર પણ એટલા જ જવાબદાર હશે. એ સ્વયંભૂ ઉપનિષદ જેવાં છે. કોઠાસૂઝ કોને કહેવાય એ જોવી હોય તો ક્યારેક આંતરોલીના પૂંજાજીવાસમાં આંટો દઈ આવશો. નાથુબા હરતાં ફરતાં ફિલસૂફ છે. અભણ હોવા છતાં ભલભલા ભણેલાઓને ભૂલવે એવાં. જાણીતા કવિ અને લોકસાહિત્યવિદ્ પ્રતાપસિંહ રાઠોડ 'સારસ્વત' માડીને મોઢે લોકવાર્તા કહેવડાવી એને બારોટની જેમ ચોપડે ચડાવે છે. અરણીના જંગલી ફૂલને પારિજાતની ફોરમ કેમ મળી? - એનો જવાબ આ લોકશાસ્ત્રજ્ઞને અભણ નાથુબા પાસેથી મળ્યો હતો. આવાં જનેતાની કૂખે ભીખુભા જેવા અલગારી કવિ પણ પાકે અને રજુભા જેવા ધોયે લૂગડે નોકરી પૂરી કરનારા ફોજદારે ય જન્મે. ભીખુભા વિશે આખું પુસ્તક લખી શકાય એવી ગજાદાર પ્રતિભા છે એ. રજુભા મોટા. ભીખુભા નાના. મોટું મન રાખીને મોટાભાઈએ અલગારી અનુજનાં અટકચાળાં જીરવ્યાં. જરીક જુદેરા સંદર્ભે નર્મદની ભાષામાં કહીએ તો એમનાં 'ખૂંદ્યાં ખમ્યાં.' ભાગ્યે જ આવો ભાઈ મળે... એનો બધો બોજ આજીવન ઉપાડ્યો-બલકે વેંઢાર્યો. દરબારમાં દીકરિયાળું ખોરડું એટલે શાપિત ઘર. રજુભા અને ભીખુભાને કુલ મળીને સાતેક દીકરીઓ હશે. આ સમાજમાં 'જમાઈ'એ ખરેખર 'જમ'નો પર્યાય બની રહે છે. રજુભાને સારા અને સમજણા જમાઈ મળ્યા એટલા એ નસીબદાર 'જમાઈ સાહેબો'ની હાજરી હોઈ અમારા હઠાગ્રહ છતાં રજુભાનાં ધર્મપત્ની મંચ પર ન આવ્યાં તે ન જ આવ્યાં! જમાઈસાહેબો પૈકી એક પ્રાન્ત ઑફિસર સુધી પહોંચ્યા છે. બીજા એક કૉન્સ્ટેબલ છે. પ્રાન્ત ઑફિસર બનેલા 'જમાઈ સાહેબે' પણ શરૂઆત તો કૉન્ટેબલ તરીકે જ કરેલી. ક્ષત્રિય સમાજ કેવા જુનવાણી, સામંતશાઈ ખયાલોમાં જીવે છે, એનું જીવતુંજાગતું ઉદાહરણ એટલે આંતરોલી. એક જમાનામાં એ 'પરગણું', ગણાતું. કાળક્રમે ઠાકોરિયું ગામડું બનીને રહી ગયું. અમદાવાદથી મોડાસાના ધોરી માર્ગ પર તાજપુર કૅમ્પના પાટિયાથી ચારેક કિ.મી. ઉત્તરમાં વસેલું છે. દુનિયાભરમાં આવાં બહુ થોડાં 'હેરિટેજ વિલેજ') બચ્યાં હશે.

રજુભા અને ભીખુભાને એ બધું કોઠે પડી ગયું છે. સમાજની સૈકાજૂની બંધિયાર જીવનશૈલીને એ 'ખાનદાની' ગણતા હોઈ, એની સાથે અનુકૂળ થવામાં બેઉ ભાઈઓને ઇતિકર્તવ્યતાનો અહેસાસ થતો રહ્યો છે. એમ કંઈ આંતરોલીમાં એમની લાંબીપહોળી જમીનજાગીર કે મિલકતો નથી. માટીના ખોરડામાંથી પાકું મકાન થયું. હોય - એટલું માફ. પણ વતનની

માયા ગણો કે જે ગણો તે રજુભાએ નિવૃત્તિ પછીની જિંદગી ગામ ખાતે ગાળવાનો સંકલ્પ કર્યો છે. બીજું કોઈ હોત તો એણે હિંમતનગર, ગાંધીનગર કે અમદાવાદ પર પસંદગી ઉતારી હોત. પોલીસખાતામાં ચાર દાયકાની નોકરીને અંતે શહેરમાં એકાદું છાપરું મેળવવા જેટલી બચત તો થાય જ. કોણ જાણે કેમ, રજુભાને એવું શહેરનું આકર્ષણ છેક સુધી જાગ્યું જ નહીં! આખી જિંદગી શહેરોમાં કાઢી. શરૂ શરૂમાં અમદાવાદ, એ પછી સુરત. છેલ્લે, વતનના શહેર હિંમતનગર ખાતે જાણે શહેરી વસવાટથી ધરાઈ ન ગયા હોય! એમણે આંતરોલીના પાદર પર પસંદગી ઢોળી હશે ત્યારે એમના સહકર્મીઓએ તો એ જ જૂની પ્રતિક્રિયા પાઠવી હશે! 'આ માણસમાં કમાવાની આવડત નહોતી, પછી બીજું કરે પણ શું? શહેરમાં રહેવા જેટલી હેસિયત કેળવી હોય તો રહી શકે ને? એ તો ગામડામાં સબડે એ લાગનો જ છે!'

મને રજુભાનો નિર્ણય ખૂબ ગમ્યો છે. માણસ જે માટીમાં પેદા થયો, એનાં અન્નપાણી અને હવા થકી ઊછર્યો - એનું થોડુંઘણુંય વળતર વાળવાની તક એને આ ઉંમરે મળે છે. પૈસાવાળા પૈસા આપીને છૂટી જાય, ગામમાં એકાદ સંસ્થા ઊભી કરી એના પર માતાપિતાનું કે પંડનું નામ કોતરાવી દે. રજુભા જેવા માણસ ખોટું રળ્યા ન હોય એટલે દાનેશ્વરી ન જ બની શકે. એ જાતે સમર્પિત થઈને, ગામની માટીમાં ધરબાઈ જઈને ગામની કાયાપલટ કરી શકે. એને વિકાસની કેડી પર મૂકી શકે. જરૂર પડ્યે ગામના સરપંચ બનીને એને કુશળ નેતૃત્વ પૂરું પાડી શકે. ડાઘ વગરની કારકિર્દી ધરાવનાર અમલદારની આસપાસ નૈતિકતાની એક પ્રચ્છન્ન આભા ઊભી થતી હોય છે. એવા માણસની હાજરી માત્રથી વાતાવરણમાં સુધારો વરતાવા માંડે છે. આંતરોલી જેવા મધ્યયુગીન, બંધિયાર ગામડાને રજુભાના વહીવટ-કુશળ નેતૃત્વનો લાભ સાંપડે તો રૂડું પરિણામ સાંપડે એમાં શંકાને સ્થાન નથી. રાજકીય હૂંસાતૂંસીમાં પડીને ગામના યુવાનોએ અત્યાર લગી શક્તિની બાદબાકી બલકે ભાગાકાર કર્યે રાખ્યો છે. રજુભાની આમન્યા ઊભી થાય અને કંઈ સુધારો થાય તો એમનું અહીં વસવું સાચા અર્થમાં લેખે લાગ્યું ગણાશે. હું આંતરોલીને 'ટેસ્ટ કેસ' તરીકે જોતો રહીશ.

બાકી અત્યારે તો સાંજુકી વેળાએ આ રસ્તે નીકળો તો બે કિલો-મીટર છેટે મધરા દારૂની મહેક વરતાય છે. દારૂ અહીંની ગરીબીનું મુખ્ય કારણ છે. સામંતશાઈ મિથ્યાભિમાન અને હૂંસાતૂંસી જેવાં બીજાં કારણો પણ છે. છતાં દારૂ આ સમાજના શતમુખ વિનિપાતના મૂળમાં છે, એટલું કબૂલ્યે જ છૂટકો. ભીખુભા જેવા ઊર્જસ્વી સર્જકની સિસૃક્ષા દેશી દારૂની બાટલીમાં ઓગળી ગઈ નહીંતર અત્યાર સુધી એમને ગુજરાત એક સિદ્ધહસ્ત કવિ તરીકે ઓળખતું થયું હોત. અંગત રીતે આ પરિવાર સાથે મારે ઘરોબો છે, એથી એની અધોગતિ જોઈ મનોમન દુઃખી થતો રહ્યો છું. (અમારી નિકટતાનું એક જ પ્રમાણ બસ થઈ રહેશે. મારાં વયોવૃદ્ધ માતુશ્રીના અવસાનના સમાચાર મળ્યા ત્યારે ભીખુભા તલોદથી ખેરાળુ મારી સાથે આવ્યા હતા. બીજે દિસે સુંવાળાં હતાં ત્યારે એ પણ અમારી સાથે મૂંડો કરાવવા બેસી ગયા. કોઈએ પૂછ્યુંઃ 'ભાઈ, તમે શું કામ બોડું કરાવો છો? માજી તો મરવાજોગ હતાં. કેશુભાઈને તો સમાજના વહેવારની રૂએ માથું બોડાવવું પડે; પણ તમે-'

સૂચન કરનારને અધવચ્ચે અટકાવી ભીખુભા બરક્યા : 'એ કંઈ એકલા કેશુભાઈનાં જ બા હતાં?' એમને મન તો ભીખુભા પણ એમનો દીકરો જ હતો!')

રજુભાને એમના નિવૃત્તિપર્વે ગામે સન્માન્યા ત્યારે મેં ફક્ત આટલી જ અપેક્ષા રાખી, બીજું કંઈ ન કરો ને અહીં વ્યસનમુક્તિની ધૂણી ધખાવશો તોય ફૂલે પૂજાશો. બલકે સૌથી પહેલું કરવા જેવું કામ હોય તો એ જ છે. એક વાર દારૂનો દૈત્ય વિદાય થશે તો આંતરોલીનો કાયાકલ્પ થઈ જશે. આખા પંથક પર એની આણ ફેલાશે.

ટહેલ તો નાખતો આવ્યો છું. દરબાર કેવો પડઘો પાડે છે, એની આતુરતાપૂર્વક રાહ જોયા કરીશ. આખરે દારૂ એમનો સામંતશાઈ વારસો છે. મહેમાનો માટે મદિરાની પ્યાલી તૈયાર ન રાખે તો એમનો સામાજિક સંદર્ભ કથળી જતો હોય છે. આવી આકરી વાસ્તવિકતા વચ્ચે રજુભાએ બાકીની જિંદગી ગામ વચ્ચોવચ ગાળવાની છે. કસોટી તો કંચનની જ હોય ને!

જનીન ઇજનેરી : ભાગ-૩

પારજનીનિક (Transgenic) પ્રાણીઓ

ડૉ. જે.પી. ત્રિવેદી

જનીનવિજ્ઞાન વિષે કંઈ જાણીતું નહોતું તે અગાઉ હજારો વર્ષોથી માનવ દ્વારા અનેક પેઢીઓના પસંદગીય પ્રજનન તથા ઉછેર દ્વારા પ્રાણીઓની ઓલાદ સુધારવામાં આવી રહી છે. વધુ ઊન આપતાં ઘેટાં તથા ચાલાક ભરવાડી-કૂતરા (sheep dogs) ઉછેરાયાં છે.

જનીનવિજ્ઞાનના વિકાસ સાથે જ આ અંગેના જ્ઞાન દ્વારા હવે આવા પ્રયોગોમાં ક્રાંતિ સર્જાઈ છે. અન્ય સજીવના શરીરમાંથી અલગ કરાયેલા જનીનો કોઈ બીજા સજીવમાં આરોપવાના પરિણામે ઉદ્ભવતા પ્રાણીને પારજનીનિક પ્રાણી કહે છે. આ માટેના સૌથી વધુ સફળ પ્રયોગો ઉંદર (mice) સાથે કરાયાં છે પરંતુ ખેતીમાં ઉપયોગમાં લેવાતાં તથા અન્ય પાલતુ પ્રાણીઓ ઉપર આવા પ્રયોગો ચાલી રહ્યા છે. ટૂંકમાં આ વિધિ નીચે મુજબ કરવામાં આવે છે. (i) ઉપયોગ માટેનો જનીન - પરાજનીન (transgene) જે પ્રાણીમાં મૂકવાનો હોય તેને પ્રથમ ક્લોન કરવામાં આવે છે. (ii) આ પરાજનીન ફલિત અંડકોષમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે. ફલીકરણ બાદ અંડકોષમાં મૂળ માદા નાભિકેન્દ્ર ઉપરાંત હવે શુક્રાણુનું નાભિકેન્દ્ર પણ હોય છે. આ બંને પ્રાક્-નાભિકેન્દ્રો (pro-nuclei) થોડા સમયમાં એકબીજામાં સંમિલિત થઈ જાય તે પહેલાં નરના પ્રાક્નાભિકેન્દ્રમાં ઉપર દર્શાવેલ પરાજનીન (transqene) દાખલ કરાયો હોય છે. (iii) આ રીતે તૈયાર થયેલ અંડકોષ હવે અન્ય પ્રતિનિયુક્ત ભ્રૂણપોષી (સરોગેટ મધર)ના ગર્ભાશયમાં આરોપવામાં આવે છે. (iv) કેટલાક નવજાતના રંગસૂત્રોમાં પરાજનીન સંપૂર્ણ રીતે સંમિલિત થઈ ગયો હોય છે. બાકીનામાં આ વિધિ નકામી જતાં પરાજનીન ગુમાવવો પડે છે. અંદાજ મુજબ આશરે ૧૦,૦૦૦ અંડકોષોમાં પરાજનીન દાખલ કરવાથી લગભગ ૩ તેમાંથી મોટાં થઈ શકે છે, જેનામાં આવશ્યક પ્રોટીન પૂરતા પ્રમાણમાં બને છે.

૧૯૮૦ના દાયકામાં નાના ઉંદરમાં વૃદ્ધિકારી હોર્મોન (અંતઃસ્રાવ) દાખલ કરીને ખૂબ મોટા ઉંદર (supermouse) બનાવાયેલા.

માનવીય રોગોના અભ્યાસ માટે કેટલાંયે પ્રાણી-મૉડેલો બનાવાયાં છે. જેવાં કે કેન્સરગ્રસ્ત ઉંદર (oncomouse), મધુપ્રમેહ તથા સીકલ સેલ એનીમિયા માટે પણ ઉંદરના મૉડેલ મેળવાયાં છે. આવાં મૉડેલ જનીનથેરાપિમાં ઉપયોગમાં લેવાય છે. પરાજૈનિક ડુક્કરો, ઘેટાં, બકરાં તથા ગાયો પણ આ રીતે હાલમાં મેળવાય છે. જેના દ્વારા ફાર્માસ્યૂટિક ઔષધોનું મોટા પાયે ઉત્પાદન થઈ શકે. પરાજૈનીનિક સસ્તનીઓમાં જૈવિક રીતે કાર્યદક્ષ પ્રોટીન્સ તેમનાં દૂધમાંથી નિષ્કર્ષણ દ્વારા અલગ કરીને માનવીય રોગો સામે વપરાવા લાગ્યાં છે. એવાં પરાજૈનિક ડુક્કરો વિકસાવાયાં છે જે તેમના લોહીમાં માનવીય હિમોગ્લોબીન બનાવી શકે છે. આ લોહીને માનવરક્ત તરીકે વાપરી શકાય તે અંગેના પ્રયોગો ચાલુ છે.

આમ છતાં વિજ્ઞાનીઓ પાસે હજી પૂરતા પ્રાણી-મૉડેલો નથી. પરાજૈનીન વિજ્ઞાન દ્વારા (1) રોગગ્રસ્ત મૉડેલો વિકસાવવા (૨) પ્રાણીઓમાંથી ઔષધો મેળવવાં (૩) પ્રાણીઓની સંખ્યા વધારવા માટે જનીન અન્જિનીઅરિંગ વાપરવું (૪) મૂળભૂત જીવશાસ્ત્રીય સંશોધનો કરવાં વગેરેના લક્ષ્યાંકો પૂરા કરવાના હોય છે.

જનીન-સુધાર દ્વારા મેળવાતું પશુધન કૃષિ-ઉદ્યોગ માટે અગત્યનું પુરવાર થશે. વધુ દૂધ અથવા અને નરમ માંસ આપે તેવાં પાલતું પ્રાણીઓ મેળવાયાં છે. ઊનનું વધુ ઉત્પાદન થાય તેવાં જનીનો વિકસાવીને ઘેટાંના સંજનીનમાં દાખલ કરાતાં આવાં પરાજૈનિક ઘેટાં મોટા પ્રમાણમાં ઊન આપે છે. ખૂબ ઝડપથી વધી શકે તેવી પરાજૈનીનિક માછલીઓ પણ વિકસાવાઈ છે. હવે જનીનવિજ્ઞાનીઓને મળેલી સફળતા આપણે જાણીએ.

1985માં PPL કંપની પરાજૈનીનિક સસલાં, ડુક્કર, ઘેટાં, બકરાં તથા ગાયો વિકસાવવામાં સફળ થઈ છે. એમાં પરાજૈનીનિક ઘેટાં બનાવાયાં છે જે માનવરક્તમાનું ગંઠન-ફૅક્ટર IX બનાવે છે. આલ્ફા-૧ ઍન્ટિ ટ્રીપ્સીન (વાતસ્ફીતિઃ emphysemia રોગ સામે) માનવીય જનીન મેળવાયું છે.

1988માં યુ.એસ. પેટન્ટ તથા ટ્રેડ ઑફિસે હાર્વર્ડ યુનિવર્સિટી તથા ડૂપોન્ટ કંપનીને ઑન્કૉમાઉસ બનાવવા માટે પેટન્ટ આપી છે. આ ઉંદરમાં એવી રીતના જનીનીય ફેરફાર કરાયાં છે, જેનાથી કૅન્સર ઉદ્ભવે છે.

1990માં આર્મી રિસર્ચ લૅબ, મૅસેચુસૅટ્સમાં એવું જનીન અલગ મેળવાયું છે જે કરોળિયાના તાર (spider silk) બનાવે છે. આ જનીનને જીવાણુમાં આરોપી તેનું મોટા પ્રમાણમાં ઉત્પાદન કરાયું. આ સ્પાઈડર સિલ્ક-રેશમ-રેશમના કીડા દ્વારા મળતા રેશમ કરતાં ખૂબ મજબૂત જણાયું છે.

1993માં માનવ જનીનો દાખલ કરાએલ પરાજૈનીનિક ઘેટાં વિકસાવાયાં જેના દૂધમાં રક્ત ગંઠન-ફૅક્ટર હોય છે. આવું

દૂધ હિમોફીલિયાના દર્દીઓ માટે વપરાય છે. આલ્ફા-૧ ઍન્ટિટ્રીપ્સીન પિત્તાશયની રેસામયતા (cystic fibrosis) સામે વપરાય છે તે આવશ્યક પ્રોટીન પણ પરાજૈનીનિક ઘેટાના દૂધમાંથી મેળવાયું છે.

1996માં રોઝી નામની એક પરાજૈનીનિક ગાય વિકસાવાઈ જેના દૂધમાંથી પ્રોટીન-સભર બેલી પાઉડર દૂધ બનાવાય છે. આ ગાય પ્રતિવર્ષ ૧૦,૦૦૦ લીટર દૂધ આપે છે. આ વર્ષે સૌપ્રથમ વાર ઘાતક વિષાણુ દ્વારા ફેલાવાતા મસ્તિષ્ક-શોથ (encephalitis)ના રોગવાહક મચ્છરોનું તેમના જનીનમાં ફેરફાર કરીને બિનહાનિકારક મચ્છરોમાં રૂપાંતર કરાયું છે. આ જ ટેક્નિક પીળીઓ તાવ (yellow fever) તથા અન્ય ઘાતક રોગો માટે વાપરવાથી હજારો જીવ બચાવી શકાશે.

1997માં નોબેલ ઇનામ મેળવનાર M.I.T.ના ડિરેક્ટર સુસુમુ ટોનેગાવાએ knockout ઉંદર બનાવ્યો છે, જેના મગજમાંના થોડાક કોષોમાંથી જનીન દૂર કરવામાં આવ્યાં છે. આ ઉંદરનો - neurological - ચેતાતંત્રચિકિત્સા વિજ્ઞાન માટે અભ્યાસ થઈ રહ્યો છે.

સાનડીએગો યુનિવર્સિટી, કૅલિફોર્નિયાએ વનસ્પતિ છોડ તેમજ પ્રાણીમાંથી જનીનો અલગ કરીને તેઓને એકબીજામાં ભેળવ્યા. તેમણે આગિયાકીડાની પુચ્છમાંથી જનીનો અલગ કર્યા જે ઝબકારા કરવા માટે કારણભૂત હોય છે. આ જનીનો તેમણે તમાકુના છોડમાં ઉમેરીને એવો તમાકુનો છોડ વિકસાવ્યો છે જે અંધારામાં આગિયાની માફક જ ઝબકે છે.

ગ્રેટબ્રિટનની ઇમ્યુટ્રાન કંપની પરાજૈનીનિક ડુક્કરના અવયવો માનવીમાં આરોપવા (xenotransplantation) માટેના પ્રયત્નો કરે છે. પ્રિન્સ્ટન, અમેરિકાની નેકસ્ટ્રાન કંપની પણ આવા પ્રયત્નો કરી રહી છે. નોવાર્ટીસ કંપનીએ તો આવાં પરાજૈનીનિક ડુક્કરોનાં હૃદય, કિડની વગેરે અવયવોને વાનરમાં પ્રત્યારોપણ કરીને મર્યાદિત સફળતા મેળવી છે.

આવાં પરાજૈનીનિકિ પ્રાણીઓમાંથી માનવીય પ્રોટીન્સ મેળવાયાં છે. મીડિયામાં આને માટે ફાર્મિંગ (pharming) શબ્દ પ્રચલિત બન્યો છે. કેટલાંક પુનઃ યોજિત પ્રોટીન્સ નીચે દર્શાવ્યાં છે :

પુનર્યોજિત પ્રોટીન	*પરાજૈનીનિકિ પ્રાણી સ્રોત*	*કુદરતી માનવીય સ્રોત*
આલ્ફા-ઍન્ટિટ્રીપ્સીન*	ઘેટાં	પ્લાઝમા
આલ્ફા-ગ્લુકોસીડેઝ*	સસલાં	સ્નાયુઓ
ઍન્ટિથ્રોમ્બિનIII	બકરાં	પ્લાઝમા
ફાઈબ્રિનોજન	ગાયો	પ્લાઝમા
ફૅક્ટરIV	ડુક્કર	પ્લાઝમા
એક કોષગોત્રીય પ્રતિદ્રવ્યો	બકરાં	હાઈબ્રીડોમાં કોષસંવર્ધન

આ ઉપરાંત જનીનચિકિત્સા માટે વપરાતાં પરાજૈનીનિકો અગાઉ દર્શાવાયેલા છે.

હવે તો અનેક પ્રકારની રસી (vaccine) પણ આવા સ્રોતમાંથી તૈયાર થઈ રહી છે. ઊંટાટિયા માટે કારણભૂત જીવાણુ દ્વારા હવે તેની સામે વાપરવાની રસી મોટા પાયા ઉપર બનાવાઈ રહી છે.

જનીન-ઇજનેરોએ ઓછામાં ઓછા 45 પરાજૈનીનિક બકરાં, ગાયો, ડુક્કરો તથા અન્ય પશુઓની જાતિઓ વિકસાવી છે જે માનવીય ઍન્ટિથ્રોમ્બિન IIIથી માંડીને પ્રતિરક્ષા પ્રણાલિ સતેજ બનાવે તેવું માનવીય પ્રોલેક્ટિન પણ બનાવ્યું છે.

ફાર્માસ્યૂટિકલ કંપનીઓ એક ઉત્તમ પ્રકારનો પરાજૈનીનિક જીવ જાણીતી ટેક્નિકોથી બનાવી, તેને ક્લોન કરીને અસીમિત સંખ્યામાં બનાવી શકે છે જે માનવીય રોગો સામે વાપરી શકાય.

છેલ્લે એ પણ નોંધવું જોઈએ કે આવા પ્રયોગોનો કોઈ વાર પરાજૈનીનિક 'ભૂલ' પણ થતાં કમનસીબ જીવ બને છે. ખૂબ ગવાયેલ 'Bettsville Pig' આનું ઉદાહરણ છે જે માનવીય વિકાસ હોર્મોન બનાવવા તથા પ્રાણીમાં ચરબી ઘટાડવા બનાવેલું. ડુક્કર દ્વારા આવશ્યક હોર્મોન તો બન્યો પરંતુ તેની આડઅસરોથી ક્ષતિગ્રસ્ત હાડકાં તથા સાંધાઓવાળું ડુક્કર બન્યું હતું.

આ વિજ્ઞાન હજી વધુ પ્રયોગો માગી લે છે, પરંતુ તેનું ભાવિ ખૂબ જ આશાસ્પદ છે. □

તા. ૧૦-૯-૨૦૦૪ થી તા. ૨૫-૧૦-૨૦૦૪ દરમિયાન 'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. શ્રી અમૃતલાલ એમ. શાહ	(મુંબઈ)	રૂ. ૫૦૦૦.૦૦
૨. શ્રી એમ.પી. પંડ્યા ચૅરિટી ટ્રસ્ટ	(જેતલપુર)	રૂ. ૨૫૦૧.૦૦
૩. સ્વ. કીર્તિ એન. દેસાઈ (હસ્તે સતીન દેસાઈ)	(યુ.એસ.એ.)	રૂ. ૧૦૦૦.૦૦
૪. શ્રી જીતેન્દ્ર એ. શાહ	(વડોદરા)	રૂ. ૫૦૧.૦૦
૫. શ્રી અરુણ જે. ત્રિવેદી	(મુંબઈ)	રૂ. ૫૦૦.૦૦
૬. શ્રી મનહર ટી. ગોંદિયા	(ઉના)	રૂ. ૨૫૦.૦૦
		રૂ. ૯૭૫૨.૦૦

સહુ દાતાઓના આભારી છીએ.

ટ્રસ્ટીઓ : કુમાર ટ્રસ્ટ

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

શુક્રવાર ૧૯મી મે ૧૯૪૪

પ્રિયતમ કિટી,

ગઈ કાલે મારી તબિયત જરાય સારી નહોતી. ઊલટી (તે પણ મને!), માથાનો દુઃખાવો, પેટનો દુઃખાવો અને એવું બધું જ થતું હતું. કાલના પ્રમાણમાં આજે ઘણું સારું છે. આમ તો હું ભૂખી ડાંસ છું પણ આજે જમવામાં ચોળા છે એટલે મેં ન જમવાનું નક્કી કર્યું છે.

પીટર સાથે સંબંધો સારા છે. બિચારાને પ્રેમ ને વ્હાલની જરૂર મારા કરતાં પણ વિશેષ છે. રોજની રાતની 'ગુડનાઈટ કિસ' મળ્યા પછી હજી પણ શરમાય છે ને પછી 'હજી એક'ની વિનંતી કરે છે. મનમાં થાય કે બૉસની અવેજીમાં શું હું વધુ સારી પડતી હોઈશ? પણ મને એનો વાંધો નથી. કોઈ એને ચાહે છે એ વિચારે જ ભાઈ ખુશ છે.

ઘણી મહેનતે અંતે મેળવેલા વિજય પછી હું થોડીક ઠંડી પડી ગઈ છું. પણ તું એમ ન સમજતી કે એના તરફનો મારો પ્રેમ ઠંડો પડ્યો છે. પીટર મને ગમે છે પણ મારા અંતરનો દરવાજો મેં બંધ કર્યો છે. જો પીટર એને ફરી ખોલવા માગતો હશે તો એણે તાળાં જ તોડવાં પડશે !

લિ. ઍન મે. ફ્રૅંક

શનિવાર ૨૦મી મે ૧૯૪૪

પ્રિયતમ કિટી,

ગઈ કાલે હું ઉપરથી નીચે આવી ને મેં જોયું કે સુંદર કાર્નેશનવાળી ફૂલદાની પડી ગઈ હતી. મમ્મી નીચે બેસીને પોતું કરતી હતી ને માર્ગટ પાણીમાં તરતાં મારાં કાગળિયાં ઉપાડતી હતી. 'શું થયું?' મનમાંની અનેક શંકા-કુશંકાઓ સાથે મેં પૂછ્યું. પણ જવાબ મળે એ પહેલાં જ થયેલા નુકસાનનો મને અંદાજ આવી ગયો. મારી સંપૂર્ણ વંશાવલીની ફાઈલ, ભણવાની નોટો, પુસ્તકો બધું જ તરતું હતું. ગળામાંથી એક ડૂસકું જ નીકળી ગયું. હું એટલી તો અપસેટ થઈ ગઈ કે એકદમ જર્મનમાં જ બોલવા માંડી. મને તો કાંઈ જ યાદ નથી પણ માર્ગટના કહેવા પ્રમાણે હું 'અગણિત નુકસાન, ભયાનક, વિદારક, ભરી ન શકાય એવું ને એવું એવું ઘણું બોલી હતી.' પપ્પા તો ખડખડાટ હસી પડ્યા. મમ્મી ને માર્ગટ પણ હસવું રોકી શક્યાં નહિ, પણ મને તો રડવું આવતું હતું કારણ કે મારી બધી મહેનત પર પાણી ફરી વળ્યું હતું.

પછી જરાક ધ્યાનથી તપાસ કરતાં લાગ્યું કે મને લાગેલું અગણિત નુકસાન એટલું બધું તો નહોતું ઉપર માળિયે મેં કપડાં સૂકવવાના તાર પર એક એક પાનું છૂટું પાડીને સૂકવ્યું. દૃશ્ય રમૂજી દેખાતું હતું. મારિયા ડી મેડિકિ, પંચમ ચાર્લ્સ, ઑરેંજનાં વિલિયમ અને મૅરી ઍન્ટોનેટ સાથે ઝૂલતાં હતાં.

'સુલેહ ને સુમેળનું વાતાવરણ છે.' રમૂજ કરતાં શ્રી વૅનડાન બોલ્યા.

પીટરને મારાં કાગળિયાં સંભાળવાનું કામ સોંપી હું નીચે આવી.

'કયાં પુસ્તકો ખરાબ થઈ ગયાં?' મેં માર્ગટને પૂછ્યું, ત્યારે એ મારી ચોપડીઓ તપાસતી હતી.

'બીજગણિત' માર્ગટે જવાબ આપ્યો.

પણ મારું નસીબ બે ડગલાં આગળ. એ ચોપડી આખી ને આખી ખરાબ નહોતી થઈ. મારી તો ઇચ્છા હતી કે આખી ચોપડી જ ફૂલદાનીમાં પડી જાય. એના જેટલી બીજી એકેય ચોપડી મારી અણગમતી નથી. એના પહેલા પાના ઉપર આ પહેલાં વાપરનાર વીસેક છોકરીઓનાં નામ છે. સાવ જ જૂની, પીળી પડી ગયેલી, હાંસિયામાં ગણતરીઓ લખેલી, શબ્દો છેકેલી ચોપડી છે. ફરી ક્યારેક કોઈ દુષ્કર્મ કરવાની મને ઇચ્છા થઈ આવશે ત્યારે એ ચીજને હું ફાડીને ફેંકી દેવાની છું! લિ. ઍન. મે. ફ્રૅંક

(ક્રમશઃ)

પાકટ ઉંમરે ડ્રાઇવિંગ શીખવાના પાકા નિયમો

લતા હિરાણી

રસ્તા કભી તો સાફ હોગા... માફ કરજો. આમાં દુશ્મનને ભોંયભેગો કરવાની કોઈ ચાલ નથી કે નથી વિરોધીઓને ચત્તાપાટ કરવાનું કાવતરું. અમે ડ્રાઇવિંગ શીખવા માગતા એવા કેટલાય ખખડધજોને જોયા છે કે જેમની જિંદગીમાં વાહન ચલાવતાં શીખવા માટેના હવે છેલ્લા દિવસો બચ્યા હોય અને એ હજી 'રાસ્તા' સાફ થવાની રાહ જોતા હોય. સ્ટીઅરિંગ હથિયાવવાનાં સપનાં જોતાં નિશાળિયાઓને સામેથી આવતા કાર સ્કૂટર કે ઈવન સાઈકલ પણ દાના દુશ્મન જેવા લાગે અને અચાનક બાજુમાંથી, અડફેટે ચડતાં માંડ બચાય એવી અડીખમ ઓવરટેક લેતી કાળદેહી રિક્ષાઓ દીઠી ન ગમે એ સ્વાભાવિક છે. પણ ડ્રાઈવિંગ શીખવા માટે રસ્તો સાફ થવાની રાહ જોવામાં આડી રીતે ય કામ નથી લાગતી. આવા નરબંકા રાતે બે વાગે ડ્રાઈવિંગ શીખવા નીકળ્યા હોય ને પાછળ કૂતરાં પડ્યાં હોવાથી સવારે ચૌદ ઈંજેક્શન લઈને ખાટલે પડેલા મળી આવે. ઍનિવે; આ બધા કરુણ પ્રસંગોએ અમને આ લેખ લખવાની પ્રેરણા આપી.

સામાન્ય રીતે વિકાસનો ગ્રાફ નીચેથી ઉપર જતો હોય છે પણ આ ડ્રાઈવિંગવાળી વાતમાં ઊંધું બને છે. ઘણું અનિયમિત બને છે. માંડ બે ટાંટિયા લેવલમાં રાખી ફૂટપાથ પર ફરતો ને ડાબે-જમણે ધકેલાયે જતો કે બસ-રિક્ષામાં અથડાયે જતો મરદબચ્ચો પણ સીધો ગાડી ચલાવવાના જ સપનાં જોશે. (અમારે અહીં 'ગાડી' શબ્દ સુધારીને 'કાર' લખવું જોઈએ. કેમ કે અમદાવાદીઓ સ્કૂટરને પણ ગાડી કહે છે. અને આ શબ્દ, સ્કૂટર પરથી ખસીને સાઈકલ પર ક્યારે ચડી બેસે એ કહેવાય નહીં).

ગાડી ચલાવવાનાં સપનાં જોનારને કોઈ સલાહ આપે કે ભાઈ (અથવા બહેન) પહેલાં સ્કૂટર શીખવાનું રાખો જેથી ટ્રાફિક સેન્સ ડેવલપ થાય. હવે આ 'સેન્સ' લાવવાના અઘરા દાખલા સાથે મનમાં લમણાંફોડ ચાલતી હોય ત્યાં યાદ આવે કે આપણે તો હજી સ્કૂટર વસાવ્યું પણ નથી. શોભાના ગાંઠિયા વસાવીને કરવાનું શું? અને આટલે પહોંચ્યા પછી સેન્સની બીજી શેરી પણ ખૂલે કે ટુ વ્હીલરમાં બેલેન્સ જેવું ય કંઈક શીખવું પડે. શીખવા માટે પડોશીનું સ્કૂટર લાવીને સીધા ભોંયભેગા થવાની બહાદુરી હવે ન પોષાય એટલે એનાં કરતાં નાની નાજુકડી સાઈકલ સારી. આવો વિચાર આવે કે તરત સેન્સના કાટ ખાધેલા લગભભ બધા દરવાજા ખૂલી જાય. સાઈકલની એ નિરાંત કે માગીએ તો આપતાં કોઈનો જીવ પણ ચાલે અને પડીએ તો આપણા કે સાઈકલના જીવને ખાસ નુકસાન નહીં. આમ ગાડી પરથી ગ્રાફ સરરર કરતો સાઈકલ પર પહોંચી જાય.

બૅલેન્સ રાખતાં શીખવાની બાબતમાં 'બળ્યું, એવી મગજમારી' કરી આળસ કરતી ઘણી બહેનોને સ્કૂટરમાં ત્રીજો પગ ફીટ કરાવી ખીચોખીચ ખટારા જેવા સાઈડકાર ધમધમાવતી અમે જોઈ છે. એમની પડોશણો હંમેશાં રાજી હોય છે કેમ કે આવડું મોટું તોસ્તાન લઈને એકલા ક્યાં નીકળવું એ આળસે બહેનો ખટારો ભર્યા પછી જ ઉપાડવાના મતની હોય છે; પણ એ તો જેવી કરણી એવી ભરણી. એમાં આપણે કંઈ લેવાદેવા નહીં.

આ બધી ભાંજગડો જોઈને અમે એક નિયમાવલી તૈયાર કરી છે જે ડ્રાઈવિંગ શીખવા માગતા આદરણીયને જરૂર કામ લાગશે. તો ટૂંકી પ્રસ્તાવના પછીની અમારી આ જરા લાંબી નિયમાવલી વાંચો.

(૧) ડ્રાઈવિંગ શીખતાં પહેલાં સૌપ્રથમ લમણેથી હાથ ખસેડી લઈ કેડે ખોસવો જરૂરી છે.

(૨) ગભરામણ થાય ત્યારે પરસેવો લૂછવા રૂમાલ કામ નહીં લાગે. જાડા નૅપ્કિન કે ટુવાલની વ્યવસ્થા રાખવી.

(૩) બૅલેન્સ સમતોલ રાખતાં શીખવા માટે હંમેશાં સાઈકલ પસંદ કરવી. પડોશીના બાબાની સાઈકલ લઈને પાંચ-સાત વાર પછાડી જોવી. સાઈકલની મજબૂતીની ખાતરી થાય પછી જ પોતાનાં હાડકાં પર પ્રયોગ અજમાવવો.

(૪) સાઈકલ પરથી પડીએ ત્યારે ઘસાઈને ફાટી ન જાય અને પડોશીઓને મરક મરક હસવા ન મળે એ માટે ખાસ મજબૂત સાઈકલ-સૂટ સીવડાવો. આમ છતાંયે ધૂળ-કાદવથી લોકો સચ્ચાઈ જાણી જાય ત્યારે હજી અમે બધું ખમી શકીએ છીએ એવું બતાવવા દુખતા સાંધાઓ સાથે પણ ટટ્ટાર ચાલવું.

(૫) ઑર્થોપેડિકનું બિલ પરવડે ત્યાં સુધીમાં બૅલેન્સ રાખતાં આવડી જાય એટલું જોવું. એ પહેલાં આવડી જાય તો સગાંસંબંધીઓમાં પેંડા વહેંચી દેવા (હવે મોટી ઉંમરે મૅટરનિટી હોમની કોઈને શંકા ન જાય એટલે કંઈક ચોખવટ જરૂર કરી લેવી.)

(૬) સાઈકલ પર બૅલેન્સ રાખતાં આવડી જાય પછી ખરા બપોરે લગભગ નિર્જન રસ્તા પર પ્રૅક્ટિસ ચાલતી હોય એમાં વચ્ચે ગાય કે કૂતરું દોડતું આવે તો બૂમો ન મારવી. સ્ટીઅરિંગ એટલે કે સાઈકલનું હૅન્ડલ ડાબે-જમણે વાળવાની સગવડ હોય છે. નાકની દાંડીએ જ સાઈકલ ચલાવવી એવું કંઈ નહીં. વળી એમાં બ્રેક પણ હોય છે.

(૭) સાઈકલ પર પગ જામી જાય પછી જ સ્કૂટર પર હાથ મારવો.

(૮) સ્કૂટરને બદલે ટાઈમ બીઈંગ મૉપેડ પણ ચાલે, એનું ધ્યાન રાખવું.

(૯) મનમાં ઉત્સાહ ભરપૂર રાખવો પણ પાયાની બાબત ભુલાઈ ન જાય. પહેલી વાર હાથમાં સ્કૂટર આવે તો હરખમાં સ્ટાર્ટ કરી દઈએ અને એની કઈ સ્વિચ બંધ થાય કે એની બ્રેક ક્યાં છે એ પૂછવાનું ભુલાઈ જાય અને પછી ધમણની જેમ હાંફતા-હાંફતા ચક્કર મારવા પડે એ તમારા ઉત્સાહનો સાચો માપદંડ છે. આવું થાય તો માનવું કે હવે તમે નાયગરાના ધોધ પર પણ ડ્રાઈવિંગ કરી શકશો. અલબત્ત, સ્વિચ ઑફ અને બ્રેક વિશે જાણકારી મેળવ્યાં પછીસ્તો.

(૧૦) સ્કૂટર હાથમાં આવે પછી પેટ્રોલ પુરાવવા માટે ક્યાંથી ખોલવું એ જાણવું પણ અત્યંત જરૂર છે અને રિઝર્વનો કૉક અથવા તો પેટ્રોલ ઈન્ડિકેશન કાંટો જોતાં રહેતાં શીખી લેવું.

(૧૧) રસ્તા પર સ્કૂટર લઈને નીકળો ત્યારે શરૂઆતમાં સામેથી આવતાં વાહનો પર જ ધ્યાન આપવું. સામેથી આવતું વાહન સાવ આપણી ડાબી બાજુ આવી ન જાય એનું પણ ધ્યાન આપવું.

(૧૨) શરૂઆતમાં પાછળનાં વાહનોનાં હૉર્ન ન સંભળાય એ માટે કાનમાં સારા મજબૂત 'ઈઅર પ્લગ' ફીટ કરાવી દેવા અને પછી 'જય માતાજી' કહી નીકળી પડવું. ઘણા શિખાઉઓને માત્ર પાછળ વાગતાં હોર્નથી ભડકીને ગોથું ખાઈ જતાં અમે જોયાં છે.

(૧૩) સ્કૂટર પરથી ગાડી પર એટલે કે કાર પર આવે ત્યારે સૌપ્રથમ એકદમ હાશ અનુભવી લેવી, કેમ કે શહેરમાં જીવલેણ અકસ્માત થવાના ચાન્સ ઓછા હોય છે. હાડકાં ભાંગે ખરાં, પણ હવે એ બધું જોખમ તમારા પરથી ખસી સામેવાળા પર અને ગાડી પર ટ્રાન્સફર થઈ ગયું. કમ સે કમ ગાડીની અંદર આપણા હાથ-પગ સલામત રહેવાના ચાન્સ ઘણા છે, પછીની વાત પછી એમ વિચારી આનંદો.

(૧૪) તમે ગમે તેટલી ધીમી ગાડી ચલાવતાં હો પણ ગાડી હંમેશાં રસ્તાની વચ્ચોવચ્ચ ચલાવવી જેથી આપણું ધ્યાન બધાં લોકો રાખે. સામેથી આવતાં વાહનો આપણાથી સંભાળીને ચાલશે અને પાછળવાળા હૉર્ન મારી-મારીને થાકશે તોય આપણે સાંભળતા ન હોઈને જ્યાં સુધી સાઈડ નહીં આપીએ ત્યાં સુધી એ આડેધડ ઓવરટેક નહીં કરી શકે. એણે ફરજિયાત આપણી પાછળ રહેવું પડશે. એ થાકીને ડાબી બાજુથી ખોટો ઓવરટેક લે તો ચિંતા કરવાનું કોઈ કારણ નથી. અકસ્માત એ બાજુમાંથી પસાર થાય ત્યારે ગાડીના કાચ બંધ રાખવા અને એની સામે જોવાનું ટાળવું. નિયમભંગ બદલ એ જ જેલમાં જશે.

(૧૫) ગાડીના પાછળના કાચ પર મોટા અક્ષરમાં સ્ટીકર લગાવવું. 'ગાડી ઢાળ પર હોય ત્યારે પાછળના વાહને પૂરા ૧૦૦ ફૂટ દૂર રહેવું કેમ કે આગળને બદલે ગાડીના પાછળ જવાના ચાન્સ ૧૦૦% છે.'

(૧૬) લાલ-લીલા સિગ્નલ જોવાની આદત ન પડે ત્યાં સુધી ચિંતા કર્યા વગર આગળના વાહનની પાછળ પાછળ હંકાર્યે જવું. બે-ચાર વાર દંડ થશે એટલે આપોઆપ સિગ્નલ જોવાની આદત પડી જશે.

(૧૭) સ્કૂટરમાં સાઈડ સિગ્નલ ન હોય અને સ્ટીઅરિંગ પરથી પણ હાથ ખસતા ન હોય ત્યારે પગથી ડાબું-જમણું સિગ્નલ આપવાની આદત પડી જાય એ સ્વાભાવિક છે, પણ પછી ગાડીમાંથી યે પગ બહાર નીકળી ન જાય એનું ધ્યાન રાખવું.

(૧૮) ઉપરના બધા નિયમો વાંચવામાં તમે કેટલો સમય વેડફ્યો. ખરેખર તો તમારે આ છેલ્લો નિયમ પહેલા વાંચી લેવાની જરૂર હતી (જેમ ઘણાં લોકો નવલકથાની થોડી શરૂઆત વાંચી સીધો અંત વાંચી લેતા હોય છે એમ) તો વાંચો, છેલ્લો નિયમ એ છે કે જ્યાં સુધી કૉન્ફિડન્સ ન આવે ત્યાં સુધી વાહન બીજાં લોકોને ચલાવવા દેવું.

ડ્રાઈવિંગ શીખવા જતી પત્નીએ છણકો કરતાં પતિને કહ્યું, 'તમે મારા સ્કૂટર પર આજે પણ '**L**' લગાવવાનું ભૂલી ગયા. કોઈ મારી સાથે અથડાઈ પડશે તો!' પતિએ કહ્યું, 'ચિંતા ન કર ડાર્લિંગ, લોકો તારો ચહેરો જોઈને જ સમજી જશે. તારે '**L**'ની બિલકુલ જરૂર નથી.' ❑

કવિઓ અને પ્રકાશકોને વિજ્ઞપ્તિ

પ્રતિવર્ષ પ્રગટ થતા કાવ્યસંગ્રહોની સંપૂર્ણ સૂચિ કાવ્યરસિકોને, અભ્યાસીઓને ઉપલબ્ધ થાય એ ઉદ્દેશથી એની ઉચિત નોંધ લેવાવાની સાથે વાર્ષિક સમીક્ષા અને ઉત્તમ છ સંગ્રહોનાં અવલોકનો કાવ્યસમીક્ષકો પાસે કરાવી પ્રગટ કરવાની યોજના કવિલોક ટ્રસ્ટે સન ૨૦૦૪થી અમલમાં મૂકવાનું નક્કી કર્યું છે. આ માટે સર્વ કવિઓ અને પ્રકાશકોને સન ૨૦૦૪માં પ્રગટ થયેલ કાવ્યસંગ્રહની એક નકલ કવિલોક ટ્રસ્ટ (**C/o.** કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર, અમદાવાદ - ૩૮૦૦૦૧) પર મોકલી આપવાનો અનુરોધ છે. પ્રાપ્ત થયેલ કાવ્યસંગ્રહની સંક્ષિપ્ત માહિતી 'કવિલોક'માં 'સાભાર સ્વીકાર' અંતર્ગત પ્રગટ કરવામાં આવશે.

ટ્રસ્ટીઓ : કવિલોક ટ્રસ્ટ

સ્મૃતિકથા

શૈશવથી સંધ્યા સુધી

કમલા પરીખ

ગયા વખતે આપણે શેક્સપીઅરના 'ધ મર્ચન્ટ ઑફ વેનિસ' વિશે વાત કરી હતી. એવી રીતે અહીં ૧૯મી સદીના કવિ ઑલ્ફ્રેડ ટૅનિસનના ૯૧૦ લીટીના એક કાવ્યની વાત કરવી છે. મારા અધ્યાપનકાળ દરમિયાન આ કાવ્ય ભણાવવાનો અવસર મને મળ્યો હતો. તેની હૃદયદ્રાવક કથા ત્યારે અને અત્યારે પણ વિસરાતી નથી. આ કાવ્ય એટલે 'ઈનૉક આર્ડન' (**Enoch Arden**). આ કાવ્ય જાણવા જેવું અને માણવા જેવું છે. આ કથાકાવ્યમાં એક અનોખી કહાની છે. ખીન્નતાભર્યા અંતવાળું આ કાવ્ય ત્રણ પાત્રોની આસપાસ ગૂંથાયેલું છે. કવિની ઉત્તમ કૃતિઓમાંનું આ એક કાવ્ય છે.

આ કાવ્યનો નાયક ઈનૉક છે જે એક ખલાસીનો અનાથ પુત્ર છે. બીજું પાત્ર છે ફિલિપ રે (**Philip Ray**). તે એક અનાજ દળવાની ઘંટીવાળાનો પુત્ર છે, અને ત્રીજું પાત્ર છે ઍની લી (**Annie Lee**) જે ખૂબ સુંદર છે. કાવ્યનો અંત ઉદાત્ત અને ગમગીની ભર્યો છે.

તેઓ બંદર પાસેના નાના ગામમાં રહેતાં હતાં. બાલ્યાવસ્થામાં આ ત્રણે જણ એક ટેકરીની નીચે નાનકડી ગુફા જેવું હતું તેમાં ઘરઘરની રમત રમતાં હતાં. એક દિવસ ઈનૉક એ નાનકડી ગુફાના ઘરનો માલિક બનતો અને બીજે દિવસે ફિલિપ ઘરધણી બનતો. આ રમતમાં ઍની વારાફરતી બન્નેની પત્ની બનતી. આ ઍનીને પત્ની બનાવવા માટે બન્ને ઝગડતા ત્યારે ઍની વચ્ચે પડતી અને કહેતી '**She would be little wife to both**' (તે બન્નેની બાલિકાવધૂ બની રહેશે.) આ ઉક્તિમાં જાણે કે કોઈ ભાવિ સંકેત છુપાયેલો હોય એવું નથી લાગતું શું ? ઈનૉક તેનો પ્રેમ પ્રગટ કરતો જ્યારે ફિલિપ મૂક પ્રેમ કરતો. તેઓ ઝગડતા ત્યારે ઍની ફિલિપ પ્રત્યે દયા દાખવતી પણ તેના હૃદયનો ઝોક ઈનૉક પ્રત્યે વધારે હતો. કાલક્રમે તેઓ યુવાન થયાં. ઈનૉક માછીમારીના ધંધામાં લાગી ગયો, સાગરખેડુ પણ બન્યો અને એક વર્ષ એક વેપારીના વહાણમાં નોકરી પર પણ લાગી ગયો. એકવીસ વર્ષનો થતાં પહેલાં તેણે પોતાની એક બોટ ખરીદી, ઍની માટે એક ઘર વસાવ્યું અને ઍની સાથે લગ્નગ્રંથીથી જોડાયો. લગ્નજીવનના સાત વર્ષ સુખમાં હેમખેમ પસાર થયાં. આ સમયના ગાળામાં આ યુગલને ત્યાં પુત્રીનો જન્મ થયો. અને બે વર્ષ બાદ પુત્રનો પણ જન્મ થયો. આમ, સુખમાં જીવન વિતાવી રહેલા આ યુગલના જીવનમાં એક દુઃખદ ઘટના બની. ઈનૉક વહાણના કુવાથંભ પરથી પડી ગયો અને તેનું એક અંગ ભાંગી ગયું. પરિણામે તે પથારીવશ થઈ ગયો અને બરાબર તે જ સમયે ત્રીજા માંદલા બાળકનો જન્મ થયો. આમ, ઉપરાઉપરી આફતોનાં વાદળો ઘેરાયાં. તેમાં વળી ભાગ્ય જાણે રૂઠ્યું હોય તેમ તેના હરીફે ઈનૉકનો ધંધો પડાવી લીધો. પરિણામે ઈનૉક બધી રીતે નિરાધાર થઈ ગયો. પોતાનાં બાળકોને ભૂખમરો વેઠતાં જોઈ તે પ્રાર્થના કરતો '**save them from this, whatever comes to me**' (મારું ગમે તે થાવ પણ મારાં બાળકોને હેમખેમ રાખજે)' તે ધીમે ધીમે સાજો થયો અને તેની પ્રાર્થના જાણે પરમાત્માએ સાંભળી હોય તેવું બન્યું. જે વેપારીના વહાણ પર પહેલાં તે નોકરી કરતો હતો તેને ઈનૉકની પરિસ્થિતિની જાણ થતાં ઈનૉકને પોતાના વહાણમાં ટંડેલ તરીકે નોકરી આપી. તેની ગેરહાજરીમાં તેનું કુટુંબ ભૂખે ના મરે તે ઈરાદાથી પોતે ખરીદેલી બોટ તેણે વેચી દીધી અને એક નાનકડી દુકાન ઊભી કરી જેથી પત્ની દુકાન ચલાવી ગુજરાન કરી શકે. જોકે ઍનીને આ ગમતું નહોતું કારણ એના મનમાં કંઈક દુર્ઘટના બનવાની છે તેવી આગાહી થતી હોય તેમ લાગતું '**coming events cast their shadows before**' - એવી પ્રતીતિ તેને થતી અને તે ઈનૉકને નહીં જવા માટે સમજાવતી :



ઑલ્ફ્રેડ ટૅનિસન

'O Enoch you are wise,
And yet for all your wisdom well know
That I shall look upon your face no more'.

પરંતુ ઈનૉકે તેને ધીરજ આપી સમજાવી.

'**Cast all your cares on God, that anchor hold**'. વિદાય લેતી વખતે ઈનૉકે બન્ને બાળકોને ચૂંબન કર્યું અને ત્રીજું જે નાનું (માંદું) બાળક હતું તે ઊંઘતું હતું તેથી ઍનીએ તેના વાળની લટ કાપી ઈનૉકને સાથે લઈ જવા આપી.

ઍની દુકાન ચલાવવામાં સફળ થઈ નહીં. પરિણામે આર્થિક ભીંસમાં સપડાઈ ગઈ. પેલું નાનું માંદુ બાળક મૃત્યુ પામ્યું. તે સમયે ફિલિપ તેની વહારે આવ્યો. તેના મનમાં કોઈ બદઈરાદો નહોતો. તે તો ઍનીને માનસિક શાંતિ મળે તેવો પ્રયાસ કરી રહ્યો હતો અને આમ ઍનીને તે સાંત્વન આપતો રહ્યો. ઈનૉકના ગયા પછી તે ક્યારેય ઍનીને મળવા ગયો નહોતો. તેણે ઍનીને સમજાવવા પ્રયત્ન કર્યો કે ઈનૉક તેનું ધાર્યું કરવા અથવા ઍનીને એકલી મૂકીને દુનિયા જોવા નથી ગયો

અથવા પોતાના આનંદ માટે તેણે આ સફર આદરી નથી. તેનો ઈરાદો તેનાં બાળકો તેમનાં માબાપ કરતાં સારી રીતે ઉછરે તેવો હતો. તે પાછો આવશે ત્યારે અથવા કબરમાં હશે તો પણ તેનાં બાળકોને અણઘડ અને શિસ્તવિહોણા જોશે તો તેને કેટલો બધો ખેદ થશે ! ફિલિપ શુદ્ધ ઈરાદાથી ઍનીને એના કપરા સંજોગોમાં આર્થિક મદદ પણ કરતો અને ઍનીને જો આ રુચતું ના હોય તો ઈનૉક પાછો આવે ત્યારે પૈસા પાછા આપી દે તેમ ઍનીને કહેતો.

'Annie for I am rich and well-to-do
Now let me put the boy and girl to school
This is the favour that I came to ask'

ઍનીએ ફિલિપને પ્રત્યુત્તર આપ્યો કે

'When you came in my sorrow broke me down
And now I think your kindness breaks me down'

ઍનીએ તેને જણાવ્યું કે એનું મન કહે છે કે ઈનૉક જીવે છે અને જ્યારે તે પાછો આવશે ત્યારે ફિલિપે ઍનીને પૈસાની મદદ કરી છે તે પરત કરશે. ત્યાર બાદ ઍની જે બોલી તે બે પંક્તિો તત્ત્વજ્ઞાનપૂર્ણ છે.

'He will repay you, money can be repaid,
Not kindness such as yours'.

ફિલિપે તેનાં બન્ને બાળકોને શાળામાં મૂક્યાં, તેમને પુસ્તકો વગેરે લાવી આપ્યાં અને તેમની માવજત કરવા લાગ્યો. બાળકો માટે તે જાણે તેમનું સર્વસ્વ બની ગયો. ગામલોકો ખોટી વાતો ના કરે તે ધ્યાનમાં રાખી તેણે કદી ઍનીના ઘરનો ઉંબરો ઓળંગ્યો નહોતો. દરેક રીતે તે કુટુંબની સંભાળ રાખતો. ઍનીના હૈયામાં શું છે તે એ જાણી શકતો નહોતો, પણ બાળકો માટે તે સર્વસ્વ બની ગયો હતો. તેને દૂરથી આવતો જોઈ બાળકો તેને આવકારવા અને ભેટવા દોડી જતાં અને તેની સાથે રમતાં. આમ, સમયનું વહેણ વીતતું ગયું, બાળકો મોટાં થતાં ગયાં અને ઈનૉકને ગયે દસ વર્ષ વીતી ગયાં બાળકો તો તેને 'father Philip' કહીને બોલાવતાં.

ઈનૉકે જે ગુમાવ્યું હતું તે ફિલિપ મેળવી રહ્યો હતો, કારણ કે ઈનૉકની ગેરહાજરીમાં બાળકોનો પિતૃપ્રેમ તે સંપાદન કરી શક્યો હતો. બાળવયમાં મૂકીને ગયેલો ઈનૉક બાળકો માટે સ્વપ્નસમાન બની ગયો હતો.

એક દિવસ બાળકો ઍનીને લઈને જંગલમાં ફળફળાદિ વીણવા માટે ગયાં અને બાળકોની વિનંતીને માન્ય રાખી ઍની ફિલિપને પણ સાથે લઈ ગઈ. બાળકો તો ફળ તોડવામાં, ડાળીઓ તોડવામાં અને મસ્તી કરવામાં ગરકાવ થઈ ગયાં. એ સમયે ફિલિપે ઍનીને કહ્યું કે ઈનૉકનું વહાણ ક્યાંક ગુમ થઈ ગયું લાગે છે. તે ઍનીને સમજાવે છે કે તે શા માટે શોકમાં ગરકાવ થઈ સ્વયંને મારી રહી છે. આમ જો ચાલ્યા કરશે તો બાળકો નોંધારાં થઈ જશે. તેણે ઍનીને કહ્યું કે તે ગરીબ પરિસ્થિતિમાં જીવન જીવી રહી છે અને પોતે (ફિલિપ) પોતાની ઈચ્છા પ્રમાણે તેને મદદ કરી શકતો નથી. છેલ્લે તે ઍનીને વિનંતી કરે છે.

'I wish you for my wife, I fain would prove
A father to your children : I do think
They love me as a father, I am sure
That I love them as if they were mine own'.

ઍની તેના આ શબ્દો સાંભળી ગદગદિત થઈ જાય છે અને કહે છે કે

'You have been as God's good angel in our house
God bless you for it, God reward you for it'. પણ પછી તે ફિલિપને પ્રશ્ન કરે છે **'can one love twice?'** ઈનૉકની જેમ તે ફિલિપને ચાહી શકશે કે કેમ તેવી વિટંબણા તે પ્રગટ કરે છે. ત્યારે ફિલિપ ખૂબ સુંદર જવાબ આપે છે :

'I am content' he answer'd to be loved
A little after Enoch'.

આમ છતાં ઍની થોડો સમય ઈનૉકની રાહ જોવાનું સૂચવે છે. તે હજુ અવઢવમાં હતી કે ઈનૉક આવે અથવા ના પણ આવે; છતાં એક વર્ષ રાહ જોયા બાદ લગ્નગ્રંથીથી તે જોડાશે એવી પોતાની ઈચ્છા તેણે પ્રગટ કરી. ફિલિપ ઍનીને કહે છે કે **'I am always bound to you, but you are free'.** આમ, તે જબરદસ્તી કરતો નથી. લગ્નની બાબતમાં વિચારવાની ઍનીને તે પૂર્ણ સ્વતંત્રતા આપે છે. એક વર્ષ વીતી જાય છે પણ ઈનૉકના કોઈ સમાચાર મળતા નથી તેથી ઍની એક મહિનો વધારે થોભી જવા વિનંતી કરે છે. ફિલિપ કોઈ જાતની આનાકાની કરતો નથી, તે ઍનીને કહે છે **'Take your own time, Annie take your own time.'** આમ, બીજું અર્ધું વર્ષ વીતી જાય છે. ગામમાં તેમના સંબંધોની લોકો ચર્ચા કરે છે. ઍનીનો પુત્ર હવે મોટો થઈ ગયો છે. તે ઍની અને ફિલિપની બાબતમાં મૌન સેવે છે. પણ તેની દીકરી પોતાની માને સમજાવે છે કે ઘરમાં ફિલિપ સર્વને વહાલો છે તેથી તેની સાથે લગ્ન કરી કુટુંબને ગરીબાઈના પંજામાંથી મુક્ત કરે તે યોગ્ય છે. છેવટે ઍની ફિલિપ સાથે લગ્ન કરે છે :

'Merrily rang the bells and they were wed,
But never merrily beat Annie's heart'

ઍનીને અવારનવાર ઈનૉકના આગમનના ભણકારા થાય છે. આવી પરિસ્થિતિમાં ઍનીને વહેમ અને ભય થાય તે

સ્વાભાવિક છે. ફિલિપ સાથેના લગ્નથી તેને એક બાળક થાય છે ત્યારે માતૃત્વનો તેનામાં નવજન્મ થાય છે, પરિણામે ફિલિપ તેનું સર્વસ્વ બની જાય અને પેલી ઈનૉક માટેની રહસ્યમય વૃત્તિ અદૃશ્ય થઈ જાય છે. આમ એ નવા જીવનમાં ગોઠવાઈ જાય છે.

પરંતુ ઈનૉકના શું હાલ થયા છે તે વાત કવિ આગળ દર્શાવે છે. ઈનૉકનું વહાણ તે પાછો ફરી રહ્યો હતો ત્યારે દરિયાઈ તોફાનમાં એક ખડક સાથે અથડાઈને તૂટી જાય છે. વહાણમાં રહેલા બધા માણસો મૃત્યુ પામે છે. ફક્ત ઈનૉક અને એના બે સાથીદારો બચી જાય છે અને એક ટાપુ પર ફેંકાઈ જાય છે. ત્યાં કંદમૂળ, ફળફળાદિ તથા વનસ્પતિ પર આ ત્રણે જીવે છે. આમ જીવન નિભાવવાની વસ્તુઓ તો મળી રહે છે પણ માનવી જોવા મળતો નથી. બચી ગયેલા આ ત્રણે જણ એક ખડકમાં ગુફા જેવું હતું તેમાં રહે છે, દિવસો વિતાવે છે; પરંતુ નસીબ બે ડગલાં આગળ હોવાથી ઈનૉકના બંન્ને સાથીદારો મૃત્યુ પામે છે અને રહી જાય છે એકલો-અટૂલો ઈનૉક. તે કોઈ વહાણની રાહ જોતો સમય વીતાવે છે. એના ચિત્ત પર ઍની, બાળકો, તેમની કાલીઘેલી વાણી, નાનકડું ઘર, રસ્તાઓ, અનાજ દળવાની ઘંટી, મયૂરપંખ જેવું યૂ વૃક્ષ, વેચી દીધેલી બોટ અને પ્રકૃતિ. આમ તેનું વતન તેને વારંવાર યાદ આવી જાય છે. સદ્નસીબે અચાનક એક વહાણ પાણી મેળવવા માટે એ ટાપુ પર આવે છે અને ઈનૉકને વહાણમાં લઈ જાય છે અને જે બંદરથી તે સફર કરવા નીકળ્યો હતો ત્યાં ઉતારે છે.

ઘણાં વર્ષો બાદ તે પોતાને વતન પાછો ફર્યો પણ લાંબા વાળ, લાંબી દાઢી, વેઠેલાં દુઃખોથી બદલાયેલી કાયાથી તે ઓળખાઈ શકે તેમ નહોતો. ઍની સાથે તેણે સાત વર્ષ વિતાવ્યાં હતાં. તે પોતાના ઘેર ગયો પણ ઘર બંધ જોયું અને ઘર પર 'ઘર વેચવાનું છે' તેવું ચોપાનિયું વાંચ્યું. તેના મનમાં થયું કે શું બધાં મૃત્યુ પામ્યાં હશે કે તેના માટે મૃત્યુ પામ્યાં છે?

તે પાછો ફરી જઈ એક લૉજમાં જાય છે, જે મરિયમ નામની સ્ત્રી ચલાવે છે. વાંકા વળી ગયેલા, ભૂખરી થઈ ગયેલી ચામડીવાળા અને નિર્બળ બની ગયેલા ઈનૉકને મરિયમ ઓળખી શકતી નથી. તેણે ઍની, ફિલિપ, તેમનાં લગ્ન, નાના બાળકનું મૃત્યુ, ઍનીએ વેઠેલી ગરીબાઈ, ફિલિપે બાળકો માટે રાખેલી સંભાળ, નવા લગ્નથી થયેલું બાળક એમ બધી જ વાત ઈનૉકને કરી. મરિયમ બોલી, **'Enoch, Poor man, was cast away and lost.'** ચહેરા પરના ભાવ બદલ્યા વગર ઈનૉકે આ બધી વાત સાંભળી અને ફક્ત એટલું બોલ્યો, **'cast away and lost'.**

પરંતુ ઈનૉક ઍનીનો ચહેરો જોવા ઈચ્છતો હતો કારણ તે જાણવા માગતો હતો કે ઍની સુખી છે ને? પોતાની જાતને છુપાવવા તે રાત્રે અંધારામાં ફિલિપના ઘર પાસે જાય છે અને બારીમાંથી તેની પત્ની અને બાળકો પરમ સુખથી ફિલિપના ઘરમાં બેઠેલાં તેણે જોયાં.

> **'For cups and silver on the burnished board**
> **Sparkled and shone, so genial was the hearth**
> **And on the right hand of the hearth he saw**
> **Philip, the slighted suitor of old times,**
> **Stout, rosy, with his babe across his knee,**
> **And over her second father stoopt a girl,**
> **A later but a loftier Annie Lee.'**

એણે જોયું કે એનાં સંતાનો મોટાં થઈ ગયાં છે. ઈનૉકની જગા લેનાર ફિલિપ બાળકોનો પ્રેમ પામ્યો છે. મરિયમે કહેલી વાત તેણે સાક્ષાત નિહાળી. કવિ કહે છે, **'things seen are mightier than things heard'.** ઈનૉક આ સ્વર્ગીય ગૃહસ્થ જીવન જે તેણે ગુમાવ્યું છે તેમાં ખલેલ પહોંચાડવા નથી ઈચ્છતો એટલે ત્યાંથી તે પાછો વળી જાય છે. પરમાત્માને તે પ્રાર્થના કરે છે કે તેને બળ આપે. એ ક્યા બળની માગણી કરે છે તે નીચેની પંક્તિમાં પ્રગટ થાય છે.

> **'Not to tell her, never to let her know'.**

ઈનૉકની આ ઉદારતા હૃદયસ્પર્શી છે. તે મરિયમને ત્યાં પાછો ફરે છે. પોતાનો નિભાવ કરવા માટે માછલી પકડવાની જાળ બનાવવાનું અને સુથારીકામ જેવું નાનું- મોટું કામ કરે છે પણ મનથી અને તનથી ભાંગી પડેલો તે ધીરે ધીરે માંદગી તરફ ઢળતો જાય છે અને પથારીવશ થઈ જાય છે. તેણે વિચાર્યું છે કે તેના મૃત્યુ બાદ ઍનીને જાણ થવી જોઈએ કે તે છેલ્લા શ્વાસ સુધી તેને પ્રેમ કરતો હતો. આ વાત ઍની સુધી પહોંચાડવા માટે તે મરિયમને બોલાવે છે અને કહે છેઃ

> **'Woman, I have a secret only swear,**
> **Before I tell you - sear upon the book**
> **Not to reveal it till you see me dead'.**

આમ બાઈબલ પર મરીયમનો હાથ મુકાવી તે રહસ્ય પ્રગટ કરે છે. મરિયમ તેણે કહેલા રહસ્યને નહીં ખોલવાનું વચન આપે છે. ઈનૉક તેને પૂછે છે કે 'આ ગામમાં ઈનૉક રહેતો હતો. તેને તું ઓળખે છે.' ત્યારે મરિયમ તરત જ બોલી ઊઠે છે :

> **'I know him? she said' I knew him far away.**
> **Ay, ay I mind him coming down the street,**
> **Held his head high, and cared for no man he.'**

આ સાંભળતાં જ ઉદાસ ઈનૉક ધીમેથી તેને જવાબ આપે છે :

'His head is low, and no man cares him

I think I have not three days more to live,

I am the man'

ઈનૉકની વાત મરિયમના ગળે ઊતરતી નથી. તે ઈનૉકને કહે છે કે તારા કરતા ઈનૉક એક ફૂટ ઊંચો હતો. જવાબમાં ઈનૉક તેને જણાવે છે કે-

'My God has bow'd me down to what I am,

My grief and solitude have broken me.'

ત્યારબાદ તેણે ઍની સાથે કરેલાં લગ્નની વાત કરે છે અને ઍની ફિલિપ સાથે ફરીથી પરણી છે તે વાત પણ જણાવે છે. તેના પ્રવાસ દરમિયાન બનેલી સઘળી હકીકત - દરિયાઈ તોફાન, વહાણનું તૂટી જવું, ખડક પર તેનું ફેંકાઈ જવું, બીજા વહાણની મદદથી પોતાના વતન પાછા ફરવું, રાત્રે અંધારામાં જઈને ઍનીના નવા ઘરસંસારને છાનોમાનો નિહાળવો - આ બધી હકીકત તે મરિયમને કહે છે. આ સાંભળીને મરિયમની આંખો અશ્રુથી છલકાઈ જાય છે. તે ગામમાં ફરી ઈનૉક જીવતો છે તે વાત જાહેર કરવા તૈયાર થઈ જાય છે, પણ ઈનૉકને આપેલા વચનથી બંધાયેલી તે એ વિચાર પડતો મૂકે છે. ઈનૉકનાં બાળકોને લાવીને ઈનૉકની સાથે મેળાપ કરાવવા તે ઊભી થાય છે પણ ઈનૉક તેને રોકે છે અને કહે છે :

'Woman disturb me not now at the last,

But let me hold my purpose till I die.'

તે મરિયમને કહે છે કે ઍનીને કહે કે ઈનૉક ઍનીને આશીર્વાદ આપીને, તેને માટે પ્રાર્થના કરતો અને પ્રેમ કરતો મૃત્યુ પામ્યો છે. તે ઉમેરે છે કે મારી દીકરી જે તેની માતા જેવી જ દેખાય છે, જેને તેણે રાત્રે ચૂપકીદીથી જોઈ હતી તેના પિતા ઈનૉકે છેલ્લા શ્વાસ લેતી વખતે તેના સુખ માટે પ્રાર્થના કરી હતી અને પુત્રને આશીર્વાદ આપ્યા હતા. મારાં સંતાનોને કહેજે કે હું તેમનો પિતા છું. ફિલિપને પણ મારા આશીર્વાદ પાઠવજે.

'And say to Philip that I blest him too'.જો ઈનૉકનાં સંતાનો તેના શબને જોવા ઈચ્છતાં હોય તો તેમને આવવા દેવાં કારણ કે

'I am their father, but she must-not come,

For my dead face would vex her atter life.'

ઈનૉકની ઉદાત્તતા અને ઉદાત્તતા આપણને કેટલી સ્પર્શી જાય તેવી છે! ઍનીના હૈયાની તે કેટલી કદર કરે છે અને સંભાળ રાખે છે તે આ પંક્તિમાં પ્રગટ થાય છે. છેલ્લે તેને ઍનીએ બાળકના (જે બાળક ઈનૉકના ગયા બાદ મૃત્યુ પામ્યું હતું.) વાળની લટ સફર પર જતી વખતે આપી હતી તે આપે છે અને કહે છે :

'And now there is but one of all my blood

Who will embrace me in the world to be,

This hair is his, she cut it off and gave it

And I have borne it with me all these years.

And thought to bear it with me to my grave,

But now my mind is changed, for I shall see him

My babe in bliss, wherefore when I am gone,

Take, give her this for it may comfort her:

It will moreover be a token to her,

That I am he.'

મરિયમ તેણે પ્રગટ કરેલી બધી ઈચ્છાઓ પૂર્ણ કરવાનું વચન આપે છે. ત્રીજી રાત્રે ઈનૉક છેલ્લી ઘડીઓ ગણાતો હોય છે ત્યારે કુદરતે અને ખાસ કરીને તેનો સદાનો સાથી એવો દરિયો જાણે શોક મનાવવા માટે તૈયાર થઈ ગયો હોય તેમ જોરથી ઘુઘવાટા કરે છે, જેનો અવાજ આજુબાજુ આવેલાં ઘરોમાં પડઘાય છે અને છેલ્લે

'He woke, he rose, he spread his arms abroad

Crying with a loud voice A sail ! A sail ! I am

saved, and so fell back and spoke no more.'

આમ, કાવ્યની પૂર્ણાહુતિ થાય છે. કાવ્યનો અંત વાચકના હૈયાને હચમચાવી મૂકે તેવો છે. ઈનૉક તો 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' એ ઉક્તિને શોભાવી પરલોક સીધાવે છે, એણે ક્યારેય ઍની કે ફિલિપનો દોષ કાઢ્યો નથી. આ ત્રણેય પાત્રો તદ્દન નિર્દોષ છે, આમાં કોઈ ખલનાયક નથી. દરેકે પોતાની ઉદાત્તતા બતાવી છે. આમાં કોઈ ગુનેગાર નથી. આમાં જવાબદાર સંજોગો છે. સંજોગવશાત્ બનાવો બને છે તેને કવિએ ખૂબ મુલાયમ રીતે દર્શાવ્યા છે. ક્યાંય વેર કે બદલાની ભાવના પ્રદર્શિત થતી નથી.

ઈનૉકની વિદાયમાં નીચેની પંક્તિઓ સાર્થક થતી જણાય છે :

'બદલા ન લેના કીસી સે,

હમકો બદલ કે દીખાના હૈ'!

આ રીતે મારી 'શૈશવથી સંધ્યા સુધી'ની આ યાત્રા સહર્ષ પૂર્ણ કરું છું. અંતમાં

'યેહી મેરી સારી પૂંજી

યેહી સબ ધન માયા હૈ'

આ પંક્તિઓ સાથે નમસ્કાર કરી વિરમું છું અને ઈનૉકની જેમ ચૂપચાપ આ સ્મૃતિકથા આટોપી લઉં છું. (સંપૂર્ણ)



ગુજરાતનું સંગીત-૨

ડૉ. હસુ યાજ્ઞિક

સલ્તનત અને મુઘલકાળમાં પણ ગુજરાતનાં ધર્મસંગીત, લોકસંગીત અને શાસ્ત્રીય સંગીત, કેટલીક ઊથલપાથલ, અંધાધૂંધી અને અરાજકતા વચ્ચે પણ ધબકતું તો રહ્યું જ છે. સુલતાનો અને મુઘલબાદશાહો સંગીતના શોખીન અને પોષક હતા. ધર્મની પરંપરામાં મોટાં મંદિરોના વિનાશ-ધ્વંશને કારણે ધર્માશ્રયી નૃત્ય-નાટકની ગુજરાતી પરંપરા લુપ્ત બની, પરંતુ આખ્યાનાદિ અને પદ-ભજન-ધૂન અને લોકોત્સવની પરંપરાએ ગુજરાતના સંગીતને ધબકતું રાખ્યું. હવેલીની સ્થાપના અને તેનાં પદગાનથી ગુજરાતમાં શાસ્ત્રીય રાગદારી ગાનને નવું બળ મળ્યું. સ્વામિનારાયણ સંપ્રદાયથી પણ શાસ્ત્રીય ઉપરાંત લોકમૂળના ઢાળ અસ્તિત્વ ટકાવી શક્યા. નાથપરંપરા, બીજની પાટપૂજા, કબીરવાણી, રામકથા અને લોકવ્યાપી શ્રીકૃષ્ણભક્તિમાં અને લગ્નાદિનાં સંસ્કારગીતોનાં ગાનમાં ગુજરાતનું સંગીત ગૂંજતું રહ્યું. અંગ્રેજ અમલમાં કાયદાઓ અને વ્યવસ્થા આવ્યાં, શિક્ષણનો પ્રચાર-પ્રસાર થયો અને દેશી રાજરજવાડાંમાં સંગીતકારોને આશ્રય મળતો રહ્યો : આથી સંગીતનો પ્રવાહ સાતત્ય અને પોષણ પામ્યો.

આટલી ઐતિહાસિક પરિપ્રેક્ષ્યની ભૂમિકા પછી, આજે ગુજરાતમાં ક્યાં, કેવું, શા હેતુએ સંગીત પ્રવર્તે છે તે જોઈએ જેથી માર્ગી અને દેશી, એટલે કે શાસ્ત્રીય-ઉપશાસ્ત્રીય અને લોકસંગીત, એનાં ગાન અને શૈલી, વાદ્ય અને વાદન, એનાં શાસ્ત્ર અને શિક્ષણ, વ્યક્તિગત અને સમષ્ટિગત તેનાં નિમિત્ત અને પ્રવર્તન જોઈએ. વ્યક્તિ-સમષ્ટિનો સંગીત સાથેનો અનુબંધ ધર્માશ્રયી અને મનોરંજનાશ્રયી એમ મુખ્ય બે પ્રકારોનો છે. ધર્માશ્રયી સંગીતમાં છંદગાન, સ્તોત્રગાન, સરજૂ-રેગડી-આરણ્યું જેવાં જાતિગત ગાન, પદગાન, આખ્યાનની દેશીઓનાં ગાન, ગરબા-ધૂન-ભજન-ધોળ વગેરેનાં ગાનનો અને ધર્મેતર ગાનમાં સંસ્કારગીત, શ્રમગીત, રમત-રમતગીત, રાસડા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વાદ્ય અને વાદન, રંગભૂમિનાં ગીત, રાષ્ટ્રિય ચેતનાનાં ગીત, હળવું કે સુગમ સંગીત જેવો આધુનિક પ્રકાર અને તેનું સ્વરૂપ, શાસ્ત્રીય અને ઉપશાસ્ત્રીય સંગીત, શાસ્ત્રકાર અને ગ્રન્થકાર, સંગીત શિક્ષણની ગતિવિધિ : એવાં અંગો પર પણ દૃષ્ટિપાત કરીએ.

છંદ અને સ્તોત્રગાન : ગુજરાતમાં છંદ-સ્તોત્રગાનની મુખ્ય પાંચ પદ્ધતિ છે!

૧. શકાદય, દેવી-અપરાધક્ષમાપનસ્તોત્ર વગેરે સંસ્કૃત સ્તોત્રોનાં ગાનમાં વસંતતિલકાદિ સંસ્કૃત વૃત્તો પરંપરાગત લગભગ સમાન એવા ઢાળમાં ગવાય છે.

૨. અર્જુનગીતા જેવા ગુજરાતી ભાષાના સ્તોત્રમાં ભુજંગી જેવા છંદોના નિશ્ચિત ઢાળની પરંપરા છે. ચારણીમાં તેનું ગાન જુદું પડે છે.

૩. દુહા અને સોરઠા, સાખી વગેરે પરંપરાગત ઢાળમાં ગવાય છે. દૂહા-સોરઠા-ચોપાઈ-સાખી વગેરેના ગુજરાતને પોતાનાં ઢાળ છે. દુહાનું ચારણી પ્રવાહનું ગાન જુદું પડે છે. ચારણી દુહામાં મરશિયા પ્રકારના દુહાનું ગાન પણ અનોખું છે.

૪. છંદ અને માતૃસ્તવનનો ખાસ ઢાળ ધરાવતો પ્રકાર પણ છે. ભક્ત વલ્લભના બહુચરાના છંદ 'આજ મને આનંદ વાધ્યો અતિઘણો મા!' એમાં મુખ્ય છે. છંદ-અષ્ટકાદિ સ્તોત્રની ચારણી અને ડાક સાથે ગવાતી રાવળિયા શૈલી જુદી છે.

૫. સૌરાષ્ટ્રના વૈશ્ય, સુતાર અને સોરઠિયા-ભોયા રબારીઓ દ્વારા માતૃસ્તોત્રનો સરજૂગાનનો લાક્ષણિક પ્રકાર છે. ગુજરાતના મુખ્યત્વે પાટણવાડિયા રબારીઓ દ્વારા ગવાતો માતૃસ્તવનનો રેગડી, રેડી કે રેલીનો પ્રકાર સરજૂગાન જેવો વિશિષ્ટ પણ ભિન્ન છે. વાળીનાથની રેગડી પણ ગવાય છે. ખેડબ્રહ્માના આદિવાસીઓમાં પણ રેડી ગવાય છે.

સરજૂગાન: સૌરાષ્ટ્રના ઈ.સ. ૯૬૨માં અવસાન પામેલા વૈશ્ય-સુતાર ભક્તકવિ ભાલણે માનસરોવરમાં રહી ચર્યાપદના વિશિષ્ટ શૈલીનાં ગાનની પદ્ધતિ આત્મસાત કરી અને સાંગાવાડી ડેરીમાં મમ્માઈ માતાના મઢની સ્થાપના કરી વૈશ્યસુતાર અને રબારી જાતિજ્ઞાતિના ભક્તોને સરજૂગાન શીખવ્યું. પોરબંદર, જૂનાગઢ અને દ્વારકામાં આજે પણ ચોરવાડ, શિડોકર, લોજ, બળેજ, ઓડદર, સાંગાવાડા ડેરી, વગેરે સ્થળનાં મમ્માઈ માતા અને શિકોતર માતાના મઢમાં નવરાતમાં તથા શેલણ/છેલણ, કળશ અને પૂજ જેવા મુખ્ય વિધિઓમાં આજે પણ સરજૂ ગવાય છે. ગાન માટેની રચના દુહા, ચોપાઈ કે બીજા કોઈ પણ છંદમાં, દેશીમાં હોય તેને જ ઊંચા સ્વરે સા રે ગ પ ધ સાં ઓડવજાતિના ગાનમાં આંદોલિત સ્વરમાં ઝાંઝ-પિયૂડી સાથે ગવાય છે. મોટા ભાગના શબ્દોના અક્ષરોની વચમાં હા-હો-હે ભરવામાં આવે છે, એથી એ પંથનો ન હોય એવો શ્રોતા એના પાઠના શબ્દો પકડી શકતો નથી અને પાઠ ગુપ્ત રહે છે. સોરઠિયા રબારીમાં શુદ્ધ ગાંધારનો અને દ્વારકાપંથકના ભોયા રબારીઓનાં કોમળ ગાંધારનો પ્રયોગ થાય છે. મૌખિક કે લિખિત પાઠને ગુપ્ત

રાખવાની ચર્ચાપદની મુખ્ય બે પદ્ધતિ છે : હસ્તપ્રતમાં નકામા શબ્દો ને ગાળ ઉમેરવાની અને ગાનમાં બે અક્ષરોની વચ્ચેવચ્ચે વધારાના સ્વરો ભરવાની સરજૂમાં આ બીજી પદ્ધતિ છે. સામગાનમાં પણ વચ્ચે વધારાના સ્વરો ભરવામાં આવે છે અને સાંભળનાર કયો મંત્ર ગવાય છે, તે પારખી શકતો નથી. સરજૂ અને સામગાનમાં કેટલુંક ધ્વનિગત સામ્ય પણ છે, પરંતુ બન્ને વચ્ચેનાં જન્ય-જનક વા અન્ય અનુબંધ નિશ્ચિત કરવો મુશ્કેલ છે.[11] સ્તોત્રગાન તરીકે ગુજરાતનો આ પ્રકાર હજાર વર્ષની પરંપરા ધરાવતો, અદ્વિતીય અને પ્રભાવક છે. ગુજરાત-રાજસ્થાનમાં ચારણોમાં પણ દેવી-સ્તોત્રગાનનો ચરજૂ નામનો પ્રકાર છે, તે જુદો છે. પરંતુ આંદોલિત સ્વર અને ગાનની મનોશારીરિક અસરની દૃષ્ટિએ શક્રાદયગાન, આરણ્યું અને રેગડી સાથે કેટલોક સંબંધ છે. શક્રાદય સ્તુતિ મુખ્યત્વે વસંતતિલકા છંદમાં છે. પરંતુ દેવી-પૂજનના યજ્ઞનિમિત્તે શ્રીફળ હોમતી સમયે તેનું ગાન આવેગ અને આવેશપૂર્વક થાય છે. યુદ્ધ માટેના પ્રયાણ સમયે તેમ જ સેના જીત મેળવીને આવે ત્યારે આર્યોમાં ખાસ પ્રકારનાં ગાન થતાં હતાં. ગાનનું આ ઈન્ડોયુરોપીય જાતિગત પ્રકારનું સમાન લક્ષણ છે. પુરોહિત વર્મમન્ત્રોના કવચથી રક્ષા બાંધે અને સાથે શૌર્યપ્રેરક ગાન થાય. એના આવેગ-આવેશપૂર્ણ આંદોલિત સ્વરો મનોશારીરિક અસર ઉત્પન્ન કરે અને સાંભળતાં રૂંવાડાં ખડાં થાય અને દેહ આછી ધ્રુજારી અનુભવે. ચર્ચાનો અર્થ જ દૈનંદિની અને વીરતાપૂર્ણ કાર્યોની સિદ્ધિનું યશોગાન. દેવીએ ચંડ-મુંડનો વિનાશ કર્યો ત્યારે ઈન્દ્રાદિ દેવોએ, શક્રાદિએ સ્તુતિ કરી, તે લિખિત રૂપનું પ્રશિષ્ટીકરણ. દેવદેવીઓના ચારણી-પ્રવાહનાં છંદો, અષ્ટકો પણ આ પ્રકારનાં છે. પરંતુ ગાનની દૃષ્ટિએ તો સરજૂ સાથે બંધ બેસતા પ્રકારો આરણ્યું અને રેગડી છે.

આરણ્યું : નવરાતમાં રાવળ કોમના માતૃભક્ત ગાયક-વાદક માતાના ગોખ, મઢ અને મંદિરે જઈને ડાક સાથે છંદ, આરણ્યું વગેરે ગાય છે. શ્રી જયમલ્લ પરમાર સામવેદમાં જેનો ગ્રામગાન અને અરણ્યગાન એવા મુખ્ય બે પ્રકારો છે, તેની સાથે સરખાવે છે અને આરણ્યુંને અરણ્યગાન સાથે સંબંધ હોવાનું કહે છે, તે ચિંત્ય છે. 'ગ્રામ' એવો પ્રયોગ સામવેદમાં સ્વરોના ગ્રામાદિ સાથે છે કે કેમ, સામગાનની પશ્ચિમી અને ઉત્તરી ભિન્નતા છે તેમાંથી સામગાનની મૂળભૂત અને માન્ય - standared કહી શકાય એવી પદ્ધતિ અને એ ગાનમાં પ્રયોજાતા સ્વરો ક્યા, આરણ્યુંની રચનાઓ અને તેના ગાનમાં પ્રયોજાતાં સ્વર-સ્વરૂપો અને તેના મુખ્ય એકમો કયાં, તેનો વ્યવસ્થિત અભ્યાસ થાય, તે પછી જ નિશ્ચિત રૂપમાં કડી શકાય. પરંતુ ડાક પરનું આરણ્યુંનું ગાન પણ વિશિષ્ટ એવું સ્વરૂપ અને સ્થાન બન્ને ધરાવે છે.

ગાનની, આંદોલિત સ્વરોની સહાયે થતી, મનોશારીરિક અસરની દૃષ્ટિએ સરજૂની વિશેષ નિકટ રેગડી છે. પાટણવાડિયા રબારી અને ખેડબ્રહ્માના આદિવાસીઓની રેગડી પણ સાંભળનારનાં રૂંવાડાં ખડાં કરી દે છે. રબારીઓ માતૃસ્તવન જેમ વાળીનાથની પણ રેગડી ગાય છે. આદિવાસીઓ ભૂતપ્રેતનો વળગાડ દૂર કરવા રેડી/રેલી ગાય છે.

આમ, સ્તોત્રગાનમાં નોંધપાત્ર લક્ષણ એ છે કે એનો સંબંધ જાતિજ્ઞાતિગત વિશેષ છે. સંસ્કૃત વૃત્તનું ગાન બ્રાહ્મણોમાં વિશેષ છે. દુહા, છંદ, સોરઠાદિ ચારણમાં વિશેષ સિદ્ધ છે. સરજૂ, આરણ્યું, રેગડી પણ ઉપર જોયું તેમ ખાસ જાતિજ્ઞાતિમાં ગવાતા ગાનપ્રકાર છે.

પદગાન: ધર્મસંલગ્ન ગાનનો બીજો મહત્ત્વનો પ્રકાર પદગાનનો છે. એમાં પરંપરાગત દેશી ઢાળ અને રાગ-આધારિત ગેય ઢાળ એવા મુખ્ય બે પ્રકારો છે. રાગદારી પદગાનની પરંપરા પાંચસો વર્ષ જૂની અને દૃઢમૂળ છે એ તો નરસિંહ મહેતાનાં પદ વસંત, મલ્હાર, કેદાર જેવા અનેક રાગોનું સૂચન કરે છે, તેથી સિદ્ધ થાય છે. ગુજરાતમાં શાસ્ત્રીય રાગ-આધારિત ઢાળો લોકપ્રવાહમાં રહ્યા તેનું મુખ્ય કારણ પુષ્ટિમાર્ગીય કીર્તન પણ છે. શ્રી વલ્લભાચાર્યે શ્રીકૃષ્ણ પરબ્રહ્મનું પ્રગટ સ્વરૂપ છે, એવી શ્રદ્ધા સાથે હવેલીમાં પદગાનને સેવાનું અનિવાર્ય અંગ બનાવ્યું. મંગલા, શણગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, સન્ધ્યાઆરતી અને શયનની અષ્ટપ્રહરી સેવામાં પદ ગવાય છે. હવેલી જેમ ઘરની સેવામાં પણ એવાં પદગાન થાય છે. હવેલી સંપ્રદાયને રાગદારી પદગાનમાં સૂરદાસ, પરમાનંદદાસ, કુંભનદાસ, કૃષ્ણદાસ, નંદદાસ, ચર્તુર્ભુજદાસ, ગોવિંદસ્વામી અને છીતસ્વામી અષ્ટછાય વાગ્ગેયકારીની સેવાનો લાભ મળ્યો. સમય અને ઋતુ પ્રમાણે નિત્યસેવા અને પર્વાદિમાં પદગાન ગવાતાં રહ્યાં. વલ્લભાચાર્ય અને વિઠ્ઠલાચાર્યે ગુજરાતમાં પ્રવાસ-નિવાસ કર્યો અને વિવિધ બેઠકોની સ્થાપના થઈ. હવેલીની પણ ગુજરાતમાં સ્થાપના થઈ અને રાજ્યાશ્રય મળતાં રાગદારી સંગીતના ગાયકો-વાદકોની સેવા કીર્તનકાર તરીકે ઉપલબ્ધ બની. આની જ વ્યાપક અસર ગુજરાતના સંગીત પર પડી. સો જેટલા રાગરાગિણીમાં પદગાન થતાં રહ્યાં ને અનેક પદગાન પર શાસ્ત્રીય રાગ-આધારિત ઢાળની અસર પડી. હવેલીમાં નરસિંહ અને દયારામની પણ રચનાઓ ગવાતી રહી. સંગીતદૃષ્ટિએ પદગાનનો બીજો પ્રકાર છે તે પૂર્વપ્રચલિત એવા દેશી ઢાળનો હસ્તલિખિત તેમ જ મુદ્રિત પ્રતમાં પદના મથાળે રાગનું, તાલનું સૂચન હોય તેમ બહુધા પૂર્વપ્રચલિત ગેય

રચનાના ઢાળનું પણ સૂચન હોય છે. રાગનું ગાનસૂચન પુષ્ટિમાર્ગીય કીર્તનના કારણે રાગ પણ પરિચિત બન્યા તે પછી જ વિશેષ રૂપમાં પ્રયોજાતું થયું હોવાનું સંભવિત લાગે છે. એ પહેલાં તો મોટે ભાગે છંદનું સૂચન હોય અથવા તો કોઈ ગીતના ઢાળનું. શ્રી જયંત કોઠારીએ જૈન પ્રવાહની રચનાઓને આધારે ૨૩૨૮ દેશીઢાળની ૧૨૩ મોટી દેશીઓની સૂચિ આપી છે.[૧૨] પ્રેમાનંદાદિનાં આખ્યાનોમાં તથા 'બૃહત્ કાવ્યદોહન' ભાગ-૧થી ૮માં મુદ્રિત પદ અને પદ-માળામાં આપી છે. ગાનસૂચનમાં સાખી, ગરબી, છપય, કવિત એવાં પણ નિર્દેશ હોય છે તેને આધારે કૃતિનો ઢાળ બેસાડી શકાય છે. 'ગરબી' એમ સૂચવેલી રચના 'રૂડે ગરબે રમે છે, દેવી અંબિકા રે' જેવી સુપરિચિત રચનાના ઢાળમાં બેસાડીને ગાઈ શકાય છે.

ગુજરાતી ધર્મસંલગ્ન પદોના ગાનમાં અનેક પરંપરાગત શ્રવણ મધુર ઢાળ છે. એના સાંગિતિક અભ્યાસ ખાસ થયા નથી પરંતુ ડૉ. હરિવલ્લભ ચુ. ભાયાણીએ એમનાં દાદીમાં ગાતાં હતાં તે પદ-ભજન-ધોળ-ધૂનની સોએક જેટલી રચનાઓ આપી છે, તેનું આ લખનારે સ્વરાંકન કરીને તાલ તથા રાગની વીગતો પણ આપી છે. જેને સંપૂર્ણ રૂપમાં રાગદારી છાયા ધરાવતાં ગાન ન કહી શકાય, એમાં સારંગ, દેશ, માંડ, નેવાડો, ધનાશ્રી, જયજયવંતી જેવા રાગોના સ્વરઓમાં યોજાયેલા જોવા મળે છે.

દેશી : આખ્યાન જેવી કથાશ્રયી રચનાઓમાં ગાનને દેશી કહેવામાં આવે છે. એના માટે ઢાળ, ચાલ, વલણ એવા પર્યાયો પણ યોજાતા જોવા મળે છે. સ્વતંત્ર રૂપના પદનાં ગાનથી આખ્યાનની કે જૈનસ્રોતની કથાશ્રયી રાગનો દેશીઓને જુદી પ્રમાણવી હોય તો એમાં રે, લોલ, હાં જેવાં લયાત્મક લટકણિયાં અને ધ્રુવપંક્તિને લક્ષમાં લઈ શકાય. મૂળ ઢાળ તો કોઈ પ્રચલિત ગીતનો હોય, એના ગેયસ્વરૂપને માત્રામેળમાં ઢાળીને દેશી સિદ્ધ થાય છે. વિવિધ દેશવિભાગોનાં લોકપરંપરામાં ગવાતા પદના, ગીતના ઢાળ એટલે 'દેશી' એવો પર્યાય પ્રાચીન છે અને મતંગમુનિએ એના પર 'બૃહદ્દેશી' નામનો ઉત્તમ ગ્રન્થ પણ રચ્યો છે. લાંબી પરંપરા અને પહોળો પટ ધરાવતા ગીતઢાળની દેશીઓથી જ, એના ઢાળનું પૃથક્કરણ કરી, એમાં પ્રયોજાતા સ્વરનાં સ્વરૂપ, ચલન અને સ્વરજૂથને આધારે જ કેટલાક શાસ્ત્રીય રાગો ઘડાયા છે. રાગ બિલાવલ આ રીતે ગુજરાતના વેળાવરની લોકધૂનમાંથી સિદ્ધ થયો છે. રાગ સાથેની ગૂજરી, મારુ, મેવાડો, સોરઠ જેવી સંજ્ઞાઓ પણ તે તે પ્રદેશની લોકધૂન સાથેના મૂળ કુળના સંબંધને પ્રગટ કરે છે.

પદ-ભજન-ધોળ-ધૂન: ધર્માશ્રયી પદગાનનો વિશિષ્ટ પ્રકાર ધોળ છે. ધર્માર્થે તથા લગ્નાદિ નિમિત્તે ધોળની સુદીર્ઘ પરંપરા રાજસ્થાન-ગુજરાતમાં છે. આવાં ધાર્મિક-સામાજિક નિમિત્તો અને કૃતિઓના અંશોનો સવીગત પરિચય અગરચંદ નાહટાએ આપ્યો છે.[૧૩] લગ્નમાં, કૃષ્ણભક્તિમાં અને કોઈ વિજેતા કે સંતનાં આગમનને વધાવવા માટે ધોળ ગવાય. આ માટે ધવલમંગલ એવો પ્રયોગ પણ થાય છે. એમાં વધાવવાની ભાવના છે, આથી વધામણીનાં પદ પણ કહી શકાય. દેવ અને રાજવી અન્ય ઉત્તમ વંશ-સ્થાન ધરાવનારના પોતાનાં કે એનાં સંતાનનાં વધામણીનાં પદ ગવાય છે. ધવલનો અર્થ છે શણગારેલો પોઠિયો. સનમાન્ય ઉત્તમ વ્યક્તિનું આગમન થાય ત્યારે ધોળા પોઠિયાને શણગારીને સામૈયું કરાતું હોય અને તે સમયે આવકારનાં ગાન થાય, તેને પણ ધવલ-ગીત-ધોળ-કહેવાતાં હોય, એવો સંભવ છે. પછી લગ્નાદિ નિમિત્તે આ પ્રકારનો ધવલ હોય કે ન હોય, પરંતુ પદપ્રકારને ધવલ-ગીત એટલે કે ધોળ કહેવાતાં હોય. સ્વસ્તિક, શ્રીફળ, કુંભ વગરેની જેમ ધવલ પણ માંગલિક પ્રસંગનું, આમ, પ્રતીક બની રહ્યો. ધોળનો ઢાળ પરંપરાગત અને નિશ્ચિત હોવાથી, ગાનસૂચન રૂપે પણ હસ્તપ્રત અને મુદ્રિત પુસ્તકમાં ધોળ કે ધોળનો ઢાળ એવું દર્શાવવામાં આવતું હતું. આ રીતે ધોળ ગુજરાતના ધાર્મિક પ્રકારનાં પદ અને માંગલિક પ્રસંગોત્સવનો ગાનપ્રકાર છે. વૈષ્ણવ, જૈન, રબારી એમ ઘણી પરંપરામાં ધોળ ગવાય છે. વૈશ્યસુતાર અને સૌરાષ્ટ્રના રબારીઓમાં નકળંગના પાટપૂજનમાં તથા માતાના મઢની કે ગૃહની શેલણ, કળશ, પૂજ જેવા વિધિમાં જાણકાર વૃંદ ભૂવાઆના સંગાથે સરજૂગાન કરતું હોય છે ત્યારે આંગણામાં બેઠેલું વૃંદ ધોળ ગાય છે. ધોળનાં ગાનના, ખાસ તો એના ઢાળના, સંગીતની દૃષ્ટિએ જુદા જુદા પ્રકારો છે. જાતિજ્ઞાતિ અને ધર્મગત ભેદ પ્રમાણે તે તે વૃંદનાં ધોળના ઢાળ પણ જુદા પડે છે. રબારીજાતિના તો ધોળ જ નહીં, કૃષ્ણ-ભક્તિનાં ગીત, લગ્નગીત પણ બધાથી જુદાં જ મધુર અને ઘૂંટાયેલા કંઠે ગવાય છે. સૌરાષ્ટ્રના ભોયા રબારીઓમાં પુરુષો લગ્નગીત ગાય છે. એમાં કીતો એટલે કે કન્યા દ્વારા લખાયેલો પ્રેમપત્ર ગવાય છે. એના સારંગના ઢાળને પકડી શકો, માણી શકો, પરંતુ સરજૂની જેમ જ શબ્દોને, ગીતના પાઠને પકડી ન શકો. રબારીઓનાં ગાનમાં ક્રમશઃ લેવાતા નજીક નજીકના સ્વરોની શ્રુતિનો પણ મીંડ-ઘસીટ-ક્રિયાની જેમ એકબીજામાં ગૂંથાતી જાય છે. યમકસાંકળ જેવી જ સ્વરસાંકળ કહી શકાય. એથી ગાન સ્વલયમાં ઘૂંટાયેલું ને મધુર લાગે છે. ભાર ચારણ બારોટ દૂહા-છંદને, સંગીતની તાલીમ પામેલી વ્યક્તિ પણ જેમ યથાતથ ગાઈ ન શકે તેમ રબારીગાનનું પણ અનુકરણ મુશ્કેલ છે. કૃષ્ણજન્માષ્ટમીએ ભોયાજાતિની રબારણો 'કાનુડો' ગાય

છે. એ પણ, અનુકરણથી ગાઈ ન શકાય. ભરવાડ જેવી 'વાંભ' - ચોડલી બીજાનાં ગળાને સિદ્ધ થવી મુશ્કેલ છે. એવી આ વાત છે. આમ, ગાનશૈલી કે પદ્ધતિ જ નહીં પરંતુ સ્વરલગાવ અને એની ક્રિયા પણ જાતિગત પરંપરાથી આનુવાંશિક રૂપે સિદ્ધ થાય છે. આ વાત ગુજરાતના ચારણ કે રબારી પૂરતી જ મર્યાદિત નથી. ઈરાની, અફગાની, કશ્મીરી, આફ્રિકી વગેરેની પ્રાદશિક જાતિગત વ્યાવર્તક લાક્ષણિકતા એવી છે, ઈતર માટે સહજસાધ્ય નથી.

ભક્તિગાનમાં શિવ, શક્તિ, રામ અને કૃષ્ણ વિષયક અનેક રચનાઓનાં ગાન છે. આમાં કેટલાંક સર્વસાધારણ ગુજરાતના કહી શકાય, જે બધે નહીં તો ઘણે સ્થળે, વ્યાપક ક્ષેત્રમાં, પ્રદેશ-જાતિ-જ્ઞાતિના ભેદ વગર ગવાય છે. કેટલાંક ઉપર જોયું તેમ ખાસ જાતિજ્ઞાતિના વર્ગમાં. આથી આવાં ગાનનાં પણ સાર્વત્રિક અને જાતિગત એવા બે મુખ્ય ભેદ પડે છે. આમાં બન્ને ક્ષેત્ર કે વર્ગમાં ગવાતી રચનાઓમાં પણ કવિકૃત અને પરંપરાગત કે લોકસાહિત્યની એવા બે ભેદ છે. પરંતુ આ ચારે વર્ગમાં કેટલાક ઢાળ તો સર્વસામાન્ય કે સાધારણ એકમ જેવા હોય છે. એટલે કે કવિકૃત રચના હોય એનો ઢાળ લોકગીતનો પણ હોય. કોઈ વિશિષ્ટ જાતિજ્ઞાતિમાં ગાનશૈલી સ્વરલગાવ જુદા હોય, પરંતુ એવા ઢાળમાં પ્રયોજાતા સ્વરોનું માળખું તો સમાન જ હોય છે. સ્વરલગાવનો ભેદ અને તાલનો ભેદ એક મુખ્ય ઢાળનું શ્રાવ્યરૂપ ભિન્ન પ્રકારનું લાગતાં બે જુદા જ ઢાળ હોવાનું લાગે છે. આગળ ફિલ્મગીત અને સુગમસંગીતના સંદર્ભે આ વાત દૃષ્ટાંતથી સ્પષ્ટ કરી છે. આમ, નાટક કે નવલકથાની રચનાઓ અસંખ્ય કે વિપુલસંખ્ય લાગે પરંતુ કથાનકના પાયાના માળખાને - **Basic structure of plot** - દૃષ્ટિમાં રાખીએ તો મૂળભૂત રીતે સંપૂર્ણ ભિન્ન કે વ્યાવર્તક નથી હોતાં પરંતુ પાત્ર, સ્થળ-કાળ, નિમિત્તહેતુ વગેરેના ભેદથી જ નવી કૂંપીમાં જૂનો આસવ જ હોય છે. ઢાળમાં પણ ક્યાંક કોઈ સ્વરનો થોડો સ્થાનબદલો થાય કે સ્વરૂપ બદલાય ને ઢાળ નવો ને જુદો જ લાગે. તો ક્યાંક એક પણ સ્વરનું સ્થાન કે સ્વરૂપ બદલાયું ન હોય, પરંતુ માત્ર સ્વર લેવાની, લાગાવવાની પદ્ધતિ જ બદલાય તો ઢાળ જુદા લાગે, એમાં તાલ પણ બદલાય તો એકદમ જુદો પડી જાય. આમ, ઢાળમાં પણ જેટલી સંખ્યાનું બાહુલ્ય લાગે છે તેટલું ઢાળના આધારભૂત મુખ્ય ઢાળનું નથી. એ તો નિશ્ચિત સંખ્યાના જ છે, પરંતુ એક માળખું જ મુખ્ય હોય એમાંથી અનેક ઢાળ અસ્તિત્વમાં આવે છે. સ્વરની જેમ અહીં પણ પર્મ્યુટેશન-કૉમ્બિનેશન ચાલે ને એકમાંથી અનેક જન્મે છતાં, આવા નિશ્ચિત સંખ્યાના આધારરૂપ ઢાળમાં જ સંબંધિત પ્રદેશની કેટલીક પોતીકી, અંગત ઉપજ-નીપજ હોય છે. ગુજરાતના સંગીતમાં એ છે અને એનો સીધો અનુબંધ રાજસ્થાન સાથે છે.

શિવજીની કવિકૃત રચનાઓ અને લોકગીતની રચનાઓ સામાન્ય રીતે શિવરાત, શ્રાવણી સોમવારે ગવાતી હોય છે. એનો સીધો સંબંધ કોઈ પૂજન કે વ્રતાદિ સાથે નથી. શિવ-પાર્વતીનો વિવાહ લગ્નાદિ નિમિત્તે ગવાય છે. શિવ-પાર્વતી અને રામ-સીતા તથા કૃષ્ણ-રુકમણિ દામ્પત્યનો આદર્શ હોવાથી જ તેમનાં લગ્નની રચનાઓ ગુજરાતમાં લગ્નવિધિ દરમિયાન ગવાય છે. શિવને તપ કરવા જતા રોકાવા વિનંતી કરતી પાર્વતી, એમની વડચડ, શિવભીલડી-સંવાદ, જાણ્યું 'જોગેન્દરપણું મેં શિવજી!'નો ઉપાલંભ, ભીલડીનું રૂપ ધરી મોહ પમાડી મજાક કરતાં પાર્વતી પર સાટું વાળવા મોચીનું રૂપ ધરતાં શિવજી : આવી આવી કથાશ્રયીને કથાત્મક રચનાઓ વિશેષ ગવાય છે.[૧૪]

શક્તિઉપાસનામાં અંબા, બહુચરા, ભદ્રકાળી મુખ્ય છે. તે ઉપરાંત ચંડી-ચામુંડા, ખોડિયાર, કેહરમા વગેરે અનેક દેવીરૂપોની ઉપાસના ગુજરાતમાં છે. માતાજીનાં છંદ, સ્તોત્રાદિને મુકાબલે લોકજીવનમાં ગરબાનું ગાન વિશેષ છે. ખાસ તો નવરાતમાં ગવાતા ગરબા ગુજરાતની શક્તિઉપાસના અને ગાનની વિશેષ ઓળખ છે. સીમંત સમયે રન્નાદેનાં ગીતો ગવાય છે અને ઘોડો ખૂંદવામાં આવે છે. ગુજરાતની માતૃભક્તિ, નૃત્ય અને સંગીતનો ત્રિવેણી-સંગમ ગરબા છે. કવિકૃત રચનાઓ ઉપરાંત માંડવીના નિર્માણની, દેવીઓ દ્વારા લેવાતા ચાચરચોકના ગરબાની લોકરચનાઓ વિવિધ મધુર ઢાળમાં ગવાય છે. 'શિંગડુ વાગ્યું રે,' 'ખેલખેલ રે ભવાની મા' દ્રુત લય અને ઢાળની દૃષ્ટિએ પણ અદ્ભુત છે. 'થાળીમાં તો... હમચી ખૂંદું છું વાળી વાળી'માં નૃત્યનો લાક્ષણિક પ્રકાર છે, તે સાથે જ ખ્યાલના મૂળ જેવી જ, મુખ્ય સ્થિર લયમાં સમાવિષ્ટ થતી સ્વરના આંતર દ્રુત લયની ગતિની પદ્ધતિ વિશેષ નોંધપાત્ર લક્ષણ છે. ખયાલના મુખડા સાથે જોડાતી તાનનું જ પ્રારંભિક કે પછી અનુપ્રાણિત રૂપ આખી રચનામાં જોઈ શકાય છે. 'હમચી ખૂંદું છું વાળી વાળી' આવતાં જ નૃત્ય અને ગાન બન્નેનો આંતર લય દ્વિગુણિત થઈ મૂળ લયમાં જોડાય છે. આરણ્યું, સરજૂ, રેગડી જેવા ગુજરાતનાં ગાનના લાક્ષણિક પ્રકારો પણ માતૃભક્તિ સાથે સંકળાયા છે, તે લક્ષમાં લેતાં માતૃભક્તિ અને એની ઉપાસનાની સંગીત-નૃત્યાત્મક પદ્ધતિએ જ ગુજરાતની કલાને એનું નિજી સ્વરૂપ સિદ્ધ કરી આપ્યું છે, એમ કહી શકાય.

રામજી વિશેની અનેક કવિકૃત અને લોકગીતની રચનાઓમાં ઢાળની રીતે 'રામ લખમણ બે બાંધવા રામૈયા રામ' અને 'અવળી ગંગા અવળાં નીર'[૧૫] વિશેષ રચનાઓ

સીતાસ્વયંવર, વનવાસ અને સીતાહરણની જ ગવાય છે. રામરાવણયુદ્ધનો પ્રસંગ ઓછો ગવાય છે.રામકથા-આધારિત ગીત ઉપરાંત ધૂનમાં પણ રામનામનું લયાત્મક શ્રવણમધુર રૂપ જોવા મળે છે. તુલસીદાસે પેલા પદને આધારે જ ગુજરાતમાં 'બાઈ કોને ક્યો હશે?' જેવી ઉત્તમ રચના ગવાય છે. ભારતના કોઈ પણ રાજ્યની કોઈ પણ ભાષામાં કોઈ ઉત્તમ રચના અસ્તિત્વમાં આવે અને હૃદયસ્પર્શી મધુર લોકઢાળમાં ગવાતી થાય કે એ રચના અને એના ઢાળ અન્ય રાજ્યો અને ભાષાઓમાં પહોંચી જતાં હતાં. આવાગમનના આજ જેટલાં સાધનો ન હતાં અને વિવિધતામાંથી એકતા સિદ્ધ કરવાની કોઈ કૃતકતા-સંપ્રજ્ઞતા ન હતી એ ગાળામાં નરસિંહ, મીરાં, તુલસી, કબીર, તુકારામ વગેરેની રચનાઓ અને ઢાળ ભારતભરમાં અલ્પરૂપાન્તરિત છતાં મૂળને વફાદાર એવું પ્રાન્તીય રૂપ ધરીને પોતાનું સ્થાન જમાવી દેતાં, કાયમી કરતાં. ભારતીય સંસ્કૃતિ એ રીતે ઘડાઈ છે. આવું કેવળ ધાર્મિક કૃતિઓ પરત્વે જ આદાનપ્રદાન સીમિત નથી રહ્યું. ગુજરાતમાં ગવાતું 'દોકડો લઈ બીબી ખરીદવા ગઈ'તી જેવું ગીત દક્ષિણની ભાષામાં પણ મળે છે. આ પ્રકારના સાંસ્કૃતિક આદાનપ્રદાનમાં સંવાહક તત્ત્વ જેમ રચના છે તેમ ઢાળ પણ છે. સચોટ કથા પાણીની સપાટી પર પડતાં તેલના ટીપાંની જેમ દેશભરમાં પ્રસરે છે, તેવું જ મધુર ઢાળનું છે. એમાં આત્મસાત થવાની શક્તિ હોય છે. (ક્રમશઃ)

ટીપનોંધ :

૯. ગુજરાતમાં સંગીતનું પુનઃર્જીવન, પં. નારાયણ મોરેશ્વર ખરે, સં. પુરુપોત્તમ ના. ગાંધી, નવજીવન, અમદાવાદ, પૃ. ૨૭૨-૨૮૦.

૧૦. ફલશ્રુતિ,પ્રો. લાભશંકર પુરોહિત, સંવાદ પ્રકાશન, વડોદરા, ઈ. ૧૯૯૯, પૃ. ૫૩-૯૩

૧૧. લોકસાહિત્યઃ તત્ત્વદર્શન અને મૂલ્યાંકન, જયમલ્લ પરમાર, સં. બલવંત જાની, ગુ.સા. અકાદમી, ગાંધીનગર, ઈ. ૧૯૯૧, પૃ. ૬૫૧ *તથા વિશેષ વિગત અને આધાર માટે*

લોકસાહિત્ય : વિભાવના અને પ્રકાર, હસુ યાજ્ઞિક, ગુર્જર પ્રકાશન, ઈ. ૨૦૦૨, પૃ. ૨૧૭ થી ૨૪૪ *તથા* અંગ્રેજી શોધપત્ર : **The Banyan Tree, Edited by Moriola Offredi, Manohar, New Delhi, 2000. The Sarju-Song : by Dr. Hasu Yagnik, Page 223-234.**

૧૨ જૈન ગુર્જર કવિઓ : ભાગ-૮, મો.દ. દેસાઈ, સં. જયંત કોઠારી, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, મુંબઈ, ૧૯૯૭.

૧૩. ધવલ સંજ્ઞક જૈન રચનાઓ, અગરચંદ નાહટા, બિહાર થીએટર, પૃ. ૬૪-૭૩

૧૪. ગુજરાતી લોકસાહિત્યમાં કથાગીતો, ડૉ. હસુ યાજ્ઞિક, ગુ.સા. અકાદમી, ગાંધીનગર, ઈ. ૧૯૯૪, પૃ. ૧-૨૧

૧૫. લોકગીતોમાં રામચરિત અને પાંડવ કથા, ડૉ. હસુ યાજ્ઞિક, ગુ.સા. અકાદમી, ગાંધીનગર, ઈ. ૧૯૯૨, પૃ. ૧૧૨ અને ૧૪૪. ❐

લઘુકથા

વાડીનું વીલ

ડૉ. અશ્વિન મ. વસાવડા

અમે ત્રણ ભાઈઓએ અમારી વાડીમાં કરેલા આનંદ, મસ્તી, તોફાનો મને આજે પણ ગઈકાલ જેટલાં જ યાદ છે.

બાપુજી સાથે અમે ભાઈઓ વાડીએ જતા. ક્યારેક બા જમવાનું વાડીમાં લઈને આવતાં. બાપુજી અમારી પાસે થોડું સાફસૂફીનું કામ કરાવે અને પછી અમે છૂટા. પાકાં, કાચાં જામફળ, ચણીબોર, પપૈયા તોડીતોડીને ખાઈએ. રજાઓમાં ભાઈબંધો પણ વાડીએ આવે, બાપુજી મકાઈડોડા ભહ્રો કરી શેકી આપગગગગે, ટમેટાં, કાકડી પેટભરીને ખાઈએ. બા બાપુજી ઉપર ગુસ્સે પણ થાય : 'રોજ વાડીએથી જે તે ખાઈને આવે છે તે ઘરે ભાણે બેસી સરખું જમતા પણ નથી.'

બાપુજી કૂવાનો પંપ ચાલુ કરે, કુંડીમાં વહેતાં પાણીમાં સામ સામે પાણી ઉછાળતાં ન્હાવામાં તો કલાકો નીકળી જતા.

અમારા ત્રણેનાં લગ્ન પછી અમારા સંબંધોમાં તિરાડ પડવા લાગી અને પછી તો અમારે બોલ્યા-વ્યવહાર પણ ન રહ્યો.

બાના અવસાન પછી બાપુજીએ ઘર અને મિલકતના ભાગ પાડી દીધા. અમે ત્રણે ભાઈઓ જુદા રહેવા લાગ્યા. બાપુજી વાડીમાં રહેવા લાગ્યા. અમે ત્રણે ભાઈઓએ વાડી વહેંચી ભાગ પાડી નાખવા ઘણી વાર કહેલું. પણ બાપુજી મક્કમ રહ્યા હતા : 'મેં વાડીનું વીલ કર્યું છે.'

બાપુજી મૃત્યુ પામ્યા. વાડીનું વીલ શૌધવા અમે ત્રણે ભાઈઓગએ બાપુજીની પતરાંની જૂની બૅગનું તાળું તોડ્યું.

અમે તવતવડા ભાઈઓને બાપુજીએ લખતાં-વાંચતા શીખવ્યું તે દેશી હિસાબની ચોપડીઓ, એકડેથી સો અંકો લખેલી અને શબ્દો લખેલી અમારા હસ્તાક્ષરોની જૂની નોટબુક્સ, અમને લઈ દીધેલાં કેટલાંક રમકડાં અને બાની ચૂંદડીમાં બાંધેલું કવર મળ્યું : વાડીનું વીલ.

આજે બાપુજીની પહેલી પુણ્યતિથિ હતી. અમે ત્રણે ભાઈઓએ આગળથી નક્કી નો'તું કર્યું... છતાં વાડીના વીલમાં લખેલું હતું તે રીતે ત્રણે કુટુંબ સાથે વાડીએ આવી પહોંચ્યા.

અમારાં બાળકોએ તોડીતોડી જામફળ ખાધાં, બોરડીમાંથી ચણીબોર તોડી ભાગ પાડી ચણીબોર ખાધાં, ટમેટાં ખાધાં.

રતનબાપાએ કૂવાનો પંપ ચાલુ કરી દીધો. બાળકો કુંડીના વહેતાં પાણીમાં પાણી ઉછાળતાં નાહ્યાં. આ જોઈ પહેલાં મોટભાઈ બાળકો સાથે ન્હાવા પડ્યા પછી અમે બે ભાઈઓ પણ ન્હાવામાં જોડાયા.

વાડીના વીલમાં આ લખેલું હતું : 'મારી પહેલી પુણ્યતિથિએ તમારાં બાળકોને વાડીએ લઈ જઈ તમે જે આનંદ-કિલ્લોલથી સાથે રમતા, ન્હાતા તેવું કરાવજો... તે પછી વાડી વહેંચી ભાગ પાડજો.' અમારે કોઈને કંઈ કહેવું ન પડ્યું.. બાળકોએ જ સ્વયં અમે કરતા તે બધું કર્યું.

છૂટા પડ્યા ત્યારે મોટાભાઈનો નિર્ણય અમે પણ સ્વીકાર્યો 'વીલમાં ભલે લખ્યું, આપણે હમણાં વાડી વહેંચવી નથી.'

❐ ❐

બિસ્રંભકથા

ભરત ના. ભટ્ટ

"બે દિવસથી 'બિન્દુનો કીકો' વાંચું છું. વારંવાર થાય છે શરદબાબુની આ બિન્દુ વાસ્તવમાં જ હોત ને તે પણ મારા રૂપે તો..."

કેવું ઇચ્છિત બની રહેત એ ! મારી સર્વ અધૂરમ ધોવાઈ જાત ને તે પણ કશી ભૌતિક મૂર્તિ વગર.

બિન્દુ ખરેખર થઈ ગઈ હશે? જમાને જમાને એક એક બિન્દુ ન હોવી જોઈએ? હું આ સમયની બિન્દુ હોઉં તો?

પરંતુ અલોપા, ઇચ્છ્યું કોનું થયું છે? તેં કશુંક ગુમાવ્યું છે તો કશુંક વધુ ગહરાઈનું મેળવ્યું નથી? અને હજી બે દિવસ પહેલાં જ તેં નિર્ણય કર્યો છે કે એ બધું હવે માત્ર ભૂતકાળ. પેલી કસેટ 'ઈરેઝ' કરી નાખવાનું પણ તેં નક્કી કર્યું છે. ગિરીશ બે દિવસ બહારગામ ગયા છે. ઘરમાં બીજું કોઈ નથી, એ કામ તું પતાવી દેને, અલોપા! ને...

ને...?

ને મન પાછું ભારે થઈ જાય ત્યારે પાછી 'બિન્દુનો કીકો' વાંચી લેવાની.

હા અલોપા, એ બધી વાતોમાં હવે વેદના સિવાય શું રહ્યું છે? પરંતુ કેવી એ વિડંબના? શું કહેવું તેને? કાળની નિષ્ઠુર થપાટ કે નિયતિની કઠોર કૃપા?

પરંતુ અભિનંદન નીરજ તને, આભાર તારો. તેં મને મારી નિજી ઓળખ આપી, સ્ત્રીત્વ-પુરુષત્વથી પર. બાળપણ, કૈશોર્ય, યૌવન, પ્રૌઢત્વ ને વૃદ્ધત્વઃ મારી એ સર્વ વયને અવિચ્છિન્ન કરી, એક વયનિરપેક્ષ બિન્દુમાં સમન્વિત કરતી કેવળ અલોપાને તેં જન્મ આવ્યો. પુત્રી-પત્ની-માતા, બૅંક મૅનેજર ને ગૃહિણી; ઝગડાળુ કે શાંત-સ્નેહાળ, સુખી યા દુઃખી - કોઈ લેબલ જ નહીં ને! માત્ર એક જ લેબલ : માનવ. એકલી જન્મેલી ને એકલી જ જવાની એવી એક ને અદ્વિતીય માનવ નામે અલોપા.

આ ઓળખ પછી એ કસેટનું, શરદબાબુની આ વાર્તાનું કશું મહત્ત્વ છે?

નહીં; એ હવે ન જોઈએ. હા, માત્ર એક વાર કસેટ સાંભળી લઉં - મનની ને પેલા ચક્ર પરની બંને, તો અલોપા, ચૂપ હવે, સાંભળ...

*

ટ્રીન... ટ્રીન... ટ્રીન...

હલ્લો...

હલ્લો,ની... ૨... જ?

હા, હું નીરજ, તમે? અ...લો...

હા...શ... ઓળખી ગયા ખરા!

બોલ....?

તાકીદનું ને ખાનગી કામ... છે.

બોલ....

અત્યારે નહીં. ત્યાં માત્ર તમે ને અહીં માત્ર હું હોઉં ત્યારે ફોન કરશો?

ક્યારે કરું?

આવતી કાલે બપોરે ૧૨ થી ૧ વચ્ચે?

નોકરીએ જવાનું?.

હું રજા લેવાની છું. તમે પણ એમ કરજોને પ્લીઝ!

પણ બંનેએ પોતપોતાના ઘરે જ રહેવાનું છે તો પછી... રજા? નીરજનો પ્રશ્ન હતો.

એ કાલે ફોનમાં સ્પષ્ટ થશે. હ...લ્લો... તો તમે કરો છો ફોન... કાલે. બપોરે... ૧૨.. વાગ્યે... ભૂલ્યા વગર... અલોપાએ વાત પૂરી કરી.

*

હલ્લો... અલોપા... હું નીરજ બોલું છું.

બરાબર બારને ટકોરે રણક્યા ખરા! ખૂબ જ આભાર.

હં બોલ, શું ટી.કે. કામ છે?

શું ઉં...ઉં...ઉં...?

શું તાકીદનું ને ખાનગી કામ છે તેમ જ વળી!

હાશ... મને તો ગભરાવી મારી! હજી તમારી ટેવ નથી ગઈ?

કઈ ટેવ?

કોઈ વ્યક્તિ તો ઠીક, ગમે તે ચીજ, કાર્યક્રમ, મુદ્દો, વિશેષણ વગેરે જે કાંઈ માર્ગમાં આવ્યું તેનાં 'ફોઈબા' બની જવાની.

જો અલોપા, ટેવ-સ્વભાવ તો પડછાયાં જેવાં, તે સાથ ન છોડે ને બાકી તો એ ટેવે આજે પણ તને હસાવી દીધી ને? હળવાશ કાયમ રહે તો તને કાંઈ વાંધો છે?

એ મહેરબાન, નમસ્તે. મારે વાતો વિચારો, તારતમ્યોના ધુનામાં પડવાની જરાય જરૂર નથી.

હા, પણ કામ તો બોલ?

સાંભળો, હું નહીં, આ મારું ટેપ ફોનમાં અહીંથી બોલશે. અહીં માત્ર હું છું ત્યાં માત્ર તમે જ છોને? બિલકુલ ખાનગી વાત છે આ સાંભળો તમે નિરાંતે... ધ્યાન દઈને...

*

ટક...

'ની...ર..જ...' આર્ત, ક્ષોભભર્યો ને છતાં અંતરમાંથી આવતો અવાજ ટેપમાં શરૂ થયો.

ની...ર...જ... શરૂ તો કરું, પણ ક્યાંથી? કેવી રીતે? મારા મનની ને મારી રસનાની ગતિમાં સંવાદિતા જ નથી આવતી પણ...

યાદ છે ને નીરજ, આપણે ધીરે ધીરે એકબીજામાં ખોવાતાં જતાં હતાં, કૉલેજમાં ભણવામાં થોડાં આગળ-પાછળ, પરંતુ આપણે જીવનનાં કદમ સાથે મિલાવાં માગતાં હતાં. તું અલોપા, મને કેમ સૌથી વધુ ગમે છે કહું? તમે નીરજ, પૂછેલું એક વાર, ક...હો...તો...તમે જેને પછી ઉષાની લાલી સમો કહેલો તેવા ચહેરે મેં પૂછેલું. તારા ચહેરામાં ને તારા વ્યક્તિત્વમાં કોમળતા, સંવેદનશીલતા, બૌદ્ધિકતા તેમ જ સુંદરતા એ ચારેય દિશાની ક્ષિતિજ પર્યન્તની સમૃદ્ધિ વ્યક્ત થતી મેં અનુભવી છે એટલે.

એ મારી સંપત્તિ છે જ તો વળી - મેં ગર્વછટાથી કહેલું.

પરંતુ એ કેવળ તારી ન ગણાય. એ ખરી તો કુદરતની ભેટ. તમે મને ચિડવવા કહેલું.

તમે કુદરતને મહત્ત્વ આપો છો. મારું મહત્ત્વ નથી. એમને? મેં જરા છણકાઈને પૂછેલું.

ના, એવું નથી અલોપા.... પણ...

શું...?

લાગણીને લગાવને, ખેંચાણને કાંઈક કારણ તો નથી હોતું?

એટલે...?

જેમ અર્થ વગરનો શબ્દ નહીં મળે, અલોપા, કર્મ વગરની એક ક્ષણ ન હોઈ શકે, તેમ કારણરૂપી કોઈ ઉગમસ્થાન વગરનાં લાગણી-અનુરાગ હોઈ શકે? વિચારજે. તમે કહેલું.

નીરજ, તમારું સૂચન માન્ય, તારણ પણ હાલ તો માન્ય ને તમારી પસંદગી પણ માન્ય... લગભગ ઓગળી જતા અવાજે બોલાયેલું.

ને નીરજ, મને તમે ગમો છો ને કેવળ ગમો છો એટલું જ મારા માટે પૂરતું છે. તમારા માટે? મેં આગળ કહેલું.

અલોપા, મને તેમાં શું વાંધો હોય? શા માટે વાંધો હોય? પછી જરા અટકી ચહેરા પર ચતુરાઈ લાવી તમે પૂછેલું એ પસંદગી સંદર્ભે હવે કાંઈ વિકાસની ઇચ્છાને શક્યતા છે ખરી?

તમને પુરુષોને કદી પહોંચાય નહીં, મગનું નામ મરી પડાવ્યે જ રહો. મેં તમારા હાથમાં મારો હાથ મૂકી દીધેલો ને આંખો બંધ કરી કહેલું, 'તૂ ચાહે લે ચલ કહીં, તૂજમેં હૈ મુજકો યકીં...'

પરંતુ યાદ છે નીરજ, આમ જુઓ તો કેવી નજીવી વાત ને છતાં કેટલી નિર્ણાયક! મારા પિતા પાસે આપણી વાત પહોંચી. મેં જ કહી. જો કે તેઓ તો કદાચ બહુ વાંધો ન લે, કંઈ બહુ કહે પણ નહીં પરંતુ કાકા, મામા ને બીજા વડીલો હતા એ સૌએ મારાં મમ્મીને કહ્યું : મોટીબહેન, આપણું ઘર સામાજિક ને સાંસ્કૃતિક મોભાવાળું. સાધન-સંપન્ન પણ ઘણું. નીરજ તો વિધવા માતાનો એકલો પુત્ર!

નીરજના એક મામા ને એક કાકા ભલે દૂર છે પણ આબરૂદાર છે ને? ને અહીં પણ તેનાં બાનું તેનું પોતાનું વર્તુળ નથી શું?

'પણ આપણી તોલે ન આવે. તારે ને સાથે અમારે પણ ઘણું ગુમાવવું પડે, ને તારી ચિંતા પણ અમારે રહે જ.' હવે મમ્મી બોલી.

એવું નહીં બને મમ્મી. ને ગોઠવવાનું તો મારે છે ને? મને તો ફાવશે જ. ત્યાં મોભો સગવડ નહીં, માણસો મહત્ત્વનાં છે.

પણ પછી તને જ પસ્તાવો થાય ત્યારે અમે શું કરીએ? રાતે પાણીએ રોઈએ? મમ્મીનો અવાજ એકદમ બદલાઈ ગયેલો.

મેં મમ્મીને, સૌને સમજાવ્યાનો પ્રયત્ન કરતાં કહેલું, એવું તે કાંઈ બને મમ્મી? ને નીરજ કેવું સરસ, કારકિર્દી બને એવું ભણવાના છે! સૌ કહે છે કે તેનો વિકાસ અસાધારણ હશે. ભવિષ્યમાં નીરજનો તો ચડતો ને સ્વયંપ્રકાશિત ચંદ્ર હશે.

પણ નીરજ, જે થવાનું હતું તે જ થયું. માત્ર તમને એક વાર મળવાની ને મારી 'ના' જણાવવાની મને સ્વતંત્રતા મળેલી. મેં તમને મળીને રડતાં રડતાં બધી વાત કરેલી તે યાદ છે ને? નીરજને લાગ્યું કે આ કસેટમાંનો અલોપાનો અવાજ પણ ઢીલો રડું રડું જેવો છે.

'લાગે છે ને અલોપા કે તારી મારા માટેની લાગણીનો તારા ઘરમાં વિરોધ થયો તેનાં પણ કારણો છે.' તમે અપમાનિત, ઘવાયેલા અવાજે બોલેલા.

'આજે એ કારણો હશે પણ ભવિષ્યમાં રહેવાનાં નથી. 'મેં વિશ્વાસથી કહેલું.'

'હા, નહીં રહે. હું નીરજ કાંઈક જુદો જ હોઈશ. વિધવાનો એકનો એક પુત્ર તો છું જ ને ગૌરવથી છું, પરંતુ બાહ્ય માન-મોભામાં પણ કાંઈક વિશેષ હોઈશ.'

હા, નીરજ, પણ આપણી લાગણી, શક્તિ શક્યતા ઊંચું નિશાન વગેરેનો સ્વીકાર જ નહીં.

'પણ અલોપા, માણસ તરીકેની યોગ્યતા, પરસ્પરની લાગણી, દાંપત્યનાં સહજ સ્વપ્નાં વગેરેનો સ્વીકાર સાવ આવાં નજીવાં કારણો પર આધારિત હોય તે નથી સ્વીકારતું.'

'શું કરીશું?'

'શું કરવાનું ? તું મુક્ત છે અલોપા. જેને મારા વર્તમાન માટે આવકારભાવ નથી ને મારી શક્તિઓથી વિકસવા માટે શુભેચ્છા નથી તેઓની વચ્ચે ન રહેવાય.'

પણ નીરજ, તમે મારો વિચાર કરો. તમારા માટે મારા ભાવમાં તો રૂંવાડુંય ઘટ્યું નથી, ને નીરજ, હું ક્યાં જઈશ?' મેં કહેલું.

તારી વેદના સાચી છે અલોપા, પરંતુ ધાર કે આપણે જોડાયાં ને કમનસીબે હું ધારી પ્રગતિ ન કરી શક્યો તો આ સૌ હસવાનાં, મારી ને ભેગી તારી પણ મશ્કરી કરી હસવાનાં ને જો મેં વિકાસ કર્યો તો ઈર્ષા કરીને આપણી આજુબાજુ તેનો અગ્નિ ખડો કરવાનાં. તારાથી આ જીરવાશે?'

ચાલોને નીરજ, આપણે ભાગી જઈએ.

એ પણ કદાચ ભૂલ ને ભૂલ જ સાબિત થશે.

જો, અલોપા, આપણે અહીંથી ભાગળું એટલે અનેક સહજ ને પાયાના સંબંધતાંતણાઓનું છેદન. આપણને બંનેને તેના સંયુક્ત ને અરૂઝ ઘા પડવાના. તે કરતાં આપણે જુદા પડવું એટલે માત્ર એક ને અંગત સંબંધનું જ છેદન. એ કદાચ રૂઝાશે.

ને ન રૂઝાય તો?

તો આપણે સ્વબળથી તેને સહ્યે જવાનું.

આમ બોલવા જેટલું તે સહજ છે, નીરજ?

આજે પારાવાર વેદના થાય છે અલોપા, પરંતુ તેને બને એટલી જલદી સહ્ય કરવી હોય તો આજ માર્ગ છે. હા, કદાચ સ્ત્રીઓ માટે તે ઘણું આકરું હશે પરંતુ એ માટે અલોપા, મારી તને અનંત મદદ ને સહાનુભૂતિ અર્પણ.

આટલું બોલી તમે મૂંગા થઈ ગયેલા.

'બસ નીરજ, બધું પૂરું?' લગભગ રડી પડતાં મારાથી પુછાઈ ગયેલું.

તમે કાંઈ બોલેલા નહીં. મારે વાંસે હાથ ફેરવેલો. મને પાસે લીધેલી ને મૂંગા મૂંગા મારામાં શક્તિસંચાર કરતા હો તેમ મને આધાર આપીને ઉભેલા.

નીરજ, મને ત્યારે તો દુઃખમાં ને રોષમાં ખયાલ નહીં આવેલો, પરંતુ પછીથી સમજાયેલું કે ત્યારે તમારા દિલના પણ અનેક ટુકડાઓ થઈ રહ્યા હશે ને વિચારોની દિશાહીન દોડાદોડી તમારા મનમાં ચાલતી હશે. તમે નીરજ, તેને દિશા આપવા, પેલા ટુકડાઓ ઉપાડીને ગોઠવવા મથતા હશો. ખેર!

પણ નીરજ, તમને થશે આ બધું આજે, અચાનક ઉખેળવાનું શા માટે? તો એ જ હવે તો વેદનાનું કેન્દ્ર બને છે, કારણ કે...

નીરજ, મારું બીજે જોડાવું - દાંપત્યનો નવો અવતાર ખંડિત જ સાબિત થયો. આમ તો નીરજ, સ્ત્રીની કૃતકૃત્યતાનાં બે શિખર : દાંપત્ય ને માતૃત્વ. તમે જાણો છો કે મારે મન એ બન્ને સરિતાના બે કિનારા જેવાં. બંનેનો યોગ, બંનેનું સહઅસ્તિત્વ મારે મન અનિવાર્ય.

યાદ છે આપણે જોડવાનું વિચારતાં હતાં ત્યારે મેં કહેલું નીરજ, તમે મને ગમો છો ને તમારી પ્રતિકૃતિ પણ મને ખૂબ ગમશે. પછી સંકોચવશ થોડી પળ મૂંગી રહી, ગેલમાં આવી હું બોલેલી, 'પછી હું તો બાળ-દીકરાને ખભે હાથ ભરાવી ઝૂલ્યા કરવાની.'

પરંતુ તમે કાંઈ ઓછા પક્કા હતા નીરજ! હજી પણ હશો જ. બોલેલા, 'મારે તો પુત્રી જોઈએ, તેની મા જેવી જ અસ્સલ મોટો અધિકારી હું તો બન્યો હોઈશ. મોડી સાંજે કે રાત્રે હું ઑફિસેથી થાકીને આવીશ એટલે મા-દીકરી આગ્રહથી પગચંપી કરશે.'

'પગ ચાંપશે અમારી બલારાત !' અંગૂઠો બતાવતાં મેં કહેલું.

મંગલત્રિકોણનાં આપણાં એ સ્વપ્નાં પર તો આપણે જ વજ્જરલેપ ચડાવી દીધેલો. પરંતુ નીરજ, મારું માતૃત્વનું સ્વપ્ન તો અકબંધ હોય ને? કદાચ તમે ન મળતાં એ બેવડી સાર્થકતા ઝંખતું હોય.

પરંતુ, આગળ કહ્યું તેમ, નીરજ, મારું બીજે જોડાવું - મારા દાંપત્યનો નવો અવતાર ખંડિત જ સાબિત થયો.

લાવ ઘડીક સાંભળવાનું બંધ કરી દઉં... નીરજને થયું... પણ તે તરત ભોંઠપભર્યું હસી પડ્યો. તેને ખયાલ આવ્યો કે ટેપ તો ફોનમાં સામેથી વાગે છે. પોતાના હાથમાં કશું નથી, પણ આ બાજુ ટેપ તો ચાલુ જ હતું.

નીરજ, આજે પણ, હું માતૃત્વથી વંચિત છું.અમારો મેડિકલ રિપોર્ટ સ્પષ્ટ છે.

અલોપા જનની જરૂર બની શકે.

ગિરીશ કદી જનક નહીં બની શકે!

'આ અંદરનું સત્ય.'

બહારનું સત્ય?

અમારી આસપાસ એક વર્તુળ પરિવારજનોનું, તેથી મોટું સગાંઓ-સંબંધીઓનું, તેથી આગળ મિત્રો-સહકાર્યકરોનું, તેથી મોટું અહીં બહારનાં પરિચિત સ્વજનોનું ને તેનાથી મોટું આસપાસના સમગ્ર સમાજનું.

આ સર્વ વર્તુળોમાં નીરજ, અમારા અપૂર્ણ સંસાર માટે જવાબદાર એકમાત્ર અલોપા, અલોપાની તૃટિ, અલોપાની મર્યાદા, અલોપાનો વાંક. એક તો મારામાં જ વંચિત તાની આળપ, તેમાં આપણાં ખંડિત સ્વપ્નોએ ઊંડો જખમ કર્યો ને તેમાં મીઠું ભભરાવ્યા કરે છે આ બધાં વર્તુળો.

ધીરે ધીરે ભીંસાતી ચાલી હું. અમને બંનેને લાગ્યું કે આમ

તો નહીં જ જીવી શકું હું! હા, આ સર્વ યાતનામાં ગિરીશ સતત મારી સાથે. એ એકલા જ પણ સંપૂર્ણ. નીરજ, ખૂબ સમજદાર, ગજબના ઉદાર ને અત્યંત સ્નેહાળ છે ગિરીશ. એક દિવસ કહે, અલોપા, તારું હોવું ને પ્રસન્નતા સાથે હોવું મારે માટે અનિવાર્ય છે. ને ઢીલા પડી ગયા. તેમના ચહેરા પર એવી ભીતિ હતી, જાણે હું મરણ-પથારીએ ન હોઉં!

હું રડી પડી. બોલી 'ગિરીશ, તમને છોડીને હું ઘરબહાર પણ જવા નથી માગતી, પરંતુ હું શું કરું?

ઘડીક મૂંગા રહી ગિરીશ કહે, 'એટલે જ કહું છું, અલોપા, કે એક માર્ગ છે.'

'કયો?'

'તું ખુશીથી માતૃત્વ પ્રાપ્ત કર. તે માટે મારા તરફથી તને સંપૂર્ણ સ્વાતંત્ર્ય.'

'શું...?'

હા, અલોપા, જરાય આવેશમાં આવવાનું કે ઢીલા પડવાનું નથી. આપણી લાગણી સમજવા જ આપણે રૅશનલ બનવાનું છે. મારે આપણા જીવવા માટે તારી પ્રસન્નતા જરૂરી છે ને તે માટે તારી પૂર્ણતા અનિવાર્ય છે. ને એથી મારી સંમતિ તો ઠીક, આ માટે આગ્રહ પણ છે.

ક્રોધ, ક્ષોભ, આશંકા, નિરસતાનાં વાદળો મારી આસપાસ ઘેરાવા લાગ્યાં, પરંતુ ગિરીશ સ્પષ્ટ હતા, કૃતનિશ્ચયી હતા. મેં દત્તક લેવાનો વિચાર પણ કર્યો, પરંતુ ગિરીશે એમ કહીને મને મૂંગી કરી કે અલોપા આપણા વારસદારમાં આપણું એકનુંય રક્ત હોય તો એ સારું નથી? આવકાર્ય નથી?

પછી તો ગિરીશની ઉદારતાએ મંજૂરીએ મારી પેલી સૂતેલી ઝંખનાને જગાડી. મંજૂરી ને ઝંખના સમન્વય પામ્યાં ને તાજા થયા એ દિવસો જ્યારે આપણે દાંપત્યનાં સ્વપ્નો સેવ્યાં હતાં. યાદ આવ્યો પેલો સંવાદ, પુત્ર-પુત્રીની પસંદગીનો.

આથી ની... હવે ત...મે... ય...ને...
તેડવા દોડું ને ચૂલે ઉભરાતાં દૂધ ભલે,
પાંગરાનો કિચૂડાટ આપો.
કંઠે હાલરડાંનાં રૂંધ્યાં કપોત, એને
ઊડવા ગગન થોડું આપો.

'મહાભારત' કહે છે કે રાજધર્મ પામવા અંબિકા, અંબાલિકાએ વેદવ્યાસને સેવ્યા હતા. મારી પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે હું તમને સેવવા માગું છું.

*

મારા એ ચાર-પાંચ દિવસ કેવા ગયા હશે? કેમ ગયા હશે? સારું થયું કે ઘરમાં હું એ ગાળામાં એકલો હતો! જો કે જાત સંભાળી ન શકું તો જોખમ પણ ખરું ને આમ સલામતી તો ખરી જ. નીરજનો સ્વસંવાદ ચાલ્યો. કેવી એ દશા? દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન મિત્ર રાજ્યોનાં સંયુક્ત કટક જેવડાં લાગણી ને વિચારોનાં કટક ધસી આવેલાં મારાં પર! ને પરિણામ શૂન્ય. ઘાણીના બળદની જેમ નીરજ તો ઠેરનો ઠેર.'

પણ પછી નીરજે અલોપાને પૂર્ણતા ને ઓળખ આપ્યાં?

અલોપા, તેં મોકલ્યો હતો તે જ રીતે કસેટમાં ધ્વનિમંડિત આ રહ્યો મારો જવાબ-પ્રતિભાવ.

તું જેને પૂર્ણતા કહે છે, અલોપા, તે પૂર્ણતા જ પછી અહોનિશ તમારા દાંપત્યની અધૂરપ અનાવૃત નહીં કર્યા કરે?

ગિરીશે પણ પિતૃત્વનું આમ તો બનાવટી ફૂલ જ ખીલવવું પડશે ને? તેના હાથ નવાગંતુક ને તેડી લેવા લંબાશે, પરંતુ હૈયું?

અલોપા, હું પણ પુરુષ છું. વ્હાલ ને ધિક્કારનું આવું ઘમસાણ ગિરીશની ને પછી તમારી બંનેની હાલની વિટંબણાથી નાની વિટંબણા હશે? એ તો અસાધ્ય હશે ને સતત સંતાડવી પડશે.

તું અલોપા, માતૃત્વ વગર અધૂરપ અનુભવે છે પરંતુ તને પૂર્ણતા આપવા જે આવશે તેનો વિચાર તેં કર્યો? આપણે ચારેય જોડાયેલાં હશું-થશું, પરંતુ આપણા સૌ માટે એ સ્થિતિ સ્વીકાર્ય નહીં હોય તે પ્રસન્નતાદાતા નહીં બને પણ પ્રસન્નતા વિદારક બનશે.

લાગણીનો તંતુ મુલાયમ હોય, સ્પર્શાકર્ષક હોય પરંતુ આપણા આ સંબંધોના તાંતણામાં તો ગાંઠા, ક્ષીણતા ને સાંધા જ વધુ હશે.

અલોપા, અને પછી આગંતુક પકવ બનીને આ બધું જાણશે તો ને ત્યારે? તેને માટે તેનું હોવું સાવ પોલું નહીં બની જાય?

કોઈ પત્નીત્વમાં ધન્યતા જુએ, તું માતૃત્વ સાથે ધન્યતાને જોડે છે. કદાચ કોઈ સ્ત્રીરત્ન કે મહિલાઆગેવાન બની ધન્ય થાય, પરંતુ તું સ્ત્રી છો તે જ કેવળ ધન્યતા માટે પૂરતું નથી? તમે બંનેએ સ્ત્રીની ધન્યતાને એક છાબડામાંથી બીજા છાબડામાં મૂકી, પરંતુ મૂળ ચીજ તો એની એ ને એટલી જ છે ને હોવી જોઈએ. આપણે સૌ જન્મથી તે મૃત્યુ સુધી જે છીએ નિરપેક્ષ-નીજી તે જ સંપૂર્ણ છીએ. વચ્ચેના ગાળામાં જે કાંઈ બનીએ છીએ તે સાપેક્ષ પ્રાસંગિક સીમિત તેવો આપણો આવિર્ભાવ નથી?

અલોપા, મનુષ્યદેહ એ તેના સૂક્ષ્મરૂપનું પ્રતિનિધાન છે ને આવું પ્રતિનિધાન અપૂર્ણ હોવાનું. સાચી સ્થિતિ એ નથી કે આપણું ભૌતિક રૂપ સૂક્ષ્મરૂપ માટે પૂરક બને તેનો આધાર બને? પરંતુ જે ક્ષણે તે સૂક્ષ્મના સત્ત્વની વિરુદ્ધ જાય કે તેને માટે બાધા

બને તે ક્ષણે તેનું મમત્વ ખરી પડવું જોઈએ.

જો હું આત્મા ને તેના અમરત્વની વાત નથી કરતો. તે માટે હું ઘણો નાનો છું. આપણું એક સૂક્ષ્મરૂપ ભલે ને જન્મથી મૃત્યુ સુધીનું જ હોય છે. તેને પામવું ને સાચવવું એ જ આપણો ધર્મ, અલોપા. તું તું જ રહે ને તને ઓળખ, તને વફાદાર રહે ને સૂક્ષ્મ અલોપા સચવાય તે જો. આ જ આપણું કર્તવ્ય નથી? લગ્ન એટલે ? આ જ કર્તવ્ય પરસ્પર માટે કરવું તે.

રવીન્દ્રનાથની 'ગોરા' નામની નવલકથામાં નાયક ગોરાની માતાનું એક સરસ પાત્ર છે - આનંદમયી. તે એક વાર કહે છે : માણસની માણસ તરીકેની કિમ્મત એ જ મહાન સત્ય છે. કેવી સ્પષ્ટ ટૂંકી, અંતિમ વાત? વિનોબાજીએ ત્રણ મોટાં સદ્દનસીબ કહ્યાં છે માનવ માટે. તેમાં પહેલું જ છે માનવદેહ મળ્યો તે અલોપા, **Let us celebrate it and celebrate it within, only within.**

હવે મારી વાત.

તને હું કહેતો કે તારું સૌંદર્ય જોઈને લાગે છે કે ગ્રીક સુંદરીઓનાં ચિત્રો-શિલ્પો સાવ નિરાધાર નહીં હોય. આ બાબતમાં હું સરાસરી માણસ. 'પરસ્ત્રી જેને માત રે' જેટલી વૈષ્ણવજનની ઊંચી ભૂમિકા પણ નહીં ને આ બાજુ લગ્નસંસ્થાને સાંસ્કૃતિનાં આધાર ને શોભા ગણું.

પરંતુ આપણે તો શયનખંડનાં સ્વપ્નો સાથે જ રચ્યાં છે ને ? ને આ સંદર્ભે હું કે તું કાંઈ બેવફા નથી બની જવાનાં, આથી તારો સાચો પ્રેમ ને તારું સમર્પણ ભલે 'પલ ભર કે લિયે' હોય - મને ખેંચે જ.

પરંતુ અલોપા મારી પેલી એક મર્યાદા : સંપૂર્ણ ને કાયમી-સનાતન પ્રાપ્તિ જ મારે જોઈએ. મેં તને એક વાર કહેલું ને કે હું જેવો છું તેવો સામાન્ય પરિવારનો વિધવા માતાનો એકમાત્ર ઓશિયાળો, ત્રિશંકુ જેવો પુત્ર; પરંતુ મારો-આવા નીરજનો-સ્વીકાર તો ૧૦૦ ટકા જોઈએ. કોઈની રૂવાટી જેટલી નાપસંદગી પણ મને મંજૂર ન હોય. નાનો હોઈશ, નાનું ચાલશે પરંતુ ખંડિત નથી ને ખંડિત ચાલશે નહીં. આમાં બાંધછોડ બાબતે મારું જ મારી પાસે કાંઈ ન ચાલે! આવું આંતરદ્વંદ્વ મને સુખના ઉદધિ માટે પણ ન ખપે.

એટલે...

અલોપા, તારી આવી સમર્પિતતા મારે ન જોઈએ. હું સંપૂર્ણ માનવ તારે માટે યોગ્ય નહોતો ને આજે મારું પુરુષત્વ કેવળ આ માટે આવકાર પામે? તારી પૂર્ણતા-સંપૂર્ણતા માટેનું શું હું સાધન?

લઘુકથા

છીંકયોગ

બહાદુરભાઈ જ. વાંક

વેદો-ઉપનિષદોના ઊંડા અભ્યાસી એવા ત્રણ પંડિતો ગુરુ બજુવા પાસે આવ્યા ને બોલ્યાઃ

'અમે તમારી સાથે ઉપનિષદો વિશે થોડી ચર્ચા કરવા માગીએ છીએ.'

'ચર્ચા તો શાકભાજી ઉપર કરી શકાય.'

'વેદોઉપનિષદો ઉપર ચર્ચા હોઈ શકે ખરી?' બજુવાએ મર્મમાં પૂછ્યું

'કેમ ન હોઈ શકે? ચર્ચા કર્યા વગર આપણે ઉપનિષદો વિશેના એકમેકના વિચારોને કેવી રીતે જાણી શકીએ? ઉપનિષદોના અભ્યાસ નિમિત્તેના વિચારોને કેવી રીતે જાણી શકીએ? ઉપનિષદોના અભ્યાસ નિમિત્તેના અમારાં થોડાં તારણો અમે તમારી સમક્ષ રજૂ કરવા માગીએ છીએ.'

'માઠું ન લગાડો તો એક પ્રશ્ન પૂછું?'

'ખુશીથી પૂછો. એમાં માઠું શાને?'

'તમને લોકોને હોંશપૂર્વક'

'છીંક ખાતા આવડે છે?' બજુવાએ ત્રણેને પૂછ્યું.

'આવો વાહિયાત પ્રશ્ન મૂકીને શું તમે અમારી ફજેતી કે અપમાન કરવા માંગો છો?' પ્રશ્નો પૂછવા જ માગતા હોતો આત્મા-પરમાત્મા, જન્મ-મરતા કે મોક્ષ વિશે પૂછોને?' જરા ઉશ્કેરાઈને પંડિતોએ ઉમેર્યું, 'છીંક વિશે પ્રશ્ન હોય?'

'મને જે આવડે એના અનુસંધાને જ તમને પ્રશ્ન પૂછું ને?' મને હોંશપૂર્વક છીંક ખાતા આવડે છે, ને એટલે જ તમને પણ આવો પ્રશ્ન...'

ધૂંઆંપૂંઆં થતાં ત્રણે પંડિતો જોરથી આશ્રમનો દરવાજો ભટકાવતાં બહાર નીકળી ગયા. તેમની પાછળ-પાછળ આવતાં બજુવા બોલ્યાઃ ખોટું લાગ્યું હોય તો તમારી ક્ષમા માગી લઉં છું. પણ જાતાજાતાય તમે તમારા અહમ્‌ની લાત તો મારી દીધી આશ્રમના દરવાજાને...'

પછી પંડિતો વતી આશ્રમના દરવાજાની ક્ષમા માગી લેતા બજુવા પોતાના શિષ્યોને સંબોધતાં બોલ્યાઃ 'કહેવાતા પંડિતોનું પુસ્તકિયું જ્ઞાન જેટલું ગંધાય છે. તેટલું તો મરેલું કૂતરું પણ નહીં ગંધાતું હોય!'

મારું મન અંદરથી વિરોધ ને આક્રોશ કરે છે. માનીશ? મારું વ્યક્તિત્વ નગણ્યતાના, ક્ષુદ્રતાના, ગુલામીના, ગાંડપણના જાણે અગણિત ટુકડાઓમાં વિચ્છિન્ન થતું અનુભવાય છે.

વર્ષો પહેલાં, અલોપા, તને મુક્ત કરતાં હું ખૂબ વિખંડિત થઈ ગયો હતો; પરંતુ તને જીવંત રાખવા મારી જાતને મેં સંભાળી લીધી હતી. આજે તારે જ કારણે હું વિખંડિતતા અનુભવી રહ્યો છું. તું મને મુક્ત કરીને મારી અખંડિતતા સાચવી લઈશ? ❐

ફિલ્માકાશ-૪૬

૧૯૩૯ની મરાઠી ધારાની કેટલીક હિંદી ફિલ્મો અને માસ્ટર વિનાયક

રજનીકુમાર પંડ્યા

શાંતારામની ફિલ્મ 'આદમી' (૧૯૩૯) જોવા મોટે બૉમ્બે ટૉકિઝના સરસંચાલક હિમાંશુ રાય આવ્યા તેમાં માત્ર રખતરખાંનો વ્યવહાર ના હોય. એક કંદોઈ બીજા કંદોઈનો બનાવેલો 'માલ' ચાખે ત્યારે જે પ્રકારની મનોવૃત્તિ હોઈ શકે તેના ઘણા પ્રકાર છે. એક તો ટિકાકારની મનોવૃત્તિ હોઈ શકે, તો બીજી નકરી ઉદાસીનતાની પણ હોઈ શકે. હાલના યુગમાં જે પ્રવર્તે છે તેમાં મોટે ભાગે આ બન્ને હોય છે પણ હિમાંશુ રાય ભલે વ્યાવસાયિક રીતે શાંતારામના સ્પર્ધક ગણાય, છતાં તેમની મનોવૃત્તિ એવી હલકી નહોતી. એમણે પોતાના જનરલ મૅનેજર રાયબહાદુર ચૂનીલાલ (સંગીતકાર મદનમોહનના પિતા)ને એ ફિલ્મ વિષે અગાઉથી જ પૂછી રાખ્યું હતું, જેમાં રાયબહાદુરે સ્પષ્ટ શબ્દોમાં અભિપ્રાય આપ્યો હતો કે 'આદમી' સાવ હંબગ - કચરો ફિલ્મ છે. તેમાં કંઈ ભલીવાર નથી. તમે ના જોવા જાઓ તો ચાલે, બાકી વિવેક ખાતર જવું હોય તો જુદી વાત છે.

ને ખરેખર હિમાંશુ રાય આવો અભિપ્રાય મનમાં સંઘરીને જ 'આદમી' જોવા ગયા. પણ તેમની તટસ્થ નિરીક્ષણ બુદ્ધિએ જે પારખ્યું તે રાયબહાદુરના મનથી સાવ વિપરીત જ હતું. એમને આ ફિલ્મનું એક એક પાસુ ઉત્કૃષ્ટ લાગ્યું હતું. એકેએક ફ્રેમ એમને 'વાહ' પોકારાવી દે તેવી લાગી હતી. એટલે એ વચ્ચે વચ્ચે પ્રશંસાના ઉદ્‌ગારો કાઢતા હતા. એ જોઈને ચાલાક રાયબહાદુર, કે જે એમની સાથે બેસીને ફિલ્મ જોઈ રહ્યા હતા તે અધવચ્ચેથી જ ઊભા થઈને થીએટરની બહાર નીકળી ગયા અને ક્યાંક અલોપ થઈ ગયા. આ તરફ ફિલ્મ પૂરી થતાંની સાથે જ હિમાંશુ રાય એટલા બધા ભાવવિભોર થઈ ગયા કે એમણે શાંતારામને તો ભેટીને અભિનંદનોની વર્ષા જ વરસાવી પણ બીજું કામ તેમણે ચિડાઈને રાયબહાદુરને શોધવાનું કર્યું. એમની વ્યાકુળતા જોઈને બાબુરાવ પાઈ કે જે શાંતારામના નિકટના જોડીદાર હતા તેમણે એમની નજીક જઈને પૂછ્યું કે હિમાંશુ દા, શી વાત છે? કોને શોધો છો? હિમાંશુ રાય એકદમ ગિન્નાઈને બોલ્યાઃ 'અરે, ક્યાં ગયો પેલો રાયબહાદુરનો બચ્ચો!'

'કેમ ? એ તો થોડી વાર પહેલા બહાર નીકળી ગયા.'

'અરે' હિમાંશુ રાયનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. તેઓ બરાડ્યા : 'અરે, મારો બેટો, 'આદમી' જોઈને મને ટેલિફોનમાં કહેતો હતો એ સાવ હંબગ ફિલ્મ છે? અરે આવા સરસ માસ્ટરપીસને હંબગ કહેવા બદલ મારે એને બરાબરનો ઠપકારવો છે.'

આ રમૂજી પ્રસંગ મને શાંતારામની આત્મકથામાંથી મળ્યો છે. બની શકે કે એના વર્ણનમાં શાંતારામે અતિશયોક્તિ કરી હોય, પણ અતિશયોક્તિના કારણે એનું સારતત્ત્વ નષ્ટ થઈ જતું નથી. એ સાર એ કે દુશ્મન નહીં તો હરીફને પણ વખાણ કરવા પડે એવી સીમાચિહ્ન રૂપે ફિલ્મ 'આદમી' હતી.

મરાઠી ધારાની ફિલ્મો જરા લાઉડ (મુખર) અને થોડા ઝાઝા રંગલપેડાવાળી હતી અને તે બંગાળી ધારાની સૂક્ષ્મ સંવેદનાઓની છબી ઝીલતી હોય એવી નહોતી એ વાત સાચી પણ અતિશય ભાવુકતામાં મોટું ભયસ્થાન નક્કર વાસ્તવની ઉપેક્ષાનું રહે છે. મરાઠી ધારાની ફિલ્મો એ સામે લાલબતી ધરતી અને એ રીતે એ કલાકીય પાસા કરતાં પણ વધુ તો એમાંથી પ્રકાશતા સંદેશ (મેસિજ)ને કારણે ગણનાપાત્ર રહેતી.

મરાઠી ધારાની ફિલ્મોના એક મોટા સર્જક તે માસ્ટર વિનાયક હતા. આપણે અગાઉના પ્રકરણોનાં એમનાં જીવન અને સર્જન વિષે વિગતે છણાપટ કરી જ છે. અભિનેત્રી નંદાના પિતા એવા માસ્ટર વિનાયક દામોદર કર્ણાટકીની ફિલ્મી કારકિર્દીની શરૂઆત દુર્ગા ખોટેની પ્રથમ ફિલ્મ ૧૯૩૨ની 'અયોધ્યા કા રાજા'થી થઈ હતી. અભિનેતા ઉપર સારા દિગ્દર્શક એવા માસ્ટર વિનાયકની ગણનાપાત્ર ફિલ્મો 'વિલાસી ઈશ્વર' (૧૯૩૫) 'છાયા' (૧૯૩૬) ધર્મવીર (૧૯૩૭) બ્રહ્મચારી (૧૯૩૮) વગેરેને ગણાવી શકાય. જ્યારે આ સાલ ૧૯૩૯માં તેમણે 'બ્રાન્ડી કી બોતલ' નામની એક વિશિષ્ટ ફિલ્મ આપી. એની મરાઠી આવૃત્તિનું નામ પણ એમણે 'બ્રાન્ડી ચી બોતલ' જ રાખ્યું હતું. કૉંગ્રેસ પ્રધાનમંડળે દેશમાં



મીનાક્ષી અને વિનાયક રાવ, ફિલ્મ 'બ્રાન્ડી કી બોતલ'માં

પહેલીવહેલી દારૂબંધી દાખલ કરી તે ટાંકણે જ માસ્ટર વિનાયકે આ ફિલ્મનું નિર્માણ કરીને તેને ભારતભરમાં રજૂ કરી. અલબત્ત, તેમાં દારૂબંધીની તરફેણ જ હતી પણ દારૂના દૂષણોનું ભારે કટાક્ષમય શૈલીથી તેમાં ચિત્રણ કરવામાં આવ્યું હતું. એની વાર્તા મશહૂર મરાઠી સાહિત્યકાર આચાર્ય અત્રે દ્વારા લખવામાં આવી હતી. બાઘારામ (માસ્ટર વિનાયક) મ્યુનિસિપાલિટીમાં એક સામાન્ય કારકુન હોય છે અને તેના બૉસની બહેન માલતી (મીનાક્ષી)ને મનોમન ચાહતો હોય છે - બૉસના પુત્રની શરદી મટાડવાને વાસ્તે તે બ્રાંડીની શોધમાં નીકળે છે. હકીકતે બ્રાન્ડી શું છે તેની એને ખબર નથી. આમાંથી સર્જાય છે રમૂજી છબરડા. એક ભીડભર્યા દારૂના પીઠામાંથી તેને દારૂની બોટલ મળી તો જાય છે, પણ એમાં તો તેને અનેક બખડજંતરમાં સલવાવું પડે છે - સુંદર સ્ત્રીઓથી ઘેરાયેલો બાઘારામ ભગવાન કૃષ્ણને તેના અસ્તાચળે જેવી 'લીલા' કરવા દેવા માટેની પ્રાર્થના કરે છે.

આમ તો આ દારૂબંધીના તરફેણની રમૂજી ફિલ્મ હતી અને સરદાર પટેલે પોતાના સંયમ અને મદીરાત્યાગ વિષેના ભાષણોની ડૉક્યુમેંટ્રીના ટુકડા જોડવાની મંજૂરી પણ આપી હતી. ફિલ્મનો પ્રારંભ પણ એનાથી જ થતો હતો, પણ એના આધારે જોડેલા એવા ટુકડા સેન્સરની ખફગીનો ભોગ બન્યા. ભગવાન કૃષ્ણને ઉદ્દેશીને બોલાયેલા અમુક સંવાદને પણ સેન્સર બોર્ડે રદ કરાવ્યા. વળી, ભારતીય પરંપરા (કાનગોપીલીલા)ના થતા ઉપહાસને કારણે ફિલ્મ સામે વિરોધનો વંટોળ દર્શકોમાંથી ઊઠ્યો.

પણ ગમે તેમ એ બધા છતાં ફિલ્મ સુપરહીટ થઈ, અને એના ઉલ્લેખ વગર માસ્ટર વિનાયકનો ઉલ્લેખ અધૂરો ગણાય તેવી સાબિત થઈ. એ ફિલ્મનું સંગીત દાદા ચાંદેકરનું હતું. અને એમાં બાર જેટલાં ગીતો હતાં. અલબત્ત એમાંથી એકે બહુ જાણીતું બન્યું નહોતું. દાદા ચાંદેકર હકીકતમાં મરાઠી લોકગીતો ઉપર આધારિત તરજો આપતા હતા તેથી હિંદી ફિલ્મોમાં તેમનું બહુ મોટું પ્રદાન નથી. વિનાયકની જ ફિલ્મો 'કાલીયામર્દન' (૧૯૩૫) 'બ્રહ્મચારી' (૧૯૩૮) અને આ 'બ્રાન્ડી કી બોટલ' સહિત કુલ અગિયાર ફિલ્મોમાં જ એમણે સંગીત આપ્યું હતું. ૧૯મી માર્ચ ૧૮૯૭માં જન્મેલા દાદા ચાંદેકર ૧૯૭૬ના જાન્યુઆરીની ૨૭મીએ અવસાન પામ્યા. અલબત્ત, તેમની મરાઠી ફિલ્મોની યાદી ઘણી લાંબી છે. ૧૯૩૯ની પોતાની બીજી ફિલ્મ 'મેરા હક'માં માસ્ટર વિનાયકે દાદા ચાંદેકરને બદલે દત્તોપંત કારેગાંવકરને સંગીતકાર તરીકે 'બ્રેક' આપ્યો હતો. ફિલ્મીજગતમાં બ્રેકનો અર્થ 'પ્રથમ તક' એવો થાય છે. એમાં સફળ થવા ન થવા ઉપર એ બ્રેક પામનારની ભવિષ્યની કારકિર્દીનો આધાર રહે છે. એ પણ એક સમય-સંજોગનો તીવ્ર કટાક્ષ જ કહેવાય કે કે. દત્તાને બ્રેક આપનાર ભલે માસ્ટર વિનાયક હતા, પણ 'મેરા હક' ફિલ્મનાં દસ ગીતોમાંથી એકેય લોકજીભે ના ચડ્યું; જ્યારે થોડેઘણે અંશે 'યાદ' (૧૯૪૨) અને વિશેષ તો 'નાદાન' (૧૯૪૩) અને 'બડી માઁ' (૧૯૪૫)ના નૂરજહાંનાં ગીતોથી કે.દત્તાનું નામ ફિલ્મસંગીતના ક્ષેત્રે અવિસ્મરણીય બની રહ્યું. એમાં પણ 'નાદાન'નાં ગીતો જિયા સરહદી કે તનવીર નકવી જેવા નામાંકિત ગીતકારોએ લખ્યાં હોવા છતાં 'બડી માઁ'નાં ગીતો નૂરજહાંનાં અમર ગીતોમાં સ્થાન પામે એવા બની રહ્યાં. એમાં પણ 'દિયા જલા કર આપ બૂઝાયા' અને 'આ ઈતંઝાર હૈ તેરા'તો સમગ્ર હિંદી ફિલ્મસંગીતનાં ટોચનાં અવિસ્મરણીય ગીતોમાં સ્થાન પામે તેવાં ગીતો બની રહ્યાં. આજે સામાન્ય શ્રોતાઓને કે.દત્તાની ઓળખ યાદ કરાવવી હોય તો નૂરજહાંનાં ગીતોનો હવાલો જ દેવો પડે. પછી 'નૂરજહાં' પાકિસ્તાન ચાલી ગઈ અને તે પછી કે. દત્તાનું નામ પણ સાવ અસ્તાચળે ચાલ્યું ગયું. કે.દત્તા કાયમ કહેતા કે 'નૂરજહાં પાકિસ્તાન ચાલી ગઈ, ઔર સાથ મેરે સાઝ ભી લે ગઈ'. આ શબ્દોમાં એમની વાસ્તવના તીવ્ર અહેસાસવાળી વેદના છલકાય છે. એક આડવાત એ કે ૧૯૪૫નું 'બડી માં' ચિત્ર પણ માસ્ટર વિનાયકનું જ અને તેમના દ્વારા દિગ્દર્શિત હતું.

નૂરજહાં સિવાયનાં કે. દત્તાનાં ગીતોમાં કાંઈક જાણીતા થયાં હોય એવા સુરેન્દ્રનું 'દિલ તડપ કર રહ ગયા' (મેરી કહાની ૧૯૪૮), ગીતાદત્ત-સુરેન્દ્રનું યુગલગીત 'વાદા કરકે' ઉપરાંત-સુરૈયાની ફિલ્મ 'રંગમહલ' (૧૯૪૮)નાં કેટલાક ગીતો છે. એમ તો લતા મંગેશકર અને આશા ભોંસલેના સંયુક્ત સ્વરોમાં ગીત આપનારા પણ કે. દત્તા સૌથી પહેલાં તે હતી ફિલ્મ 'દામન'. (૧૯૫૧) - તલત મહેમુદ પાસે ફિલ્મ 'રિશ્તા' (૧૯૫૪)માં 'યહી ચાંદની રે, વહી આસ્માં હૈ' તો યાદગાર છે જ, પણ મુબારક બેગમના તીખા કંઠમાં ગવાયેલાં ગીત 'ક્યા ખબર યું તમન્ના ખાક મેં મિલ જાયેગી, હમ તો સમજે થે, મહોબ્બત રાસ હમકો આયેગી'ની બંદીશ બેમિસાલ છે અને એના વચ્ચે આવતા સ્વરવિરામ (પોઝ)તો અનોખા છે. ૧૯૬૬માં આવેલી ફિલ્મ 'અજનબી' એમની છેલ્લી અને સાવ નગણ્ય ફિલ્મ હતી. એ પછી તો એ મુંબઈમાં 'ઑપેરા હાઉસ' પાસે આવેલા એમના ઘરે પૂજાપાઠમાં અને લોકોનું જ્યોતિષ જોઈ આપવામાં સમય નિર્ગમન કરતા. તેમનું અવસાન ૧૯૭૮ના ડિસેમ્બરની છવ્વીસમીએ મુંબઈની જી.ટી. હૉસ્પિટલમાં એકોતેર વર્ષની ઉંમરે થયું.

૧૯૩૯ની સાલની વાત કરતાં કરતાં કે. દત્તાની આ

૧૯૬૬ સુધીની સંક્ષિપ્ત જીવનકથા કદાચ અહીં અપ્રસ્તુત લાગે. પણ તેમના આ ક્ષેત્રમાં પદાર્પણની આ સાલ હોઈને, એકસાથે બધી ઉપલબ્ધ માહિતી આપવાનું મને ઉચિત લાગ્યું છે. 'મેરા હક' આમ પણ એક નિષ્ફળ અને સાધારણ બોલપટ હતું.

અહીં એ વાતનો ઉલ્લેખ આવશ્યક લાગે છે કે માસ્ટર વિનાયકની સફળતામાં બીજા બે ધુરંધરોનો પણ ફાળો હતો અને તે હતા આચાર્ય પી.કે. અંત્રે એને બાબુરાવ પેંઢારકર.

આચાર્ય અંત્રે (જન્મ ૧૮૯૮, અવસાન ૧૯૬૯)એ કોઈ અસામાન્ય પ્રતિભા ધરાવતા સાહિત્યકાર હતા. માસ્ટર વિનાયક સાથે તેમની યુતિ 'બ્રહ્મચારી' નામની તેમની વાર્તાના વિનાયક દ્વારા ફિલ્મીકરણથી થઈ હતી. 'ધર્મવીર', 'પ્રેમવીર' અને 'બ્રાન્ડી કી બોટલ' પણ એમની જ વાર્તા. એમાં તેમની પટકથાનાં ચોમેર વખાણ થયાં હતાં. તેઓ વિદેશમાં હેરોમાં ભણેલા પ્રતિભાસંપન્ન શિક્ષક-નાટ્યકાર હતા, પણ તેમના મિજાજનો બાબુરાવ પેંઠારકરના મિજાજ સાથે મેળ ખાતો નહોતો તેમને લાગતું હતું કે તેમને એમની મહેનતના પ્રમાણમાં બહુ ઓછા પૈસા મળે છે. 'બ્રહ્મચારી'ની પટકથા લખવાના તેમને ફક્ત દોઢ હજાર રૂપિયા જ મળ્યા હતા.

જ્યારે બાબુરાવ પેંઢારકર (જન્મ ૧૮૯૬, અવસાન ૧૯૬૭) તો મરાઠી રંગભૂમિ અને ફિલ્મોના જૂના જોગી એવા અભિનેતા-નિર્માતા હતા. બાવીસ વર્ષની ઉંમરે મહારાષ્ટ્ર ફિલ્મમાં જોડાયા પછી પ્રભાત ફિલ્મ કંપનીના મૅનેજર થયા હતા. ૧૯૩૩માં તો એ કૌલ્હાપુર સિનેટોનના મુખ્ય 'સ્ટાર' બની ચૂક્યા હતા. એ પછીની એમની કારકિર્દી ઘણી લાંબી ચાલી જેનું વર્ણન અહીં અપ્રસ્તુત છે. જૂની પેઢીનાં વાચકોને તેમની 'ડૉ. કોટનીસ કી અમર કહાની' (૧૯૪૬) ફિલ્મની ચીના લશ્કરી અધિકારીની યાદગાર ભૂમિકાથી ઓળખ તાજી થશે.

બાબુરાવ અને માસ્ટર વિનાયક, માસ્ટર વિનાયક અને આચાર્ય અંત્રે, અને બાબુરાવ. આમ અંદરો-અંદર વૈમનસ્ય વધતું જતું હતું. પરિણામે આ મંડળીસંયોગ લાંબો ચાલ્યો નહીં. વિનાયકરાવે હંસ ફિલ્મ્સનો સાધનસરંજામ વેચવા કાઢ્યો અને તે માત્ર ૮ હજાર રૂપિયામાં તે ખરીદી લીધો અને પોતાની અલગ ફિલ્મ ફિલ્મ કંપની'ની સ્થાપના 'નવયુગ ફિલ્મ કંપનીના નામે કરી.

માસ્ટર વિનાયક માત્ર ૪૧ વર્ષની યુવાન વયે ૧૯૪૧ના ઑગસ્ટની ૧૯મીએ અવસાન પામ્યા. માસ્ટર વિનાયક વિષે વિશેષ માહિતી આ જ લેખમાળાના પ્રકરણ ૨૦ તથા ૩૧માં છે. ૧૯૩૯ની ગુજરાતી ધારાની તથા બીજા નિર્માતાઓની ફિલ્મો વિષે હવે પછીના પ્રકરણમાં. (ક્રમશઃ)

નોંધ :

અમદાવાદના વયોવૃદ્ધ સંગીતરસિક ડૉ. બિહારીભાઈ કનૈયાલાલ તા. ૨૦-૬-૦૪ના પગ દ્વારા શ્રી ચીનુભાઈ ચગના મંતવ્યનું (સંદર્ભ-પ્રકરણ ૩૬ના અંતે મુકાયેલી મારી નોંધ) સમર્થન કરે છે. 'વિદ્યાપતિ' (૧૯૩૬)ના અંતમાં, ઑક્સફૉર્ડ પ્રેસના ઍન્સાઈક્લોપીડિયામાં ભલે લખ્યું હોય, પણ રાજા દેહત્યાગ કરતો નથી. આમ, ઍન્સાઈક્લૉપીડિયા કરતા આવા રસજ્ઞ વાચકો પાસેથી સચોટ તથ્યો મળી રહ્યાં છે તેથી તેમનો સાનંદ આભાર માનું છું.

વિશેષમાં શ્રી બિહારીભાઈ એક નવતર માહિતી એ આપે છે કે 'તુમ્હીને મુઝકો પ્રેમ સિખાયા' (ફિલ્મ 'મનમોહન' ૧૯૩૬)માં અનિલ બિશ્વાસનું સંગીત હતું, નામ અશોક ઘોષનું આપવામાં આવ્યું હતું, હકીકતે તેની સ્વરરચના કરી હતી ગુજરાતી સંગીતકાર શ્રી પ્રાણસુખ નાયકે. દસ્તાવેજીકરણ તો સાબિતીઓને આધારે જ થઈ શકે, પણ એક મત તરીકે આ વાત પણ ધ્યાનમાં લેવી જોઈએ.' *-લેખક*

અંગ્રેજી સાહિત્યનું આચમન

— ડૉ. મધુસૂદન પારેખ —

રૉબર્ટ બ્રાઉનિંગ (ચાલુ)

બ્રાઉનિંગને ઇટલીમાં ફ્લૉરેન્ટાઇનના એક બુક સ્ટૉલ પરથી, ઈ. ૧૬૯૮માં એક રોમનના ખૂનની સનસનાટીભરી વિગતોનો એક ગુટકો અચાનક મળી ગયો. એનાં પાનાં ફેરવતાં જ એની આંખો આનંદથી ચમકી ઊઠી. એને એક નવા જ પ્રકારની પદ્યનવલકથા માટેની સામગ્રી એ ગુટકામાં જોવા મળી. એની કલ્પનાને ચાલના મળી અને એની બૌદ્ધિકતા મહોરી ઊઠી. એમાંથી 'ધ રિન્ગ ઍન્ડ ધ બુક' (The Ring and the Book)ની બાર જેટલા રચાયેલી કૃતિ મળી. બ્રાઉનિંગના લાંબા સમયથી ચાલી રહેલા 'ડ્રામૅટિક મૉનૉલૉગ'ના કાવ્યાત્મક પ્રયોગની પરાકાષ્ઠા 'ધ રિન્ગ ઍન્ડ ધ બુક'માં જોવા મળે છે, અને 'સત્ય'ની સ્થાપના માટેનો તેનો અનુરાગ અહીં સિદ્ધ થતો જણાય. આ પુસ્તકમાં ખૂન કેસમાં એક જ પાત્ર વારાફરતી અનેક સાક્ષીઓનો ભાગ ભજવે છે. વાચકે એમાં ન્યાય તોળનાર મૅજિસ્ટ્રેટની ભૂમિકા ભજવવાની છે.



'ધ રિન્ગ ઍન્ડ ધ બુક' બ્રાઉનિંગની સર્વકૃતિઓમાં સહુથી વધુ વિસ્તૃત અને સમર્થ કૃતિ છે. કૃતિના પહેલાં ભાગનું શીર્ષક 'ધ રિન્ગ ઍન્ડ ધ બુક' પ્રસ્તાવના રૂપે છે અને બારમો ભાગ ઉપસંહાર રૂપે છે, અને એનું શીર્ષક સહેજ ફેરફાર સાથે 'ધ બુક ઍન્ડ ધ રિન્ગ' આપવામાં આવ્યું છે. વચ્ચેના દસ ભાગમાં ડ્રામૅટિક મૉનૉલૉગ રૂપે ખૂન કેસની વિવિધ દૃષ્ટિકોણથી ચર્ચા- છણાવટ રજૂ થઈ છે. ખૂનની એક જ વાત પણ દસ જુદીજુદી દૃષ્ટિથી અને પ્રત્યેક નવી કથામાં કંઈક નવા ફણગા ફૂટતા હોય એ રીતનું આયોજન તેમાં કરવામાં આવ્યું છે.

સમગ્ર કૃતિનું કથાબીજ એવું છે કે કમભાગી છોકરી, કથાની નાયિકા પૉમ્પિલિઆ (Pompilia)ને તેની કહેવાતી મા કોઈ કાઉન્ટ ગ્વિદોને (Count Guido) વેચી દે છે. એ અત્યંત જુલમગાર છે. પૉમ્પિલિઆ એના અતિશય જુલમથી છૂટવા માટે ગિસેપિ કૅપનસાચી (Guiseppe Caponsacchi) સાથે નાસી છૂટે છે. એ એનો પ્રેમી-રક્ષક બને છે. કાઉન્ટ ઝનૂનમાં આવી જાય છે. પૉમ્પિલિઆનો અને એના પ્રેમીનો પીછો કરે છે. તેમને પકડી પાડે છે. બંને પર ભાગી છૂટવાનો મુકદ્દમો ચાલે છે. કોર્ટ કૅપનસાચીને ત્રણ વર્ષ માટે દેશનિકાલ કરે છે. પૉમ્પિલિઆને સાધ્વીઓના મઠમાં (convent) મોકલી દેવામાં આવે છે. થોડા સમય પછી એને એના જૂના ઘેર પહોંચાડવામાં આવે છે. પણ ખુન્નસે ભરાયેલો કાઉન્ટ ગ્વિદો ભાડુતી હત્યારા રોકીને તેના પર હમલો કરાવે છે. થોડા દિવસ પર જ તે બાળકની માતા બની હોય છે આ કેસની કરુણકથા એક જ પાત્રના ઉદ્ગારો દ્વારા જુદાં જુદાં પાત્રો ઘટના વર્ણવતા હોય અને મૅજિસ્ટ્રેટ ધ્યાનથી સાંભળતો હોય એવી યોજનાપૂર્વક કૃતિની ઇમારત રચાતી આવે છે. એમાં કાઉન્ટ, પૉમ્પિલિઆ, કૅપનસાચી, પોપ અને બીજાઓ સમગ્ર ઘટના થોડા ઉમેરા સાથે અને નવા મુદ્દાના ઉમેરણ સાથે રજૂ કરે છે. તે સાથે બે તટસ્થ પક્ષો પણ કેસની તરફેણમાં અને વિરુદ્ધમાં જુબાની આપતા વર્ણવાયાં છે. સમગ્ર નવલકથાનો સાર પોપની જુબાની દ્વારા બ્રાઉનિંગ પ્રસ્તુત કર્યો છે. કૅપનસાચીની જુબાની ઊર્મિના આવેગથી અને હૃદય ધડકાવનારી છે. પૉમ્પિલિઆ સાથેના તેના પ્રેમનું તે ગૌરવપૂર્ણ બયાન કરી પ્રેમનો મહિમા વ્યક્ત કરે છે. પણ બધા જ મૉનૉલૉગમાં પૉમ્પિલિઆનો મૉનૉલૉગ શિરમોર રૂપ છે. કેટલાય દૂઝતા ઘા સાથે પણ પૂરી સ્વસ્થતાથી સમગ્ર પરિસથિતિનો ચિતાર તે રજૂ કરે છે. પોતે હવે આ દુનિયામાંથી વિદાય લઈને ઈશ્વરના સાન્નિધ્યમાં જવાની છે ત્યારે કૅપન સાચી સાથેના તેના પ્રેમનો ય તે મહિમા કરે છે. તેનું બયાન કરુણરસથી ભીંજવે તેવું છે.

પદ્યનવલકથાનો વિષય, એનું કથાબીજ, તો માત્ર એક ખૂનને લગતું છે, પણ એટલા કથાબીજ પરથી પણ બ્રાઉનિંગે ભવ્ય ઇમારત (Epic) રચી છે.

બ્રાઉનિંગનાં પત્ની ઇલિઝાબેથ બૅરેટ (Elizabeth Barrett)ના અવસાન પછી પહેલી સમર્થ કૃતિ 'ધ રિન્ગ ઍન્ડ બુક' રચી છે. મૃત પત્નીની સ્મૃતિ તેને માટે પાવક હતી. એ સ્મૃતિ એના એક ઊર્મિક 'ઓ લિરિક લવ' (O Lyric Love)માં પ્રસ્તુત થઈ છે. એમાં સ્વર્ગસ્થ પત્નીને ઉમળકાભર્યું સંબોધન છે અને સમગ્ર કૃતિના પ્રથમ ભાગનું એવા સંબોધનથી ઉચિત સમાપન કર્યું છે. એ ઊર્મિક એક પ્રસન્નકર ઉદ્‌બોધન બની રહ્યું છે. કોઈ કવિએ ભાગ્યે જ બ્રાઉનિંગની જેમ મૃતપત્નીને મસ્તક નમાવીને કૃતિના સર્જનમાં પ્રેરણા અને સહાય માટે વિનંતી કરી હશે :

O Lyric Love, half angel and half bird

And all a wonder and a wild desire
Boldest of hearts that ever brared the sun,
Took sanetnary within the galier blue,
And sung a krindred suul out to his face
Yet human at the red-ripe of the heart-'

કવિને ઊર્મિકો માટે પત્નીની પ્રેરણાનો નિર્દેશ 'O Lyric Love' દ્વારા કરવામાં આવ્યો છે. એને half angel and half bird એટલા માટે દર્શાવી છે કે તે પરી જેવી પવિત્ર તો હતી જ, પણ પક્ષીની સુંદરતા, મુલાયમતા અને ગીતની કરુણ મધુરતાએ તેનામાં હતી. એને દૃઢ હૃદયબળવાળી કહી છે. એ શારીરિક રીતે નબળી હતી, પણ પ્રેમને ખાતર રૂઢિચુસ્ત પિતા સામે હિંમત કરીને ભાગી છૂટીને રૉબર્ટ બ્રાઉનિંગ સાથે લગ્ન કર્યાં હતાં; અને મૃત્યુ પછી પણ આકાશની આરપાર કોઈ સમર્થ પક્ષીની જેમ તે પહોંચી ગઈ! બ્રાઉનિંગની કવિ તરીકેની સમર્થતા અને ઊંચી સર્જકતા તેનાં ડ્રામેટિક મૉનૉલૉગમાં છે તેવી તેનાં નાટકોમાં અનુભવાતી નથી.

બ્રાઉનિંગનાં નાટકો : બ્રાઉનિંગનાં નાટકોમાં સ્ટ્રૅફર્ડ (Strafford - ૧૮૩૭)નાટકના ક્ષેત્રે તેનો પ્રથમ પ્રયાય હતો. પાંચ અંકમાં વિભક્ત એ ટ્રૅજિક નાટક હતું. અર્લઑવ્ સ્ટ્રૅફર્ડ પર જે કેસ ચાલ્યો તે આ નાટકનો વિષય છે. ચાર્લ્સ પ્રથમનો તે પ્રધાન હતો. બ્રાઉનિંગનું આ નાટક માત્ર ગણતરીના શો સાથે નિષ્ફળ નીવડ્યું. એનું બીજું નાટક-ધ બ્લૉટ ઑન ધ સ્કટ્ચન (The Blot on the seutcheon ૧૮૪૩) ત્રણ અંકમાં વહેંચાયેલું અગાઉના નાટકની જેમ કરુણાંત નાટક હતું. એમાં અભિલાષા મને પ્રેમ (desire and love) સાથે તેમજ શ્રદ્ધા અને સંજોગો (faith and circumstanes)નો જીવન મને મૃત્યુ વચ્ચેનો સંઘર્ષ છે. બ્રાઉનિંગનાં નાટકોમાં આ નાટક તખ્તાની દૃષ્ટિએ સફળ નીવડ્યું હતું. એમાં સૌંદર્યવતી નાયિકા મિલ્ડ્રેડ (Mildred)ના પાત્રાલેખનમાં બ્રાઉનિંગની ઊંચી સર્જકતાના અંશો જોઈ શકાય. નાયિકાની તુલનામાં નાયક મર્ટન (mertoun) ઝાંખો પડી જાય છે. એ પાત્ર પર બ્રાઉનિંગ એકચિત્ત રહી શક્યો નથી એમ લાગે. ડિકિન્સ આ નાટકથી પ્રભાવિત થયો હતો. 'કૉલમ્બેઝ બર્થ-ડે' (Colombe's Birth-day-૧૮૪૪) એનું બીજું એક સફળ કહી શકાય તેવું આત્મલક્ષિતાનો અણસાર આપતું નાટક છે. આ નાટકનું કથાવસ્તુ કેટલેક અંશે એના નાટ્યાત્મક ઊર્મિક 'પીપા પાસિસ' (Pippa Passas)ના કથાવસ્તુને મળતું આવે છે.

આ નાટકનું કથાબીજ એવું છે કે એમાં રાજકુમાર બર્થોલ્ડ (Berthold) ડચેસ કૉલમ્બે (Duchess Colombe) આગળ લગ્નનો પ્રસ્તાવ મૂકે છે પણ તે કોઈ વકીલના પ્રેમમાં છે અને પ્રેમને ખાતર એ રાજગાદી જતી કરે છે. લ્યૂરિઆ (Luria) ઈ. ૧૮૪૬ - નાટકમાં નામક સ્કટ્યન શેક્સપીઅરના ઑથેલો (Othello) જેવો મૂર (moor) છે. એ ફ્લૉરેન્સને દુશ્મનના આક્રમણ સામે વિજયી બનાવે છે. પણ કૃતઘ્ની પ્રજા તેના પર દેશદ્રોહનો આરોપ મૂકે છે અને તે ઝેર પીને આત્મહત્યા કરે છે. ફ્લૉરેન્સની એક ઐતિહાસિક ઘટના આ નાટકમાં નિરૂપાઈ છે 'અ સૉલ્સ ટ્રૅજડિ' (A Sole's Tragedy ઈ. ૧૮૪૬), એક કૃતક દેશભક્તની કથાને વિષય કરે છે. અને એના આત્માની કરુણાતા તેમાં દર્શાવાઈ છે કિંગ વિક્ટર ઍન્ડ કિંગ ચાર્લ્સમાં (king Victor and king Charles - ૧૮૪૨) રાજા સ્વેચ્છાએ પોતાની ગાદી પુત્ર ચાર્લ્સને આપે છે અને પછી ઉન્માદની અવસ્થામાં તે ફરી તે ગાદી પર બેસવા માગે છે.

'ધ રિટર્ન ઑવ્ ડ્રુસીસ' (The Return of Druses - ઈ. ૧૮૪૩) એક રહસ્યમય જાતિ ડ્રુસના એવા જ અગમ્ય ધર્મની અને તેની ધર્મક્રિયાઓની બાબત રજૂ થઈ છે. એમાં ડ્રુસનો આગેવાન પોતાને ડ્રુસ પ્રજાનો દિવ્ય મુક્તિદાતા તરીકે ઓળખાવે છે. એમાં ડ્રુસના મોવડીની એક પ્રેમકથા મુખ્ય વિષય છે. આ પણ કરુણાંત નાટક છે. જોકે ઐતિહાસિક હકીકત પર તે આધારિત નથી.

બ્રાઉનિંગને ડ્રામેટિક પોએટ તરીકે વિવેચકોએ સફળ ગણ્યો નથી એના મુખ્ય કારણોમાંનું એક તે એમાં ક્રિયાવેગ (Action)નો અભાવ છે. અને વિચારણાઓનો (reflection) અતિરેક છે. પ્રેક્ષકોને રસ પડે તેવાં તત્ત્વો તેનાં નાટકોમાં મોટે ભાગે ગેરહાજર હોય છે. એનાં નાટકોમાં પ્રતિભાસંપન્ન પાત્રો ક્યારેય કાર્યશીલ બનતાં જોવા મળતાં નથી.

બ્રાઉનિંગનો રસ નાટકમાં કાર્યની ગતિમાં નથી. એનું પ્રયોજન પાત્રોના માનસની પ્રક્રિયાઓ સૂચવવાનું હોય છે. પાત્રોના મનોભાવોનું તે નિરીક્ષણ કરે છે. તેની તપાસ કરે છે. એનું 'સ્ટ્રૅફર્ડ' નાટક કાર્યના અભાવે નિષ્ફળ નીવડ્યું. અલબત્ત 'ધ બ્લૉટ ઑન ધ સ્કટ્યન' અને 'કૉલમ્બેઝ બર્થ-ડે'માં એ થોડોક કથાપ્રવાહ વહેતો રાખી શક્યો છે એટલે એ નાટકો કેટલેક અંશે ભાવકોનો કંઈક સારો પ્રતિભાવ પામી શક્યાં છે. જોકે એનાં આ, પ્રમાણમાં સારાં મનાયેલાં નાટકોના પણ પાંચેક શોથી વધારે થયા નથી. બ્રાઉનિંગે નાટકની અજમાયશ પાછળથી છોડી દીધી અને નાટકની રચના કરતાં કરતાં તેને ડ્રામેટિક મૉનૉલૉગની દિશા સૂઝી ગઈ અને એના પર જ તેને ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની પ્રતિભાનો પરિચય કરાવી દીધો.

(ક્રમશઃ)

સ્થાપત્યનાં સીમાચિહ્નો-૧૧

ચૈતાલી શાહ

બૃહદેશ્વર મંદિર : તાંજોર


સન ૧૦૧૦માં બનેલ તાંજોરનાં શિવમંદિરનો ઉલ્લેખ સ્થાપત્યના એક સીમાચિહ્ન તરીકે અચૂક થવો જોઈએ.

મંદિર-સ્થાપત્યની દક્ષિણ ભારતીય શૈલીની ચરમ સીમા ગણાતું આ મંદીર ચૌલ વંશના રાજરાજા (૯૮૫-૧૦૧૪) દ્વારા બનાવાયું છે. ચૌલ રાજવીઓમાં મંદિરના વિશાળ વિમાન બનાવવાની એક જાણે ઘેલછા હતી અને રાજરાજાની આવી ઘેલછાને પરિણામે જ તાંજોરના આ બૃહદેશ્વર મંદિરમાં આશરે ૬૬ મીટર ઊંચું વિમાન બનાવાયું છે. આવા વિશાળ વિમાન માટે તેવા જ વિશાળ પ્રમાણમાપવાળા મંડપ બને તે સ્વાભાવિક છે. આ મંદિરની વિશાળતા જાણવા એટલું જ જાણવું પૂરતું છે કે તેની નિભાવણી માટે રાજરાજાએ ૬૦૦થી વધુ માણસો રોક્યા હતા. પણ આ બૃહદેશ્વર મંદિર માત્ર તેની વિશાળતા માટે મહત્ત્વનું નથી; તેના બાંધકામની તકનિકને કારણે પણ સ્થાપત્યના ક્ષેત્રમાં તેનું આગવું સ્થાન છે. આ મંદીરના ૧૩ માળ ઊંચા વિમાન પર જે ૭ મીટર ઊંચો તથા ૭ મીટર વ્યાસવાળો ઘૂમટાકાર પથ્થર મુકાયો છે, તે જ બાબત આ મંદિરના બાંધકામની તકનિકની પરાકાષ્ટારૂપે લેખાય છે. એમ મનાય છે કે આ પથ્થર વાંસના માંચ વડે બનાવાયેલ હંગામી ઢાળ પરથી ચડાવાયો હશે અથવા તો તે માટે મંદિરના ગોપુરમની ચારે તરફ માટીના પુરાણથી સર્પાકાર ઢાળ બનાવી તેનો ઉપયોગ કરાયો હશે. વળી, દક્ષિણ ભારતના હિંદુ સ્થાપત્યની શાસ્ત્રીય શૈલી આ મંદિરમાં જાણે પૂર્ણતાને પામી છે. આવા કારણોસર તાંજોરના આ શિવમંદિરનો ઘણા ઇતિહાસકારોએ વિશ્વના ઉલ્લેખનીય સ્થાપત્ય નમૂનામાં સમાવેશ કર્યો છે.

આ મંદિર ૨૪૧ મીટર લંબાઈ તથા ૧૨૧ મીટર પહોળાઈ ધરાવતા દીવાલબંધ ચૉકમાં બનાવાયેલ છે. ચૉકની આ દીવાલની અંદરની બાજુ સ્તંભથી ટેકવાયેલ પરસાળ છે. આ મંદિરની પૂર્વ-પશ્ચિમ ધરી આવેલ છે અને તેમાં પ્રવેશ માટે બે ગોપુરમ છે. મંદિરના ચોરસ ગર્ભગૃહમાં આશરે ૪ મીટર ઊંચું બાસાલ્ટના પથ્થરમાંથી બનાવાયેલ શિવજીનું લિંગ છે. આ ગર્ભગૃહની ચોતરફ બે માળીય પ્રદક્ષિણા-પથ છે. આ પ્રદક્ષિણા-પથ તથા અર્ધમંડપ વચ્ચેના અંતરાલમાં સીધા પ્રવેશ માટે તેની ઉત્તર- દક્ષિણ પગથિયાં બનાવાયાં છે. અંતરાલની પૂર્વમાં બે સ્તંભીય મંડપ છે, જેમાં પ્રવેશ માટેના વિશાળ પગથિયાં રચાયાં છે, મંદિરના મંડપની છત પર અંતરાલ તરફ ઊંચી દીવાલ બનાવાઈ છે, જે મંદિરના વિમાન માટે જાણે મંચ તૈયાર કરે છે.

ગ્રેનાઇટના પથ્થરમાંથી બનાવાયેલ આ મંદિરમાં પથ્થરનાં ચોસલાંઓ એકબીજાં પર એ રીતે ગોઠવાયાં છે કે તેમની મજબૂતાઈ તથા અચલતા માટે કોઈ સિમેન્ટ-ચૂનાની જરૂર ન પડે. ગર્ભગૃહનું મંદિરનું વિમાન અંદરથી પોલાણ ધરાવતું છે. આ વિમાનની રચનામાં આશરે ૧૭૦૦૦ ઘન મીટર પથ્થર વપરાયો હશે તેવો અંદાજ રહે. આમ તો તાંજોરની આસપાસમાં ક્યાંય ગ્રેનાઇટ પ્રાપ્ય નથી તેથી એમ મનાય છે કે તેનાથી ૪૫ કિ.મી. દૂર આવેલ ગ્રેનાઇટની ખાણમાંથી જલ-માર્ગે આ સ્થાને અણઘડ ગ્રેનાઇટ લવાયાં હશે અને તેનું ઘડતર અહીં જ થયું હશે.

મંદિરના પ્રાંગણમાં અન્ય મંડપ તથા નાની દેરીઓ પણ બનાવાયાં છે. આ પ્રાંગણમાં પાછળથી ઉમેરા પણ થયા છે. ૧૭મી સદીમાં નાયક રાજાઓ દ્વારા બહારનો મંડપ પૂર્ણ કરાયો અને તે ઉપરાંત નંદી માટે અલગ મંડપ પણ બનાવાયો. તેમના દ્વારા મંદિરના સંકુલમાં અન્ય મંદિરો પણ બનાવાયાં હતાં. આ પાછળના ઉમેરા થકી જ આ મૂળ મંદિરનું મહત્ત્વ છતું થાય છે.



આવું ધાર્મિક તેમ જ સ્થાપત્યકીય મહત્ત્વ કાળક્રમે વધતું જ રહ્યું અને આજની તારીખે પણ આ મંદિરની ભવ્યતા એટલી જ છે જેટલી રાજરાજાએ કલ્પી હતી. ❒

———ચેસ-કૉર્નર : કોયડો- ૪૫———

કાળું

Composed by Tony Lewis



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો. મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે.

સફેદ : **Kh7, Qc2, Rb1, Rd6, Bg6,**
Ba7, Nh3, Ng4, P-e2

કાળા : **Ke4, Qb4, Ra3, Rc7, Nd3, Ne7**
Bc1, P-b5, e6, f5, h6

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે એ રીતે લેખિકાના સરનામે અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ એપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫. **(e-mail-parag@vakharia.net)** મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. કોયડાની ચર્ચા આવકાર્ય છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ જાન્યુઆરી ૨૦૦૫ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

'કુમાર' ના સપ્ટેમ્બર ૨૦૦૪ના અંકમાં આવેલ ૪૩મા કોયડાનો ઉકેલ :

Key move Qf1 છે. Threat Qa6 #.

જો (૧)..........., **Rc4** (૨) **Nb3 #**
જો (૧)..........., **Bc4** (૨) **Pb4 #**
જો (૧)..........., **Nc5** કે **Rh6** (૨) **Qb5 #**
જો (૧)..........., **Rc2** (૨) **pb4 #**
જો (૧)..........., **Rb5** (૨) **QxR #**
જો (૧)..........., **Re6** (૨) **Pb4** અને **Nb3**

ઉપરોક્ત કોયડાનો ઉકેલ ૭ વાચકો તરફથી મળેલો છે જે પૈકી સાચો ઉકેલ મોકલનારના નામ. (૧) ડૉ. દિલીપ અહલપરા (૨) ઝેડ. એલ. ઝાલાવાડિયા (૩) નૌતમભાઈ વખારિયા (અમદાવાદ) (૪) એક વાચક (મુંબઈ) (૫) કલ્યાણભાઈ મુલિયા (સુરેન્દ્રનગર) (૬) કિરણભાઈ શાહ (આણંદ).

મુંબઈના 'એક વાચક' આ કોયડાની વિસ્તૃત છણાવટ કરતાં જણાવે છે કે ઉપરની પ્રથમ બે ચાલોને **GRIMSHAW INTERFERENCE** કહેવાય છે, જેનો અર્થ, બે ભિન્ન મહોરાઓ એક-બીજાને પરસ્પર અવરોધે છે તેવો થાય છે, મોટા ભાગે આ બે મહોરાંઓ હાથી અને ઊંટ હોય છે (જેવું આ કોયડામાં છે.) **a6** ખાનાનું રાણીથી થતું રક્ષણ હટાવવા માટે, ઉપરની પછીની ચાર ચાલો ચાલવા જતાં, કાળું **b4** અને **b5** ખાના ઉપરનો કાબૂ ખોઈ બેસે છે. હાથીના **e6** ખાના ઉપર જવાથી, ઊંટ **b3** અને **b6** બન્ને ખાના ઉપરનો કાબૂ ગુમાવી દે છે અને તેથી કમનસીબે **dual** (એક ચાલની સામે મહાત કરતી બે વૈકલ્પિક ચાલો) ઉદ્ભવે છે. આ ઉપરાંત તેમણે ૪૧ અને ૪૨ ક્રમના કોયડાની પણ વિસ્તૃત ચર્ચા કરી છે. તેમની છણાવટ ઘણી વિશદ છે.


END GAME* *વિશે થોડું આગળ :

જ્યારે કોઈ એવી પરિસ્થિતિ હોય કે જેમાં એક પક્ષે ફક્ત રાજા હોય અને સામા પક્ષે રાજા અને ઉપરાંતમાં પ્યાદુ હોય ત્યારે, સામસામા રાજાનું સ્થાન ક્યા પ્રમાણે છે તે મહત્વનું બની રહે છે. રાજા સામસામા એક જ સ્થંભમાં હોય તેને ચેસની ભાષામાં **opposition** કહેવાય છે. સાથેની આકૃતિમાં જોતા



જણાશે કે બન્ને રાજા એક જ સ્થંભમાં સામસામે છે. આવી પરિસ્થિતિમાં કોની ચાલ છે તે મહત્વનું બની રહે છે જો કાળાને રમવાનું હોય તો (૧)... **ke8 (2) e7, kf7 (3) kd7.** આ ચાલ પછી સફેદના પ્યાદાને વજીર બનતું અટકાવી શકાતું નથી. પરંતુ જો સફેદની ચાલ હોય તો તેણે પોતાના રાજાને કાં તો પાછો લેવો પડે અથવા તો (૧) **e7t, ke8 (2) ke6** અને **statemate** થઈ જાય, અથવા તો જો તે (૧) **ke5, ke7** રમે તો સફેદ પોતાનું **opposition** મેળવી લે છે અને રમત ડ્રોમાં પરિણામે છે.

oppsitionની એક બીજી સ્થિતિ જોઈએ. સાથેની આકૃતિ પ્રમાણે જો કાળું **opposition**ની મેળવી લે તો તે ડ્રો કરાવી શકે છે, જેમકે (૧) **d4t, kd5 (2) kd3, kd6** ! આ ચાલ ચાલવામાં કાળાએ ચૂક ન કરવી જોઈએ. ધોળો રાજા ગમે ત્યાં જાય તો પણ પોતાનું **opposition** જળવાઈ રહે તે રીતે કાળું પીછેહઠ કરતું રહે છે. (૩) **ke4, ke6**! (૪) **dst, kd6**! (૫) **kd4, kd7** (૬) **kc5, kc7**! (૭) **d6, kd7** (૮) **kd5, kd8**! (૯) **ke6, ke8** (૧૦) **d7, kd8**



અને ડ્રો. આ રીતે સરસાઈ ધરાવતી વ્યક્તિ સામે પણ નબળી વ્યક્તિ સરળતાથી રમતને ડ્રોમાં ખેંચી શકે છે. આનાથી ઊલટું, સરસાઈ ધરાવનાર વ્યક્તિ **opposition** મેળવી પોતાની બાજી જીતમાં પલટાવી શકે છે.

- અર્પી શાહ

અડકો દડકો

ઢ

રમણલાલ સોની

ગુજરાતી ભાષામાં ૩૨ મૂળાક્ષરો છે. આ મૂળાક્ષરો સૌ સંપીને રહેતા હતા અને પોતપોતાના ફાળે આવેલું કામ ઉત્સાહથી કરતા હતા.

ક આ મૂળાક્ષરોનો મુખી હતો, મૂળાક્ષરોની પંચાયતનો એ પ્રમુખ હતો. *ખ* એનો વજીર હતો અને *ગ* કોટવાળ હતો. *ક*ના હુકમ પ્રમાણે સૌ કામ કરતા હતા.

પણ એક વાર કોઈ કારણસર *ક એ* *ક્ષ*ને ઠપકો આપ્યો તું આવું ભારેખમ મોઢું લઈને કેમ ફરે છે? તું કામ કરે છે તે પણ રોતો રોતો કરે છે - હસતાં હસતાં કામ કર!

ક્ષ એ કહ્યું કે હું તો હમેશાં જે છું તે છું. તમે સાહેબ થયા એટલે તમારું સાહેબપણું દેખાડવા મને વગર વાંકે વઢો એ ઠીક ન કહેવાય!'

ક ને આ શબ્દો ગમ્યા નહિ. તેણે કહ્યું: 'તને સભ્યતાથી વાત કરતાં આવડતું નથી.'

જ્ઞ આ વાતચીત સાંભળતો હતો. એ *ક્ષ* નો લંગોટિયો દોસ્ત હતો. હવે તે બોલ્યો: 'તો શું વગર વાંકે કોઈને વઢવું એ સભ્યતા છે! પંચાયતના પ્રમુખ થઈને તમે પંચાયતના સભ્યનું માન જાળવતા નથી, તો તમારું માન કોણ જાળવશે?'

ક ને આ વેણ ખટક્યાં. તેણે કહ્યું : એટલે તું શું કહેવા માગે છે? આપણી આખી પંચાયતમાં તું ને *ક્ષ* બે અલગ તરી આવો છો. તમે બેઉ ઉદ્ધત છો. મોટાંનું માન સાચવવાનું તમને આવડતું નથી, હું તમને બેઉને પંચાયતમાંથી સસ્પેન્ડ કરું છું.'

બસ, એ દિવસથી જે કલહ શરૂ થયો તે દિવસે દિવસે વધતો ગયો. *ક*એ હુકમ કર્યો કે કોઈ સભ્યે *ક્ષ* અને *જ્ઞ*ની સાથે સંબંધ રાખવો નહિ. ઘણાને આ હુકમ ગમ્યો નહિ, પણ કોઈએ આનો વિરોધ કર્યો નહિ.

શ, ષ, સ, હ અને ળ આ પાંચે જણ પંચાયતના સભ્ય હતા, અને તેમનો એક જુદો ગોળ હતો. તેમને *ક્ષ* અને જ્ઞની સાથે બેઠક-ઊઠક પણ હતી. *શ* ને તો *જ્ઞ*ની સાથે સગપણનો યે સંબંધ હતો. એટલે બીતાં બીતાં પણ આ પાંચે જણે *ક્ષ* અને *જ્ઞ*ની સાથેનો વ્યવહાર ચાલુ રાખ્યો હતો. *શ* ને ઘેર એના દીકરાના લગ્નનો પ્રસંગ આવ્યો ત્યારે તેણે પંચાયતના તમામ સભ્યોને ભોજન માટે નિમંત્રણ આપ્યું, તેની સાથે *ક્ષ-જ્ઞ*ને પણ આપ્યું. એ જોઈ કની આંખ ફાટી ! એણે ગુસ્સે થઈ કહ્યું: આ નહિ ચાલે ! હમણાં ને હમણાં ક્ષ-જ્ઞને અહીંથી કાઢો :

શ એ કરગરીને કહ્યું : 'ભાણાં પીરસાઈ ગયાં છે, સૌને જમી લેવા દો, પછી આપ કહેશો તેમ કરીશું.'

પણ *ક*એ માન્યું નહિ તેણે વજીર ખ અને કોટવાલ ગ ને હુકમ કર્યો: 'મારા હુકમનો અમલ કરો.'

ખ અને *ગ* ને તડાતડી અને ફડાફૂડીનાં આવાં કામમાં બહુ ઉત્સાહ તેમણે બળ વાપરી *ક્ષ-જ્ઞ*ને ભર્યાં ભાણાં પરથી ધક્કો મારી બહાર કાઢ્યા. બધે હો, હો થઈ ગઈ પણ *શ* ના ઘરનો અવસર બગડે નહિ, એટલે ક્ષ-જ્ઞએ કહ્યું, *ક*, શાંતિથી જમો અમને જમવાનો લોભ નથી. અમે નવદંપતીને આશીર્વાદ આપી ચાલ્યા જઈને છીએ.'

બંને જણ શાંતિથી ત્યાંથી ચાલ્યા ગયા. તે પછી સમારંભમાં બીજી કંઈ ગરબડ થઈ નહિ. લગ્નપ્રસંગ નિર્વિઘ્ને પાર પડ્યો.

ઘણાઓને *ક*ની આ જોહુકમી ગમી નહોતી, પણ સૌ સમજીને શાંત રહ્યા હતાં. આથી તો *ક*ને જોર ચડ્યું. *ખ* અને *ગ*એ એને પાનો ચડાવ્યો. તેમણે સલાહ આપી કે *શ* ના ગોળમાં પાંચ જણા છે, એ પાંચે પર દાખલો બેસે એવું કંઈ કરવું જોઈએ. અમે કહીએ છીએ કે 'એ પાંચેને પંચાયતમાંથી સસ્પેન્ડ કરી નાખો!'

ક એ કહ્યું: 'એટલું બધું આકરું પગલું ભરવાની જરૂર નથી. પણ હવે એમને આપણા ભેગા બેસવા નહિ દઈએ, આપણી બેઠકથી એમને જરી આઘા બેસાડીશું. એમની પાટલી જુદી!'

આ ગોઠવણ પ્રમાણે પંચાયત ઘરમાં *શ, ષ, સ, હ, ળ* ની બેઠકો બીજા સભ્યોની બેઠકોથી આઘી રાખવામાં આવી. *શ* વગેરેએ તેનો વિરોધ કર્યો, પણ તેમનું કંઈ ચાલ્યું નહિ. બીજા પચીસ સભ્યોથી તેમણે અલગ જ બેસવું પડ્યું.

આ પ્રમાણે કેટલોક વખત ચાલ્યું. ધીરે ધીરે કનો સત્તાનો મદ વધતો જતો હતો. *ખ* અને *ગ* હાજી *હા* કરી એને ઉશ્કેરતા હતા. એક વાર ગ એ કહ્યું ? સાહેબ, કાલે રાતે *શ*ને ઘેરા એક ખાનગી સભા થઈ હતી, તેમાં *ટ-ઠ-ડ-ઢ-ણ, ત-થ-દ-ધ-ન* અને *પ-ફ-બ-ભ-મ*ની સાથે *શ-ષ-સ*-હ-ળ હતાં, અને *ક્ષ-જ્ઞ* એ પણ

પાછલે બારણેથી એમાં હાજરી આપી હતી. સભામાં ખૂબ ગરમાગરમ ભાષણો થયાં હતાં. એ બધાંનો આગેવાન બન્યો છે પેલો *ઢ*.

આ સાંભળી *સ* જોરથી હસ્યો. કહે : *ઠ* પેલો *ઢ* નિશાળમાં માસ્તરના માથા પર સિલેટ પછાડી નાઠો હતો એ? હસ્યો.

'હા, એ '*ઢ*?' એ અત્યારે મોટો નેતા બની ગયો છે.' વજીર *ખ* એ કહ્યું.

'ઠીક છે, હું એને જોઈ લઈશ.'; એ કહ્યું.

તે પછી એ ત્રણ વચ્ચે કેટલીક ઘુસપુસ વાતો ચાલી.

બીજે દિવસે *ક* નો હુકમ છૂટ્યો : આજથી *ઢ* એ *ઠ*ની જગાએ બેસવું અને *ઠ* એ *ઢ*ની જગાએ બેસવું.'

ઢ એ કહ્યું: હું અહીં મજામાં છું, મારે આ જગા બદલવી નથી.'

ઠ એ પણ એવું જ કહ્યું.

પણ *ક* એ પોતાનો હુકમ ફેરવ્યો નહિ. તેણે કહ્યું : 'મારો હુકમ જે નહિ માને તેને પંચાયતમાંથી કાઢી મૂકવામાં આવશે.'

આ હુકમની પણ *ઢ* ને *ઠ* ઉપર કંઈ અસર થઈ નહિ.

ઢ એ કહ્યું: પરાપૂર્વથી ચાલી આવતી અમારી જગા બદલવાનું કહેવાની ક ને કંઈ સત્તા નથી.'

ક એ કહ્યું : જગા તો શું, પણ 'તમારાં નામ બદલવાની યે મને સત્તા છે, હું *ઢ*નું નામ બદલી *ઠ* કરી નાખીશ અને *ઠ*નું નામ *ઢ* કરી નાખીશ.'

ક ના આ શબ્દોએ બળતામાં ઘી હોમ્યું.

*ટ-ઠ*થી માંડીને *હ-ળ* સુધીના બધા સમસમી ગયા. હવે તેમણે છૂપી સભા નહિ બોલાવતાં જાહેર સભા બોલાવી. એ જાહેરસભામાં *ટ-ઠ* થી માંડી *હ-ળ* સુધીના બધા એટલે વીસ સભ્યો હાજર રહ્યા. *ક્ષ* અને *જ્ઞ* નો પણ સભામાં માનભેર સત્કાર કરવામાં આવ્યો *ઢ* એ સભાનું લીધું. સભામાં જુસ્સાદાર ભાષણો થયાં.

ઢ એ પ્રમુખસ્થાનેથી કહ્યું *ક* વળી કઈ વાડીનો મૂળો? *ક* એટલે શું? *ક* એટલે કાંઈ નહિ *ક* એટલે જે કદીયે કોઈને કંઈ કામનો નહિ એવો બેકાર આદમી !'

સભામાં જોરથી તાળીઓ પડી.

ઢ એ કહ્યું : 'અને ખ એટલું શું? *ખ* એટલે ખોટ્ટો! જે સાવ ખોટ્ટો છે, સદાનો ખોટ્ટો છે તે *ખ*!'

વળી તાળીઓ પડી.

ઢ એ કહ્યું કે : અને *ગ* એટલે શું? જે ગપ્પીદાસ છે, ગરબડદાસ છે તે *ગ*!'

ફરી જોરદાર તાળીઓ પડી.

છેલ્લે ઢએ યુદ્ધની ઘોષણા કરતાં કહ્યું : 'આજથી આપણું યુદ્ધ શરૂ થાય છે - હું કહું છું કે જેને મોતની બીક હોય તે અત્યારે જ અહીંથી ખસી જાય!'

પણ કોઈ ખસ્યું નહિ.

થોડા જ વખતમાં *ક* ને ભાન થઈ ગયું કે મારી બાજી હારમાં છે. એના પક્ષમાં માત્ર દશ સભ્યો હતા, તેમાં *ઙ* અને *ઞ* તો કાયમના પથારીવશ હતા અને કદી સભામાં હાજરી આપતા જ નહોતા, એટલે સમયસર ચેતી ગઈ એણે સમાધાનનો દાવ ફેંક્યો. સૌથી પહેલા એણે *ક્ષ-જ્ઞ*ને હાથમાં લીધાં તેણે કહ્યું : 'ભાઈ *ક્ષ*, તું દક્ષ છે. ભાઈ *જ્ઞ*, તું જ્ઞાની છે. પંચાયતનું હિત તમે સમજો છો. પંચાયતનો નાશ થશે તો આપણે કોઈ ક્યાંયના નહિ રહીએ! આમ સમજવામાં મારી કંઈ ભૂલ થતી હોય તો મોં પર જ મને કહો. હું તમારો આભાર માનીશ. ક્ષ-જ્ઞ બંનેએ કહ્યું : ભૂલ નથી થતી અમે પણ આવું જ કરીએ છીએ.'

*ક*એ કહ્યું અને *શ-ષ-સ-ટ-ળ* શું કહે છે?'

'તેઓ પણ આવું જ કહે છે.' *ક્ષ-ક્ષ*એ કહ્યું.

'તો પછી આ કંકાસ શાનો છે? શા માટે આ યુદ્ધ?' કએ કહ્યું.

ક્ષ-જ્ઞ કંઈ બોલ્યા નહિ.

ત્યારે *ક*એ કહ્યું : 'હું સમજી ગયો... તમને મારી સામે વાંધો છે એમને ? તો હું પ્રમુખપદ છોડી દઉં છું.

ભલે મારો નાશ થાઓ, પણ પંચાયત જીવતી રહો!'

આ શબ્દોની સારી અસર થઈ. ક્ષ *જ્ઞ*એ *શ-ષ-સ-હ-ળ* ને સમજાવ્યા, અને *શ-ષ-સ-હ-ળ ટ-ઠ-ડ-ઢ* એ વગેરેને સમજાયા. *ઉ* ને સમજાવતાં જરી વાર લાગી *ઢ* તેણે કહ્યું કે પ્રમુખ પોતાની મરજીથી નહિ, પણ સૌની મરજીથી કામ કરે તો જ પંચાયત ટકશે.

તે જ ઘડીએ *ક*એ સૌ સભ્યોની સંમતિથી, સૌના સહકારથી કામ કરવાનું સ્વીકાર્યું, ફેરફાર માત્ર એકવાતે થયો - *ખ*ની વજીરાત ગઈ અને *ગ*ની કોટવાલી ગઈ, અને એ બેય હોદ્દા ઢ એ સંભાળવા એવો આગ્રહ થયો. *ઢ* એ આનાકાની સાથે એનો સ્વીકાર કર્યો.

હવે પંચાયતની સભા મળી.

આ સભામાં બેઠકોની ગોઠવણ અગાઉ હતી તેવી સરખી પંગતોમાં કરવામાં આવી સૌ પોતપોતાના નિયત સ્થાને બેઠા હતા, પણ *ઢ-ઠ*એ તેમાં જરી

ફેરફાર કર્યો હતો. ટની પછી ઠની જગાએ ઢ બેઠો હતો અને ડની પછી ઢની જગાએ ઠ બેઠો હતો. આ જોઈ કને ગમત થઈ. તેણે કહ્યું 'વાહ ભાઈ ઢ, આ ખરું થયું. મારી સત્તાથી જે ન થયું, તે આપણી દોસ્તીથી થયું હવે મને ખાતરી થઈ કે આપણી પંચાયતનું કામ દીપશે અને એની પ્રતિષ્ઠા વધશે !'

વધવી જ જોઈએ. સૌ સભ્યોએ મેજ પર હાથ પછાડી કહ્યું.

સૌએ ગુજરાતી મૂળાક્ષરોની જય બોલાવી.

'બોલો સૌ, ગુજરાતી મૂળાક્ષરોનો જય હો!'

નટખટ નટુ

અંજનાબહેન ભગવતી

એક હતો નટુ. તે હતો ભારે નટખટ. ખૂબ તોફાન કરે, તે ઝાડ પર ચઢે અને ડાળી પરથી કૂદકા મારે. નદીમાં તરે અને તેમાં ઝબઝબિયાં કરે. બીક જેવી કોઈ વાત જ નહીં; આખો દિવસ દોડાદોડ કરે પણ થાકવાનું નામ જ નહીં. એને કુદરતમાં ખૂબ રસ પડે. જાતજાતના પ્રશ્નો તેના મનમાં આવે. કેવા પ્રશ્નો ખબર છે? માછલી રાત્રે ક્યાં સૂઈ જતી હશે? ચાંદો દિવસે ક્યાં છુપાઈ જતો હશે? કરોળિયો જાળુ બાંધવા માટે દોરી ક્યાંથી લાવતો હશે? ગરોળી ઈંડાં મૂકે કે બચ્ચાંને જન્મ આપે? આવા અસંખ્ય સવાલો તેના મનમાં આવે. શાળામાં આવો એકાદ સવાલ પણ પૂછે તો શિક્ષક કહે કે, આ પ્રશ્ન પરીક્ષામાં પુછાવાનો નથી અથવા આવા પ્રશ્નો પૂછી વર્ગશિક્ષણમાં ડખો કરવા બદલ નટુને પાટલી પર ઊભો કરી દે. તો આવા પ્રશ્નો પૂછવા કોને?

ખેર, જવા દો એ બધી વાત. એક દિવસ નટુ સફરજન ખાતો હતો. તે ખાતી વખતે તેને ખ્યાલ આવ્યો કે તેનો એક દાંત પડી ગયો છે. ક્યારે તે દાંત પડી ગયો તે ખબર પણ તેને ન પડી. તે દાંત થોડા વખતથી હાલતો હતો. નટુના મનમાં સવાલ થતો હતો કે હલતા દાંતને સ્થિર કરવા દાંતમાં ક્યો ગુંદર લગાવું? પણ એવો કોઈ ઉપાય કરે તે પહેલાં દાંત તો પડી ગયો. તેમાંથી લોહી નીકળ્યું. હવે તે ગભરાઈને મા પાસે ગયો માને કહે, જો મા, મારો દાંત ક્યાંક પડી ગયો. હવે હું શું કરીશ? મા, 'તુ' એને પાછો મારા મોંઢામાં ચોંટાડી આપને, મા તો આ વાત સાંભળીને હસવા લાગી. તેણે વિચાર્યું કે 'આજે બહુ દિવસે મારા લાગમાં આવ્યો છે, લાવ જરા એની મશ્કરી કરું.'

મા કહે, 'અરે, નટુ તારો દાંત ક્યાં ખોવાઈ ગયો? દાંત ખોળી કાઢે તો હું ચોક્કસ એને ચોંટાડી આપીશ અને હવે તારા બીજા દાંતનું પણ તું બરાબર ધ્યાન રાખજે. ધીમે ધીમે વ્યવસ્થિત રીતે બ્રશ કરજે, જમ્યા બાદ કોગળા કરજે. દાંત સાફ રાખજે. હવે જે બાકીના દાંત છે તે સંભાળજે. દાંત વગર કાંઈ ખવાય નહીં અને ખાધા વગર કાંઈ ચાલે છે કોઈને?'

નટુ તો આ વાત સાંભળી ચિંતામાં પડી ગયો. વારંવાર એનું મન આ પડી ગયેલા દાંતમાં, અને તેનાથી પડેલી ખાલી જગામાં ભરાઈ જાય. હવે શું કરવું? કયાં દાંત શોધવો તેના વિચારમાં નટુ પડી ગયો.

નટુ દાંતના વિચારમાં બેઠો હતો અને ઉંદર ત્યાં દોડાદોડ કરતો હતો. નટુ કહે, 'ઉંદર ઊભો રહે, મારે તારું ખાસ કામ છે. મારો એક દાંત કયાંક પડી ગયો છે તે તું શોધી આપને, ઉંદર કહે, 'તે કામ હું કરીશ. મને ખાંખાં ખોળાં કરવાની ટેવ છે. એટલે તમારો દાંત શોધવાનો પ્રયત્ન જરૂર કરીશ.' થોડી વાર પછી ઉંદર પાછો આવ્યો ને કહે, 'નટુભાઈ, ઘરમાં તો મેં ખૂબ શોધખોળ કરી પણ તમારો દાંત મને દેખાયો નહીં.' નટુ કહે, 'ઉંદર, તો મને તારો એક દાંત આપી દે ને તારો દાંત મારા મોંઢામાં ચોંટાડી દઈશ.' ઉંદર કહે, 'મારા દાંતની વાત ન કરતા મારે તો કાચાં ફળ, શાકભાજી જે મળે તે ખાવાનું છે એટલે મારા દાંત તો મારે અણીદાર અને મજબૂત રાખવા જ પડે. કાગળ, કપડું જે મળે તે કાતરવા માટે દાંત વગર તો મારે ચાલે જ નહીં.'

નટુ તો નિરાશ થઈ ગયો. તેને થયું લાવ દાંત બગીચામાં જઈને શોધું. બગીચામાં ઝાડ પર દોડતી ખિસકોલી જોઈ. ખિસકોલી તો ફળ, કઠણ બી જે આવે તે તેના આગલા બે પગ વડે પકડીને તેના તીણા તીણા દાંત વડે પટપટ ખાય છે. લાવ, તેને મારા દાંતની વાત કરું. 'ખિસકોલી, ખિસકોલી, ઊભી રહે, મારો દાંત ખોવાઈ ગયો છે તો તું તારો એક દાંત મને આપને.' ખિસકોલી આ સાંભળીને હસવા લાગી અને કહે, 'નટુભાઈ મારે તો રોજ કઠણ, પોચી જાત જાતની વસ્તુઓ ખાવાની હોય છે. એટલે મારે તો બધા દાંત સાબૂત જ જોઈએ, અમે કાંઈ રસોઈ પકવતા નથી જે મળે તે કાચું કોરું ખાઈએ છીએ એટલે દાંત તો મારા મજબૂત જોઈએ જ. એ મારાથી ન અપાય.'

નટુભાઈ તો આગળ ચાલ્યા, ત્યાં મળ્યા સસલાભાઈ સસલાભાઈ તો ગાજર ચભડ ચભડ ખાતા હતા. નટુ તેને કહે, 'સસ્સારાણા, વાહ શું સરસ

ગાજર ખાવ છો. મારા મોંઢામાં પણ પાણી આવે છે. સસલાભાઈ, મારો એક દાંત ખોવાઈ ગયો છે તો તમારો એક દાંત મને આપોને.' સસલાભાઈ કહે, 'તમે તો મારા ભાઈબંધ છો. પણ મારો દાંત તમને મારાથી ન અપાય. મારે મૂળા, ગાજર વગેરે ખાવાનું. દાંત તો મારે મજબૂત અને સરસ રાખવા જ પડે. લો, આ ગાજર જોઈએ તો આપી દઉં.' નટુ કહે 'ના, દાંત વિના ગાજર ખાવાની મઝા ન આવે.'

નટુભાઈ તો નિરાશ થઈ ગયા ત્યાં તેમની નજરે એક ચકલી ચઢી. ચકલીબહેન તો માળો બનાવવાની ધમાલમાં હતાં. આમ ઊડે તેમ ઊડે તણખલાં શોધીને માળામાં ગોઠવે. જરાએ ફુરસદ નહીં. નટુ કહે, 'ઓ ચકલીબહેન, ઊભાં રહો. મારું એક કામ કરો. મારો દાંત ખોવાઈ ગયો છે તો તમારો એક દાંત મને આપોને, ચકલીબહેન તો આટલા કામમાં પણ ઊભાં રહ્યાં અને ખડખડાટ હસી પડ્યાં. ચકલી કહે, 'નટુભાઈ, લો, ક્યો દાંત જોઈએ છે લઈ લો! એમ કહી ચકલીએ તો ચાંચ પહોળી કરી. નટુભાઈ તો જોતા જ રહી ગયા. ચકલીને એક પણ દાંત ન મળે. ચકલી કહે, 'નટુભાઈ, અમારે પક્ષીઓને દાંત ન હોય. અમે ચાંચથી ખોરાક પકડીને ખાઈ જઈએ, એટલે હવે બીજા કોઈ પક્ષીને દાંત માટે પૂછતા નહીં !'

નટુભાઈ તો આગળ ચાલ્યા, ત્યાં વાંદરાભાઈ મળ્યા. ઝાડ પર બેઠા બેઠા કેરી ખાતા હતા. નટુ વાંદરાને પૂછે, 'વાંદરાભાઈ, મારું એક કામ કરશો?' વાંદરો કહે, 'ચોક્કસ કરીશ.' નટુ કહે, 'વાંદરા, મારો એક દાંત ખોવાઈ ગયો છે તો તારી પાસે દાંત છે ને એમાંથી મને એક દાંત આપને વાંદરો કહે, 'નટુભાઈ એમાં તે શી વાત છે. મારા વધારેના દાંત તો મેં મારી વાંદરીને સાચવવા આપ્યા છે. હમણાં જઈને લઈ આવું છું.' નટુભાઈ કહે, 'મેં મગર અને વાંદરાની વાર્તા વાંચી છે. એમ કહીને તમે ભાગી જશો. મને અત્યારે જ એક દાંત આપી દો ને' વાંદરો કહે, 'મારા મોઢામાંથી ન કઢાય. હું હમણાં લઈને આવું છું.' એમ કહી તે હુપહુપ કરતા દોડી ગયો. નટુ ઊભો રહે, એમ કહેતો જાગી ગયો. મમ્મી ત્યાં જ ઊભી હતી. તે પૂછે, 'શું થયું બેટા ? કોની જોડે વાત કરે છે ?' નટુએ પોતાના સ્વપ્નની વાત કરી. બધાં પ્રાણીઓને કહ્યું કોઈ પોતાનો એક પણ દાંત આપવા તૈયાર નથી. હવે હું શું કરીશ?' મમ્મી કહે, 'નટુ, તું ચિંતા ન કરીશ. આ તો તારો દૂધિયો દાંત હતો એ પડી ગયો એટલે એની જગાએ કાયમી દાંત આવશે. થોડા દિવસ જવા દે એટલે ધીમે ધીમે નવો દાંત આવી જશે. આ સાંભળી નટુભાઈ તો ખુશ થઈ ગયા. અને 'નવો દાંત, નવો દાંત વાહ ભાઈ વાહ !' કરતા નાચવા લાગ્યા. □

અનુસંધાન) વાચકો લખે છે (પૃ. ૮૫૩થી

શહેર)માં રેલવે સ્ટેશન નજીક ભગવાન ગોવિંદરાજ સ્વામીનું વિશાળ મંદિર છે. આ મંદરની તદ્દન નજીક બીજું સંગ્રહાલય છે. જેઓને સંગ્રહાલય જોવાનો રસ હોય તે સૌ આ બે સંગ્રહાલયો અવશ્ય જુએ તો ઘણીબધી જાણકારી મળશે.

શ્રી વેંકટેશ્વર તિરુપતિ બાલાજી વેંકટાચલ પર્વતની તળેટીમાં ચારે દિશામાં તિરુપતિ શહેરથી ૧૦થી ૨૦ કિલોમીટરનાં અંતરે શ્રી વેંકટેશ્વર સ્વામીનાં વિવિધ દર્શનીય મંદિરો છે, જે આ પ્રમાણે છે : (૧) પ્રસન્ન વેંકટેશ્વર સ્વામી મંદિર (અપ્પલાયગુંટ) (૨) શ્રી કલ્યાણ વેંકટેશ્વર સ્વામી મંદિર (નારાયણવારમ્) (૩) શ્રી નિધિ વેંકટેશ્વર સ્વામી મંદિર મંગાપુરમ્ અને (૪) ગોવિંદરાજ મંદિર (તિરુપતિ).

-કિરીટ ભાવસાર, (૪૫૨, વચલી શેરી, રાયપુર, અમદાવાદ-૧)

*

ઑગસ્ટનો 'કુમાર'નો અંક વાંચીને સર્વાધિક પ્રસન્નતા કમલાબહેનનો લેખ વાંચીને થઈ. એમને વિશે અનભિજ્ઞ એવો હું અત્યાર સુધીના તેમના લેખો વાંચતો રહેતો એમાં સર્વશ્રેષ્ઠ લેખાનુભૂતિ 'મારા પિતા' એ લેખ દ્વારા અપાયેલી અંજલિ વાંચીને થયેલી.

એમની ભાષાભિવ્યક્તિ અને લાગણીના પ્રગટીકરણની રીતિ અનન્ય હોવાનું ગુજરાતી સાહિત્ય સંદર્ભે મને જણાય છે. એમણે એકઠી કરેલી વિવિધ ભજનો કે ગીતોની સો કસેટો એમનો તદ્વિષયક પ્રેમ સૂચવે છે. આવું પ્રસન્નકર વાર્ધક્ય સદ્ભાગ્યશાળીને જ મળે ને? તેમના પતિની નાસ્તિક તરીકેની ઓળખ પણ એ જ લેખમાંથી છતી થાય છે. તેઓ પણ ચંદ્રકાંત ટોપીવાળા અને નગીનદાસ પારેખની જેમ જ છે. એક લેખ પણ રચી શકાયઃ 'ગુજરાતી સર્જક-વિવેચકોની નાસ્તિકતા.'

કમલાબહેનને જણાવવા વિનંતી કે ચાલીસી ન વટાવી હોય એવી ગુજરાતી સંસ્કૃત અધ્યાપકોની નવી પેઢીના પ્રતિનિધિ રૂપે હું યત્કિંચિત અભ્યાસવૃત્તિ દ્વારા આપના જેવા નોખા માર્ગે આગળ વધવાનો પ્રયાસ કરું છું. તંત્રીશ્રી સાથેનું કમલાબહેનનું સાયુજ્ય જાણીને મને ઘણો હર્ષ થયો છે. *-મધુસૂદન વ્યાસ, એ/૨૦૩, વૃંદાવન ઍપાર્ટમેન્ટ, નવજીવન ચોક, મોડાસા જિ. સાબરકાંઠા-૩૮૩૩૮*

સાહિત્યસંપર્ક

[૧૯૦૫ના ડિસેમ્બરની ૧૨મીએ પેશાવરમાં જન્મેલા મુલ્ક રાજ આનંદ ૧૯૨૪માં પંજાબ યુનિવર્સિટીમાંથી બી.એ. અને ૧૯૨૭માં યુનિવર્સિટી ઑફ લંડનમાંથી પીએચ.ડી. થયા હતા. પંજાબ, બનારસ અને રાજસ્થાન યુનિવર્સિટીમાં અધ્યાપનકાર્ય ઉપરાંત 'પ્રોગ્રેસિવ રાઈટર્સ ઍસોસિએશન'ના સ્થાપક હતા. ૧૯૬૫-૭૦ સુધી ન્યૂ દિલ્હીની લલિત કલા અકાદમીના અધ્યક્ષ હતા. કલાના સુખ્યાત સામયિક 'માર્ગ'ના તેઓ સ્થાપક તંત્રી હતા. ૬૦થી વધારે એમનાં પ્રકાશનોથી તે ભારતીય અંગ્રેજી લેખકોમાં અગ્ર હરોળમાં રહ્યા. ૨૦૦૪ના સપ્ટેમ્બરની ૨૭મીએ એમનું નિધન થયું. એમને શ્રદ્ધાંજલિ અર્પતો લેખ અહીં પ્રસ્તુત છે. -તંત્રી]

મારા પ્રિય અંકલ મુલ્ક

રંજના હરીશ



જગત જેને એક સુપ્રસિદ્ધ લેખક, કલાવિવેચક અને મર્મજ્ઞ તરીકે જાણે છે તેવા મુલ્કરાજે સાહિત્યના મુલ્ક ઉપર પોતાની કલાપારખુ દૃષ્ટિ અને સબળ કલમથી રાજ કર્યું. આવા લોકપ્રસિદ્ધ અને સિદ્ધ એવા સાહિત્યકાર મુલ્કરાજ આનંદ આજે જ્યારે ચિરનિદ્રામાં પોઢી ગયા છે ત્યારે તેમને અપાતી શ્રદ્ધાંજલિઓમાં કલા કે સાહિત્ય પ્રત્યે ઝોક હોય તે સમજી શકાય છે. પરંતુ એક ઍક્ટિવિસ્ટની અદાથી જીવન જીવી જનાર લેખક મુલ્કરાજ આનંદ ફક્ત કલમના જ યોદ્ધા ન હતા. તેમણે સ્પૅનિશ સિવિલ વૉરમાં પણ સક્રિય ભાગ લીધેલો! પોતાના અંગત મિત્ર અને જાણીતા નાટ્યકાર હેરૉલ્ડ પિન્ટર સાથે યુવક મુલ્કરાજ સ્પૅનિશ સિવિલ વૉરમાં જોડાયા હતા. તેથી તેમને અપાતી શ્રદ્ધાંજલિમાં ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતને વરેલ મુલ્કરાજના ઍક્ટિવિસ્ટ તરીકેના વ્યક્તિત્વની વાત હોય તે સમજી શકાય.

આવી બહુમુખી પ્રતિભા ધરાવતું દબદબેદાર પાત્ર એટલે 'પદ્મભૂષણ'થી વિભૂષિત મારા અંકલ મુલ્ક. તેમના જવાથી મારા વ્યક્તિગત જીવનમાં પડેલ ખોટ શબ્દોમાં મૂકી શકાય તેમ નથી. મને સાંભરે છે અંકલ સાથેની એ પ્રથમ મુલાકાત જ્યારે હું એક આંતરરાષ્ટ્રિય સેમિનારના પ્લૅટફૉર્મ પર ભરસભા વચ્ચે લગભગ વિસંવાદિતાના સ્વર સાથે એમને મળી હતી. તે સેમિનાર નારી-લેખન વિષય સંબંધિત હતો. મુલ્કરાજજીના હાથે સેમિનારનું ઉદ્ઘાટન રાખવામાં આવ્યું હતું. ત્યાર પછી તેમનું વ્યાખ્યાન હતું. એ વ્યાખ્યાનમાં તેમણે નવી પેઢીના વ્યાખ્યાતાઓ અને સંશોધનકર્તાઓની ઝાટકણી કાઢેલી. તે અરસામાં બે-ચાર મહિના પહેલાં જ છપાયેલ સ્ત્રીના મનોજગતની વ્યાખ્યા કરતા એક પુસ્તક વિષે તેમણે સભામાં તેનો ઉલ્લેખ કર્યો હતો : 'તમે બધાં નારી-લેખન વિષે ચર્ચા કરવા માટે અહીં આવ્યાં છો તે સાચે જ આનંદનો વિષય છે. પરંતુ તમારામાંનાં કેટલાં આ પુસ્તક વિષે જાણે છે? તમે તાજેતરમાં પ્રકાશિત થયેલ સુધીર કાકર જેવા પ્રતિષ્ઠિત સાઈકોઍનાલિસ્ટના આ મહત્ત્વના પુસ્તક વિષે ન જાણતાં હો તો તમને આ સેમિનારમાં આવવાનો અધિકાર ન હોય.'

તેમના આ શબ્દો સભાખંડમાં ઉપસ્થિત સહુ કોઈના મનમાં સોંસરા ઊતરી ગયા હતા. આખી સભા સ્તબ્ધ હતી. બધાં જ ચૂપ અને નતમસ્તક. એવા સમયે પટાવાળાએ આવીને મુલ્કરાજના હાથમાં એક ચબરખી આપી. તેમણે તેને માઈક ઉપરથી વાંચી સંભળાવી. 'તમે વડીલ છો, જ્ઞાની છો, પરંતુ તમે આ રીતે વર્તી ન શકો. હા, મેં આ પુસ્તક વાંચ્યું છે.' તે ચબરખી વાંચી તેઓ ખૂબ ખુશ થઈ ગયા. ચરબખી મોકલનારને તેમણે સ્ટેજ ઉપર આવવા કહ્યું. ધબકતાં હૈયે હું સ્ટેજ ઉપર પહોંચી કેમ કે એ કારસ્તાન મારું હતું. તેમણે મને આવકારી. ક્ષણાર્ધ પહેલાંનો તેમનો પુણ્ય-પ્રકોપ વ્હાલમાં બદલાતો મેં જોયો. 'યંગ સ્કૉલર' શબ્દોથી નવાજી તેમણે મને તે પુસ્તક વિષે બોલવા કહ્યું. હું જે બોલી તે સાંભળ્યા બાદ તેમણે સભાને સંબોધીને કહ્યું, 'આ યંગ સ્કૉલરે તમને બધાંને બચાવી લીધાં.' ત્યાર પછી કાર્યક્રમ પૂરો થતાં તેમણે મારા વ્યાખ્યાનના સમય વિષે પૃચ્છા કરી. બીજે દિવસે મારા વ્યાખ્યાનની પહેલાં લોકોએ જ્યારે તેમને સેમિનાર હૉલમાં આવતા જોયા ત્યારે બધાંને આશ્ચર્ય થયું. તેઓ ખાસ મારું વકતવ્ય સાંભળવા આવ્યા હતા. મારા વક્તવ્ય બાદ તેમણે પોતાનાં સૂચનો પણ આપ્યાં. ત્યાર બાદ લંચ વખતે બધાંના આશ્ચર્ય વચ્ચે તેમણે યજમાન જેમ કરે તે રીતે ખાસ મંગાવેલ ફૂલોનો બુકે મને આપ્યો. ખૂબ ખૂબ અભિનંદન આપ્યાં. અને મારી પીઠ થાબડીને કહ્યું, **'Well done. Keep it up, my dear. You have a spark, don't let it go waste."**

તે ધન્ય ક્ષણને હું ક્યારેય વિસરી શકી નથી. મારા જેવી તદ્દન બિન-અનુભવી યુવા વ્યાખ્યાતાની એક નાની અમથી ચરખીનું માન રાખી પોતાના શબ્દો પાછા લેનાર અંકલ મુલ્કનું એ મોટપણ મારા મનમાં હંમેશને માટે વસી ગયું.

ત્યાર પછી તો મારા એ અંકલ મુલ્કને ઘણી નજદીકથી જોવાનો, જાણવાનો અને સમજવાનો લહાવો મને મળતો રહ્યો. ૧૯૯૩માં પ્રકાશિત થયેલ મારા પુસ્તક *ઈન્ડિયન વીમન્સ ઑટો-બાયોગ્રાફીઝ*નું અનુકથન (Afterword) તેમણે લખી આપ્યું. અંગ્રેજી સાહિત્યમાં આ પુસ્તકની વિશેષ નોંધ લેવાઈ કેમ કે આ વિષય પરનું તે પ્રથમ પુસ્તક હોવાની સાથોસાથ

મુલ્કરાજે તેના વિશે પોતાનો અભિપ્રાય આપ્યો હતો. ૧૯૯૬માં જ્યારે મેં મારું બીજું પુસ્તક *ફીમેલ ફુટ-પ્રિન્ટ્સ* તેમને સમર્પિત કરવા તેમની પરવાનગી માગી ત્યારે તેમણે હસીને કહેલું, 'સમયની રેત પરનાં સ્ત્રીનાં પદચિહ્નોને અકબંધ બનાવવાનો તારો પ્રયાસ ખરેખર સ્તુત્ય છે, અભિનંદનીય છે. એક સ્ત્રી દ્વારા સ્ત્રીઓના વિશ્વની વાતમાં મારા જેવા પુરુષનું શુ કામ છે?' મેં તેમને ઉતર આપેલો કે જેટલું કામ ધ્રુવ તારાનું નાવિકને હોય, તેટલું કામ આ પુસ્તકના સ્ત્રી-જગતને તમારું છે.' વાત્સલ્ય સાથે સ્મિતપૂર્વક તેમણે કહેલું, 'ભલે, ત્યારે તારી ઇચ્છા', અને એ પુસ્તકના સમર્પણમાં મેં લખેલું, 'મારા જીવનની દીવાદાંડી એવા મારા અંકલ મુલ્કને સપ્રેમ સમર્પિત.'

મારાં આ બંને પુસ્તકોનાં પ્રકાશનનાં વર્ષો દરમ્યાન તેમની 'અનટચેબલ' નવલકથાનો મેં 'અછૂત'ના નામે ગુજરાતી અનુવાદ પણ કર્યો હતો. ગૂર્જર પ્રકાશને તે પુસ્તક પ્રકાશિત કર્યું ત્યારે અંકલ ખાસ અમદાવાદ આવ્યા હતા. તે પુસ્તકના લોકાર્પણ માટે. તે પુસ્તક તેમની એકાણુમી વર્ષગાંઠે મેં આપેલ ભેટ હતું. પુસ્તકના અનુવાદ દરમ્યાન તેમણે એક વાર મને લખેલું, 'અનુવાદનું કામ તું જલ્દીથી પતાવ, જેથી હું નેવું વર્ષનો જુવાન થાઉં તે પહેલાં તેને પ્રગટ થતું જોઈ શકું.' (અછૂત : ૧૬૨) મારા અંગ્રેજી પુસ્તક *ઇન્ડિયન વીમન્સ ઑટો-બાયોગ્રાફીઝ*નો ગુજરાતી અનુવાદ બેલા ઠાકરે કર્યો. અંકલ મુલ્કે આ ગુજરાતી અનુવાદ માટે પોતાની શુભેચ્છાઓ મોકલી આપી. ૧૯૯૩માં પ્રગટ થયેલ પુસ્તક ૨૦૦૩માં અનુવાદ પામે અને ગુજરાતી પ્રજાને મળે તેનો તેમને વિશેષ આનંદ હતો.

આવી તો કેટકેટલી વાતો મને સાંભરે છે. અને મને યાદ આવે છે, દર વર્ષે ઉનાળામાં ખંડાલા ખાતેના તેમના નિવાસસ્થાને તેમની સાથે ગાળેલી કેટલીક યાદગાર ક્ષણો. તેમના વિશાળ ફાર્મ હાઉસ ઉપર પાકાં ભવ્ય મકાનો હોવા છતાં અંકલ મુલ્ક ફાર્મ હાઉસ ખાતેના લાકડાના 'આઉટ હાઉસ'માં જ રહેતા. તેમાં પણ મચ્છરદાની જેવી પ્લાસ્ટિકની નેટથી કવર કરેલ મોટા ખુલ્લા વરંડામાં જ પોતાનો મોટા ભાગનો સમય ગાળતા. તેમના બાથરૂમમાં પાણીનો નળ ન હતો! પરંતુ જૂના જમાનાનું પિત્તળનું એક મોટું સુંદર નળવાળું પાત્ર રહેતું, જેમાંથી તેઓ પાણી વાપરતા. ત્યાંનું ફર્નિચર પણ જૂના જમાનાનું હતું - તેનો રંગ કાં તો લાલ અથવા પીળો! પરંતુ તેમની હાજરી આવા વૈચિત્ર્યને પણ એક વિશેષ રૂપરંગ આપતી. ફાર્મ હાઉસ પર રહેતા માળીઓનાં બાળકો સાથે હિંદીમાં વાત કરતા અંકલ મુલ્ક સહુના દાદાજી બની રહેતા. વિશ્વવિખ્યાત પ્રખર વિચારક અને સાહિત્યકારનો ભાર તેમના વ્યક્તિત્વમાં ચોક્કસ હતો, પરંતુ તે માત્ર બહારના વ્યાવસાયિક જગત પૂરતો જ. વ્યક્તિગત જીવનમાં તેઓ અત્યંત સરળ અને સહજ વ્યક્તિ હતા. કોઈ પણ પ્રકારના આડંબર વગરના તેમના વ્યક્તિત્વે મને હંમેશાં આકર્ષી છે. તેમના સાન્નિધ્યમાં ગાળેલ દરેકે દરેક ક્ષણ મારા જીવનનો અમૂલ્ય વારસો અને અંગત મૂડી છે.

કોણ કહે છે કે વટવૃક્ષ નીચે નાના છોડ ન ઊગી શકે? અંકલ મુલ્કરૂપી વટવૃક્ષનો છાંયો તો સાચે ભાગ્યશાળી ને જ મળે!

આજે જ્યારે તેઓ ખંડાલા ખાતેના તેમના ફાર્મ હાઉસ પરની તાજી બનેલ સમાધિના સ્થળે ચિરનિદ્રામાં પોઢ્યા છે, ત્યારે તે સ્થાન સાથે સંકળાયેલ અને તેમની સાથે સંકળાયેલ આ સંસ્મરણો વાગોળીને પ્રેમપૂર્વક શ્રદ્ધાંજલિ આપ્યા વગર મારી પાસે બીજો કોઈ ઉપાય નથી. ૯૯ વર્ષનું સાર્થક જીવન જીવી જનાર અંકલ મુલ્ક મારા જેવા ઘણાં બધાંને પ્રેરણા આપી રહે તે જ પ્રાર્થના. ❐

પ્રાપ્ત પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. (૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬)નાં પ્રકાશનો

દૃષ્ટાંત કથાઓ (રમણ મહર્ષિની દૃષ્ટાંત કથાઓ, ધર્મ-ચિંતન) ભાવાનુવાદ-સંકલનઃ મહેશ દવે, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. (૧, રૂ. ૪૦. ઍક્વેરિયમની માછલી (ટૂંકી વાર્તાઓ લે. ડૉ. નવીન વિભાકર, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૮૦. સમજુ થઈને પાછો ફર (ચિંતન) લે. હરિભાઈ કોઠારી, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦ રૂ. ૮૦. આરતી આશકા (ધર્મ) સંકલન જયા મહેતા, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ. ૮૨ રૂ. ૬૦. વાદળ ઘેર્યા આભમાં (ટૂંકી વાર્તાઓ) લે. ડૉ. નવીન વિભાકર, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ. ૧૧૪ રૂ. ૮૦. ફલાવર વાઝ (અમેરિકામાં વસતા ગુજરાતી કવિઓની કવિતાનો સંચય) સંપાદનઃ પ્રીતમ લખલાણી, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ. ૧૯૨ રૂ. ૧૨૦. ખુશબુમાં ખીલેલાં ફૂલ હતાં (પાંચ ગઝલકારોનું ચૂંટેલી કવિતા) સં. સુરેશ દલાલ, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ. ૧૬૮ રૂ. ૧૧૦. અમેરિકા ઉવાચ (અમેરિકામાં વસતા લેખકોની વાર્તાઓનો સંચય સં. પ્રીતમ લખલાણી, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૭૨ રૂ. ૧૧૦. ઝલક તેરા (પ્રતિભાવ) લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ. ૧૦૯ રૂ. ૭૦. કહત કબીર (કબીરના કાવ્યો પર વિવેચન) સં. સુરેશ દલાલ, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૨૪૩ રૂ. ૧૭૫. ઉજાગરો (ગઝલસંગ્રહ) લે. ભગવતીકુમાર શર્મા, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૯૫ રૂ. ૬૦. મનની ગુંચ ઉકેલો (સાઇકૉથેરાપિના લેખો) લે. ડૉ. મુકુલ ચોકસી, ડિમાઈ સાઇઝ, કાચું પૂંઠું, પૃ. ૧૨૦ રૂ. ૮૦. સરદારવાણી (સરદારના ક્વોટેશન્સ) સં. મહેશ દવે, ક્રાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૭૨ રૂ. ૪૦. કવિતાનો સૂર્ય : રવીન્દ્રચરિત (સ્વ. રવીન્દ્રનાથ ટાગોરનું ચરિત્ર) લે. મહેશ દવે, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૯૪ રૂ. ૧૩૦. અરુણાચલ સ્તુતિ - શ્રી રમણ મહર્ષિ (ધાર્મિક) સં. તરલા દેસાઈ, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨ રૂ. ૮૦. રૂપેરી પરદાના ચહેરાઓ (ફીલ્મીલેખો) અનુ. જ્યા મહેતા, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૪૫ રૂ. ૧૦૦.મોતીચારો (એનેકડોટ્સ) અનુ. ડૉ. આઈ.કે. વિજળીવાળા, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૭૦ રૂ. ૫૦. ભગવાન મહાવીર અને જૈન ધર્મ ચિંતન (ધાર્મિક) સં. જ્યા મહેતા, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પ્ર. ૮૮ રૂ. ૫૦. ❐

અવલોકન

સૌંદર્યદૃષ્ટિ સાથે અનુસન્ધાન



'લીલાં પર્ણ', 'દર્ભાંકુર', 'ઘાસનાં ફૂલ', 'વેણુરવ', 'પંચમ', 'ગાતાં ઝરણાં' જેવા ધ્યાનાર્હ નિબન્ધસંગ્રહો પછી 'શાખાઓનો સંવાદ' સંચય, શ્રી પ્રવીણ દરજીની લલિત નિબન્ધ સર્જનયાત્રાનો રમ્ય આલેખ પ્રસ્તુત કરે છે.

નિબન્ધમાં સત્યનિષ્ઠા અને તત્ત્વપ્રધાનતા મુખ્યત્વે હોય ત્યાં ચિન્તનાત્મક નિબંધ અને લૉજિકના સ્થાને લાવણ્ય તેમજ રૂઢિચુસ્તતાના સ્થાને સૌંદર્યનું સમારાધન થયું હોય ત્યાં લલિત નિબન્ધ મહોરી ઊઠે. સુરેશ હ. જોષી પછી દિગીશ મહેતા, ભોળાભાઈ પટેલ, યજ્ઞેશ દવે જેવા નિબન્ધકારોની પંક્તિમાં બેસે એવું નામ પ્રવીણ દરજીનું પણ છે. એમના આ પ્રકારના લેખનમાં 'પર્સનલ એસે'ની ઘણી લાક્ષણિક ખૂબીઓ ખૂલતી દેખાય, ઉપરાંત બાહ્યાભ્યાંતર પ્રકૃતિની ચારુતર છટાઓ સરળ રમતિયાળ શૈલીમાં વહી આવતી અનુભવાય.

સંવેદના તો કોઈ પણ લેખકની રચનામાં ડોકિયું કર્યા વિના ના રહે. સામાન્ય પ્રકારના આલેખનમાં જેવું હોય તેવું સંવેદનતંત્ર પ્રગટ થઈ ઊઠે. એ સ્વાભાવિક છે, પણ તાત્ત્વિક ફરક સંવેદના યા વેદનાને સમુચિત ગદ્યકર્મ દ્વારા આકાર અર્પવાની પ્રક્રિયામાં રહ્યો છે. કવિતામાં પદ્યકર્મ અને અન્ય પ્રકારોમાં ગદ્યકર્મ, જેનો વિવેચનામાં 'ભાષાકર્મ' તરીકે વારેવારે ઉલ્લેખ થાય છે. 'શાખાઓનો સંવાદ' જેમાં સર્જનાત્મક કોટિએ અલ્પાધિક પ્રમાણમાં ફૂલ્યોફાલ્યો છે એવા નિબન્ધોમાં 'શગડી પાસે', 'ઈશ્વર! મને પતંગિયું બનાવી દો,' 'આપણી ટેક્સ્ટ', 'દુર્નિવાર સાદ', 'આંખોનું ઉપનિષદ' આદિ ખાસ છે.

લલિત નિબંધ અંગેની વિભાવના લેખકની વિશિષ્ટ દૃષ્ટિનો પરિચય આપે છે. હા, લલિત નિબંધ પણ છેવટે એક સંવાદ બની રહે છે જાત સાથેનો, તમારી સાથેનો, જગત સાથેનો. સચરાચરમાં કોઈક ને કોઈક રૂપે એવો ડાયલોગ નિરંતર ચાલતો જ રહે છે. વૃક્ષો, પહાડો, પંખીઓ, વાદળી, નદીઓ, સાગર અને માનવ... સઘળે.

ડાયલોગનો મુદ્દો સાચો, પણ લલિત નિબન્ધ લેખકે ખાસ ખયાલ રાખી સાવધ રહેવું પડે એ બાબતે કે ડાયલોગ રચતાં રચતાં તેવું લેખન 'ડ્રાઈ ડિસ્કોર્સ' તો નથી બની રહ્યું ને! શુષ્ક સંભાષણ ચિંતનાત્મક-રિફ્લૅક્ટિવ-નિબન્ધમાં ક્યારેક ચાલી જાય, પણ લલિત લેખનમાં તે તત્ત્વટૂંપણા જેવું અનાકર્ષક બની રહે.

'સંવેદનાઓ' લેખમાં લેખક ખારી, ખાટી, ગળચટ્ટી સંવેદનાઓની વાત મૂકી ભાવકની સ્વાદેન્દ્રિયને ઉશ્કેરી શક્યા તોયે પછીનું પગથિયું ચૂક્યા નથી. 'આપણી આંખ સામે છેવટે તો તર્યા કરે છે દૃશ્યોમાં થીજી ગયેલી એવી સંવેદનાઓ જ. આપણી હાથની અંજલિના પોલાણોમાંથી બધું ટપકી ગયા પછી શેષ બચે છે તો એવી સંવેદનાઓ જ.' (પૃ.૬)

'શગડી પાસે' જેવા ઘરગથ્થુ વિષયને લઈ કર્તાએ વસ્તુ સાથે આત્મીયતાથી કામ પાડી જે ઘાટ આપ્યો છે એ તો સ્વતંત્ર આસ્વાદલેખને પાત્ર છે. અંતમાં નાયકનું સાક્ષી ચૈતન્ય રસાવહ વર્ણનની ફ્રૅમમાં ઊપસ્યું છે : 'હું ઠીબને તાક્યા કરું છું, કોલસા પર રાખ વળી ગઈ છે. રાત્રિના બાર થઈ ગયા છે. ઓહ, હું આ નગરમાં ને પ્રાણ ગામના નાનકડા ફળિયાના એક માટીના ઘરના ઓરડાની શગડી પાસે!' (પૃ.૬૭)

વર્ણન અહીં કાવ્યમય પ્રતીકક્ષમતાનું રૂપ લઈ ઊતર્યું છે. નાયકનો 'હું' નગરમાં અને પ્રાણ ગામફળિયાના માટીઘરની શગડી પાસે-માં વિભક્ત ચેતનાની ટ્રૅજડિ પ્રત્યક્ષ થઈ છે.

'આપણી ટૅક્સ્ટ'માં રાધા સંભાવના સાથે પ્રગાઢ તાદૃશ્ય શ્વસનાર કૃષ્ણ પુનઃ 'કૃષ્ણ-સંપૂર્ણ નૃત્ય' નિબન્ધમાં ભાવિક વર્ગ સાથે જગતરાસ ખેલવા લેખકે પ્રવીણ અભિવ્યક્તિપૂર્વક પ્રગટ કર્યો છે! 'આપણે-ફૅન્ટસી'માં લેખકની વિદગ્ધતા ટૉમસ માન, હેમલેટ, સરસ્વતી, જોકેસ્ટા, આયનેસ્કોના 'રાઈનોસરોસ'ને સ્મરી લે છે ખરી, છતાં માહિતીનું મેરુવજન કઠતું નથી. આવા લેખનની એ જ કસોટી અને એ જ રિદ્ધિ. 'ચાલો, ઈથાકાની સફરે' નિબન્ધ પણ આ દૃષ્ટિએ તપાસવા જેવો છે.


'એકદમ તાજા સમાચાર'માં આધુનિક મનુષ્યની ઉંદરદોડ અને પરિણામે ચડતી હાંફનો ઊંચો ગ્રાફ આલેખવામાં કલમ સફળ થઈ છે (આ લખનારની ગદ્યકવિતા 'હાંફતાં સરઘસ' આ પળે સાંભરી આવી...) સંસ્કૃતિની, સાહિત્યની વાતો કરી કરીને હાંફતો માણસ 'પોતાના જ હાડપિંજરને દીવાલો ઉપર ટીંગાડી રહ્યો છે.' એવા દારુણ દૃશ્ય પછી લેખના અંતે, 'લેઈટ મોટિફ' સમી થીમ માણસ શેરી ને શહેર છોડીને કોઈકનો અતિથિ બને છે અને આખરે તો 'હાંફે છે હમણાં... હમણાં આ એકદમ તાજા સમાચાર છે'(પૃ. ૭૯)

સમીક્ષાનો સાર પણ આ... એકદમ તાજા સમાચાર છે કે પ્રવીણ દરજી 'શાખાઓનો સંવાદ'માં પણ સૌંદર્યદૃષ્ટિનું આત્મા સાથે એનું સન્ધાન સાધી શક્યા છે. *-રાધેશ્યામ શર્મા*

(શાખાઓનો સંવાદ, લે. પ્રવીણ દરજી, પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ક્રાઉન સાઈઝ, પૃ. ૧૪૩, કિંમત, રૂ. ૬૦.) ❒

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]





અંગુલિનિર્દેશ

બૃહત્ ગુજરાતી કાવ્યસમૃદ્ધિ



૬૦૦ વર્ષની ગુજરાતી કવિતાની ઝલક-ઝાંખી કરાવતાં આ પુસ્તકનું સંપાદન સુરેશ દલાલ દ્વારા થયું છે. આદિ કવિ નરસિંહ મહેતાથી હાલના વર્તમાન કવિ- પેઢીના કવિઓની કવિતાને સમાવતા આ અદ્‌ભુત પુસ્તકમાં ૬૩૦ સર્જકોની ૧૦૦૮ રચનાઓ ગ્રંથસ્થ કરવામાં આવી છે. અનુક્રમ કવિઓની જન્મતારીખ અનુસાર ગોઠવવામાં આવ્યો છે. સુંદર મુદ્રણ ધરાવતા આ ગ્રંથને કાવ્યરસિકો હેતસહ આવકારવામાં પાછી પાની ન કરે તો સુરેશ દલાલનું આ સંપાદન જરૂર લેખે લાગશે.

(બૃહત્ ગુજરાતી કાવ્યસમૃદ્ધિ : સં. સુરેશ દલાલ, પ્ર. ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ., ડબલ ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૬૨૮, કિં. રૂ. ૫૦૦)

ઇન્ડિયા લૉજ



પ્રવીણ પંડ્યા કૃત 'ઇન્ડિયા લૉજ' એકાંકી સંગ્રહમાં સાત વિધવિધ એકાંકીઓ ગ્રંથસ્થ કરવામાં આવ્યા છે. આ એકાંકીઓની ખાસિયત એ છે કે આ તમામ એકાંકીઓ તખતા ઉપર સુપેરે ભજવાઈ ચૂક્યાં છે અને યુવક મહોત્સવ, વીણાવેલી, આઈ.એન.ટી. જેવી નાટ્ય સ્પર્ધાઓમાં વિજેતા પણ થયા છે. પ્રવીણ પંડ્યા લિખિત-દિગ્દર્શિત આ એકાંકીઓ વાચન દ્વારા મનના રંગમં[illegible]ર ભજવવાની તક નાટ્યરસિકો જરૂર આવકારશે.

(ઇન્ડિયા લૉજ : લે. પ્રવીણ પંડ્યા, પ્ર. કૃતિ પ્રકાશન, કાઉન સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૨ , કિં. રૂ. ૭૦)

કલાવાર્તા

કૅનૅડાનિવાસી સુખ્યાત ભારતીય કલાકાર પી. મનસારામ



વર્ષોથી કૅનૅડામાં વસેલા સમકાલીન ભારતીય ચિત્રકાર પી. મનસારામ ખાસ તો ચિત્રકલાક્ષેત્રે નવા પ્રયોગો કરવા માટે સુખ્યાત છે. તેમની શરૂઆતની કારકિર્દીમાં તેમણે જુદી જુદી શૈલીઓમાં ચિત્રસર્જન કર્યું હતું. અમૂર્ત શૈલીમાં એક ચિત્રશ્રેણી તૈયાર કરી હતી, પરંતુ મુખ્યત્વે તેઓ આકૃતિપ્રધાન કલાકાર છે. છેલ્લા કેટલાક સમયથી તેમને એવું સતત લાગ્યાં કર્યું છે કે કૅનવાસ પર રંગોથી સર્જાતું ચિત્રકાર્ય પોતાની અભિવ્યક્તિ માટે પર્યાપ્ત નથી. તેઓ પાશ્ચાત્ય કલાજગતમાં રહેતા હોવાથી ત્યાંના દરેક કલાક્ષેત્રમાં થતા પ્રયોગોથી સતત સુપરિચિત રહે છે. ત્યાં તેમને નવાં સાધનો અપનાવવાની પ્રેરણા મળે છે તેથી મનસરામ વિવિધ માધ્યમોમાં સર્જનકાર્ય કરનાર ચિત્રકાર છે.


ઑન્ટારિયોમાં બર્લિંગ્ટન જેવા પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા સ્થળે તેમના નિવાસસ્થાને મારી મુલાકાત દરમ્યાન કલાવિષયક ચર્ચા કરવા ઉપરાંત મેં તેમનો સ્ટૂડિઓ પણ જોયો. તેમનાં ધર્મપત્ની મુંબઈનાં છે અને ગુજરાતી છે તથા રસપ્રદ ચિત્રસર્જન મિક્સ મીડિયામાં કરે છે. મનસારામ રાજસ્થાની છે અને તેમનો બંગલો માઉન્ટ આબુ પર મોટી શિલાઓની સમીપે આવેલો છે. ભારતની મુલાકાત દરમ્યાન તેમને તેમના બંગલાની બહારની આ ખરબચડું પોત ધરાવતી શિલાઓના આકારોમાં કલાત્મક તેમજ સૌંદર્યશાસ્ત્રીય રસ જાગ્યો. ફલસ્વરૂપ તે શિલાઓના રસપ્રદ ફલક પર તેમણે પ્રાણીઓ, મૂર્તિઓ, બારણું તથા ભેદી લાગતાં અમૂર્ત રૂપો રેખાઓ તથા રંગો દ્વારા સર્જ્યાં. કેટલીક ઊંચી શિલાઓમાં પોલાણો પણ દેખાય છે. સાંપ્રત કલાના નવા પ્રવાહોમાં કેવળ કૅનવાસ કે પેપર થતા સર્જનકાર્યનો પારંપરિક ખ્યાલ આવા મિક્સ મીડિયામાં થતી પ્રયોગાત્મક કૃતિઓને કારણે તૂટવા લાગ્યો છે. હવે તો કલાક્ષેત્રે ઈન્સ્ટૉલેશન કલાની બોલબાલા છે. ગૅલરિ કે મ્યૂઝીઅમમાં આવા ઈન્સ્ટૉલેશન મુકાતા નથી, પરંતુ કુદરતના રમ્ય પર્યાવરણમાં તેઓ વધુ અર્થપૂર્ણ અને સુંદર દેખાતાં હોય છે.

ભારતની બહાર કૅનૅડામાં રહેતા હોવા છતાં મનસારામ બે વર્ષે એક વાર ભારત આવે છે અને રાજસ્થાન, ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશમાં પ્રવાસ કરે છે. દક્ષિણ ભારતમાં જાય છે. મુંબઈ આવી રોકાય છે. કૅમરા હંમેશા તેમની પાસે રહે છે. તેઓ કહે છે કે ભારતની સાચી ઓળખ મારાં ચિત્રો આપી શકે તેવી મારી સતત કોશિશ રહે છે. કૅનૅડાની ધરતી પર હોવા છતાં તેઓ ત્યાંના વાતાવરણમાં ભારતીય બની જાય છે. હકીકતમાં તેમની કલાત્મક સંવેદના ભારતીય જ છે તો સાથે સાથે સાંપ્રત પણ છે.

તેમણે ભારતમાં લીધેલી તસવીરો તેમના સર્જનકાર્યમાં તેમને પર્યાપ્ત લાગતી નથી. ચિત્રકારનું મન જે શોધે છે તે આત્મા તેમાં દેખાતો નથી. ફોટો સપાટ હોય છે. મનસારામ તેને ત્રિપરિમાણીય ઇચ્છે અને પછી શરૂ થાય છે એવી પ્રક્રિયા કે જે તેમનાં આ ચિત્રોને કલાત્મક પેન્ટિંગ જેવું સ્વરૂપ આપે છે. તેઓ તેમની આ કૃતિઓને ફૉટો-આધારિત કલા કહે છે. આબુની શિલાઓ પર સર્જેલાં તેમનાં કલાત્મક રૂપોની તસવીરો તેમણે લીધી છે અને તે તસવીરોને તેઓ યોગ્ય રીતે



મનસારામ તેમના આબુ પરના નિવાસસ્થાનની સમીપે. તેમણે 'શિલા' પર સર્જેલાં કલારૂપો દ્વારા તૈયાર થયેલી નિગૂઢ સંરચના.



કૅનેડાનિવાસી ભારતીય મનસારામની મિક્સ મીડિયામાં સર્જાયેલી શહેરી જીવનને દર્શાવતી વિવિધ દશ્યકલાનોના સંયોજનવાળી સંરચના.


શિલાઓ પરની કલા એવું શીર્ષક આપે છે. યંત્રનો ઉપયોગ એક નવા જીવન માટે કરવો પડે છે. તેથી તેઓ લેસર પદ્ધતિના રંગીન ઝેરોક્ષની મદદ લે છે. તેના પર કેટલુંક રેખાંકન અને ચિત્રકામ કરે છે. અંતિમરૂપે જે સામે આવે છે તે જ મનસારામના 'ફૉટો-લેસર'. તે માટે તેમને ચાર પદ્ધતિઓને અપનાવવી પડે છે - પેન્ટિંગ, ડ્રૉઈંગ, કૉલાજ અને ઝેરોક્ષ. છેવટે જે સામે દેખાય છે તેમાં એક વિશેષ પરિમાણ જોડાય છે તથા એક અનોખું રહસ્ય અને લોભામણો જાદુ પણ આ ચિત્રોને જોઈને આપણને પ્રતીત થાય છે.

જે.જે. સ્કૂલ ઑવ આર્ટ્સ, આમ્સટરડમ, ટોરંટોમાં તેમણે વિધિવત્ કલાશિક્ષણ પ્રાપ્ત કર્યું છે. તેમનાં સહાધ્યાયીઓમાં જાણીતા કલાકારો છે વીવર રાજેન ચૌધરી તથા કાર્ટૂનિસ્ટ અને લેખક આબિદ સૂરતી. મુંબઈ, દિલ્હી, કલકત્તા ઉપરાંત વિશ્વના ઘણા દેશોમાં તેમનાં ચિત્રોનાં પ્રદર્શનો કરીને મનસારામ ચિત્રકારરૂપે પ્રતિષ્ઠિત થઈ ચૂક્યા છે.

મનસારામની રચનાશીલતા જ યંત્રને કલાસર્જન માટે ઉપયોગમાં લે છે અને એ દ્વારા તેમની કલાત્મકાને તેઓ નવો વિસ્તાર આપે તો તેમાં કશું જ ખોટું નથી.

વિશિષ્ટ 'મનસા-મીડિયા'માં તૈયાર થયેલી તેમની મિક્સ-મીડિયા કૃતિઓ શહેરી જીવન તથા પ્રાકૃતિક સ્થળોની તસવીરોમાં એક નવું કલાત્મક પરિમાણ સાંપ્રત સંદર્ભમાં પ્રદાન કરે છે. શિલાઓ પરની તસવીરોમાં ઝડપાયેલી તેમની કલા આદિમ સંસ્કૃતિ તથા નિગૂઢતાની અનુભૂતિ કરાવે છે. તેમના જ શબ્દોમાં તેમણે અભિવ્યક્તિનાં માધ્યમના કી-બોર્ડનો વિસ્તાર કર્યો છે. ટૅક્નોલૉજી, કૅમરા, વીડિયો, રંગીન લેસર કૉપિયર જેવાં સાધનોથી તેમની રચનાશીલતાને નવું ઊંડાણ નવું આકાશ અને નવાં સાધનો પ્રાપ્ત થયાં છે.

-બંસીલાલ દલાલ



મનસારામની મુંબઈ શહેરના માહોલને (ઍપોલો બંદર નજીકની મિક્સ મીડિયામાં રજૂ કરતી પૅનોરેમિક કૃતિ)

કલાવૈભવ



રિદ્ધિસિદ્ધિના સ્વામી

ગણપતિનાં વિવિધ સ્વરૂપો ચિત્રો- શિલ્પો, સ્મરણચિહ્નો, અનેકવિધ રૂપે દેશભરમાં જોવા મળે છે. તેમાં પણ મહારાષ્ટ્રમાં ગામેગામે, દસથી પંદર દિવસનો ભારે ઉત્સવ. ગણપતિની નાનીમોટી ભવ્યાતિભવ્ય મૂર્તિઓ બનાવવામાં આવે છે. તેના વરઘોડા અને વિસર્જનથી ભવ્ય તહેવાર ઉજવાય છે. અત્રે રજૂ કરેલ નાનકડું શિલ્પ જેમાં ગોળ બેઠક ઉપર, એક શંખ-આકારમાં ગણપતિને આશીર્વાદ આપતા હાથમાં વીણા સાથે દર્શાવ્યા છે. ટેરાકોટા-માટીમાંથી તૈયાર કરેલ અતિ સુંદર કૃતિ શિલ્પકારે તૈયાર કરેલી છે.

ગજેન્દ્ર શાહ

કલાવૃત્ત

ઓરિસ્સાનાં ભીંતચિત્રો



ભારતની પૂર્વમાં આવેલ રાજ્ય ઓરિસ્સા તેની લોકકલા-કારીગરી માટે દેશ-વિદેશમાં વિખ્યાત છે. તેમાં પણ આ પ્રદેશની ભીંતચિત્રકારી-મ્યૂરલકલા ખૂબ જ લોકપ્રિય છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ ચિત્રકલા લુપ્ત થવાની તૈયારીમાં લગતી હતી. તેવામાં ભારતની ઇન્ડિઅન નૅશનલ ટ્રસ્ટ ફૉર આર્ટ ઍન્ડ કલ્ચર હેરિટેજ સંસ્થા-ઈન્ટાચ, નોર્વે દેશની કલા સંવર્ધન સંસ્થા, ઇન્ડિયા ફાઉન્ડેશન ફૉર આર્ટ્સ-બૅંગલોર અને ઓરિસ્સા સરકાર દ્વારા, ઉપરોક્ત કલા તેમજ કલાકારોને ફરીથી બેઠા કરીને સર્જનાત્મક કાર્ય તરફ વાળવાની શરૂઆત કરવામાં આવેલ છે.

જગન્નાથપુરીની પૂર્વમાં, દૂરદરાજના ગ્રામીણ પ્રદેશમાં આવેલ રઘુરાજપુર, એ આવા કલાકારોનું ગામ છે. આ ગામનાં ઘરોની દીવાલો ઉપર ભાતભાતનાં દીવાલ-ચિત્રો જોવા મળે છે, જે, ચૂનો, રેતી શણના રેસા, જંગલી ફળની છાલ જેવા પ્રદાર્થોના મિશ્રણની દીવાલની જગા ને મંજાઈ કરીને તૈયાર કરી હોય છે. તેના ઉપર, ફળફળાદિ, વિભિન્ન જાતના પથ્થર, માટી, વગેરેના ઘરગથ્થુ રંગો તૈયાર કરીને તેના વડે ચિત્રકારી કરવામાં આવે છે. બજારમાં



તૈયાર મળતાં રંગોનો ઉપયોગ કરવામાં આવતો નથી. મોટા ભાગના કલાકારો પરંપરાગત ચિત્રકાર પરિવારના વંશજ તરીકે જાણીતા છે. તેઓની ભીંત ચિત્રકલાની શૈલી-પ્રકાર, કુશળતા, વારસાગત ચાલી આવેલ છે. ચિત્રોના વિષયવસ્તુમાં, ઇતિહાસ, ધર્મ, આસ્થા વગેરે ને રજૂ કરતાં કથાનકો, ગ્રામીણ પ્રજાની દિનચર્યાના પ્રસંગો, રાધાકૃષ્ણ-લીલા, ઋતુકાલનાં દૃશ્યોનું નિરૂપણ થયું હોય તેમ જોવા મળે છે. મોટા ભાગે પુરુષ કલાકારો ચિત્રણ કરતા અને સ્ત્રીઓ સહાયક તરીકે કામ કરતી હતી, પણ કલા-સસ્થાઓની સહાય તેમજ માર્ગદર્શનથી સ્ત્રીકલાકારો પણ ચિત્રણ કરતી થઈ છે.

ઉપરોક્ત રઘુરાજપુર ગામને ભારતની મિનિસ્ટ્રી ઑફ ટૂરિઝમ હેરિટેજ વિલેજ તરીકે નામાંકિત કર્યા બાદ, દેશ-વિદેશમાંથી ઘણા પ્રવાસીઓ મુલાકાત લેવા લાગ્યા છે. ભીંતચિત્રોની ખરીદી સાથે કામ પણ આપવા લાગ્યા છે. જે મ્યૂરલ ચિત્રો, અત્યાર સુધી ન્યૂદિલ્હીના કલાકૃતિઓના ખરીદવેચાણના વચેટિયાં દલાલો, રઘુરાજપુરના કલાકારો પાસેથી પાણીના મૂલ્યમાં કૃતિઓ પડાવી લઈને ગ્રાહકોને રૂ. ૨૦૦૦/ કે રૂ. ૩૦૦૦/-ના ચો.ફુટના ભાવે વેચતા હતા, તે હવે આ કલાકારો સાથેના સીધા વિનિમયને કારણે ગ્રાહકોને રૂ. ૨૦૦/- થી રૂ. ૩૦૦/- પ્રતિ ચો.ફુટના ભાવે પ્રાપ્ય થાય છે. ઉપરાંત ઉપરોક્ત સંસ્થાઓ ગામડાના આ કલાકારોને મેટ્રો શહેરોમાં લાવવા-લઈ જવાની વ્યવસ્થા પણ ગોઠવી આપે છે, જેથી કળાના વિકાસ સાથે સરળતાથી આ કલાકારો પણ અવનવાં સર્જનનો આનંદપૂર્વક કરતાં રહે અને લોકકલાની સંસ્કૃતિ જળવાઈ રહે.

-ગજેન્દ્ર શાહ

અમદાવાદની ચાર ચિત્રકારોનું મુંબઈમાં પ્રદર્શન

અમદાવાદની જાણીતી ચાર સ્ત્રી ચિત્રકારો નયનાબહેન મેવાડા, હંસાબહેન પટેલ, સુધાબહેન દેસાઈ તથા કોકિલાબહેન દવેએ મુંબઈની 'આર્ટિસ્ટ સેન્ટર' ગૅલરિમાં તેમનું જૂથપ્રદર્શન યોજ્યું. આ પ્રદર્શનને મુંબઈનાં ચિત્રરસિકો તરફથી સારો પ્રતિભાવ સાંપડ્યો. તેમના પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સર જે.જે. સ્કૂલ ઑવ્ આર્ટના ઍક્સ ડીન તથા કલાડાર શ્રી. વસંત વી. સોનવાનીએ કર્યું.

નયનાબહેન મેવાડાએ ભારતના ભવ્ય કિલ્લાઓનું ઍક્રિલિક રંગોમાં વાસ્તવદર્શી શૈલીમાં આલેખન કર્યું. આ ઐતિહાસિક સ્થળોનાં રંગો, સૌંદર્ય અને વતાવરણને પુનઃ સર્જિત કરવામાં આ ચિત્રો ખરેખર સફળ નીવડ્યાં છે. તેમના પ્રાકૃતિક પર્યાવરણમાં આ કિલ્લાઓનું આકર્ષક ચિત્રાંકન થયું છે અને કિલલાઓનાં સ્વરૂપોમાં નક્કરતાની અનુભૂતિ થાય છે.

હંસાબહેનના અર્ધ-અમૂર્ત ચિત્ર સંરચનાઓમાં પ્રાકૃતિક તત્ત્વોનો ચિત્રાવકાશમાં કલાત્મક વિનિયોગ થયો છે. તેમનાં વૃક્ષો, ડુંગરો સરલીકરણ પામેલા ભૌમિતિક આકારો છે અને વિભાજિત અવકાશમાં તેમની ઉપસ્થિતિ આગવું સૌંદર્ય બક્ષે છે. સુધાબહેન દેસાઈનાં ચિત્રોમાં માનવીય પ્રકૃતિ દર્શાવાઈ છે. તેમાં સવિશેષ રૈખિક પ્રયોગ જોવા મળે છે.

કોકિલાબહેન દવેનાં ચિત્રો સૌરાષ્ટ્રની તળભૂમિની લોકકલાઓથી પ્રેરિત સંરચનાઓ છે. તેમના ગુરુ સદ્‌ગત સોમાલાલ શાહનાં ચિત્રોની યાદ અપાવતાં આ ચિત્રોમાં ગ્રામસૃષ્ટિ તથા પ્રવૃત્તિ દર્શાવાઈ છે.

-બંસીલાલ દલાલ



કલાસ્મૃતિ

તબલાંવાદક ઉસ્તાદ અલ્લારખાં



અમીર ખુસરોએ તબલાંની શોધ કરી, તો સુધારખાંએ એનો પ્રચાર કર્યો અને તબલાંની બનાવટ તેમજ વાદન-શૈલીમાં મહત્ત્વનો ફાળો આપ્યો. લગભગ ૫૦૦ વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવેલાં તબલાંની ખૂબ લાંબી કહાણી છે. જેમાં ઉસ્તાદ અલ્લારખાં એક એવું વ્યક્તિત્વ છે જેમની તબલાવાદનની એક ખાસ પ્રકારની અદા અને શૈલી છે. એમના હાથોમાં સુબક પણ છે અને વજન પણ છે. ગાયન અથવા વાદનની દરેક લય-ધૂનમાં તેઓ પોતાના તબલાંવાદનની એવી સંગત આપે છે. જાણે કે ઘીમાં સાકર ન ભળી હોય !

આજે લગભગ ૮૩ વર્ષની ઉંમર વટાવી ચૂકેલા જનાબ અલ્લારખાં તબલાંવાદનની દરેક પદ્ધતિ વિદ્યાથી પરિપૂર્ણ છે. વર્ષોના રિયાઝ-અભ્યાસથી એમણે પોતાના હાથ એવા તૈયાર કર્યા છે કે અઘરામાં અઘરું વાદન તેમની પાસે સહજતાથી શીખી શકાય. તબલાંની પાછળ અલ્લારખાંનું ગાંડપણ સમજવા માટે કોઈ ટુકકો કે દાખલો આપવાની જરૂર નથી, છતાં અલ્લારખાંના કહેવા પ્રમાણે લગભગ ૫૦ વર્ષ પહેલાં જ્યારે અલ્લારખાં, જમ્મુથી લાહોર થઈને દિલ્હી પહોંચ્યા અને તેમણે આકાશવાણીમાં નોકરી સ્વીકારી. એ જમાનામાં શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો માટે આકાશવાણી જ એકમાત્ર મજબૂત સાધન હતું. એક દિવસ તેમને વિચાર આવ્યો કે શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમોમાં વૈયક્તિક તબલાંવાદન શરૂ કરી શકાય તો કેવું ? તેમના અથાક પ્રયત્ન બાદ એ શક્ય થયું. શ્રોતાઓનાં અભિવાદન સ્વીકારતાં તેમણે જણાવ્યું કે આ માત્ર મારો જ પ્રયત્ન નથી, મારા ગુરુ જગમશહૂર તબલાંવાદક ઉસ્તાદ અહમદજાન થીરકવાએ પણ આવો પ્રયત્ન કર્યો હતો.

જમ્મુના એક નાના ગામ ફગવાલમાં જન્મેલા અલ્લારખાંનો થીએટર અને સંગીતમાં બાલપણથી પ્રેમ હતો. એમાં પણ તબલાંવાદન માટે તેમનો પ્રેમ જન્મજાત કહી શકાય. ઘરની થાળી હાથમાં આવે તો તબલાં, મેળામાં ઢોલ મળી જાય તો તબલાં, કોઈ ટેબલ પાસે બેઠા હોય તો વગાડવા લાગે. જીવનક્રમ દરમ્યાન સંસારની સામાન્ય હાલતમાંથી પાર ઊતરવા તેઓ ડ્રામા કંપનીમાં જોડાયા. પોતાના મધુર અવાજ તેમજ નાટકીય ભાવોથી વીર અભિમન્યુ, ભક્ત પ્રહ્લાદ જેવાં પાત્રો ભજવ્યાં, તબલાં પ્રેમી અલ્લારખાંને માત્ર પંદર વર્ષની ઉંમરે ઘર છોડવાની ફરજ પડી તેમાં એક કારણ તેમની પ્રેમિકાનું અકાળે અવસાન પણ ગણાવાય છે. ગમગીન અવસ્થામાં અલ્લારખાં જમ્મુ છોડીને લાહોર પહોંચ્યા, જ્યાં તેમણે તબલાંની પ્રથમ તાલીમ નસીરા પાસે શરૂ કરી ત્યાર બાદ પંજાબ ઘરાનાના ઉસ્તાદ કાદીર બક્ષના શિષ્ય બન્યા.

લલિતકલાની દુનિયામાં ઉક્તિ પ્રખ્યાત છે કે કલાગુરુની કૃપા પામવી એ ગમતી પ્રેમિકા પ્રાપ્ત કરવા કરતાં પણ અઘરું છે. ઉપરાંત ગુરુદક્ષિણા-નજરાણાં અને સેવા ચાકરી વગર ગુરુ રાજી પણ ના થાય આ બધી પરિક્ષાઓમાંથી અલ્લારખાં પરિપૂર્ણ ઊતર્યા અને તેમને નાનાં મોટા તબલાંવાદન, સંગીતના કાર્યક્રમો મળતાં સફળતાનો પંથ ખુલ્લો થયો. તબલાં શીખવા સાથે અલ્લારખાંને ગાયકીમાં પણ રસ હતો. એમણે ઉસ્તાદ આશીકઅલી પાસે પંજાબ ઘરાનાની ઘણી બધી બંદીશોની તાલીમ લીધી, જે તેઓ આજે પણ ખૂબીપૂર્વક ગાઈ શકે છે. લાહોરથી દિલ્હી ને ત્યાંથી મુંબઈ, સુધીની ઑલ ઈન્ડિયા રેડીઓની તેમની નોકરી દરમ્યાન, તેઓને ઘણાબધા કદરદાન મહાનુભાવોનો પરિચય થયો. તેમાં તેઓ તે સમયના સ્ટેશન ડિયરેક્ટર જનાબ બુખારીના આભાર માને છે.

મુંબઈ પહોંચ્યા બાદ, અલ્લારખાંએ જીવનનિર્વાહ માટે ફિલ્મોમાં સંગીતકાર તરીકે કામ શરૂ કર્યું. તેઓએ તે વખતની ફિલ્મો 'માબાપ', 'ઘર કી લાજ', 'સતી અનસુયા', તેમજ મશહૂર પંજાબી ફિલ્મ 'મદારી'માં સંગીત આપ્યું. તેમ છતાં તેઓ પ્રાર્થના કરતા કે તબલાંવાદનમાંથી જ, પૈસા તેમજ નામના મળે તો, આત્મા કરે. આ સમય ગાળામાં તેમની મુલાકાત એક કાર્યક્રમ દરમ્યાન

અનુસંધાન પૃ. ૯૦૫ પર

કલા-અવલોકન
ખરક જાતિની કલા-સંસ્કૃતિ



ડૉ. સુરેશ શેઠનું 'ખરક જાતિની કલા-સંસ્કૃતિ' પુસ્તક પ્રગટ થયું. લુપ્ત થતી કલાની આવી નોંધો અને છાપો ભાવિ પેઢીને કલા-સંસ્કૃતિ તરફ અભિમુખ રાખશે અગર તો સંસ્કૃતિની એક સીમા જોવા મળશે.

પુસ્તકનું આવરણ, છપાઈ અને લખાણ ગમ્યાં. લેખક તે પ્રદેશના હોઈ તે પ્રજાનો ઈતિહાસ રસપ્રદ બન્યો છે. જાતિનું આગમન અને સ્થિર થવા સુધીનો ઈતિહાસ વહિવંચાને આધારે અને ગઝેટીઅર આધારિત છે. તેમાં રહેલું લોકવાર્તાનું તત્ત્વ પણ રસિક છે. વણિક જેવા મુલાયમ સ્વભાવના ખરક લોકો સૌરાષ્ટ્રના દરિયા કિનારે મહુવા, તળાજા, ઘોઘા અને ભાવનગર તાલુકાઓનાં ગામડામાં વસે છે, ખેતી કરે છે. મૂળ ભીનમાલના હતા જે વ્યવસાય બદલતે બદલતે રખડપટ્ટી કરી ઉજ્જૈન બાજુ અને સૌરાષ્ટ્રમાં સ્થિર થયાં. ખરહંકમાંથી ખરક કહેવાયાં.

સખત પરિશ્રમની કે રખડતી કોમો પણ પોતાનું રાચરચીલું ને ચીજવસ્તુઓ રૂપાળી કરે છે. તેમાં સ્ત્રી મહત્ત્વનો ફાળો આપે છે. ખરક જાતિનાં પેટી, પટારા, કપડાં, ઘર, ઘંટી, ગોખ, કોઠલા, પ્રાણીના શણગાર, ઘરની ભીંતોં ને પ્રવેશદ્વાર સજાવે છે. પીળી માટીથી રંગેલી ભીતોં પર સફેદ ખડીથી સુંદર ભાત પાડે છે. રાજસ્થાની માંડણાંની જેમ આનુ પણ એક આગવું સ્થાન છે. સામાજિક જીવનમાં લગ્ન મોટો ઉત્સવ. તેમાં દીકરીને દાયજામાં ખાસું ભરત આપે છે. હીરથી ભરેલાં કપડાં ઘડીભર જોઈ રહીએ. લેખકે અભ્યાસ કરી ઊંડે જઈ તેનું વૈવિધ્ય દર્શાવ્યું છે. પુસ્તકમાં રંગીન અને શ્વેતશ્યામ એવી પૂરતી તસવીરો મૂકી છે. ભરતની શૈલીનું વૈવિધ્ય, પકવતા ને પૂર્ણતા અહીં પમાય છે. શ્રી સુરેશભાઈએ સીધી-સાદી ભાષામાં, ઢોળ વગર, તેનું દર્શન કરાવ્યું છે.

આ ક્ષેત્રે પૂર્વે ખૂબ ઓછું ખેડાણ થયું છે. સ્વ. ખોડીદાસે 'સૌરાષ્ટ્રનું લોકભરત' પુસ્તક આપ્યું, અત્રે તેનું સ્મરણ કરવું રહ્યું. કચ્છનું બન્ની ભરતકામનું શિખર ગણાય. ભરતમાં આભલાં વળી ઑર કલાત્મકતા આપે છે.

આ કલા-કારીગરી હવે લુપ્ત થશે એવો લેખકે ભય વ્યક્ત કર્યો છે. આ વાત આંચકો આપે છે. વેશ અને વસ્તુઓ નવી નવી મળતી જાય છે. ફ્રીજનું કામ કરતો ખાવા મૂકવાનો કોઢલો કલાત્મક છે પણ હવે તે ક્યાં સુધી ? ગાડાં, પટારા હવે ગિફ્ટ આર્ટિક્લ તરીકે મિનિ ફૉર્મમાં રહેશે તો ખરા જ. તેમાં કલાતત્ત્વ છે.

લેખકે પાન નં. ૪૫ ઉપર જોતર, શિંગરોટિયાં, ઘોડાની ઘૂગી, કોથળિયું, ચિતરિયા, બાર સાખિયાં, ટોડલિયા, વગેરે શબ્દો વાપર્યા છે. તે સામે તેનાં રેખાંકનો આપ્યાં હોત તો નવી પેઢીને



વાઘના અજગર જેવા રેખાંકનો

તેનો ખયાલ આવત. મલાખાં, ડૂંડાં વગેરે પણ આવા જ શબ્દો છે. ભરત ભરેલ કંપાડાંવાળી સૌરાષ્ટ્રની કન્યાવિદાય કે તેનું આણું જોવાનો લહાવો હજુ થોડાં વર્ષો રહેશે.

પાન. ૨૩ ઉપર કન્યાવિદાયની વાત લખી છે. પ્રસ્થાનપૂર્વે કન્યાના બે હાથ (થાપો દેવા)ની છાપ ઘરની ભીંત પર દેવાય છે. આ ચિત્ર પૂરી સંવેદના જગાડે છે. પૂરા પાન પરની તસવીર સંસ્કૃતિનો તણખો છે. લગ્નની વાત સાથે થોડાં ગીતોની પંક્તિઓ હોત તો સારું. લોકગીતોથી સંવેદના વધે છે. સંસ્કૃતિનું દર્શન થાય છે.

લેખકે સમગ્ર ખરક વિસ્તારમાં યાત્રા કરી છે. પૂરી ભાવુકતાથી અભ્યાસ કર્યો છે. દસ્તાવેજીકરણ અને લેખન પૂરી સજ્જતાથી કર્યું છે. ખરક જાતિનાં ભરત, ગાડાં, ઘર ને કલાત્મક ભીંતો માણવા માટે આ પુસ્તક પૂરતી સામગ્રી પીરસે છે. અહીં તેનું સંસ્કૃતિદર્શન છે. હીરથી ભરેલા ચાકળા, તોરણપટ્ટીઓ કે ગૃહ-સુશોભનની વસ્તુઓ અહીં તસવીરોમાં દૃશ્યમાન થાય છે. લાલ, લીલો, પીળો અને ભૂરો રંગ ગ્રામ નારીએ સરસ રીતે વાપર્યા છે. ભરતકામના નાના ભાગો આખા પાન પર રંગમાં છાપી રંગ અને ભરતને ઉપસાવ્યું છે. લેખક કલાકાર હોવાને નાતે તે અદ્યતન કલાનાં ચિત્રો લાગે છે. કન્યાને લગ્નવેળાએ આ ભરત અપાય છે. મા, બહેન, ભાભી અને કન્યાના પોતાના રસનું આ પરિણામ છે. આ તેની કલાત્મકતાની પારાશીશી છે. લેખકના શબ્દોમાં 'આ દળદાર સંપુટ' છે. ચણિયામાં બાવળિયા ભાત, ફૂલતારાની ભાત, માછલી ભાત, પોપટ-માછલી ભાત અને વેલ કે કેરીભાતના નમૂનાઓ રજૂ કર્યા છે. ભીંત પરના મોરલા ને છોડાવાની પણ સુંદર ભાત

(પાન ૩૦) આપી છે. ભરતના જુદા જુદા પ્રકારો પણ વર્ણવ્યા છે. જેમકે મોચીભરત, સીકલ કળીનું ભરત વગેરે. આ સમગ્ર કાળમાં દરજી પણ એક અંગ છે. સમગ્ર કામમાં એક પ્રકારનું ખેડૂત જીવનનું ખડતલપણું પ્રગટ થાય છે.

ભીંતચિત્રોમાં અહીં રામાયણ કે મહાભારતની વાર્તાઓ નથી. પીળાં ખોરડાંઓ પર સફેદ ભાત છે. તેમાં ફૂલવેલ, પાંદડાં, દીપડો, મરઘલો, વાઘ-પૂતળી ને ગાડીનાં રૂપકડાં આલેખનો છે. ખરેખર આ મોટિફ સદીઓથી પૂર્ણતા પામ્યા છે. તેની સાદગી અદ્ભુત છે. પાટણનાં પટોળાંની જેમ આ એક યા બીજા સ્વરૂપે ભુલાશે નહિ. શહેરી લોકો પોતાને ત્યાં લગ્નપ્રસંગે આવાં માંડણાં ચિત્રકારો પાસે કરાવે છે. મોહે-જો-દડોનાં આલેખનો ને ભાત આજેય ગળે છે. આ પુસ્તક પરદેશી પણ વાંચે તે ખયાલે તેનું અંગ્રેજી સંસ્કરણ થવું જરૂરી છે.

સર્વાંગ સુંદર પુસ્તકમાં થોડી જોડણીની ભૂલો કઠે છે.આવા સુંદર પુસ્તક માટે માહિતી ખાતાને, લેખકને ફરી અભિનંદન પાઠવીએ.-નટુ પરીખ

(ખરક જાતિની કલાસંસ્કૃતિ : ડૉ. સુરેશ જે. શેઠ, પ્રકાશક : માહિતી ખાતુ, ગાંધીનગર. મૂલ્ય : આપ્યુ નથી.)

અનુસંધાન) કલાસ્મૃતિ (પૃ. ૯૦૩ થી મહાન સિતારવાદક પંડિત રવિશંકર સાથે થઈ અને થોડાક જ સમયમાં આ મુલાકાત આજીવન મિત્રતામાં બદલાઈ ગઈ અને સિતારવાદક તથા તબલાવાદક આ જોડીએ જગતમાં પોતાના કાર્યક્રમોથી ધૂમ મચાવી દીધી. કહેવાતું કે જ્યાં જ્યાં, સિતારવાદક પંડિત રવિશંકર હોય ત્યાં તબલાવાદક અલ્લારખાં જ હોય, જાણે કે એકબીજાના પર્યાય બની ગયા હતા. પંડિત રવિશંકરની દરેક વાદન-ચાલનો અલ્લારખાં, તબલાં દ્વારા યોગ્ય જવાબ આપનાર યોગ્ય વાદક ગણાયા છે. ખૂબ જ અઘરા વાદનમાં પણ તેમના ચહેરા ઉપર સંપૂર્ણ શાંતિ અને પ્રસન્નતા નજરે ચડતા લયની ગંભીરતા, તેમજ વિવિધતા, માટે અલ્લારખાં કહે છે કે, તબલાવાદનની માત્રાઓ તેમજ ઊલટફેર દર્શાવતા લગભગ ત્રણસો જેટલા તાલ હોય છે. એમાં તબલાંવાદક માત્ર પચાસ તાલ પણ શીખી શકે તો પોતાનું નામ લોકપ્રિય કરી શકે છે. તબલાંવાદકની કસોટી પણ શીખી શકે તો પોતાનું નામ લોકપ્રિય કરી શકે છે. તબલાંવાદકની કસોટી એ હોય છે કે તે ગાયક અથવા વાદકની સાથે સંગત કરતી વખતે કેટલી સુંદરતાથી માત્રાઓ અને તાલનો ઉપયોગ કરી શકે છે.

શાસ્ત્રીય સંગીતની દુનિયામાં બધી જ લોકપ્રિયાઓ પ્રાપ્ત કરનાર અલ્લારખાંને ભારત સરકાર દ્વારા પદ્મશ્રી અવૉર્ડથી નવાજવામાં આવ્યા છે. સંગીત અકાદમીનો અવૉર્ડ તેમજ દેશભરની પ્રમુખ સંગીત સંસ્થાઓના માન-સમ્માન મળેલાં છે. વરિષ્ઠ ઉંમરે પહોંચેલા, ઉસ્તાદ આજે પણ તબલાંવાદન એટલી જ કુશળક્ષમતાથી વગાડી શકે છે; અને તેઓ આ જીવન રિયાઝનું પરિણામ વડીલોના આશીર્વાદ અને ખુદાની બક્ષીસ માને છે. તેમના સુપુત્ર ઉસ્તાદ ઝાકીરહુસેન આજે દુનિયાના પ્રથમ પંક્તિના લોકપ્રિય તબલાંવાદક ગણાય છે. એ જ ઉસ્તાદ અલ્લારખાંની તાલીમનું ઉત્તમ ઉદાહરણ કહી શકાય. ભારતીય તબલાંવાદનને દુનિયાભરમાં ઉચ્ચતાના શિખરે, પહોંચાડનાર ઉસ્તાદ અલ્લારખાં સાહેબને હજારો સલામ. *-ગજેન્દ્ર શાહ*

પ્રિય ગ્રાહક,

કાગળ, મુદ્રણ અને અન્ય સામગ્રીના ભાવમાં થયેલ અસહ્ય વધારાને લીધે તેમજ સેલ્સટેક્ષ અને અન્ય આર્થિક કારણોસર આપના પ્રિય 'કુમાર' માસિકના લવાજમમાં માત્ર રૂ.૫૦નો નજીવો વધારો કરવામાં આવે છે.

ગ્રાહકોને સારું વાચન વાજબી કિંમતે મળી રહે એવું 'કુમાર ટ્રસ્ટ' ઇચ્છે છે અને તે માટે વચનબદ્ધ છે, પરંતુ સંજોગોવશાત્ કરવામાં આવેલો આ નજીવો લવાજમવધારો 'કુમાર'નાં સુજ્ઞ વાચકો નિભાવી લેશે તેવી અમારી નમ્ર વિનંતી છે. તંત્રી- ધીરુ પરીખ

જાન્યુઆરી ૨૦૦૫થી લવાજમના નવા દર

વાર્ષિક લવાજમ	રૂ. ૨૦૦
ત્રિવાર્ષિક લવાજમ	રૂ. ૫૦૦
પંચવાર્ષિક લવાજમ	રૂ. ૮૦૦

પરદેશમાં વાર્ષિક લવાજમ હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫, અથવા રૂ. ૧૦૦૦

☞ ૩૧ ડિસેમ્બર ૨૦૦૪ સુધી ગ્રાહક બનનાર માટે લવાજમ જૂના દર પ્રમાણે જ સ્વીકારાશે.

☞ જાન્યુઆરી ૨૦૦૫થી લવાજમના ઉપરોક્ત દર અમલમાં આવશે તેની સૌ ગ્રાહકોએ નોંધ લેવી.

☞ ચેક કે ડ્રાફ્ટથી રકમ મોકલતી વખતે 'કુમાર ટ્રસ્ટ'ના નામનો જ તે લખવો. બહારગામની બૅન્ક પરનો ચેક હોય તો રૂ. ૨૫ ઉમેરી મોકલશો. મનિઑર્ડરથી રકમ મોકલતી વખતે આપનું નામ, સરનામું અને ગ્રાહકનંબર સુવાચ્ય અક્ષરે લખશો.

☞ લવાજમ માટેની રકમ 'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા, બઉવાની પોળ સામે, અમદાવાદ - ૩૮૦૦૦૧ સરનામે સત્વરે મોકલી આપશો.

વારાણસી
દેશાટન-૬૯



વારાણસી માત્ર ભારતની જ નહીં પરંતુ સમગ્ર વિશ્વની પ્રાચીનતમ નગરી છે. વારાણસીમાં વસવા માટે દેવો અને માનવોના સંઘર્ષની એક રમ્ય કથા છે. કાશીખંડમાં વારાણસીનાં બાર નામ આપવામાં આવ્યાં છે. કાશી, વારાણસી, અવિમુક્ત, આનંદકાનન, મહાસ્મશાન, રુદ્રાવાસ, કાશિકા, તપઃસ્થલી, મુક્તિભૂમિ, ક્ષેત્રપુરી, શિવપુરી, ત્રિપુરારિ-રાજનગરી.

વારાણસીની સાચી મુદ્રા એના ગંગાતટે આવેલા અનેક ઘાટોથી પ્રદર્શિત થાય છે. પ્રભાતમાં જ સેંકડો ગલીઓમાંથી પ્રવાસીઓની હાર ગંગાસ્નાન માટે આવતી-જતી જણાય છે. ગંગાના વિવિધ તટો પર આવેલાં શિખરબંધ મંદિરો, ગંગાતટ પર સ્નાનવિધિ કરતાં અનેક યાત્રિકો અને વિશાળ છત્રીઓમાં બિરાજી પૂજાવિધિ કરાવતા પંડાઓ તેમજ ગંગાતટે આવેલા સાધુ, સંતો, સંન્યાસીઓ, યોગીઓ અને અવધૂતો એક અનેરું દૃશ્ય ખડું કરે છે.

વારાણસી દિલ્હી, આગ્રા, ખજુરાહો, કાઠમંડુ, કાનપુર, અલ્લાહબાદ, ભુવનેશ્વર, કલકત્તા આદિ નગરોથી સીધું હવાઈમાર્ગે જોડાયેલું છે. એ જ રીતે દિલ્હી-કલકત્તાના મુખ્ય માર્ગથી તેમજ પૂર્વોત્તર રેલવેના માર્ગતી ઉત્તર ભારત અને પૂર્વ ભારતનાં પ્રમુખ નગરો સાથે મુખ્ય રેલમાર્ગે પણ જોડાયેલું છે. એટલે પ્રવાસીઓ પોતાની સુવિધાનુસાર માર્ગની પસંદગી કરીને પ્રવાસ કરી શકે છે.



ઉઘાડાં દ્વાર છોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ;
જગતથી મુખ મરોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ.
કિનારો હોય કે મઝધાર મારે શો ફરક પડશે?
ડુબાડી જાતે હોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ.
હું માયામાં ઘણો જકડાયેલો છું, પણ વખત આવ્યે,
બધા તંતુઓ છોડીને ગમે ત્યારે હું ચાલ્યો જઈશ.

('ઉજાગરો'માંથી) -ભગવતીકુમાર શર્મા

ઝાક દેરિદાનું નિધન

૧૯૩૦માં અલ્જેરિયામાં જન્મેલા ઝાક દેરિદાનું ગઈ ૮મી ઑક્ટોબર ૨૦૦૪ના રોજ પૅરિસમાં કૅન્સરની બિમારીથી અવસાન થતાં વિશ્વ ગઈ સદીના ઉત્તરાર્ધના એક સમર્થ ફિલસૂફ ગુમાવ્યાની ગ્લાનિ અનુભવશે. ઈ.સ. ૨૦૦૩માં એમને સ્વાદુપિંડ (પૅંક્રિઍસ)નું કૅન્સર હોવાનું નિદાન થયેલું. એમની મુખ્ય વાત એ હતી કે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનીય પરંપરા સામે વિનિર્મિતિ કે વિઘટનના ખયાલનો પ્રશ્ન મૂકી તેની ફેરવિચારણા થવી જોઈએ અથવા થઈ શકે. પશ્ચિમની તત્ત્વવિચારધારામાં જેના વિશે ખાસ વિચાર કરવામાં આવ્યો નથી તે વિનિર્મિતિનો સિદ્ધાંત 'સંપૂર્ણતયા અન્ય' (wholly other)ની કોટિમાં મૂકી-મૂલવી શકાય.

એમણે 'વર્તમાનના જ્ઞાનસ્વરૂપ' પ્રત્યે શંકા ઉઠાવી હતી. આમ, એમણે વિચારકેન્દ્રી (logocentric) તત્ત્વધારાની સામે આ વિનિર્મિતિનો પોતાનો સિદ્ધાન્ત આગળ કર્યો. ઉક્ત પાશ્ચાત્ય તત્ત્વવિચારધારા વિચારકેન્દ્રી રહી છે કારણ કે તે પાયામાં ધ્વનિકેન્દ્રી (phonocentric) છે. એમના 'metaphysical presence'ના પોતાના ખ્યાલમાં presenceનો અર્થ એમ ઘટાવે છે કે જે અનુભવાતિત સંકેતો છે તે પશ્ચિમની ફિલસૂફીમાં આગળ પડતો ભાગ ભજવે છે અને આ ભાષકે આદરેલી ભાષારમતની ઔપચારિકતા બહારની અવ્યક્ત બાબત છે. જ્યારે ભાષામાં તો ભાષાના ધ્વનિ-અર્થ સંકેતો જે અર્થ ગ્રાહ્ય ગણાવે છે તે જ અર્થ સ્વીકારીને ચાલવું પડે છે, જ્યારે દેરિદા જણાવે છે કે નિશ્ચિત ભાષાના ધ્વનિ-અર્થ માળખામાં જે વિચાર વ્યક્ત કરવાની વ્યવસ્થા સ્વીકારાયેલી છે તે ભ્રામક છે. કોઈ પણ લેખક કે વાગ્વ્યહાર કરનાર જ્યારે તે તે પ્રમાણે કરતો હોય છે ત્યારે એની ચેતનામાં જે કંઈ તત્કાલ હાજર હોય છે તેને જ વાક્બદ્ધ કે અક્ષરબદ્ધ કરે છે.

દેરિદા કહે છે આવી ચેતનામાં તત્કાલ ધારણ કરાયેલી વિચારસંપત્તિને વિનિર્મિત કરવી જોઈએ. પ્રથમ તો લિખિત સ્વરૂપની ભાષા અને વાગ્વ્યહારને ઊલટસૂલટ કરી નાખવા જોઈએ. આથી લિખિત પાઠ્યકૃતિમાં લેખકની ગેરહાજરી અને તેણે લેખનસમયગાળા દરમિયાન ચેતનામાં અનુભવેલી વિચારસંપત્તિનો જ્યારે ભાષક વાગ્વ્યવહાર કરતો હોય છે ત્યારે જે બધું ચિત્તાવસ્થામાં પડ્યું હોય છે તે લિખિત પાઠ્યપ્રતમાં યથાતથ ઊતરતું હોતું નથી. આથી લિખિત પાઠ્યપ્રતમાં પ્રકટ થતા

વિચારસંકેતો વાક્વ્યવહારના પરોપજીવી સાધિત (parasitic derivative) છે તેમ ગણાવાને બદલે વાક્ એ લિખિત ભાષાનું સાધિત સ્વરૂપ છે તેમ ગણાવું જોઈએ. દેરિદા આથી જણાવે છે કે કહેનાર અને એ જે કંઈ કરે છે તે બન્ને હાજર-વર્તમાન-યથાતથ હોતા નથી. વળી, આ બન્ને ગેરહાજર (absent) છે એમ પણ કહી શકાશે નહિ. અને આથી જ દેરિદા કહે છે કે દેખાતું અભિવ્યક્તિત (signified) કે અર્થ એ માત્ર આત્મ-વિલુપ્ત (self-effacing) કરનાર સગડ તરીકે જ અસરકારક હોય છે. પરિણામે આપણને કદી સ્પષ્ટપણે હાજર એવો સંપૂર્ણ અર્થ પ્રાપ્ત થતો નથી, બલકે અર્થની અસરોનો ભાસ થતો જણાય છે. વળી, ભાષા એ ફેરફારોને અધિન એવી રમત છે તેથી તેના દ્વારા રચાયેલી કૃતિ કે નિર્મિતમાં ચોક્કસ અર્થ ભરી શકાતો નથી કે કોઈ ચોક્કસ અર્થોનું જૂથ પણ એમાં વ્યક્ત કરી શકાતું નથી. આથી જ તે 'નિર્મિત'ને સમજવા માટે 'વિ-નિર્મિતિ'નો સિદ્ધાંત આગળ ધરે છે. તેમની આ વિચારણ અનુસંરચનાકાલીન ગણાય છે, કારણ કે ફર્દિનાન્દ દ સોસૂરે વિકસાવેલી વિભાવનાઓને ખપમાં લઈ જરા જુદી રીતે તેઓ આગળ વધે છે, જેને ફ્રાન્સમાં પછીથી જૂલિયા ક્રિસ્તેવા અને 'તેલ કેલ ગ્રૂપ' (Tel Quel group) એટલે કે 'Tel Quel' નામના ફ્રેન્ચ રિવ્યૂમાં લેખનરત લેખકજૂથ આગળ ધપાવે છે. આવી વિશિષ્ટ તત્ત્વવિચારધારાને કારણે દેરિદાનું સ્થાન પાશ્ચાત્ય ફિલસૂફીના વીસમી સદીના સમયપટમાં ઉત્તરકાલે ખૂબ ધ્યાનાકર્ષક રહ્યું અને તેની આ વિચારધારાનો વિનિયોગ સાહિત્યવિવેચનમાં પણ થવા લાગ્યો. *-ધી.પ.*

ઈ-પેપર

આપણે સૌ જાણીએ છીએ દૃશ્ય-શ્રાવ્યનાં વિવિધ માધ્યમોની અત્યારે બોલબાલા છે. વિવિધ ટી.વી.ના કાર્યક્રમો દ્વારા, ઈન્ટરનેટ દ્વારા, વિવિધ વેબસાઈટ દ્વારા આપણને ઘણું જ્ઞાન મળે છે. આમ છતાં હજુ અખબારોનું મહત્ત્વ ઓછું નથી થયું.

વધુમાં આજે મોબાઈલ ફોન દ્વારા પણ આપણે ઇચ્છીએ તે રીતે સમાચાર પ્રાપ્ત કરી શકીએ છીએ એટલું જ નહિ, તેમની સાથે જોડાયેલા નેટવર્ક સાથે આંતરક્રિયા પણ થઈ શકે છે. આ બધા ઈ - મીડિયા - ઈલેક્ટ્રોનિક્સ માધ્યમો - હોવા છતાં સમાચાર પત્રો-અખબારો વગરની દુનિયા સૂની લાગે તેવું જણાય છે.

હવે અખબારોએ પણ ઈલેક્ટ્રોનિક્સનો ઉપયોગ શરૂ કર્યા છે, જેને ઈલેક્ટ્રોનિક્સ પેપર અથવા ઇ-અખબાર તથા આપણી ભાષામાં કહીએ તો ઇ-છાપું કહી શકાય. આ ઉપરાંત એવા પેપર મળશે જેમાં ફ્લૅક્સિબલ વાયરલેસ ડિસ્પ્લે શક્ય બને.

ટી.વી.ના પડદા પર પ્રકાશિત થતાં ટપકાંઓ દ્વારા દૃશ્ય અંક્તિ થતાં હોય છે, જેને 'પિકસેલ' કહે છે. આ ટપકાં આપણને અલગ અલગ ન દેખાતાં સળંગ દેખાય છે. તેને કારણે દૃશ્યો સંપૂર્ણ દેખાય છે. આ ઉપરાંત એક નવી પદ્ધતિ 'ઈલેક્ટ્રો વેટિંગ' છે. આ પદ્ધતિમાં પાણીને આકર્ષણ અને અપાકર્ષણની (વિદ્યુત વોલ્ટેજ આપવાથી સપાટી ભીંજવે અને ભીંજવે નહિ તેવી) ઘટના ઉત્પન્ન કરી પિકસેલ તરીકે ઉપયોગ કરી દૃશ્યો તેમજ લખાણો મેળવવામાં સહાયરૂપ થઈ શકે. તેવો પડદો બનાવી દીવાલ પર રાખી આપણે વિવિધ માહિતી મેળવી શકીશું. તેમજ ન જોઈતી માહિતીઓ દૂર કરી રંગીન પિકસેલ દ્વારા રંગીન ટી.વી.ની માફક દૃશ્યો અને લખાણો જોવા મળે છે.

('વિજ્ઞાન જાગ્રતિ'માંથી સાભાર)



ટમેટાં

ટમેટાંનું વાનસ્પતિક નામ લાયકોપર્સિકોન અસક્યુલેન્ટમ છે. તેનું કુળ સાલેન્સી છે. ટમેટાંનો ઉપયોગ બહોળા પ્રમાણમાં આપણા તથા અન્ય દેશોમાં થઈ રહ્યો છે. ટમાટોકેચઅપ પ્રખ્યાત છે. ટમેટાંનો ઉપયોગ શાક બનાવામાં થાય છે. તેની ગણનાં રક્ષણાત્મક આહારમાં થાય છે. બટેટા અને શકકરિયાં પછી ઉત્પાનની દૃષ્ટિએ ત્રીજા ક્રમે આવતો શાકભાજીનો પાક છે. તેનું ઉદ્ભવ-સ્થાન પેરૂ અને મૅક્સિકો છે. સોળમી સદીની શરૂઆતમાં કોલંબસ દ્વારા તે યુરોપમાં લાવવામાં આવ્યાં હતાં અને ભારતમાં પોર્ટ્યુગીઝ લોકો મારફત લાવવામાં આવ્યાં હોવાનું મનાય છે; પરંતુ તેના ચોક્કસ પુરાવા મળતા નથી.

ટમેટાંમાં ૯૨,૮ ટકા ભેજ, ૧.૯ ટકા પ્રોટીન, ૦.૧ ટકો ફૅટ, ૦.૭ ટકા ખનીજ દ્રવ્યો, કાર્બોદિત ૭.૬ ટકા, કૅલ્સિઅમ ૦.૦૩ ટકા, ફૉસ્ફરસ ૦.૦૪ ટકા, લોહ-આયર્ન ૨.૪ ટકા, કેરોટીન ૩૨૦ યૂનિટ, વિટામિન બી-૧ ૨૩, વિટામિન-સી ૩૧ યૂનીટ રહેલ છે. ('વિજ્ઞાન દર્શન'માંથી સાભાર)

'+' (વત્તા) અને '-' (ઓછા) ક્યાંથી આવ્યા?

જ્યારે બાળક બાલમંદિરમાંથી અંકોનું જ્ઞાન મેળવીને પહેલા ધોરણમાં આવે ત્યારે તે ગણિતની મૂળભૂત અને પાયાની પ્રક્રિયાઓ એટલે કે સરવાળા અને બાદબાકી શીખે છે. જેને આપણે સંકેતમાં '+' અને '-' વડે દર્શાવીએ છીએ. પરંતુ આ નિશાનીઓનો ઉદ્ભવ ક્યારે થયો? શું સરવાળા માટે પહેલેથી જ '+'ની નિશાની વપરાતી હતી? આવા પ્રશ્નોના ઉતર મેળવવા ચાલો જાણીએ નિશાનીઓનો ઈતિહાસ.

આજથી આશરે ૩૭૦૦ વર્ષો પહેલા ઈજીપ્તમાં જ્યારે ચિત્રલિપિ ઉપયોગમાં લેવાતી ત્યારે સરવાળા માટે  અને બાદબાકી માટે  સંજ્ઞાનો ઉપયોગ થતો. તે જમાનામાં પેપીરસના પાન પર લખાયેલી હસ્તલિપિમાં આ સંજ્ઞાઓ જોવા મળે છે.

જ્યારે યુરોપમાં શરૂઆતમાં સરવાળા કે બાદબાકી માટે કોઈ સંજ્ઞા નહીં પરંતુ 'et' એવો શબ્દ વાપરવામાં આવતો. સમય જતાં ફક્ત 'e' લખવાનો રિવાજ પડ્યો. કેટલાક પ્રદેશોમાં સરવાળા માટે 'plus' એવો શબ્દ કે ફક્ત 'p' લખવામાં આવતો, તે જ રીતે બાદબાકી માટે 'm' લખવામાં આવતો. પ્રાચીનકાળમાં ઇટલીમાં p̄ સંજ્ઞા સરવાળા માટે વપરાતી જ્યારે ગ્રીક સંસ્કૃતિમાં બાદબાકી માટે ⋔ સંજ્ઞા વપરાતી.

હાલમાં વપરાતી સંજ્ઞાઓ '+' અને '-'નો ઉદ્‌ભવ અને પ્રચાર તો છેક ૧૫-૧૬મી સદીમાં થયો. સૌપ્રથમ ઈ.સ. ૧૪૫૬માં જર્મનીના ગણિતશાસ્ત્રી જોહાનસ જિઓમોન્ટસે તેના અપ્રકાશિત પુસ્તકની હસ્તપ્રતમાં આ સંજ્ઞાઓ દર્શાવી હતી, જ્યારે પ્રકાશિત પુસ્તકમાં સૌપ્રથમ આ નિશાનીઓ ઈ.સ. ૧૪૮૯માં જોહાન વીડમાન દ્વારા પ્રકાશિત 'વ્યાપાર અંકગણિત'માં ઉપયોગમાં લેવાઈ. જો કે આ સમયે આ બન્ને સંખ્યાઓ પ્રચલિત નહોતી. ઈ.સ. ૧૫૦૦થી ૧૫૫૦ દરમ્યાન જુદાજુદા ગણિતશાસ્ત્રીઓએ આ સંજ્ઞા તેમનાં પુસ્તકોમાં ઉપયોગમાં લીધી. જો કે આ સંજ્ઞાઓને સૌથી વધુ પ્રચલિત કરવાનું શ્રેય ઈ.સ. ૧૪૮૭ થી ૧૫૬૭ વચ્ચે થઈ ગયેલા ગણિતશાસ્ત્રી માઈકલ સ્ટીફલને જાય છે. આખરે ઈ.સ. ૧૬૩૦ પછી આ સંજ્ઞાઓ સામાન્ય લોકોમાં પણ પ્રચલિત થઈ.

('વિજ્ઞાનજાગૃતિ'માંથી સાભાર)

ઈલાજ

શરીરના તમામ અંગો અત્યંત મહત્ત્વનાં છે, પણ આંખ એટલે આંખ! આંખ વિના સંસાર જોઈ શકાતો નથી, કુદરતની લીલા નિહાળી શકાતી નથી અને દેવદર્શન પણ કરી શકાતાં નથી, એવું કહેનારા કહે છે; પરંતુ વર્તમાન આઈ.ટી. યુગમાં વિજ્ઞાન એ હદે પહોંચી ગયું છે કે મૃત્યુ પામેલી વ્યક્તિની આંખોથી અન્ય વ્યક્તિની આંખોનો અંધાપો મટાડી શકાશે. વૈજ્ઞાનિકો દાવા સાથે કહે છે કે મૃતકની આંખોમાંથી કાઢવામાં આવેલી કોશિકાઓથી અંધત્વનો ઈલાજ બેશક કરી શકાય છે.

અને આ દાવો 'ન્યૂ સાયન્ટિસ્ટ' નામની એક વિજ્ઞાન-પત્રિકામાં પ્રકાશિત થયેલા અહેવાલને જોતાં સાચો ઠરે એવો છે. એ અહેવાલ મુજબ વૈજ્ઞાનિકોએ પોતાના પ્રયોગ દરમ્યાન કૅનેડા 'આઈ બૅન્ક'ને દાનમાં અપાયેલી આંખોમાંથી સ્ટેમ કોશિકાઓને છૂટી પાડીને નવજાત માદા ઉંદરોની આંખોમાં નાખીને પરીક્ષણ કરાયું હતું. આ પ્રયોગમાં જાણવા મળ્યું કે કનીનિકા મંડળ (આઈરિસ)ની ચારે તરફના કાળા ઘેરેથી લેવાયેલી કોશિકાઓ અલગ પ્રકારના દૃષ્ટિપટલ (રેટીના) કોશિકાઓનું નિર્માણ કરે છે. આંખના જે ભાગોની કોશિકાઓ પ્રકાશની ઓળખ મેળવે છે. તે કોશિકાઓનો પણ સમાવેશ આ નિર્મિત કોશિકાઓમાં થાય છે.

ટોરન્ટો યુનિવર્સિટીના મુખ્ય વૈજ્ઞાનિક ડેરેક વાન ડેરે ક્યૂના જણાવ્યા અનુસાર અગાઉ એવી ધારણા હતી કે આંખોમાં સ્ટેમ કોશિકાઓ હોતી નથી, પરંતુ આ સંશોધનથી હવે મૃતકની આંખોમાંથી લેવાયેલી કોશિકાઓ વડે અંધત્વનો ઈલાજ શક્ય બનશે એ દિશામાં આશાના અંકુર ફૂટ્યા છે.

('સંદેશ'માંથી સાભાર)

લસણના ઘરગથ્થુ ઉપચારો

લસણની બે કળી, થોડું આદુ અને મીઠું સાથે વાટી ખાવાથી કફમાં ઉપયોગી છે.


કાનનાં દુ:ખાવામાં લસણની બે કળી થોડાક તેલમાં કકડાવીને ઠંડું કરી તેનાં ટીપાં કાનમાં નાખવાથી કાનનો મેલ દૂર થાય છે અને કાનના દુ:ખાવામાં આરામ મળે છે. આ તેલનું માલિસ પેટ પર કરવાથી પેટના દુ:ખાવામાં રાહત મળે છે.

વાળને નિસ્તેજ બનતા અટકાવવા અઠવાડિયામાં એક કે બે વાર રાઈના તેલની અંદર બે લસણની કળી નાખી ગરમ કરી વાળમાં મસાજ કરવાથી વાળને નિષ્ક્રિય બનતા અટકાવે છે અને વાળ ચમકીલા બને છે. વાળનું સૌંદર્ય જળવાઈ રહે છે. હાડકાં અને સાંધાના દુ:ખાવા, ગૅસ અને અપચા માટે પણ લસણ ગુણકારી છે.

ભૂલસુધાર

'કુમાર' ઑક્ટોબર ૨૦૦૪ના અંકમાં 'ચૅસ-કૉર્નર : કોયડો - ૪૪'ની પ્રથમ આકૃતિ આ પ્રમાણે ધ્યાનમાં લેવી. કમ્પ્યૂટર-ક્ષતિને લીધે વાચકોને જે તકલીફ પડી છે તે બદલ ક્ષમાયાચના.

કાળું



સફેદ

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.

— પ્રીતમ

નાનકદેવ પગપાળા પ્રવાસે જતા હતા ત્યારે તેમને માર્ગમાં સજ્જન નામે લૂંટારો મળ્યો. દિવસે એ ફકીરનો વેશ ધારણ કરે અને રાત્રે લૂંટ આદરે. એવામાં સાંજ પડતાં નાનકદેવે પ્રાર્થના કરીને મનને જણાવ્યું કે પવિત્ર સ્થળો પણ દંભ અને જૂઠ છે તો તું એમાં ભરમાઈશ નહિ. લૂંટારાએ આ સાંભળ્યું અને એને લાગ્યું કે નાનકદેવની પ્રાર્થના જાણે પોતાને જ માટે છે. એનું હૃદય પરિવર્તન થયું. નાનકદેવને પગે પડ્યો અને લૂંટનો વ્યવસાય ત્યાગી દીધો !

*

એક મધપૂડામાં મધ ભેગું કરવા એક મધ્યમ કદની મધમાખી ફૂલનો રસ એકઠો કરવા ૧ કરોડ ૫૦ લાખ માઈલ જેટલી મુસાફરી કરે છે, જે પૃથ્વી અને ચંદ્રના અંતર કરતાં ૬૦ ગણું વધારે અંતર થાય!

*

દુનિયાનો સૌથી ઝેરી સાપ કિંગ કોબ્રા છે. આ સાપના ઝેરનું એક ટીપું ૧૬૦ લોકોનાં પ્રાણ હરી શકે છે.

*

અમેરિકાના મૅસેચુસેટ્સમાં દુનિયાનું સૌથી અજાયબ ઘર છે. આ ઘર શ્રી અને શ્રીમતી ઈ સ્ટેનર્મને જૂનાં છાપાંઓનાં આખાં પાનાંઓમાંથી સર્જ્યું છે. આ મકાનનો દરેક ભાગ જૂના છાપાંઓથી બનાવેલો છે.

नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥

આ આત્મા વેદોના અધ્યયનથી પ્રાપ્ત થતો નથી. બુદ્ધિની ઝીણવટથી કે પુષ્કળ શ્રવણથી (અનેક વિષયોની માહિતીથી) પ્રાપ્ત થતો નથી. પણ તે (આત્મા) જેને પસંદ કરે તેને જ તેની પ્રાપ્તિ થાય છે. તેને જ આત્મા પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે.


'ઢીંગલી' અક્ષરાંકનમાં 'ઢીંગલી'
(મહેબૂબ એ. સૈયદ)

*

વર્ન સેડસ્કીએ સાત કલાક સુધી સતત રડવાનો વિક્રમ કરેલો છે. વર્ને રડવા દરમિયાન છ ઔંસ આંસુ સાર્યાં હતાં. આંસુનાં ૩૦૦ ટીપાં મળીને એક ઔંસ થાય છે.

*

પપૈયાની છાલને સૂકવી વાટી લેવી. ત્યાર બાદ તેમાં ગ્લીસરીન ભેળવી ચહેરા પર લગાડવાથી ચહેરો તેજસ્વી બને છે.

*

કળથી અને જવનો ઉકાળો પીવાથી પથરી અને મૂત્રમાર્ગના રોગોમાં ફાયદો થાય છે.

*

ડૉક્ટર : (દર્દીને) 'તમને જાણીને દુઃખ થશે, પરંતુ તમારે મારી દવા લાંબો વખત કરવી પડશે.'

દર્દી : તમને પણ જાણીને દુઃખ થશે કે તમારે તમારી ફી માટે લાંબો વખત રાહ જોવી પડશે.



કલાકણિકા : મધ્ય એશિયાની લોકજાતતિમાં વર્ષાને રીઝવવા માટે વરસાદના દેવની કાષ્ઠમૂર્તિઓ બનાવવામાં આવે છે. આવી જ એક આ મૂર્તિ ૧૪મી સદીની છે અને તે મધ્ય મૅક્સિકોમાંથી મળી આવી હતી. તેનો ઉપયોગ ધૂપસળી મૂકવાના સ્ટૅન્ડ તરીકે થતો હતો.

